Chapter-1

## પ્રકરણ પહેલું

# વ્યક્તિ પરિચય

## પ્રકરણ પહેલું

### વ્યક્તિપરિચય

(૧) પ્રો. ઠાકોર*આપણા સાહિત્યમાં તેમના આખા નામ ઉપરાંત બ. ક. ઠા.ના ટૂંકા નામથી પણ ઓળખાય છે. લેખક તરીકેની કારકિર્દીના આરંભકાળમાં તેઓ "સેહની" ઉપનામથી લખતા હતા ; કારણ કે તેમના પ્રપિતામહ અનુપરાય ભરૂચમાં સિંધિયા સરકારના લશ્કરની ટૂકડીના રસાલામાં અફસરનો હોદ્દો ધરાવતા હતા ; વળી, ઠાકોરના પિતામહ ચતુર્ભુજદાસ પોતાની અટક "ઠાકોર" નહીં, "લશ્કરી" નહીં પણ "સેહની" લખતા અને "સવાલ પુછાતાં, ખુલાસો કરતા કે અનુપરાયજીનો હોદ્દો "લશ્કરી" કરતાં "સેહની" ( = સેનાની, સેનામાં અગ્રણી ; દક્ષિણી રૂપો સોહની, સોવની વગેરે ) શબ્દ વધારે સ્પષ્ટતાથી દર્શાવે છે". અનુપરાય ભરજુવાનીમાં ક્ષયથી મૃત્યુ પામતાં ચર્તુભુજદાસને પોતાના મામા સાહેબરામને

---

* (જન્મ: વિ. સં. ૧૯૨૫ના આશો વદ ૩ ઉપરાંત ૪થે ઇ. સ. ૧૮૬૯ના ઓક્ટોબરની ૨૩મી તારીખે, મહાત્મા ગાંધીજીના બાવીસમા વાસે, ભરૂચમાં ચુનારવાડાથી પગથિયાં ઉતરી ડાબે હાથ રણછોડજીનું જાણીતું મંદિર છે, એ પગથિયાંને આરંભે ડાબી બાજુએ તેમના નાનાજીનું તે વખતે નવું જ ચણેલું મકાન હતું, તેમાં.

મૃત્યુ: ૧૯૫૨ના જાન્યુઆરીની બીજી તારીખે મુંબઇમાં. )

ત્યાં ઊછરવું પડ્યું હતું અને સાહેબરામના સહવાસથી તેઓ **ધર્મિષ્ઠ** અને કર્મઠ પ્રકૃતિના બન્યા હતા અને તેથી તેઓ આખા ભરૂચમાં ચતુર્ભુજ "મહાદેવ"ના નામથી ઓળખાતા હતા. બળવંતરાયના પિતા કલ્યાણરાય પણ પ્રકૃતિએ ધર્મિષ્ઠ હતા કારણકે વાર તહેવારે તેઓ બ્રાહ્મણોને જમાડતા, ગોદાન કરતા, હુતાશનીપૂજા જેવા પૂજાવિધિ કરતાં ; તેમ જ જ્ઞાતિના રિવાજોને આગ્રહથી પાળતા, તેમ જ દુકાળના સંજોગોમાં રાજ્ય તરફથી ચાલતી રાહતપ્રવૃત્તિમાં ઉત્સાહથી આગળ પડતો ભાગ ભજવતા. રાજકોટમાં તેઓ ન્યાયાધીશ તરીકેની નોકરી કરતા, એટલે એ કાર્યને આપણે તેમની પર તેમની નોકરીની રુઇએ આવી પડતી જવાબદારીના કાર્ય તરીકે પણ ઘટાવી શકીએ. ઠાકોરનાં માતુશ્રી જમનાની છેલ્લી માંદગી વખતે તેમણે "પરોતો", "સુકલો", "પુરાણી"ઓને જમાડીને દક્ષિણા ઉપરાંત ગાય તથા અનાજનું દાન કર્યું હતું તથા ભગવદ્ગીતાનું પારાયણ કરી તેને અંગેનાં દાનદક્ષિણા કર્યાં હતાં, અને તેમનું મૃત્યુ થતાં તેમણે તેમની જ્ઞાતિના રિવાજો પ્રમાણે જે કરવું ઘટે તે કર્યા ઉપરાંત ગરીબો તથા સાધુ વગેરેને ખીચડીથી જમાડ્યાં હતાં, નિશાળિયાઓને ચણા ખવડાવ્યા હતા, પરબવાળાને પણ પૈસા આપ્યા હતા. પિતામહ અને પ્રપિતામહના આવા ધાર્મિક વલણથી ઠાકોરનું અજ્ઞેયવાદી વલણ જુદું પડી જાયછે. કલ્યાણરાયે પહેલી નોકરી બી.બી.એન્ડ સી.આઇ. રેલ્વે ચલાવતી હતી તેમાં થોડા માસ કરી હતી. ત્યારબાદ ઇ.સ. ૧૮૬૫થી ૧૮૭૧-૨ લગી તેમણે જૂનાગઢમાં પહેલાં નવાબ મહોબ્બતખાનજીના અંગ્રેજી ટ્યૂટર લેખે અને પછી ભાયાતી કોર્ટના ન્યાયાધીશ તરીકે કામ કર્યું હતું. "બધો જ વખત ક્ષત્રિય નાગર લુવાણા યુવકોને બે વર્ગમાં ઘેર વિના ફીએ ઈંગ્રેજી" શીખવતા ; અને એ "સૌ આખો જન્મારો એમને માસ્તર માસ્તર કહેતાને ગુરુ જેટલું માન આપતા". ઠાકોરે

પણ પોતાના જીવનભરના વ્યવસાય તરીકે પ્રાધ્યાપકનો વ્યવસાય કર્યો હતો તે આપણે જાણીએ છીએ. જોકે કલ્યાણરાય પોતાનાં આર્થિક સાધનો મર્યાદિત હોવા છતાં ગમે તેમ કરીને બળવંતરાયને વિલાયત મોકલી બ્રિટિશ સીવીલ સર્વીસની પરીક્ષાઓ પાસ કરાવવાની અને જો તેમાં તે સફળ ન થાય તો ત્યાંથીજ તેમને બેરિસ્ટર યા સિવિલ એન્જિનિયર બનાવવાની આકાંક્ષા સેવતા હતા. પરંતુ કંઇક, ઠાકોરનું માનસ એ તરફ વધારે ઢળેલું નહીં હોવાથી અને બીજું, એ પરીક્ષાઓ માટેનો અભ્યાસક્રમ પૂરો કરવા માટે સરકારે ઠરાવેલી વયમર્યાદા કરતાં ઠાકોરની વય એ અભ્યાસક્રમ પૂરો કરતાં પહેલાં વધી જતી હોવાથી ઠાકોર એ પ્રકારના અભ્યાસ માટે પરદેશ જઇ શકેલા નહીં અને તેથી વિનયન શાખામાં જ તેમને તેમનો અભ્યાસ ચાલુ રાખીને સ્નાતક થવું પડ્યું હતું અને પછી તેમણે અનુસ્નાતકની ઉપાધિ લીધા વિના, તેનો અભ્યાસક્રમ અધૂરો છોડીને પ્રાધ્યાપક તરીકેનો વ્યવસાય સ્વીકારી લીધો હતો.

ઇ.સ. ૧૮૮૫માં કલ્યાણરાયે બળવંતરાયના વિદેશગમન માટેની યોજનાઓ વિચારી હતી પરંતુ ઇ.સ. ૧૮૮૬માં લેવાનારી સિવિલ સર્વિસની પરીક્ષાઓ વખતે બળવંતરાયની ઉંમર તે પરીક્ષાઓ માટે નિયત કરેલી વયમર્યાદા કરતાં વધી જતી હોવાથી કલ્યાણરાયે તેમને પરદેશ મોકલવાનો વિચાર ઇ.સ. ૧૮૮૫માંજ માંડી વાળ્યો હતો. કલ્યાણરાયે બળવન્તરાયને કાયદાનો અભ્યાસ પણ શરૂ કરાવ્યો હતો ; જેથી જો તે સિવિલ સર્વિસ માટે પરદેશ ન જઇ શકે તો કાયદાની સર્વોચ્ચ ઉપાધિ હાંસલ કરવા માટે પરદેશ જઇ શકે પરંતુ ઠાકોરનું ચિત્ત એ અભ્યાસક્રમ તરફ પૂરતું વળી શક્યું ન હતું. "પંચોતેરમે" માં[1] ઠાકોર કહે છે : "હું એલ.એલ.બી.માં ધ્યાન આપતો નહીં, તે

એમને કે મ્હારા કોઇ વડીલને રુચેલું નહીં. મ્હારે તો આઇ. સી. એસ. માટે જલ્દી વિલાયત જવું હતું અને આમાં એમનો ટેકો મુદ્દલ નહોતો". આ વિધાનમાં ઠાકોરે કરેલી પોતાના પિતાની ટીકા સત્યથી વેગળી લાગે છે. નિયત વયમર્યાદામાં ઠાકોર જો જોઇતો અભ્યાસક્રમ પૂરો કરી પરદેશ જવા તૈયાર થઇ શક્યા હોત તો તેમને શિષ્યવૃત્તિઓ કે અન્ય પ્રકારની બહારની આર્થિક મદદ મેળવી આપી શકાઇ હોત અને તેમને પરદેશ મોકલી શકાયા હોત. પરંતું મદદના તે રસ્તાઓ પછી બંધ થઇ જતાં કલ્યાણરાયને પોતાનાં મર્યાદિત આર્થિક સાધનો જોતાં બળવંતરાયને પરદેશ મોકલવાનું મુશ્કેલ લાગ્યું હોય અને તેથી તેમણે તેમને પરદેશ જવા પ્રોત્સાહન ન આપ્યું હોય એમ બનવા જોગ છે. ઠાકોરનો ઉગ્ર સુધારાગ્રહ જોઇને કલ્યાણરાયને એમ લાગ્યું હતું કે જો તે વિલાયત જશે તો તે હાથમાં રહેશે નહીં, "અંગલો થઇ જશે, કદાચ ત્યાં જ રહી" પડશે ; એવો એક ખુલાસો પણ ઠાકોરે "પંચોતેરમે" માં આપ્યો છે[2] અને તે કંઇક વજુદવાળો લાગે છે. ઇ. સ. ૧૮૮૫માં કલ્યાણરાયે જ્યારે સિવિલ સર્વિસની પરીક્ષાઓ વિષે તપાસ કરાવી હતી ત્યારે, વિલાયતનાં પ્રલોભનો સામે ટકી શકે તેવી નૈતિક ચારિત્ર્યવત્તા બળવંતરાયમાં છે કે નહીં અને બિનશાકાહારી ભોજન વિના તે વિલાયતમાં ચલાવી શકે તેમ છે કે નહીં તથા ત્યાંના અતિઠંડા વાતાવરણ સામે તેમની શારીરિક તંદુરસ્તી ટકી શકે તેમ છે કે નહીં તે વિષે પણ તેમણે તપાસ કરાવી હતી. જોકે પરદેશ જવાની ઠાકોરની ઇચ્છા તે પછી પણ ઉત્કટપણે ચાલુ તો રહી હતી પણ ત્યારે ય તેમને તબિયત અને નાણાંકીય સગવડનો પ્રશ્ન મૂંઝવતો હતો. સાકરલાલે તેમને ઇ. સ. ૧૮૯૦માં એકવાર કહેલું : " My dear young man, you are a mere child in one thing, you are blind as to the limits of human powers. Both B.Sc.'s (and B.A.'s) this year, I.C.S. on the top of that, when your own parents are against letting you go to England, and

૧

૫

there is absolutely no sign yet of the quarter from which you are to get the money - and you have been philosophizing and poetising half the time, turning nights into days, burning the candle not merely at both the ends but also from the middle! You will break down, look at your health even today."

તે સમયે ઠાકોરની શરીરસંપત્તિ તેમના વડીલોને અને શુભેચ્છકોને ચિંતામાં મૂકી દે તેવી હતી તો પછી ઠાકોર આટલું લાંબું જીવી કેવીરીતે શક્યા એવો એક પ્રશ્ન સહેજે કોઇના મનમાં ઊભો થઇ શકે. એનો ખુલાસો આપતાં ઠાકોરે કહ્યું છે કે તેઓ વહેલા વિધુર થયા હતા અને ફરી લગ્ન કરવાનો વિચાર તેમણે કાઢી નાખ્યો હતો ; તેથી બાકીના આયુષ્ય દરમિયાનના બ્રહ્મચર્યપાલને જ તેમના શરીરસ્વાસ્થ્યને ટકાવી રાખ્યું ને તેઓ લાંબું જીવન જીવી શક્યા હતા.

આ આડવાતને બાજુએ મૂકીને આપણે ફરી તેમની વિદેશ-ગમનની મહેચ્છાની વાત પર આવીએ. અજમેર કોલેજમાં ગયા પછી અને ફરી ૧૯૧૪માં પૂના પાછા આવ્યા પછી પણ ઠાકોરે ફરી ફરી વિદેશગમનની યોજના ઘડી હતી. કાઠિયાવાડમાં તેમને રૂા. ૪૫૦નો પગાર મળતો હતો ; ત્યાંથી તેમને પૂના લાવવા માટે રૂા. ૫૦૦નો પગાર નક્કી કરી આપવો પડ્યો હતો પણ તેમ થવાથી ઇલાકાની નોકરીમાં તેમની પહેલાંના ઘણા માણસોના પગાર કરતાં એમનો પગાર વધી જતો હતો એટલે લગભગ આખું ખાતું એમની વિરુદ્ધ પડ્યું હતું. એટલે તેમની સ્થિરતા માટે ડિરેક્ટર શાર્પે તેમજ એક વખતના રાજકોટમાંના એજંટ અને પછી કેળવણી કાઉન્સિલર બનેલા કલોડહિલે તેમને ઉત્તર વિભાગના ઇન્સ્પેક્ટર તરીકે જવાનું સૂચવ્યું હતું. તે ન

બને તો ડિરેક્ટર શાર્પે બીજો ઉપાય તેમને "એકવર્ષ ફર્લો લઇને લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકસનું કે એવું બીજું પ્રમાણપત્ર" રળી આવવાનો સૂચવ્યો હતો પરંતુ પોતાના "છોકરાં ન્હાનાં તેમને સંભાળી શકે તેવું એક પણ કુટુંબી નહીં" તેથી તેમણે ત્યારે એ પરદેશ જવાનું માંડી વાળ્યું હતું.

કલ્યાણરાય પોતાના એકના એક પુત્રની કેળવણી માટે કેટલા બધા સંચિંત હતા તે તેમની ડાયરીઓમાંની નોંધો પરથી જોઇ શકાય છે. પુત્રને તેના અભ્યાસક્રમ માટેનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત તેઓ વારંવાર અભ્યાસેતર રસનાં પુસ્તકો પણ મોકલ્યા કરતા હતા. બળવન્તરાયને મેટ્રીકની પરીક્ષા પસાર કર્યાં પછી પિતાના નોકરીના સ્થળ રાજકોટની બહારનાં સ્થળોએ આગળના અભ્યાસ માટે જવું પડ્યું હતું, એ સ્થળોએ વસતા પોતાના સ્નેહીઓને પોતાના પુત્રની ચાંપતી દેખરેખ રાખવાનું કામ કલ્યાણરાયે સોંપ્યા કર્યું હતું અને પોતાનો પુત્ર જે કંઇ પ્રગતિ સાધી શક્યો હોય તેને માટેનું એ સ્નેહીઓનું શ્રેય પણ તેમણે વખતોવખત સ્વીકાર્યું હતું. પોતાનો પુત્ર ઇષ્ટ અભ્યાસક્રમ પૂરો કરે તે તો કલ્યાણરાય સતત ચિંતવતા હતા ; પરંતુ એ ઇષ્ટ સિધ્ધિ માટે પુત્ર પોતાનાં આચાર વિચાર, બુધ્ધિ, અને શરીરની તંદુરસ્તી જાળવે તેને વિષે તેઓ સતત જાગ્રત રહેતા હતા. પુત્ર નકામી વાતચીતોમાં સમય ન બગાડે અને અભ્યાસમાં પૂરતું લક્ષ આપે તે માટે તેઓ વારંવાર તેને પત્રોમાં ટોક્યા કરતા હતા. પુત્રને માટે રજવાડી કે અન્ય પ્રકારની શિષ્ય-વૃત્તિઓ પ્રાપ્ત કરવાનાં સાધનોની તેમણે વિપુલ માહિતી એકત્ર કરી હતી. પરદેશમાં અભ્યાસ માટે જવા ઇચ્છતા વિદ્યાર્થીઓને માટેની જરૂરી માહિતી મેળવવા તેમણે તે વખતનાં સામયિકોમાં આવતા તદ્વિષયક લેખોનું દોહન કર્યું હતું તેમ જ શિક્ષણ સંબંધી બીજા સર્વસામાન્ય લેખોનું વાચન પણ તેમણે કર્યું હતું. જુદાજુદા અભ્યાસક્રમો

સંબંધી તેમ જ તે અભ્યાસક્રમો શીખવતી જુદીજુદી શિક્ષણસંસ્થાઓ સંબંધી તથા એ શિક્ષણસંસ્થાઓમાં ભણનાર વિદ્યાર્થીઓ માટેની વસવાટની સગવડો સંબંધી માહિતી પણ તેમણે એકઠી કરી હતી. બીજા કોઇના કુટુંબમાં કોઇ છોકરો કોઇ ઊંચી પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તો તેની પણ કલ્યાણરાયને ખુશી થતી. આ બતાવે છે કે તેઓ સામાન્ય રીતે નવી પેઢીના તેમજ ખાસ કરીને પોતાના પુત્રના ઉચ્ચ શિક્ષણમાં કેટલો ઉમંગી રસ દાખવતા હતા. ઠાકોરના શૈક્ષણિક વિકાસમાં તેમના પિતાનો શો હિસ્સો છે તે આ ઉપરથી જણાય છે: ઠાકોરનાં બીજાં કેટલાંક લક્ષણો પણ તેમના પિતાના વારસારૂપ લાગે છે. તેમની પરના એક પત્રમાં તેમના પિતા લખે છે: "જોસીબાવા માંવજી બીજુ કહેછે કે તમે મરતા સુધી બીનરોજગાર ઘરમાં બેસી રહેસો નહી પણ રાજકોટની નોકરી મુકી જયાં જસો ત્યાં આવી તમને પાછા નોકરીમાં ખેંચસે. મને પોતાને નવરા બેસી રહેવુ ગમતુ નથી કોઇને ત્યાં ખુસામત કરવા આવવુ જવુ પસંદ નથી અને આ માંરી નોકરીમાં લોકનુ ભલુ થાય એવી રીતે હું વરતુ છુ ગમે તેવાં કાયદાના ખાં બારીસ્તર વકીલને નમતો નથી પણ તેમને નમાંવુ છુ અને તે સીધાદોર ચાલેછે ગમે તેની ખાતરી કે સરમ રાખતો નથી. ભલામણ કોઇની માંનતો નથી તેથી કેટલા *ભણ થાયછે નારાજ થાય છે પેટના બલ્યા ગામ બાલવા ઉભા થાયછે પણ અંતે ઠાકી ચુપ થાયછે કારણ સાચને આંચ નથી સત્યનો બેલી પરમેસ્વર છે – હુકમનામાં એવા સ્પસ્ટ ને તારણ કરી લખુ છુ કે અપીલ કોરટમાં મોતીચંદ – લાડ ગણપતરાવ વીગેરેના ફેસલા ફરેછે અધુરા ગણાય છે અને માંરા બહાલ રહેછે તે સારૂ પરમેસ્વરનો પાડ સમજુ છુ." ઠાકોર પોતાના મૃત્યુપર્યંત પોતાનાં મનગમતાં કાર્યોમાં વ્યસ્ત રહ્યા હતા તે આપણે જાણીએ છીએ. પોતાના દેશપ્રદેશની પ્રજાની ભલાઇ માટે તેઓ પણ આજીવન પ્રવૃત્ત રહ્યા હતા;

અલબત્ત તેમની પ્રવૃત્તિ સામાજિક ધાર્મિક કે રાજકીય કાર્યકરોના જેવી નહોતી પરંતુ વિશેષે લેખન સ્વરૂપની હતી. સાહિત્યમાં તેમ જ ઇતર પ્રજાકીય ક્ષેત્રોમાં સાત્ત્વિક સત્યનિષ્ઠાની તેમણે વારંવાર ઘોષણા કરી હતી. પોતાના સિધ્ધાંતો વિષેની તેમની આગ્રહિતા જાણીતી છે. એ સિધ્ધાન્તોને અને અભિપ્રાયોને સ્થાપિત કરવામાં તેમ જ તેમનો વિરોધ કરનારાઓના મતનું ખંડન કરવામાં તેમણે ક્યારેય કોઇની યે શેહશરમ રાખી નથી. આમ પિતાપુત્રનાં કર્તવ્યક્ષેત્રો જુદાં હતાં પણ એ ક્ષેત્રોમાં પ્રવૃત્ત થતી વખતે તેમને પ્રેરનારાં તેમનાં મનોવલણો એકસરખાં હતાં.

આમ છતાં ઠાકોર અને તેમના પિતા વચ્ચે આચારવિચારગત કશો ભેદ નહોતો એમ નથી. ઠાકોરના પિતા માંસાહારના કટ્ટર વિરોધી હતા ; ઠાકોરે પોતાના ઘરે કદી માંસ રાંધ્યુ રંધાવ્યું નહોતું પરંતુ માંસાહાર માટેની જાણીતી હોટલોમાં તે અવારનવાર ખુલ્લી રીતે જતા કારણ કે તે માનતા હતા કે હિંદુઓના શાકાહારમાં જોઇતો change of diet મળી શકતો નથી. આ બાબત વિષે ઠાકોર અને તેમના પિતા વચ્ચે ક્યારે ય પ્રગટ વિવાદ થયેલો જણાતો નથી. કદાચ કલ્યાણરાય પોતાના પુત્રના આ વલણ વિષે વાકેફ થઇ શક્યા નહીં હોય ; કદાચ, વડીલનું મન ન દુભાય તે માટે બળવંતરાયે જ એવી તકેદારી રાખી હોય એમ બનવાજોગ છે. પણ, હિંદુનો છોકરો માંસાહાર કર્યા વગર ને દારૂ પીધા વગર વિલાયતના ઠંડા મુલકમાં રહી શકે કે કેમ તેની તપાસ એક બાજુ કલ્યાણરાય ચલાવતા હતા ત્યારે બીજી બાજુ બળવંતરાય પૂનામાં ઈંડા ખાવાની શરૂઆત કરતા હતા. કલ્યાણરાયનો આગ્રહ હિંદુ તરીકેની શુધ્ધતાનો હતો ; ઠાકોરનો આગ્રહ શરીરના સ્વાસ્થ્યનો હતો. સૂસ્તી ન આવે ને નિયમિત કામ થાય તે માટે તેમણે પૂનામાં નિયમિત વ્યાયામશાળામાં જવાનું પણ

શરૂ કર્યું હતું.

ઠાકોર અને તેમના પિતા વચ્ચે મોટો મતભેદ પડ્યો હતો ચંદ્રમણિ (ઠાકોરનાં પત્ની)ના સીમંતોત્સવ બાબતનો. તે વખતના સમાજસુધારાના પવનની અસર ઠાકોર ઉપર પણ થઇ હતી અને તેથી તેમણે સીમંતપ્રસંગે નાતવરા નહીં કરવાનું અને એવા વરાઓને બદલે નાતસુધારાફંડ તથા કેળવણી-કમીટી જેવાં મંડળ રચવાનું વલણ પિતા આગળ અખત્યાર કર્યું હતું (પોષ સુદ ૨,૩ ; સોમ-મંગળ ; ૧૨-૧૩ જાન્યુ. ૯૧ના અરસામાં). પરંતુ કલ્યાણરાયે બળવંતરાયને પત્ર લખી,[૪] તેમાં ગીતાના બીજા અધ્યાયનો ચોત્રીસમો શ્લોક ટાંકીને નાત કરવાની જરૂર દર્શાવી હતી. બીજા એક પત્રમાં લખ્યું હતું : " The remedy lay in working a change quietly and clamly in the feeling of the relations and the inculcation of the વેદાન્ત & ભગવદ્ગીતા principle that, the difference between mine and thine was worldly and illusive and that for the good and happiness of the family and preserving its usual peace and welfare as well as its honour according to the notions of the society by which we are surrounded and from whom we cannot seperate anyhow and do any good, I urge and suggest for our mutual love and happiness that the difference ought to be sunk."

ત્રીજા એક પત્રમાં તેઓ જણાવે છે, "નાતસુધારાફંડ અને કેળવણીની કમીટીની જરૂર છે એકદમ સુધારો થતો નથી લોકો તૈયાર થયા વગર પરાણે જેટલું કરેછે તેથી તડા પડે – ભરૂચ સુરત અમદાવાદમાં શું વિચાર ચાલે છે તે જાણવા જરૂર છે."[૬] આખરે કલ્યાણરાયની મરજી મુજબ નાતવરા સહિત જ સીમંતપ્રસંગની ઉજવણી થઇ હતી. આમ છતાં પિતા પ્રત્યેની લાગણીમાં ઠાકોરે ખાસ કોઇ પ્રતિકૂળ

ફેર પડવા દીધો હોય તેમ લાગતું નથી ; તેઓ ૧-૩-૯૧ની પોતાની એક નોંધમાં લખે છે : In those days of excitement at Broach the sight of my father's misery brought to the surface the affection for him that must be latent in me somewhere, and though this outburst of affection was not strong enough to make me cast of my determination about શ્રીમંત altogether, it proved quite strong enough to prevent my cutting myself adrift from home".
છેલ્લા વાક્ય પરથી લાગે છે કે, તે જમાનામાં પ્રજા ઉપર "સરસ્વતીચંદ્ર"-ની જે અસરો નોંધાઇ છે, તે પ્રમાણે, પિતા સાથે મતભેદ પડતાં ઘર છોડી જવાનો વિચાર એકવાર ઠાકોરના મનમાં પણ આવી ગયો હોવો જોઇએ.

ઠાકોરનું લગ્ન ઇ. સ. ૧૮૮૭માં થયું હતું ; ચંદ્રમણિ (તેમનાં વહુ) તેમને ઘરે ઇ. સ. ૧૮૮૯ની આખરે રહેવા આવ્યાં. આ વર્ષમાં તેઓ B.A. થઇ ગયા હતા. ૧૮૮૮ની સાલમાં જ્યારે તેઓ બી. એ. માં હજી ભણતા હતા ત્યારે પ્રેમના વિચારોએ તેમના મનને ઘેરી લીધું હતું. ૯-૭-૮૮ની એક રોજનીશીનોંધમાં તેઓ લખે છે : "I am going to bed. My head is dizzy; my heart is numbed; my soul is aweary. Love is certainly lawless, wilful, blind, omnipotent, tyrannical or whatever you will. It's course is certainly inseperable. It does not spring from a perception of worth; a perception of worthlessness or worse does not and cannot remove it. It is distinct from gratitude, affection, admiration, worship or anything else; only the object of your love, even tho' the most vicious the most despicable, does not become the object of your hatred or contempt. You cannot turn away from it tho' you wd

naturally loathe [bathe] the same object if not lived[loved]; you cannot even let it be; you can only pity it and sympathise with it; and wish with all the fervour of your nature to draw it out of the abyss which is its home. At the same time the strongest ties of duty cannot conquer love. Once born it must linger on without the loss of a particle of its original vitality tho' the object of love may be as distant from you as the north pole is from south thro' out life; tho' even hope cannot shorten the distance in the slightest degree either of body or of mind; tho' hope may not even wish the distance to be any shorter. Gratitude is often the chance shower which makes of the seed a tree; affection admiration, or worship is the luxuriant phase that the tree puts foarth order favourable circumstances; bliss is the soft and jeweled shade that the foliage casts when the sum of fortune smiles upon it. But the seed remains unplanted in the heart even if it cannot spring up into a tree; the seed even when not a source of delight to mother earth gives it no pain; mother earth gives it no pain; mother earth cherishes it all the same."

આવા વિચારો પર કાબૂ મેળવી અભ્યાસમાં વધારે ધ્યાન પરોવવું એવી મતલબની એક સૂચના પણ ઠાકોરે પોતાને માટે એ નોંધને અંતે મૂકી છે. આ વિચારો કોઇ એ પ્રકારના પ્રસંગથી જન્મેલા હશે કે પછી એવા કોઇ સ્થૂલ નિમિત્ત વગરના કેવળ મનોવ્યાપારના પરિણામરૂપ હશે તે કહી શકાતું નથી. પણ એક વાત ખરી કે અભ્યાસ અને એવા વિચારો વચ્ચે એ કાળે ઠાકોરના મનમાં ગજગ્રાહ ચાલતો હોવો જોઇએ. ચંદ્રમણિ કદાચ પહેલીવાર, સાસરવાસો કરીને પાછાં પિયેર જતાં હશે ; તે વેળાનો પોતાનો પ્રત્યાઘાત ઠાકોરે આ રીતે નોંધ્યો છે : "The feelings passing through me at the time of separation and in the railway train are not love certainly but are a deep reality , and these come from our staying together as husband and wife but for five weeks or so."

આ સંક્ષિપ્ત નોંધમાં ઠાકોરના આરંભિક દાંપત્યજીવનની તાસીર ઊઠી આવી છે. પત્નીને તેઓ દાંપત્યનામક એક વાસ્તવિક સામાજિક સંબંધથી પોતા સાથે સંકળાયેલી એક વ્યક્તિ તરીકે સ્વીકારે - અનુભવે છે પણ તેના પ્રત્યે તેઓ પ્રેમ અનુભવતા નથી. (આ જ ગાળામાં- ઇ.સ. ૧૮૯૦માં ઠાકોરે "અદૃષ્ટિદર્શન"- મૂળ "પ્રણયસ્મૃતિઓ"- કાવ્ય લખ્યું હતું ; એ પણ પ્રથમ વિયોગના વિષયનું પ્રણયકાવ્ય છે. ) જીવનના ઉમદા હેતુઓ આગળ પ્રણય અને દાંપત્યના આનંદોનું સ્થાન શું છે તે વિષે ઠાકોરે પોતાનું મંતવ્ય ૧૯-૨-૮૯ થી ૨૪-૨-૮૯ ના ગાળામાં નોંધ્યું છે : "On my way to Broach a life of philosophic calm and activity on behalf of country appeared to me in the light of highest duty, love and domestic enjoyment as merely a relaxation in that.

Such work for 10 lives continuously with one life thereafter of love and work reconciled, the reconciliation being due to the gradual selection of the one true object of being due

to the gradual selection of the one true object of love - mutual selection - during the preceding ten lives."

કિશોરાવસ્થામાં ને ભરયૌવનને ઉંબરે ચઢતાં માણસોમાં જેવી આદર્શઘેલછા, સેવાભાવના અને તેમની આગળ સાંસારિક સુખોની તુચ્છતાનો ભાવ જાગે છે તેવા જ મનોભાવ અહીં ઠાકોરે પ્રગટ કર્યા છે. જીવનસખીની પસંદગીના નવયુગીન આદર્શના સ્વીકારમાં ઠાકોર અહીં પ્રણાલીગત લગ્નપદ્ધતિ પ્રત્યે નાપસંદગી વ્યક્ત કરતા લાગે છે. અને તેથી જ તેમણે પ્રણાલીગત લગ્નપદ્ધતિથી મળેલી પત્ની સાથેના પોતાના આરંભિક દાંપત્યજીવનમાંની કટુતાનો એકરાર કરતાં "પંચોતેરમે" માં લખ્યું છે : "અમારું જીવનનાવ આરંભમાં જ છેક ખરાબે ચડી ભાગી જાત એવાં પણ એક બે વર્ષ અમે વેઠેલાં".[૭] એ જમાનામાં શિક્ષિત યુવકો અને તેમની પત્નીઓ વચ્ચે બનતું તેમ ઠાકોર અને તેમનાં પત્ની વચ્ચે આસ્માનજમીનનું શૈક્ષણિક અંતર હતું અને ઠાકોરને તેનો રંજ હતો. પણ ઠાકોરનું માનસ ભાગેડુ નહોતું. તેઓ પોતાની એક શિક્ષિત અને સંસ્કારી યુવક તરીકેની જવાબદારી સમજતા હતા અને તેથી તેમણે વ્યાવહારિક રીતે પરિસ્થિતિને થાળે પાડવા પ્રયત્ન કર્યો હતો. ૧-૨-૯૦ ની એક નોંધમાં તેમણે લખ્યું છે : "My education and cultures, however defective as not creating in me sufficient strength of will, have borne this fruit at least that I see my duty to others far more clearly than to myself. Almost from the first hour of our wedded life I have tried to do well by her, to guide her, to educate her, to give her higher interests;" ......

પણ ઠાકોર પોતાના પ્રયત્નોમાં કંઈક નિરાશા અનુભવતાં આગળ લખે છે, " The unavoidable xxx to one grown up at acquiring the three Rs [?] I have tried my utmost to lessen in her case

as much as possible. It is a pity I could not win the fellowship. My idea was with me as a fellow . She could have stayed with me and her progress would have gone on very quickly."

છતાં નાસીપાસ થયા વિના ઠાકોર પોતાના પ્રયત્નો ચાલુ રાખેછે. એની વીગતો તેમણે તેમની ૨૯-૫-૯૦ની એક નોંધમાં આપીછે : "While reading * ભવભૂતિ myself am reading ગુજરાતી ચોથી ચોપડી with chandramani reading and talking all round it and of all sorts of things even casually suggested or anyhow brought in just to chat away to hear her chat away to open her mind to widen her sympathies to accustom her to exercise her imagination her observation her thinking. She is also reading by her∠

∠-self talking about

નવલરામ's ગરબાવળી & બાળમિત્ર. She does a little arithmetic with her brother. She read સંસારસુખ last term but as there was no one talking to her about what she was reading it has made little impression or none at all."

આ પ્રયત્નો દ્વારા પત્નીને કેળવવા ઉપરાંત પરસ્પર પ્રેમની લાગણી જગાડવાનો પણ ઠાકોરનો આશય હતો. ૧૮૯૦, જુનની એક નોંધમાં તેઓ લખેછે : "I had thought of fostering care I would bestow on her the pains I would take in educating her, would kindle lóve in me also for her. Well, Well, Well".

આવા પ્રયત્નોની સાથોસાથ ઠાકોરે "સંસાર માંડ્યો" ; અને તેના પહેલા સ્થૂલ પરિણામ પ્રત્યેનો ઠાકોરનો આ પ્રત્યાઘાત જુઓ :

"After heavy work went for half a week for a relaxation, on Bālevday and the day preceding and following Surat being the nearest I went there. The place, the hour, the people - and the consequence is this morning's letter which says Chandramani appears to have conceived. X X X So there, my boy! with your dream of philosophical asceticism and service of motherland, with your career still below the horizon, Nature will not wait, and before many months, you will be a father! One thing certain whatever the result of this: no more dalliance the disillusionment might not have stopped, this puts an end to altogether."

૧૫

આમ એક બાજુ અભ્યાસની ચિંતા અને દેશસેવા માટે પોતાને તૈયાર કરવાની ભાવના હતી તો બીજી બાજુ પોતાનો સંસાર હતો ; પોતાના એ સંસારમાં પણ એક તરફ યૌવનસહજ રાગ હતો તો બીજી બાજુ જીવનસંગાથી પાત્રમાંની ઊણપોનો ખટકો હતો. ઠાકોરે એમના કોઇ તરફ પલાયન વૃત્તિ દાખવી નહીં પણ એ બધા વચ્ચે સંવાદિતા રહે તેવી પોતાના આશયો માટે અનુકૂળતા ઊભી કરવાનો મનોભાવ દર્શાવ્યો. સન ૧૮૯૧માં ચંદ્રમણિને સીમંત આવ્યું ; ત્યારે ૧-૩-૯૧ ની એક નોંધમાં ઠાકોરે લખ્યું છે : "Attachment to wife and concern for her education and upbringing almost disappeared like dream-land motives - not exactly: the first took form of concern for her health and the second even was so slight as to be almost satisfied with the excuse that father would now consider it a duty to educate her. There was also the difficulty of youth - lack of material means to realize aspirations. And though there was the resolution to strain every nerve-whatever its worth in my case - the suspicion that it would be to some extent ruining the head against a wall could not have been failed to produce some underhand effect."

ઠાકોરના દાંપત્યજીવનનું પરોઢ આવું હતું. પણ ઘણાખરાનું બને છે તેમ ઉંમર વધતાં, કેવળ ભાવનાશીલતાના પાયા પર મંડાયેલો તેમનો ભાવાનાવાદ જીવનની નક્કર હકીકતોના પાયા પર અનુભવાયેલા ભાવનાવાદમાં પરિવર્તન પામ્યો. વખતના વહેવા સાથે તેમનું તેમની પત્ની તરફનું વલણ કદરદાન બનતું ગયું કેમ કે એ તેમના "જીવનની ભાગિયણ" હતાં, તેમનાં "બાળકોનાં ચારિત્ર અને હૃદય ઘડવા અને વિકસાવવામાં" એમનો "ફાળો વિશેષ અને નિર્ણાયક" હતો. પત્નીના વહેલા અવસાન (ઇ. સ. ૧૯૧૫)થી પડેલી ખોટ વિશે ઠાકોર "પંચોતેરમે" માં લખે છે : "ચંદ્રમણી વ્હેલી ગઇ તેથી મોટો પરિવર્ત થઇ ગયો અમારા પુત્રોના વિકાસ અને જીવનમાં ; બીજા શબ્દોમાં એ

બીજાં દશ જ વર્ષ જીવી હોત તો એ પુત્રોનો વિકાસ અને એમનાં ભાવિ ઘણાં સુધરી જાત. આ નુકસાન એમને - અને તેથી મ્હને પણ - કેટલું મોટું હતું તે હજી પણ હું જોઉં છું, પણ એનું માપ તો કોઇથી પણ નીકળે એમ નથી". પત્ની આગળ પોતે વધુ પડતા કડક હોવાનો ઠાકોરે એકરાર કર્યો છે તો સાથે એવો પણ દાવો કર્યો છે કે નરમ માતાપિતાની એ નરમ પુત્રીનું વ્યક્તિત્વ પોતાના કડક સ્વભાવ આગળ દબાઇ ન જાય, બલ્કે ટકે તેમ જ પોતાની રીતે ખીલે તે માટે પોતે હંમેશાં જાગ્રત રહેતા હતા. ઠાકોરનાં વલણો તરફનાં તેમની પત્નીનાં વલણનો ઇશારો ઠાકોરે આપેલા તેમની પત્નીના એક ટૂંકા વર્ણનમાંથી મળી રહેછે : "સદાય સ્મિતમુખી, સહનશીલ, મિતભાષી, જેને જેમ ફાવે તેમ વર્તવા દેવામાં માનનારી,(Laissez faire) લે ઝે ફેયર - ધર્મી ; મ્હારા ઉગ્ર સુધારાગ્રહ અને સત્યાગ્રહ સામે કોઇકવાર બેઠો બળવો કરનારી, ઉપહાસે ભસ્મ કરનારી, ઠંડો કળશિયો રેડી ઠારી દેનારી ; પણ ઘણુંખરું તો સહી જ લેનારી". [૧૦]

ઠાકોરના જીવનમાં તેમનાં પત્નીનો જે ફાળો હતો તેનું તેમણે "વિરહ" અને "રેવા" નાં કાવ્યોમાં કવન કર્યું છે એમ તેમણે પોતે જણાવ્યું છે.

પુત્રવધૂને પોતાની પુત્રરૂપી "સ્વાંગમતા" ને "મુઠીમાંથી ઝૂંટવી લેનાર પેલા ભવની વેરણ" સમજી તેના તરફ "કુદરતી અદેખાઇ અને અનુદારતાથી" વર્તનારી પોતાની માતાની ઠાકોરે ટીકા કરીછે. પોતાના તરફના તેમના વર્તાવની પણ તેમણે ટીકા કરીછે : "છેક સામાન્ય ગુજરાતણના જેવી એ પુત્રની પાછળ ઘેલી ; ખવડાવ્યા જ કરે, ભાવતી વાનીઓ પુત્ર સારુ રાંધ્યા જ કરે ; તે જે કહે, જે

માગે, જે ઇચ્છે, તેની ના જ નહીં ; તેની રીસ, હઠ, તોફાનિયત, કશાને ન ટોકે, સહી જ લે. બાળક બગડે છે કટેવો પડે છે, તબિયતે બગાડે છે, કશું જાણે ભાન જ નહીં. મ્હને સોનાની નક્કર કલ્લીઓ પ્હેરાવતી. ચીડાઉં ત્યારે તે એના માથામાં મારતો તેના એને ઢીમડાં થતાં, તો ય પ્હેરાવ્યા કરે". આમ ઠાકોરે પોતાનાં અપલક્ષણોનો ટોપલો અતિહેતાળ અને સહનશીલ માતાના શિરે મૂકી દીધો છે. ઠાકોર એમનાં માતાપિતાના એકના એક પુત્ર હોવાથી કંઇક લાડકોડમાં ને વધુ પડતી સંભાળથી ઉછેરાયા હોય એમ લાગે છે. માબાપ સંતાનના દુર્વતનને હસીને સહી લે છે ત્યારે સંતાન મ્હોંએ ચઢી વાગે છે, કોઇને ગાંઠતું નથી અને ખોટી કે ખરી જીદથી પોતાનો જ કક્કો ખરો કરાવીને જંપે છે. ઠાકોરે મોટપણે પોતાનાં મંતવ્યો વિષે જે મક્કમ આગ્રહિતા દર્શાવી હતી તેમ જ કોઇપણ વિરોધીનાં મંતવ્યો આગળ અણનમ રહીને તેમની સામે ગમે તે પ્રકારે ઝૂઝી લેવાની વૃત્તિ દાખવી હતી અને નહીં ઝૂકનારા વિરોધીઓ માટે ખાનગી લખાણોમાં ક્યારેક શિષ્ટતાની મર્યાદા ઓળંગી ઉગ્રતાને તીખાશ પકડતી લાગતી ભાષાનો ઉપયોગ કરવાની વૃત્તિ રાખી હતી તે બધાંનું મૂળ આપણે તેમના ઉપર નિર્દેશેલા ઉછેરમાં કદાચ શોધી શકીએ. સંગીન અને નિષ્ઠાવંત અભ્યાસે ઠાકોરને જેટલે અંશે મૂલ્યવાન વિચારો અને ઉમદા આશયો આપ્યા અને જેટલે અંશે એ આશયોના અનુવર્તનમાં અને સાહિત્યક્ષેત્રે એ વિચારોના પ્રતિષ્ઠાપનમાં ઉપર્યુક્ત સ્વભાવલક્ષણો વ્યાપૃત થયાં તેટલે અંશે એ લક્ષણોનો વિનિયોગ સન્માર્ગે થયો છે એમ કહેવાય. બાકી ; ઉમદા આશયો, મૂલ્યવાન વિચારો સત્યનિષ્ઠા અને સારાસાર વિવેકના સાહચર્ય વગરનાં હઠાગ્રહ વંઠખોરી ને લડાયકતા માણસને અવળે કે હલકે માર્ગે દોરી જાય એની ના નહીં.

ઠાકોરે પોતાની માતાની માત્ર ટીકા જ નથી કરી ; તેની સાથે સાથે "પંચોતેરમે"માં તેમણે તેમના ગુણોને અંજલિ પણ આપી છે. ત્યાં તેમણે તેમને અસાધારણ બુદ્ધિ અને બાહોશીવાળાં, સતેજ સ્મૃતિવાળાં, હાજરજવાબી વાક્છટા, વક્રોક્તિ, ટૂંકાં વેણ સંભળાવી દેવામાં પોતાના સમાગમમાં આવતા કોઇથી જાય નહીં તેવાં અને બંને કુળમાં ચલણવાળાં કહ્યાં છે. ઠાકોરે જો આ ગુણો યથાર્થ રીતે તારવ્યા હોય તો કહી શકાય કે માતાનો કેટલોક આનુવંશિક વારસો પણ તેમને મળ્યો હતો. ૧-૪-૩૦ને દિવસે ઠાકોરે શરૂ કરેલી, માત્ર દોઢ બે પાનાં જેટલી જ લખાયેલી, એટલે કે અધૂરી રહી ગયેલી 'My life' નામક નોંધમાં પણ તેમની માતા વિષે તેમણે થોડીક લાગણીભીની વાત લખી છે : " My earliest memories do not go beyond the Rajkot pura house. The only presence I can connect with my childhood is my mother's. But she fills that house and overflows: a sweet presence, an all-powerful one, one completely adequate to all my infant needs, but most variable. At the back of bungalow was a well. I suppose it was dug first, the bunglow was built next, but I do not know. From the back door of the bungalow one went down three steps, there were trees creepers and shrubs, very soon there was an arbour and a swing , and thought these we came to the well at the north western corner of our compound. My earliest memories cling to this backyard rather than to the inside of the small bunglow, which was merely swiss-cottage 4 "parlours", 4 corner-rooms, with one central hall, all under one roof.

I do not remember which flower I recognised first, the rose or the daisy ( મોગરા ) . The tulsi and the Ajmo shrubs

the mendi and the pothi (poi), the shetur tree (mulberry) and the grape creeper covering the bower, are amongst my earliest recollections. We also had a buffalow a cow and a she goat, the last specially for me.

And my mother in this setting, drawing water, trimming plant or creeper, giving me mulberry or grape tidying the back-yard, or watering the vegetation and the pots, or milking or feeding the animals, or limping (bruping?) the floor, or enjoying the swing with me seated at one corner astride the iron rod (one of four) by which it was suspended. She sang well only in a low tone; she was sweetest when she merely hummed a tune instead of siging it. And her face was an inexhaustible picture gallery. The expression upon it changed with every mood. Her feet as she moved the swing danced in an infinite variety of ways. The extremely mobile face and the dancing feet, that is all I remember of my mother as an incarnation of young womanhood, protective, all powerful, very gentle with me, and smiling or tearful according to the song she was humming. She was never the same for two minutes.

Later when she thought it her duty to make me obey, she had only to modulate her voice and give what her tone proclaimed a " command", and I instantly obeyed. But...................

............"

[અધૂરું.]

2 ચંદ્રમણિના સીમંત પ્રસંગે નાતવરાનો ઠાકોરે વિરોધ કર્યો હતો તે વીગત આપણે આ પહેલાં એકવાર નોંધી છે. એજરીતે, તેમનાં બહેન પ્રાણકોર વિધવા થયાં તે પ્રસંગે પણ તેમણે તેમની જ્ઞાતિના મોં ઢાંકવા વગેરે રિવાજોનો ઉગ્ર વિરોધ કર્યો હતો. એવા પ્રસંગોએ છતું થયેલું તેમનું સુધારક તરીકેનું વલણ તેમના મનમાં તેમના આયુષ્યના લગભગ ચોથા પંચક દરમિયાન બીજાંકુરિત થયું હોય તેમ લાગે છે. આયુષ્યનો બીજો દાયકો પૂરો થાય તે પહેલાં તો સમાજસુધારા વિષેના કેટલાક નિશ્ચિત ખ્યાલો તેમના મનમાં આકાર લઇ ચૂક્યા હતા અને એમાંના ઘણા અંશો પછી તેમની વિચારણામાં દૃઢ થયા હતા અને ફૂલ્યાફાલ્યા હતા.

૭-૧૨-૮૮ની એક ડાયરીનોંધમાં તેમણે પોતાના સુધારક વલણને 'practical conservativism' નું નામ આપ્યું છે. ૧૦-૧૨-૮૮-ના દિવસે ગાડીની મુસાફરી દરમ્યાન પ્રો. દસ્તુરનું "Be a reformer, Thakore" એવું ઉદબોધન પામનાર ઠાકોરે એ નોંધમાં Hindu revivalનો અનુરોધ કરતાં લખ્યું છે : " Wage a war to the knife against astrology, the Karma theory in its fatalistic form, ignorant insincere and selfish priests, ostention, vulgar expensiveness, unmeaning traditions and produce a national conscience, an atmosphere of earnestness."

અહીં તેમણે ખોટા ખરચાઓમાં નહીં ઊતરવાનો, અર્થહીન પ્રણાલીઓને ઉચ્છેદવાનો, દંભને તિલાંજલિ આપવાનો મત દર્શાવ્યો છે. આકાશના તારાઓના અગમ્ય શાસનનો સ્વીકાર ફરમાવીને માણસોને બહુધા હતાશ, નિરુત્સાહ નિષ્ક્રિય નસીબવાદી બનાવી દેતા વિઘાતક જ્યોતિષશાસ્ત્રનો પણ તેમણે અહીં વિરોધ કર્યો છે. જ્યોતિષની માફક કર્મના સિદ્ધાન્તે પણ આપણે ત્યાં વિઘાતક

પ્રારબ્ધવાદનો ફેલાવો કર્યો છે અને એના અનિષ્ટ પરિણામરૂપ બીજી ઘણી માન્યતાઓ અને રીતરસમો આપણા સમાજમાં પ્રવર્તી રહેલી જોવા મળે છે.

વિધવા સ્ત્રીઓને ફરજિયાત વૈધવ્ય પળાવવાની જે પ્રણાલી આપણી કેટલીક જ્ઞાતિઓમાં રૂઢ થયેલી છે તેના મૂળમાં પણ લગભગ એ જ પ્રારબ્ધવાદ ને કર્મવાદ કામ કરી રહેલો હોવાનું મનાય છે. માબાપ તો હજાર ગળણે ગાળીને (!) પોતાની દીકરીનું સારે ઠેકાણે (!) લગ્ન કરી આપે ; પણ પછી કંઇ થાય તો એ તો જેવું એનું નસીબ ! એ રિબાય, ચંપાય ; અને જે કંઇ થાય તે બધુ એણે પોતાના પતિના ઘરમાં રહીને મૂંગામૂંગાં સહન કરવાનું ; કેમકે ગમે તેવું તો યે એ જ એનુ ઘર ; એ ઘરનો જ એની પર અધિકાર ; એ મરે યા જીવે, એના પિયરિયાંથી એમાં માથુ ના મરાય ; એમને માટે તો " એ ભલી ને એનુ ઘર ભલુ" એવું વલણ અપનાવવું જ વાજબી. બધાં જ ઘરોમાં આવું જ વલણ અપનાવવામાં આવે છે એમ નથી. એથી જુદા પ્રકારના વર્તનના દાખલા પણ આપણા સમાજમાં જોવા મળે છે. એ પ્રમાણેના પ્રારબ્ધવાદી લાગતા વલણમાં કદાચ લાગણીવેડામાંથી મુક્ત રહીને વ્યાવહારિક શાણપણ દાખવવાની વૃત્તિ યે કામ કરતી હોય એમ બને ; વખત જતાં સૌ સારાં વાનાં થઇ રહેશે એવો આશાવાદ પણ એમાં હોય ; તેમ છતાં એમાં સ્ત્રીએ સહન કરવી પડતી કારમી વર્તમાન યાતનાઓ તરફની સમાજની નિષ્ઠુર બેહયા ઉપેક્ષા પણ દેખાઇ આવ્યા વગર રહેતી નથી. ઉપેક્ષકો જાણે પોતે કરવા જોગું બધું યે કરી પરવાર્યાં હોય અને હવે એમની જાણે કશી જવાબદારી ન હોય તેમ પોતાના સંસારમાં ચકચૂર થઇને રહે અને ઉપેક્ષિતો એમનાં કરમ ફૂટ્યાંની બધી જવાબદારી કેવળ એમની એકલાની જ હોય તે રીતે પોતાના દુઃખાટવીમાં નિર્ઘૃણ બેહયાઇઓ વચ્ચે ભટક્યા કરે – પિસાયા જ કરે એ સ્થિતિ કોઇ પણ વિચારવાન સહૃદય સમાજહિતચિંતકથી સહન ન થઇ શકે.

ઇ.સ. ૧૮૮૬માં ભરૂચની બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં બાળ વિધવા થવાના એક બે બનાવો બન્યા. સમાજના ચીલાચાલુ માનસવાળા જરઠો તો "જેવાં એમનાં કર્મ" એમ માનીને શાંત થઇ જાય પરંતુ સુધારાયુગની હવા ખાધેલા ત્યાંના નવલોહિયા કિશોરો અને યુવાનોથી એ સાંખી શકાયું નહીં. એજ અરસામાં રાજકોટમાં પણ એવા બનાવો બન્યા અને ત્યાંના સંખ્યાબંધ નાગર યુવાનો સુશિક્ષિત હોવાને કારણે, તેમણે તો એ પ્રશ્ન પરત્વે "ચર્ચાચર્ચી, છાપાછાપી, કોલાહલ ઉપાડ્યો. અને બાબત થોડા માસ લગી એક જાહેર સળગતા પ્રશ્નને પગથિયે ચડી. આમાંથી સ્વ. ભાઇ ફૂલાશંકર મણિશંકરનું ચોપાનિયું બ્હાર પડતાં" ઠાકોરે પોતાનું "પ્હેલું ચોપાનિયું વિધવા વિવાહ સશાસ્ત્ર કે અશાસ્ત્ર" લખી નાખ્યું". જાણીતા વિવેચક નવલરામના પુત્ર ધીમતરામે ઠાકોરને તેના પ્રકાશનખર્ચને પહોંચી વળવા ફાળો ઉઘરાવવાનો રસ્તો બતાવ્યો પરંતુ ટાઇપરાઇટરો વગરના તે જમાનામાં રાજકોટમાં ધીખતી વકીલાતવાળા કેટલાક વકીલોને મુકદ્દમાના કાગળોની નકલો કરી આપનારા કે તરજુમા કરી આપનારા માણસોની જરૂર રહેતી એટલે એવા કોઇ વકીલ પાસેથી એવી રીતે જરૂરી પૈસા કમાઇ લેવાનું ઠાકોરે નક્કી કર્યું. તે પ્રમાણે તેમણે અમૃતલાલ બક્ષી અને ગુલાબરાય છાયા નામના વકીલોને મુકદ્દમાની નકલો ત્રણ દિવસમાં કરી આપી ત્રીસ રૂપિયાની જોઇતી રકમ મેળવી લીધી. પછી તેમણે તેમના મિત્ર જયશંકરના કાકા મૂલશંકર અને દામોદર ઠક્કરના છાપખાનામાં એ ચોપાનિયું છાપવા આપ્યું, પણ કલ્યાણરાયના સીધા કે આડકતરા પ્રયત્નોથી છાપખાનાના માલીકે એ મુદ્રણકાર્ય ઢીલમાં નાખી દોઢમાસ કરતાં પણ વધારે વખત કાઢી નાખેલો. છપાઇ ગયા પછી દામોદર ઠક્કર મારફતે જ ઠાકોરે ચોપાનિયાની નકલ અને છપાઇ બિલ મળી ગયાંની પહોંચ કલ્યાણરાયને પહોંચાડેલાં. ઠાકોરના આ અને આવાં બીજાં

પગલાંઓથી તેઓ તેમના પિતાને સંસારસુધારાદિ પ્રશ્નોમાં માથાફરેલ લાગતા હતા અને પોતાને પરદેશ નહીં જવા દેવા પાછળ પોતાના વિષેનું તેમનું આવું મતવ્ય પણ બીજી કેટલીક બાબતો સહિત જવાબદાર હોવાનું ઠાકોરે નોંધ્યું છે.

એ ચોપાનિયું આજે ઉપલબ્ધ નથી એટલે એમાં ઠાકોરે કયા વિચારો વ્યક્ત કર્યા હશે તે જાણવું મુશ્કેલ છે, પરંતુ ૭-૧૨-૯૮ ની ઉપર્યુક્ત ડાયરીનોંધમાં તેમણે તદ્વિષયક કેટલાક વિચારો નોંધ્યા છે તેની પરથી આપણને તેમનાં ત્યારનાં આ વિષયનાં વલણોની ભાળ મળી શકે ખરી. એમાં તેમણે, દસમા ભાગની યે ઉચ્ચવર્ણની સ્ત્રીઓ પુનર્લગ્ન વાંછતી હોવા વિષે અને તેમનું વૈધવ્ય enforced widowhood હોવા વિષે પોતાનો પાકો સંદેહ વ્યક્ત કર્યો છે. ત્યાં તેઓ આપણા સમાજમાંની વિધવાઓની જીવનપ્રણાલીનો બચાવ કરતા લાગે છે. છતાં, એમના જીવનમાં એમને જે કષ્ટો વેઠવાં પડે છે તેનાથી ઠાકોર સભાન હોય તેમ લાગે છે કેમકે એ કષ્ટોના નિવારણાર્થે તેમણે શિક્ષણપ્રસારનો ઉપાય નિર્દેશ્યો છે. ઠાકોર કહે છે કે રૂઢિચુસ્ત વૃદ્ધ સ્ત્રી પણ આવકારે એવી કેળવણી યુવાન વિધવાઓને અપાવી જોઇએ જેથી જુદાં જુદાં ક્ષેત્રોમાં એ પાવરથી બને, તેમની પવિત્રતા આપણી સહાનુભૂતિથી નોંધપાત્ર ગૌરવ ને સંતોષ પામે, તેઓ સ્વમાની ને સમાજોપયોગી બને. ઠાકોર કહે છે કે, વિદ્યાર્થિનીઓની અભ્યાસ માટેની વયમર્યાદા વિસ્તારવી જોઇએ, તેમનો અભ્યાસ સુધારવો જોઇએ અને લગ્ન પછી યે, પરિણીત અને વિધવા સ્ત્રીઓનું જ્ઞાન વધે વિકસે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. લગ્નાદિ વિષે લખતાં ઠાકોર કહે છે કે તેમના બધા વિધિ બૌદ્ધિક રીતે ખરા દિલથી ગભીરતાથી કરાવવા જોઇએ તેમ જ લગ્નનો ઊંચો આદર્શ કેળવીને તેની સંસ્થામાં સુધારો કરીને તેને ઊંચે ઉઠાવવી જોઇએ.

સન ૧૯૧૫ ના મે મહિનામાં સુરતમાં અંબાલાલભાઇના પ્રમુખપદે મળેલી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની પરિષદ વખતે ઠરાવ ઘડનારી કમિટિના નેતા તરીકે ઠાકોરે પોતાના ભાષણમાં લગ્ન વિષે જણાવ્યું હતું : "હવે લગ્ન ઉધ્ધારને વિષે ઇંગ્રેજી સાહિત્ય દ્વારા સંસ્કારી થયેલો છે એ આપણા આગેવાન વર્ગનો મોટો ભાગ એમ માનતો જણાયું છે કે તે અને તેણી એકબીજાને મળે, એકબીજાના પરિચયમાં આવે, અને સ્નેહ બંધાય, પછી લગ્ન થાય, એજ ખરાં "સ્નેહલગ્ન" બાકીનાં બધાં "દેહલગ્ન" ; તથા હિંદુ સંસાર આવાં "દેહલગ્નો"નો જ સંસાર છે, આવાં "સ્નેહલગ્નો"નો એમાં અવકાશ છે નહીં. હિંદુ સંસારમાં છોકરીઓ અને યુવતીઓ નાતના મહોલ્લાઓમાં ફરવાને જ સ્વતંત્ર છે, નાતની સ્ત્રીઓ સાથે અને જેની સાથે લગ્ન નિષિધ્ધ એવા અતિ નિકટના સગા છોકરાઓ અને યુવાનો સાથે જ પરિચયમાં આવે છે. એટલે બીચારી સ્નેહ કે પ્રીતિ શું તે સમઝતી જ નથી હોતી એવી સ્થિતિમાં માતાપિતા તેમને એક પશુની માફક કોઇ રખેવાળને સોંપી દે છે તે પ્રમાણે તેઓ સોંપાય છે, અને આ ક્રિયાને લગ્નના નામથી અલંકારવામાં આવે છે. હવે આ આખી રચના ફેરવો : છોકરીઓને બચપણથી છોકરાઓ જેટલી જ છૂટ આપો, છોકરાઓના જેવી અને જેટલી જ કેળવણી આપો, પરણવું કે કંઇ ધંધામાં જોડાઇને પોતાનું ભાગ્ય પોતાના પુરુષકારથી રચવું એનો નિર્ણય તેના હાથમાં રાખો ; અને પછી જો એને ને કોઇ પુરુષને સ્નેહ થતાં, એકબીજા રાજીખુશીથી પરણે, તો તેનું નામ સ્નેહલગ્ન, તે જ ખરાં લગ્ન ; આવાં લગ્ન થઇ શકે અને વધતાં જાય એવું નામ જ લગ્નનો અને સંસારનો ઉધ્ધાર, બાકી બધાં યે ફાંફાં".

આ જોતાં જણાશે કે ઠાકોરનું લગ્નવિષયક દૃષ્ટિબિન્દુ રૂઢિચુસ્ત નહીં પણ પ્રગતિશીલ સુધારાવાદી છે અથવા વધારે ચોકસાઇથી કહેવું હોય તો કહી શકાય કે તેઓ સમન્વયશીલ પ્રગતિશીલ સુધારાવાદી

છે. કેમકે તેમણે બધી જ જૂની રૂઢિઓના સમૂળગા ઉચ્છેદનનો ઝંડો ફરકાવ્યો નથી પણ જૂનાં ઇષ્ટ વિધિવિધાનોને બૌદ્ધિકતાપૂર્વક, સમજપૂર્વક આચરવાની તરફેણ બતાવી છે. સ્નેહસંબંધ થયા પછી સ્ત્રીપુરુષ પરણે એવો આગ્રહ ઠાકોરે રાખ્યો છે. પરંતુ તેઓ ચાલ્યા આવતા લગ્નવિધિઓને તિલાંજલિ આપી દે એવું એમણે જણાવ્યું નથી. એટલે, સ્નેહસંબંધ થયા પછી સમજપૂર્વકની લગ્નવિધિથી સ્ત્રીપુરુષ પરસ્પર જોડાય એવો એક સૂર તેમની વિચારધારામાંથી ઊઠે છે.

લગ્નસુધારાને તેમણે સંસારસુધારાનો અગત્યનો પ્રદેશ ગણ્યો છે. અને પ્રેમને – ભવભૂતિના અદ્વૈતના આદર્શને – તેમણે સફળ લગ્નની કરોડરજ્જુ સમાન ગણ્યો છે. લગ્ન પહેલાંથી જ સ્ત્રીપુરુષ વચ્ચે સ્નેહબીજ વવાય અને તેમનાં હૃદયોનું વલણ અન્યોન્ય પ્રતિ વળે તે હેતુ આપણા સગાઇના (વેવિશાળ, વિવાહના) રિવાજ પાછળ રહેલો હોવાનું ઠાકોર જણાવે છે. પરંતુ વેવિશાળથી સ્નેહબીજ વવાય છે જ; અને વવાય તો પછી વેવિશાળ તોડવાનો અન્ય કોઇ કારણે પ્રસંગ નથી આવતો તથા સ્નેહબીજ વવાયું હોય તેવા તમામ દાખલાઓમાં સ્નેહબીજ વવાયા પછી લગ્ન થાય છે જ એમ બનતું નથી અને તેથી લગ્ન બાદ જ સ્નેહબીજ વાવવાનું રહે તેવું ઘણેભાગે બને છે. ઠાકોર આપણા સંસારની આ હકીકતથી પણ વાકેફ હતા પણ, સ્નેહસંબંધથી જ લગ્નસંબંધ શરૂ થાય તેવો તેમનો આગ્રહ ઉપરની તેમની કંડિકામાં જણાઇ આવે છે. જેમ જેમ સમય વહેતો જાય તેમ તેમ પરિણીત સ્ત્રી–પુરુષનાં અહં અન્યોન્યમાં ઓગળતાં જાય અને એમ કરતાં કરતાં તેમની વચ્ચે અદ્વૈત સધાય, પતિપત્નીરૂપ બે અર્ધાંગો સ્નેહરસથી સંધાઇ અન્યોન્ય એકરૂપ બને, મરણપર્યંત તેઓ એકબીજાનાં હૃદયના વિસામારૂપ બની રહે એ ઇષ્ટસ્થિતિની ભાવના ઠાકોરે દર્શાવી છે. હૃદયનું વલણ વાળવાનો હેતુ સગાઇના રિવાજ પાછળ હોવાનું જણાવતા ઠાકોર એમ પણ જણાવે છે કે "સગાઇ બહુ વહેલી કરવામાં તે કદાચ એ બેમાંથી

એકનાં હિતની ખાતર જ તોડવી પડે, અગર મૃત્યુ તેને તોડે..... એ અનર્થનો ભય રહે છે. અને હૃદયનું વલણ પહેલું થાય પછી લગ્ન એ પક્ષ જ હિંદુસંસાર આવશ્યક ગણતો નથી". પશ્ચિમમાં સ્ત્રીપુરુષો લગ્ન કરતાં પહેલાં અન્યોન્ય મુક્ત સંબંધો બાંધી શકેછે, એવા સંબંધો બંધાયા પછી પણ તેઓ પરણ્યા વગર છૂટા પડી શકે છે, એવા સંબંધો તેમને મન લગ્નની ઇષ્ટાનિષ્ટતાની ચકાસણીના પ્રયોગોરૂપ બનતા હોયછે, અને એવા પ્રયોગોમાં થઇને નીકળી આવતા લગ્નના માર્ગમાં લગ્ન બાદ છૂટાછેડા અને પુનર્લગ્નોનાં સ્થાનો પણ આવી શકે છે. સ્ત્રીપુરુષની અન્યોન્ય સંબંધ બાંધવાની જે પ્રથા પશ્ચિમમાં પ્રવર્તે છે તેને હિંદુ સંસારે દૂર રાખી છે કારણ કે ગમે તેવા અશારીર આશયથી સંબંધ બંધાયો હોય છતાં નવજુવાનીમાં કામનિશ્ચિત પ્રેમનું આકર્ષણ ગજબનાક હોયછે અને એ નવજુવાની ધર્મવિવેક કે હિતાહિત તરફ અંધ બની સાહસ અને કુતૂહલથી પ્રેરાઇને લગ્નપૂર્વે જ ન કરવાનું કરી બેસેછે ; યુવકયુવતીઓ વહેલાં લગ્ન કરી નાખેછે તેની પાછળ બીજી બાબતો કરતાં ઘણીવાર આવી બાબતો રહેલી હોયછે. ઠાકોર કહે છે તેમ સગાઇના રિવાજ પાછળ યુવકયુવતીનાં હૃદયોને અન્યોન્ય વાળવાનો હેતુ હોઇ શકેછે ; અને યૌવનસહજ સાહસ અને કુતૂહલનાં ભયસ્થાનોથી અને બચાવવા માટે જ સગાઇના ગાળા દરમિયાનના યુવકયુવતીના સંબંધોને આપણે ત્યાં મર્યાદિત અને સાવધતા ભર્યા રાખવામાં આવે છે. વેવિશાળના ગાળા દરમિયાન યુવકયુવતીનાં હૃદય એકબીજા તરફ વળે એ ખરું, પરંતુ યુવતી સંપૂર્ણપણે પોતાના પતિની થાય તે તો લગ્ન પછી જ. ઠાકોરે વેવિશાળ માટે પણ યુવતીની સંમતિને ઇષ્ટ ગણી છે ; એ તેની પહેલી સંમતિ ; લગ્ન થતાં તે સર્વથા સંપૂર્ણતયા પતિની બને તે તેની બીજી સંમતિ – ઠાકોરે આવી વ્યવસ્થાને સમાજહિત માટે ઉપકારક ગણી છે.

આગળ ઉપર નોંધેલી કંડિકામાં ઠાકોરે સ્ત્રીઓનો કન્યાકાલ

લંબાવી તેમનું અભ્યાસવય વિસ્તારવાની પણ વાત કરી છે. આ વિષય તેમણે "હિન્દની સ્ત્રીજાતિનો ઉધ્ધાર શી રીતે કરી શકાય" એ લેખમાં[11] મિસિસ એની બેસન્ટના તદ્વિષયક કેટલાક વિચારોની ચર્ચા કરતાં ચર્ચ્યો છે. એની બેસન્ટ સ્ત્રીઓની ઉચ્ચ કેળવણી પર વધુ પડતો ભાર મૂકે છે એમ જણાવીને તેમણે સ્ત્રીઓની સર્વકક્ષાગત કેળવણી ઉપર એકસરખો ભાર મૂક્યો છે. ઠાકોર સ્ત્રી અને પુરુષનાં કર્તવ્યક્ષેત્રો, માનસબંધારણ વગેરેને ભિન્ન ગણીને તેમના શિક્ષણપ્રકારમાં પણ ભિન્નતા હોવાની આવશ્યકતા પર ભાર મૂકે છે. અને તેથી તેઓ કહે છે કે સ્ત્રીઓ માટે પ્રાથમિક, માધ્યમિક તેમજ વિદ્યાપીઠીય અને તમામ કક્ષાએ જુદા અભ્યાસક્રમની વ્યવસ્થા કરવી જોઇએ. સ્ત્રીઓની ઉચ્ચ કેળવણીનું વિભિન્ન માળખું ત્યારે જ સફળ થાય કે જ્યારે તે માળખાને અનુરૂપ હોય તેવાં સ્ત્રીઓના પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણનાં માળખાં પણ ઘડાયાં હોય. સ્ત્રીઓ માટે અલગ શારદા-પીઠોની આવશ્યકતા પણ ઠાકોરે જણાવી છે.

પણ શારદાપીઠો કે શાળાઓ કેવળ પુસ્તકિયા જ્ઞાન આપીને રહી જાય છે અને એ જ્ઞાન પણ જરૂરી હોવા છતાં તે જરાયે પૂરતું તો નથી જ. ઠાકોરે ધર્મ અને નીતિની, ગૃહનીતિ અને સમાજનીતિની કેળવણીને પુસ્તકિયા કેળવણી કરતાં ઘણી વધારે મહત્ત્વની ગણી છે અને એ કેળવણી કુટુંબ અને સંસારના વાતાવરણમાંથી મળે છે એમ જણાવ્યું છે તથા પુસ્તકિયા કેળવણી આ કેળવણીને ઉપકારક બને તેવી રીતે યોજવી જોઇએ એવું મંતવ્ય દર્શાવ્યું છે. સમયના વહેવા સાથે આ કેળવણી સમાજમાંથી ત્વરિત ગતિએ લુપ્ત થઇ જતી હોવાનો ભય દર્શાવીને ઠાકોરે તેના અસરકારક સંરક્ષણ માટે ધા નાખી છે. જોન સ્ટુઅર્ટ મિલે પોતાના "સબ્જેક્શન ઓફ વુમન" નામક ગ્રંથમાં દર્શાવેલા વિચારો સાથે સંમત થતાં ઠાકોર કહે છે : "ગૃહપત્ની બનેલી સ્ત્રી પોતાના ઘરની ઘરવખરીની અને રસોઇની તથા પોતાના

કુટુંબના સાંસારિક વ્યવહારની સંભાળ રાખે એ તેને માટે પૂરતા મહત્ત્વનું, તેના જીવનને માટે પૂરતા આનંદ અને વિકાસનું, અર્થશાસ્ત્રની દૃષ્ટિએ પૂરતી કિંમતનું, અને જનસમાજની દૃષ્ટિએ પૂરતી ઉપયોગિતાનું કર્તવ્યક્ષેત્ર છે". ઠાકોર "લાયક ગૃહપત્ની થવું અને લાયક માતા થવું" એને "સ્ત્રીનું સમાજમાં પરમ કર્તવ્ય" લેખે છે અને "એ દ્વારા જ વ્યક્તિ તરીકે તેની પરમ ઉન્નતિ અને આત્મવિકાસના છે" એમ જણાવે છે ; અને ઉમેરે છે કે "લાયક ગૃહિણી અને માતા થવાના સાધન તરીકે ઉંચામાં ઉંચી પુસ્તકિયા કેળવણી કરતાં ધર્મ અને ગૃહનીતિ અને સમાજનીતિ અત્યંત વધારે મહત્ત્વનાં છે".

સ્ત્રી ભણેલી હોય કે અભણ હોય પણ તેનું ખરું કર્તવ્યક્ષેત્ર કયું છે તે ઠાકોરે અહીં સ્પષ્ટ કર્યું છે. પશ્ચિમમાં સ્ત્રીઓ પુરુષોની જેમ જ શિક્ષિત હોવાને કારણે તેમણે ત્યાં પુરુષોની જેમ જ ઘરની ચાર દિવાલો છોડીને સમાજના વિશાળવ્યાપક જીવનમાં પણ પ્રવેશ મેળવ્યો છે. તે અન્વયે સ્ત્રીઓ ત્યાં પુરુષોની જેમ જ પોતાના શિક્ષણને જોરે પોતાને મનપસંદ વ્યવસાયમાં જોડાઇને સ્વાવલંબી થઇ શકે છે. ત્યાં સ્ત્રી પુખ્ત થઇ રહે ત્યાં સુધી અને પરિણીત જીવન દરમ્યાન પુરુષોપજીવી હોય છે પણ તે સિવાયના ગાળાઓમાં (અભ્યાસ પૂરો થાય ત્યારથી તે પરણે ત્યાં સુધીમાં, વિધવા થયા પછીના ગાળામાં) સ્વાવલંબી બનવું પડે છે અને ઘણી સ્ત્રીઓ તો પરિણીત અવસ્થામાં પણ પોતાનાથી બનતું કમાઇ લાવતી હોય છે. આપણા દેશમાં નીચલા વર્ગો સિવાયની તમામ સ્ત્રીઓ સદીઓથી પુરુષોપજીવી (કૌમારાવસ્થામાં પિયરમાં અને પરિણીત કે વિધવા અવસ્થામાં સાસરીમાં) જીવન ગુજારતી આવી છે અને નીચલા વર્ગોમાં પણ સ્ત્રીઓ કમાવા જાય છે પરંતુ પશ્ચિમની આપકમાઉ સ્ત્રીઓ જેવું સ્વાતંત્ર્ય એમને મળેલું જોવા મળતું નથી. આપણે ત્યાં શિક્ષણના પ્રસાર સાથે સ્ત્રીઓના આર્થિક સ્વાતંત્ર્ય બાબતમાં ધીમે ધીમે છતાં સંગીન ફેર પડતો આવે છે.[૧૨]

પશ્ચિમમાં પ્રવર્તેલા વ્યક્તિવિકાસ, વ્યક્તિસ્વાતંત્ર્યનાં મૂલ્યોને ઠાકોરે સ્ત્રીઓના વ્યાવસાયિક આર્થિક સ્વાવલંબનને જવાબદાર ગણ્યાં છે. સ્ત્રીઓ વધુ ભણે તે તો ઠાકોરને અભીષ્ટ છે અને તેઓ પોતાના મનપસંદ વ્યવસાયોમાં પડે તેની સામે પણ તેમને વિરોધ નથી ; ઊલટું, તેમણે આપણા દેશ માટે વધુ અને વધુ સંખ્યામાં કેળવાયેલી શિક્ષિકાઓ અને "દાક્તરણો" બહાર આવે તે સ્થિતિને આવશ્યક ગણી છે. પરંતુ સ્ત્રીઓના આર્થિક ને વ્યાવસાયિક સ્વાવલંબને આણેલાં કુપરિણામો પણ તેમણે નોંધ્યાં છે. પશ્ચિમની અસરો તળે, ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયાઓની તળે સંયુક્ત કુટુંબની સંસ્થા મૃતપ્રાય: થઇ રહી છે. પશ્ચિમનાં અસંયુક્ત સંકુચિત કુટુંબોની સંસ્થા પણ છિન્નભિન્ન થઇ રહી છે કેમ કે સ્ત્રી નોકરી કરતી હોય એટલે તેનો પતિ અને તે, દિવસનો મોટો ભાગ બહાર રહે એટલે તેઓ બહાર જ જમી લે અને તેમનાં બાળકો નિશાળોમાં જમી લે અને તેથી કુટુંબજીવન અલ્પવત્ બની જાય. ઠાકોરે તો એટલે સુધી કહ્યુ છે કે ઘણાં કુટુંબોમાં તો રસોડાં પણ નથી હોતાં. જ્યાં આ સ્થિતિ હોય ત્યાં કુટુંબનાં અશક્તો ઘરડેરાંઓની દેખભાળ કોણ રાખે ? મહેમાનોની મહેમાનગતી કોણ કરે ? કુટુંબની કુલ આવકનો કશો જ હિસ્સો એવી વ્યક્તિઓ પાછળ ન ખરચતાં, એ બધી એ સંકુચિત કુટુંબની બેચાર ગણીગાંઠી (પતિ-પત્ની-બાળકો) વ્યક્તિઓમાં વહેંચાઇ જાય અને જીવનની અનિવાર્ય જરૂરિયાતોને સંતોષતાં જે કંઇ દ્રવ્ય બચે તેનો ઉપભોગ એ વ્યકિતઓ માટેની ભોગ વિલાસની પ્રવૃત્તિઓ પાછળ વધુને વધુ થાય । પશ્ચિમમાં નાતજાત કે શેરીબંધ સુરક્ષિત જીવન નથી, અને કુટુંબો ઘસાઇ ગયાં છે તથા લૂલાં પડ્યાં છે" તેથી અપરિણીત "સરખેસરખી સ્ત્રીઓ બેચાર અને વધારે સંખ્યામાં સાથે રહે" અને લગ્નસંસાર વિના પુરુષો જોડે ફાવે ત્યાં લગીના સંસર્ગો રાખે ને એમાંથી બાળકો જન્મે એવા દાખલાઓ પણ પાશ્ચાત્ય

દુનિયામાં ઘણા બને છે.

આમ ઠાકોરે પશ્ચિમના જનસમાજનું અતિશય કૂબડું નિરાશાજનક ચિત્ર દોર્યું છે. એક ભારતીય સમીક્ષકને એ ચિત્ર ખસૂસ ઘેરો આંચકો આપે પરંતુ લગ્નયુક્ત સંબંધોને, મુક્તાચારોને ત્યાં કોઇ આપણા જેટલી જુગુપ્સા કે ધિક્કારથી જોતું નથી ; જીવનની એવી રસમોને તેમણે તદ્દન સ્વાભાવિકતાથી – ઘણીવાર નિભાવવા, અરે સ્વીકારવા લાયક ગણીને – પોતાના સમાજમાં વણાઇ જવા દીધી છે. વળી કુટુંબજીવન ત્યાં સમૂળગું લુપ્ત થઇ ગયું નથી ; અશક્તો કે ઘરડેરાંઓ સુશ્રુષા વિના હૂંફ વિના ત્યાં રિબાઇ રિબાઇને મરી જાય છે એમ પણ નથી. પોતાની મનપસંદ જીવનરીતિઓને અનુસરતાં અનુસરતાં ઊભા થતા પ્રશ્નોને એમણે પોતાની રીતે હલ કર્યા છે અને આપણે આપણી સમાજવ્યવસ્થામાં જેટલી સાહજિકતાથી જીવી શકીએ છીએ તેટલી સાહજિકતાથી જીવી શકે તેવી આગવી સમાજવ્યવસ્થા તેમણે પણ પોતાને ત્યાં ઊભી કરી લીધી છે.

ઠાકોરે ભારતીય સમાજબંધારણને પશ્ચિમના સમાજબંધારણ કરતાં વધુ સારું ગણ્યું છે. તેઓ વ્યક્તિને માથે કુટુંબ, કુટુંબને માથે સમાજ– એવો ક્રમ, એવી વ્યવસ્થા સ્વીકારે છે. તેઓ માને છે કે "સંસાર ઘટના– માનવજાતિનાં અસ્તિત્વ સુખ અને ઉન્નતિ એને માટે આવશ્યક એવી વ્યવસ્થાનો પાયો સ્ત્રીપુરુષ વ્યક્તિઓ માત્ર નથી, કુટુંબો છે. અને સ્ત્રી જ કુટુંબનો આધાર, અને સ્નેહનું ઉત્પત્તિસ્થાન, અને પરમ નીતિબલ છે".[૧૩] આથી તેઓ સ્ત્રીઓને પુરુષના જેટલો સ્વાતંત્ર્યનો અધિકાર નથી આપતા. "સંક્રાતિકાળમાં સ્ત્રીઓમાં તેઓ કહે છે : "પુરુષ તો વાંદરો, રખડુ, અને પ્રયોગખોર વળી એવો બૂચપ્રકૃતિ કે થોડીઘણી કુતૂહલતૃપ્તિથી એના ચારિત્રની સંગીનતા અખંડિત જ રહે. લગ્નની સંસ્થા પુરુષની નીતિને સંયમમાં

આણે છે અને સુધારે છે, અને આમ તે એક મોટામાં મોટું સમાજહિત સાધે છે. સ્ત્રીનું સ્ત્રીત્વ એક ઉપરાંત બીજો પણ પુરુષ જાણતાં ખંડિત થાય છે. અખંડિત સ્ત્રીત્વવાળી સ્ત્રી જ માતા લેખે ઉત્તમોત્તમ છે. પોતે ઉત્તમ માતા બનવા પામે તે સિદ્ધિની ખાતર જે પાળવું, પોતાની પ્રકૃતિનું ઉંડામાં ઉંડુ વલણ તેને રક્ષવું, તે બંધન નથી, સ્ત્રીત્વના પરિપાકનું સાધન છે, સ્વાતંત્ર્યહાનિ નથી, આત્મવિકાસની પરિ-પૂર્ણતાનો લાભ છે". સ્ત્રીનાં સ્વાતંત્ર્ય, સ્વાવલંબનને કારણે થતો કુટુંબસંસ્થાનો ધ્વંસ ઠાકોરને ગમતો નથી. આપણાં સંયુક્ત કુટુંબોમાં માણવા મળતા જાતજાતના ને ભાતભાતના સંકુલાવધિ સ્નેહસંબંધો(માબાપ-પુત્ર-પુત્રી-દૌહિત્ર, પૌત્ર, દિયર, નણંદ, ભોજાઇ, સાળો વગેરે સભ્યો વચ્ચેના)-ની મીઠાશને ઠાકોર અલૌકિક, અદ્વિતીય ગણે છે. એવાં સંકુલ-સંયુક્ત-બૃહદ્ કુટુંબોમાં ઠાકોરને મતે "પ્રેમવહનોની શાંતોજ્જ્વલ લીલામાં સંયમ સેવા અને તપ આનંદ રૂપે અનુભવાય છે, અહંકાર સેવાધર્મ બને છે, અને પ્રેમ અને કુલીનતાનાં નેત્રે જ જુએ છે, નીતિ બંધાય છે, ચારિત્ર ગઠાય છે, પરંપરાપ્રાપ્ત વિદ્યાઓ અને કલાઓ વારસે મળે છે, અને ભાવના-બીજકો હૃદયમાં પડતાં અનુકૂળ ક્યારા પામી જામી જઇ સજીવન પ્રવૃત્તિ-પ્રરોહ રૂપે ઉગી શકે છે" ; અને "આવાં કુટુંબો જ સંસ્કૃતિની અમરવેલો છે અને એ કુટુંબો પોતે સ્ત્રીત્વના સતવાળી પત્નીઓ અને માતાઓની જ વિભૂતિ છે". આ સાથે એ પણ નોંધવું જોઇએ કે ૧૭-૯-૩૨ના દિવસે કલ્યાણરાય જોષી પર લખેલા પત્રમાં ઠાકોરે સંયુક્તકુટુંબની સંસ્થા વિષે બળાપો પણ કાઢ્યો છે. લલ્લુભાઇ સામળદાસ અને તેમના મોટા પુત્રે જે કંઇ રળ્યું હતું તે કરતાં વધારે તેમના બીજા પુત્ર ખંડેરાવે સટોરિયાવેડામાં ગુમાવેલું જોઇને તેમણે વેણ કાઢ્યાં છે : "Our joint family system makes all and each suffer enormously for the pranks of a single member xxxx All the Hindu virtues turn into vices in such circumstances."

ઠાકોરે આપણા સમાજમાંની ત્રણ જંગલિયતોને ઉપર્યુક્ત વ્યાખ્યાનમાં નિર્દેશી છે. ઘર કે શેરીમાં જ ગોંધાઇ રહેતી, અતિસુરક્ષિત અવસ્થામાં જીવવા ટેવાયેલી આપણા સમાજની સ્ત્રીઓ- અબળાઓ- સમય આવ્યે સ્વરક્ષણ કરી નથી શકતી, બેસૂઝ બની જાય છે ને પરિણામે આંસુ સારવા સિવાય બીજું કંઇ કરી શકતી નથી ; વધુ ગંભીર કિસ્સામાં આપઘાત કરી લે છે. સંકટ સમયે સ્વરક્ષણની સૂઝ અને ટેવની કેળવણીનો અભાવ તે ઠાકોરને મત એક જંગલિયત થઇ. પણ સ્ત્રીઓને સ્વરક્ષણ કરવાનું આવે ; એકલદોકલ સ્ત્રીને જરૂર પડ્યે ગમે ત્યારે ગમે ત્યાં નિર્ભયતાથી કે વિશ્વાસથી હરવાફરવાનું- જવાઆવવાનું મુશ્કેલ બની જાય તેનું કારણ આપણા સમાજના- શિક્ષિત ને અશિક્ષિત ખાનદાન ને હલકા વર્ગના-પુરુષોનું "સાંઢિયાપણું" છે, અને તે આપણા સમાજનું બીજું જંગલીપણું છે. આપણી સંયમહીન પ્રજોત્પત્તિ પ્રવૃત્તિ એ આપણી ત્રીજી જંગલિયત છે. આ જંગલિયતને કારણે આપણો ગૃહસ્થાશ્રમ મટી "કક્કુટાશ્રમ" બની ગયો છે. પશ્ચિમમાં સ્ત્રીનો મોભો ઊંચો હોવાથી પુરુષને તેની સંમતિ માગવી પડે, એ રીતે એને સંયમ પાળવો પડે, પ્રાચીન પૂર્વમાં મનુનાં શાસનોએ સંયમનું પાલન કરાવ્યું-બ્રહ્મચર્યનો આદર કરાવ્યો- ; ઓગણીસમી સદી સુધી આપણા અવિભક્ત કુટુંબોવાળા સમાજમાં વડીલોની આમન્યાએ [ ને કેટલાક સામાજિક રીતિરિવાજોએ ] સંયમ સહેલો બનાવ્યો ; "પછી આવ્યું આ પશ્ચિમ સંસ્કૃતિનું પૂર અને સાથે આર્થિક ઉથલપાથલ, જેમાં એ આમન્યા એ અવિભક્ત કુટુંબ એ બ્રહ્મચર્યપૂજાની સાથે સંયમ પણ તણાઇ ગયો છે, અને સ્ત્રીજાતિ માટે બહુમાનનો પાશ્ચાત્ય અંશ તો એ પૂરમાંથી કે પાશ્ચાત્ય સાહિત્યમાંથી કે નજાને ક્યાંથી નજાને ક્યારે આવશે. પરિણામ - આથી પૂર્વજોએ વારસે આપેલા સંયમી ગૃહસ્થાશ્રમને ઠેકાણે આપણી જુવાનીના મળસ્કામાં જ લચી પડતી અને કરમાતી લલનાઓ વેઠી રહી છે તે કક્કુટાશ્રમ

અથવા જંગલીપણું અથવા કલિકાલ".

"સ્ત્રીસ્વાતંત્ર્ય"ના પ્રશ્નને ચર્ચતું "નિરુત્તમા" નામક એક આખ્યાનકાવ્ય તેમણે સન ૧૯૪૨ પહેલાંના કદાચ એકબે વર્ષમાં લખ્યું હતું અને સન ૧૯૪૭ સુધી તેમણે તેને મઠાર્યા કર્યું હતું. સ્ત્રીસ્વાતંત્ર્ય માટે લડી શકે તેવું પાત્ર નિર્મવા માટે તેમણે એ કાવ્યની નાયિકા નિરુત્તમાને દોઢ વર્ષની ઉંમરે માબાપવિહોણી બનાવીને તેનો ઉછેર તેના મસિયાઇ ભાઇ દાક્તર પાસે કરાવ્યો; તેની પાસે પુરુષસમોવડું શિક્ષણ લેવડાવ્યું; તેની પાસે મહાવિદ્યાલયમાં હોકી જેવી રમતો રમાડી તેના શરીરને સુઘટિત સ્નાયચિક બનાવ્યું અને એવી રમતોમાં તેની આગેવાની વાળા જૂથને વિજયી થતું બતાવ્યું; તેનો ઉછેર એક કિશોરના જેવો થયેલો જણાવ્યો; તેને પુરુષમિત્રોવાળી છતાં એ પુરુષમિત્રોવાળી છતાં એ પુરુષમિત્રો તેનાથી અંજાઇને તેની તદ્દન નિકટ ન આવી શકે તેવા વ્યક્તિત્વપ્રભાવવાળી બનાવી; સ્ત્રૈણતાના પરવશ બનાવનારા અતિશય વિનાની અને ઉદીયમાન કંદર્પોર્મિને થોડી ક્ષણોમાં દાબી દઇ શકે તેવા મનોબળવાળી બનાવી; વિદ્યાની ઉપાસનાને અર્થે લગ્ન પછી પણ બ્રહ્મચર્ય પાળવાની મુરાદવાળી બનાવી; તેના – એક સ્ત્રીના – દેહમાં તેમણે એક પુરુષના જ્ઞાનતંત્રનું નિર્માણ કર્યું.

અનુકૂળ અને મીઠા સ્વભાવનાં સાસુ અને પતિ સાથે નિરુત્તમાને એવો કયો – પતિગૃહ છોડ્યા સિવાય ન ચાલે તેવો કલહ થયો હશે તે આપણે એ કાવ્યમાં ક્યાંય જાણવા પામતા નથી અને તેથી નિરુત્તમાના સ્ત્રીસ્વાતંત્ર્ય વિષેના આગ્રહ પર કશો ઘટનાજન્ય ને તેથી પ્રતીતિકર પ્રકાશ પડતો નથી. સંઘર્ષ પેદા કરે તેવા કોઇ એક અમુક લગ્નોત્તર કટુગંભીર બનાવને લઇને નિરુત્તમાને પતિવિદ્રોહ પોકારવો પડ્યો હોય એવું ચિત્રણ કાવ્યમાં થયું નથી; પરંતુ નિરુત્તમાના મનમાં તેના લગ્ન પૂર્વે રૂઢ થઇ ચૂકેલી સ્વાતંત્ર્યની ભાવનાનો ઉદ્‌ઘોષ લેખકે ગમેતેમ

નિમિત્ત ગોઠવી દઇને સાધ્યો હોય તેમ લાગેછે. આથી એ ઉદ્‌ઘોષ કોઇ નક્કર બનાવના વાસ્તવિક પ્રત્યાઘાત કે પ્રતિકારરૂપે યોજાયેલો લાગવાને બદલે ; આસપાસનાં પાત્રો- એ પાત્રોનાં માનસ અને વ્યક્તિત્વ- તેમનાથી નિર્માયેલી કુટુંબની આબોહવા-એ બધાં ઘટકોથી અનપેક્ષિત અસંબધ્ધ (irrespective) રીતે, કેવળ મનપસંદ જૂની પ્રભાવ પાડી ગયેલી ભાવનાના મુગ્ધ ઊભરા રૂપે યોજાયેલો લાગેછે. આમ થાયછે ત્યારે કારણમાંથી કાર્ય ઉદ્‌ભવતું લાગવાને બદલે કાર્ય પોતાની સાભિપ્રાયતા બતાવવા કોઇપણ કારણને ગોઠવી- Adopt- કરી- લેતું લાગેછે. આથી નિરુતમાની ભાવનાને રજૂ થવા માટે કથામાં કોઇ સંગીન ભૂમિક સાંપડતી નથી ; તે હવામાં સ્પષ્ટ આકાર વગર તરવર્યા કરતી લાગેછે.

સ્ત્રી ઘણી વાર પોતાના વિશિષ્ટ શિક્ષણ ને ઉછેરના ધમંડમાં બિનપાયાદાર રીતે, બેજવાબદાર રીતે, બિનસમજદારીથી સ્ત્રીસ્વાતંત્ર્યના નારા ગજાવે છે અને સંસારને હચમચાવવા નીકળી પડે છે એમ બતાવવાનો પણ કદાચ ઠાકોરનો એમ કરવા પાછળ આશય હોઇ શકે. કારણકે નિરુતમાના પગલાનો વિરોધ કરનારું દાક્તરનું પાત્ર ઠાકોરની માફક એક વિદ્વાન, ઇતિહાસજ્ઞ, સમાજમીમાંસક, સંસ્કૃતિમર્મજ્ઞ, વિચારક, આચારશુધ્ધતાગ્રહી, શિક્ષકના જેવું ચીતરાયું છે.

સ્વાતંત્ર્યના અધિકારનો સ્ત્રીને ઇન્કાર કરનારી મનુની વિચારસરણીને દાક્તરની માન્યતા છે. ઠાકોર દાક્તરની માફક સ્ત્રી પોતાનું દાન પોતાને હાથે કોઇ પુરુષને કરે તે વિધિને કુલોન્મૂલક, કષ્ટદાયક ને નિષિધ્ધ ગણવાને બદલે સ્ત્રીને પોતાના જીવનસંગીની પ્રેમપૂર્વક પસંદગી કરવાની છૂટ આપેછે ; પણ પસંદગીના જીવનસંગી સાથે જોડાવાનો વિધિ માબાપના સહયોગથી વેવિશાળ લગ્નાદિના આપણા રૂઢ રિવાજો મુજબ ; કુટુંબથી વિમુખ નહીં પણ કુટુંબ સાથે એકરસ થઇ શકાય તેવી રીતે પતાવવાની પધ્ધતિની તરફેણ કરે છે. ઠાકોર પણ પુરુષ જેટલું સ્વાતંત્ર્ય સ્ત્રીને આપવાની તરફેણમાં નથી તે આપણે જોયું છે.

દાક્તર પણ કહેછે કે હિંદુ સમાજમાં બધા પુત્રો લગ્નની પ્રતિજ્ઞાઓ નિભાવતા નથી ; પણ સ્ત્રીઓ તો બધી જ પ્રતિજ્ઞાવચનોને પાળેછે અને "હિંદુત્વ"ની ધ્વજા ફરકાવે છે. હિંદુ સ્ત્રીની એ ઉદાત્ત ભાવનામાં દાક્તર હિંદુ કુટુંબસંસ્થાનું સ્વાસ્થ્ય નિહાળે છે અને તે માટે તેમણે જે વચનો ઉચ્ચાર્યાં છે ("કુટુંબ છે સર્વ સમાજબીજ, કુટુંબ સ્વાસ્થ્યે જ સમાજ સ્વાસ્થ્ય, કુટુંબમાલા જ કુટુંબરક્ષા, છે લગ્નવેદી જ સધર્મવેલ ;" તથા અન્ય પ્રસંગે "સ્વતંત્ર થતાં સ્વચ્છંદી લિ બની જતી સ્ત્રી") ૧૪ તેમાં ઠાકોરના જ વિચારોનો પડઘો સંભળાય છે.

ઠાકોરની જેમ દાક્તરે પણ સમષ્ટિમાં "વ્યક્તિ"ના સ્થાનની મીમાંસા કરી છે. "વિરાટ કુદરત તત્ત્વોને અણુમાનવીનો જવાબ" એ કાવ્યમાં માનવનો મહિમા ગાનાર ઠાકોરે માણસને જીવનભર "જંતુડું" કહ્યા કર્યો છે તેમ દાક્તર પણ વિશ્વકેંદ્રરૂપ માનવને "જંતુડું" કહેછે, તો માનવસંઘને કદી કદી ઉંચે ઉઠાવનાર બળ તરીકે વ્યક્તિને નવાજે પણ છે, તો સામે પક્ષે એ એમ પણ સ્વીકારે છે કે માનવસંઘ પણ વ્યક્તિને ઘડે છે.

ઇ.સ. ૧૯૩૮ના ઓક્ટોબરમાં આરંભાઇને ઇ.સ. ૧૯૪૪ સુધીમાં ફરીફરીને લખાયા- સુધારાયા છતાં અધૂરી બારમી કલા સુધી લખાઇને અપૂર્ણ રહી ગયેલા "ગુરુજી" કાવ્યમાં પણ ઠાકોરે સ્ત્રીપુરુષ- સમાનતાના વિષયને સ્પર્શતું વાર્તાવસ્તુ કલ્પ્યું છે. એ કાવ્યમાંના અગ્રિમ પાત્રો સમરાદિત્ય અને કામકલાને ઠાકોરે બે નિકટવર્તી રાજ્યોનાં અવિવાહિત શાસક બનાવ્યાં છે ; ચારણ વગેરે પાસે એમનાં વખાણ એકબીજાની આગળ કરાવીને એમને અન્યોન્ય આકર્ષણ અનુભવતાં બતાવ્યાં છે છતાં ઠાકોરે તેમને યૌવનના ગુમાનને લીધે સામે ચાલીને એકબીજાનો પ્રેમ મેળવવા પ્રવૃત્ત બનવા કરતાં પરાક્રમથી એકબીજા ઉપર વર્ચસ્વ મેળવીને, એકબીજાને રાજકારણના તખ્તા પર તેમ જ અંગત જીવનના સહધર્માચરણના તખ્તા ઉપર જીતી લાવવાની મંષાવાળાં

નિમ્યાં છે. ઠાકોરે કામકલાને "રમણીતોય શિકારે મસ્ત, સિધ્ધ-હસ્ત શસ્ત્રાસ્ત્ર સમસ્ત, લાવલશ્કરી શિસ્તે કીટ, રણમોહિમયોજનમાં ધીટ ; રાજ્યનયે ચાણક્ય ખચીત યધપિ સામોપાયે પ્રીત"[૧૫] વગેરે પંક્તિઓમાં પુરુષસમોવડી ચીતરી છે. કામકલા અને સમરાદિત્ય વચ્ચે ઠાકોરે વર્ચસ્વપ્રાપ્તિની સ્પર્ધા ચાલતી આલેખી છે અને તેમાં તેમણે કામકલાનો હાથ લગભગ ઉપર રહેતો દર્શાવ્યો છે પરંતુ કાવ્ય અપૂર્ણ હોવાથી ઠાકોરે અંતિમ વિજય કોને વરતો આલેખ્યો હોત તે કહેવું અશક્ય બને છે. સ્ત્રીસ્વાતંત્ર્યના વિષયને, જોકે, એ કાવ્યમાં છણવા- આલેખવાનો ઉદ્દેશ હોય એમ લાગતું નથી.

ઠાકોરનો આ બે કૃતિઓનો આ પ્રાસંગિક ઉલ્લેખ સમેટી લઇને અહીં હવે આપણે આપણી ચર્ચાનો પૂર્વતંતુ ફરી હાથમાં લઇએ. સ્ત્રીઓ આર્થિક ને વ્યાવસાયિક સ્વાતંત્ર્ય તરફ વળી, એને કારણે કુટુંબસંસ્થાને ફટકા પડ્યા, સમાજમાં દુરાચરણો તથા નીતિભ્રષ્ટતા વધ્યાં વગેરે પરિણામોને માટે ઠાકોરે "વ્યક્તિસ્વાતંત્ર્ય", વ્યક્તિ-વિકાસ"ની પશ્ચિમપ્રવર્તી નવયુગીન ભાવનાને કારણભૂત ઠેરવી છે. ઠાકોરને અર્થપ્રધાન, વિચારપ્રધાન કવિતાની અપેક્ષાએ જે ઊર્મિપ્રધાન કવિતા તરફ ઓછો ભાવ હતો યા નાપસંદગી હતી તેના, પશ્ચિમમાં એક જમાનામાં, પ્રવર્તેલા વ્યાપક પ્રાધાન્યને પણ તેમણે ત્યાં પાંગરેલી "વ્યક્તિવિકાસ", "વ્યક્તિવિલાસ", "વ્યક્તિફુલાશ"ની ભાવનાનું ફરજંદ ગણ્યું છે.[૧૬]

એક જમાનામાં સ્ત્રીઓમાં આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં નહોતો આવતો ; સ્થૂલ જંગમ મિલકતની જેમ તેને પણ એક મિલકત ગણવામાં આવતી. એ જમાનો પુરુષોના નિર્વિશેષ આધિપત્યનો જમાનો હતો. પણ પછી જુલમી રાજાઓ, સમ્રાટો ને અમીરઉમરાવો સામે લોકક્રાંતિનો જુવાળ દુનિયાના ઘણા ભાગોમાં જાગ્યો અને એમાં

થયેલા લોકવિજયથી લોકશાહીની ભાવના જન્મી. આ ભાવના-એ શાસકોની, તવંગરોની, સમાજના ઉચ્ચવર્ગોની જોહુકમીનો અંત આણ્યો ને તેણે કોઇપણ પ્રકારના માનવસર્જિત ભેદભાવોને દફનાવી સૌને સમાનતા પ્રબોધી, આમાંથી રંગભેદ નિવારણ, અસ્પૃશ્યતા નિવારણ વગેરેની હિલચાલો જન્મી. એ ભાવનાએ જેમ ગોરા જેટલો જ હક કાળાઓને આપ્યો ; શાસકોના શાસન પર શાસિતોની આણ પ્રવર્તાવી, દલિતપીડિતો આગળ તેમને કચડતી સત્તામદીલી જહાંગીરીની ઓખાત બગાડી નાખી તેમ પુરુષો જેટલી જ સ્ત્રીઓની ઇજ્જત સ્થાપી. આમાંથી સ્ત્રીઓ પુરુષો જેવું ને જેટલું શિક્ષણ લેતી થઇ ને જાહેરજીવનમાં પણ તે પુરુષોની હરીફાઇ કરતી થઇ. જે એક મહાન ભાવનામાંથી વ્યક્તિસ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્યની ભાવનાઓ જન્મી છે તેમાંથી જ સ્ત્રીસ્વાતંત્ર્ય કે સ્ત્રીપુરુષસમાનતાની ભાવના જન્મી છે. તેથી વ્યક્તિસ્વાતંત્ર્યમાંથી સ્ત્રીસ્વાતંત્ર્યની ભાવના જન્મી એમ કહેવું વાજબી નથી. એ ભાવનાઓ ભગિનીભાવનાઓ છે ; પર્યાયરૂપ ભાવનાઓ છે.

રાજકીય સ્થિરતા અને તેને કારણે રાજ્યવ્યવસ્થા વધતાં સામાજિક સલામતીની સ્થિતિ ઉત્પન્ન થઇ. અને તેથી મધ્યકાલમાંની વહેલાં લગ્નોની પ્રથાની જરૂર રહી નહીં. એને લીધે, શિક્ષણના ફેલાવાની સાથે સાથે સામાન્ય સમજ વધતાં, સુધારાની આબોહવા વિસ્તરતાં કન્યાકાલ લંબાવા માંડ્યો. સ્ત્રીઓ પુરુષોની જેમ ઉચ્ચ શિક્ષણ, વહીવટ આદિની જાહેર સંસ્થાઓમાં જોડાતી થઇ તેમ જ સામાજિક રાજકીય આંદોલનોમાં પુરુષોની જેમ કામ કરતી થઇ તેમ તેમ ઘણી સ્ત્રીઓએ મોડાં લગ્નો કરવાનું, તો વળી ઘણી સ્ત્રીઓએ ઘણા પુરુષોની જેમ આજીવન કુંવારા રહેવાનું વલણ અપનાવ્યું. ૨૧

અને સમાજની ઉન્નતિને અર્થે જાહેર સેવાઓના ક્ષેત્રે સન્નિષ્ઠ રીતે આજીવન કર્તવ્ય બજાવવાની ભાવનાવાળી સ્ત્રીઓને લગ્ન તેમના આદર્શોની પરિસિદ્ધિમાં અંતરાયરૂપ લાગવા માંડ્યું ને તેથી તેમણે અવિવાહિત જીવન જીવવાનું પસંદ કર્યું. અલબત્ત, આવી સ્ત્રીઓની સંખ્યા કુલ સ્ત્રીસંખ્યાની દૃષ્ટિએ ઘણી નાની હતી એ પણ યાદ રાખવું જોઇએ. ગૃહસ્થાશ્રમી મટી કક્કુટાશ્રમી – પ્રજોત્પાદનમગ્ન બની રહેલા આપણા વિલાસી, સંયમવિહીન, જંગલી સમાજમાં ફરી પાછા અવતરવા માંડેલા બ્રહ્મચર્યના આપણા પ્રાચીન આદર્શને ઠાકોરે આપણા સમાજનું એક શુભ ચિહ્ન લેખવું જોઇએ કેમકે તેમણે પ્રાચીન બ્રહ્મચારીઓ ને બ્રહ્મચારિણીઓની બ્રહ્મચર્ય-પૂજાને પ્રશંસી છે.[૧૭] ને આપણી "નબળી દુબળી રોગી અલ્પાયુષી અને ખિન્ન, આળસુ નિરુત્સાહ કાયર અને માયકાંગલી, નિર્માલ્ય અને બાખાવિખી" તથા આયુષ્યના ત્રીજા સપ્તકમાં કુદરતી રીતે જ વિશાળ ભાવનાઓ અને જાતીય આવેગોથી ઘેરાઇ જવાનું બને ત્યારે લગ્ન પ્રેમપાત્ર પ્રણયિની આદિને જ સર્વસ્વ લેખનારી, સાહિત્યમાં મદનકથાઓની ભોગી બની જનારી, જરા બુદ્ધિશાળી ને ઉજળિયાત હશે તે સોળે સાન આવતાં કવિતાઓ ચીતરવા માંડનારી ને કવિતામાં વ્હાલીની લટને સમારનારી, કોઇ ટીખળી છોકરીથી છળી પડીને બાઇરોનિક વરાળોનાં ગૂંછળાં આલેખનારી ગુજરાતી પ્રજાને તેમણે કસરતી બનવાનું, શક્તિ કેળવવાનું, પૌરુષ કેળવવાનું, જીવનનાં વાસ્તવિક ધર્મકર્તવ્યો પિછાનવાનું ને બજાવવાનું કહેવાની સાથે સાથે બ્રહ્મચર્ય જમાવવાની પણ સલાહ આપી છે.[૧૮] આપણે આગળ નોંધ્યું છે કે ઠાકોરને વ્યાયામ પ્રવૃત્તિમાં અંગત રસ હતો, તેઓ પૂનામાં ભણતા હતા ત્યારે તેમણે અખાડામાં જવાનું રાખેલું; અને તેમણે એ વાતનો પણ સ્વીકાર કર્યો છે કે તેમની પત્નીનું વહેલું અવસાન થવાથી તેઓ પછીનાં વર્ષોમાં બ્રહ્મચર્ય

પાળી શક્યા હતા ; અને તેથી તેઓ લાંબું જીવી શક્યા હતા.[૧૯]

પરંતુ ઠાકોર આત્યંતિક બ્રહ્મચર્યના આગ્રહી નથી લાગતા ; પરંતુ તેઓ ગૃહસ્થાશ્રમમાં પ્રમાણસર પાળેલા સંયમવાળા બ્રહ્મચર્યને અગત્ય આપતા લાગે છે અને "સંક્રાંતિસમયમાં સ્ત્રીઓ" એ વ્યાખ્યાનમાં પણ તેમણે "મનુસ્મૃતિમાં ગૃહસ્થ પણ કેવા સંયમ પાળે તો બ્રહ્મચારી ગણાય એ પ્રકરણ"[૨૦]ને ઉલ્લેખ્યું છે. ઠાકોરના એવં વિધ વલણનો આ સિવાય પણ એક બીજો આધાર છે. "બ્રહ્મક્ષત્રિય" ત્રૈમાસિકના ઇ.સ. ૧૯૧૨ના જાન્યુઆરીના અંકમાં મણિલાલ અજીતરાયનું, લગ્ન અને બ્રહ્મચર્યનો વિષય છણતું એક વ્યાખ્યાન છપાયું હતું ; તેમાં તેમણે નીચેનું વિધાન કર્યું હતું :

"મોટી વયે પહોંચેલી કન્યાને કુંવારી રાખવામાં રાજ્યના અંધેરથી જ્યારે જોખમ ભરેલું હતું – ત્યારની રૂઢિ હવે અમૃતમય બ્રીટીશ છાયાની નીચે સર્વત્ર સુખ શાંતિ વર્તે છે ત્યારે આવશ્યક નથી, તો હવે કન્યાઓ ભલે નૈષ્ઠિક બ્રહ્મચારિણી રહેવાનું પસંદ કરે ! જે એ પસંદ કરે તેને એ છૂટની રૂઢિ થવી જોઇએ". ઠાકોરે એક પત્ર લખીને વ્યાખ્યાતાના ઉપર્યુક્ત મતનો વિરોધ કર્યો હતો.[૨૧]

એ પત્રમાં ઠાકોરે વર્ષોની ઝાંખી થયા કર્યા પછી નવાકાળમાં ફરી પાછી "બલવાન", "તેજસ્વી" અને "આકર્ષક" થતી આવેલી બ્રહ્મચર્યની ભાવનાને આવકારી તો છે પણ સાથે ઉમેર્યું છે કે "સંયમ, નિઃસ્વાર્થતા, વિષયવિમુખતા ; નિર્મળતા અને અમાનિતા ; બુધ્ધિશક્તિ અને ચારિત્ર્યશુધ્ધિનો અતિશય અને તેની સાથે સમષ્ટિસ્નેહનો ઉદ્રેક" એ ગુણો વિનાના માણસને બ્રહ્મચર્ય માટે અનધિકારી ઠેરવ્યા છે. એ ગુણો વિનાની વ્યક્તિઓને માટે લગ્નનો માર્ગ જ ઠાકોરે ઉચિત માન્યો છે ને ગૃહસ્થાશ્રમમાં માતાપિતા, પતિપત્ની તરીકેના કર્તવ્યપાલનમાં જ ઠાકોરે તેમનું પોતાનું ને સમાજનું ભલું જોયું છે.

સામાન્ય વ્યક્તિઓ માટે બ્રહ્મચર્યના માર્ગને તેમણે વિષમ લેખ્યો છે; બ્રહ્મચર્યનો માર્ગ તેમના તથા સમષ્ટિના અધઃપતનું કારણ બને છે અને ગૃહસ્થાશ્રમનો માર્ગ તેમને તથા સમષ્ટિને માટે ઉન્નતિકર, હિતકર બને છે એમ તેમણે સ્પષ્ટ જણાવ્યું છે. કારણકે અલગનદશા એટલે બ્રહ્મચર્ય એવું સમીકરણ સ્વીકારવા તેઓ તૈયાર નથી. ઉપર્યુક્ત પત્રમાં તેમણે મણિલાલ અજીતરાયની બ્રહ્મચર્યની ભાવનાને પણ વ્યક્તિસ્વાતંત્ર્યની નવતર દૃષ્ટિના પરિણામરૂપ લેખવી છે. વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવના સામે ઠાકોરને નાપસંદગી હોઇને તેમણે બ્રહ્મચર્યની ભાવનાના તદ્દુલ્ય વિશેષનો પણ નિષેધ કર્યો છે.

"ડોસો કુંવારો મર્યો જાણ્યો છે; ડોસી કુંવારી મરી જાણી નથી" એ કહેણીનો ગો. મા. ત્રિ.એ ઉલ્લેખ કર્યો છે. એ કહેણીનો અર્થ એ થયો કે પુરુષ આપણા સમાજમાં એક કરતાં વધારે વાર પરણવાનો હકદાર હતો તેમ તે (પોતાની મરજીથી યા સમાજમાંથી "ટળાઇ" જઇને) અપરિણીત રહી શકે તેવી સ્થિતિ પણ આપણા સમાજમાં હતી. પરંતુ સ્ત્રીને માટે અપરિણીત રહેવાની કલ્પના કરવી પણ અશક્ય હતી. સ્ત્રી જ્યાં સુધી આપણા સમાજમાં પુરુષોથી સ્વતંત્રપણે પોતાના પગ પર ઊભી રહી શકે તેવી સ્થિતિ નહોતી ત્યાં સુધી તેમની અમુક ઉંમર થયે અપરિણીત દશામાં રહેવું એ તેમને તથા તેમનાં કુટુંબીઓ માટે જોખમકારક હતું. પણ પછી કેળવણી અને જાહેરજીવનની સમાનતકોનો યુગ બેઠો અને સ્ત્રી પુરુષસમોવડી સમજદારીથી પોતાની જવાબદારીઓ પોતાની મેળે સમજી ને નિભાવી શકે તથા પોતાના ખતરાઓ સામે પોતાની મેળે પોતાને રક્ષી શકે તેવી હાલત આપણા સમાજમાં પેદા થઇ ત્યારથી સ્ત્રીઓ માટે લગ્ન પહેલાંની માફક અનિવાર્ય રહ્યું નહીં. સ્ત્રીઓએ આ પ્રમાણે હાંસલ કરેલી સ્વાધીનતાને ઠાકોરે વ્યક્તિસ્વાતંત્ર્યનો જ એક પ્રકાર ગણાવ્યો છે. જીવનના ઉદાત્ત આશયો, વિષયાસક્તિરહિતતા, ચારિત્ર્યશુદ્ધિને કારણે પેદા થતા

અંત:પ્રેરણાના પ્રબળ અનુરોધ વિના જે સ્ત્રીઓ કેવળ સુધારા, બંડખોરી કે પ્રગતિને નામે, કહેવાતી સ્વાધીનતાને છંદે ચડે છે તેઓ અપરિણીત રહી શકે કદાચ; પણ તેમ કરીને તેઓ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પણ પાળી શકશે જ એમ માનવું ભૂલભરેલું છે. અને જ્યારે તેઓ ઉમદા આશયોને જીવન સમર્પી ચૂકેલા સંતો કે સંતોની કોટિના મહાપુરુષોના અંત:અનુરોધેલા આત્મબળના અભાવે માનવસહજ નિર્બળતાએ વશ થઇને ન ભરવાનું પગલું ભરી બેસે છે ત્યારે તેઓ પોતાને તથા સમાજને માથે મહાભયંકર અનર્થ નોંતરી બેસે છે. એટલે જ ઠાકોરે બ્રહ્મચર્યપાલનની એક નહીં પણ બે દિશાઓ ચીંધી છે: ચારિત્ર્યશુધ્ધ, વિષયવિમુખ, સંયમી સમષ્ટિસ્નેહીઓની આત્યંતિક નૈષ્ઠિક બ્રહ્મચર્યપાલનની અને ગૃહસ્થાશ્રમને ભોગવતાં ભોગવતાં જરૂરી સંયમ પાળવાની સામાન્યજનો માટેની મનુએ નિર્દેશેલી બ્રહ્મચર્યપાલનની.

જ્ઞાતિમાં સુધારા અંગેનું ઠાકોરનું વલણ આપણે આ પહેલાં કંઇક જોયું છે. જ્ઞાતિગત સુધારા અંગેના વિચારો પ્રગટ કરતાં લખાણો પણ તેમણે લખ્યાં છે. આજે જ્ઞાતિનાં હિતાહિતની દૃષ્ટિએ વિચાર કરનારા માણસના માનસને ઘણા સંકુચિત માનસ કહે છે; પોતાની કોમની ભલાઇના વિચાર પરથી જેઓ પરકોમ તરફની ઘૃણા પર સરી પડે છે – પરકોમ તરફની સહિષ્ણુતાને ગેરવાજબી રીતે કટ્ટરપણે ખાઇ બેસે છે તેને કોમવાદી કહેવામાં આવે છે. આજનું માનસ સમાજેસમાજ, જ્ઞાતિજ્ઞાતિ વચ્ચેની દિવાલોને તોડી પાડી એક બૃહદ્ વર્ગવિહીન– જ્ઞાતિવિહીન સમાજરચના કરવા તરફ ઢળેલું છે. નાના સમૂહોના પૃથક્પૃથક્ વિકાસને બદલે તેઓ વિશાળ જનસમૂહના સામૂહિક યુગપત્ એકસરખા વિકાસમાં માને છે: તેઓ પોતાને જૂથવાદી, કોમવાદી, પ્રાંતવાદી નહીં પણ રાષ્ટ્રવાદી મનાવે છે;

એથી પણ વધારે ઉદાત્ત વિચારસરણીવાળો માણસ પોતાને રાષ્ટ્રવાદી મનાવવામાં હીણપત જોશે ; એ પોતાને વિશ્વવાદી મનાવશે.

ઠાકોર કોમવાદી હતા - પણ તે "કોમવાદ"ના આજના સંકુચિત ને હીણા અર્થમાં નહીં. "આદર્શ સુધારક"[૨૨] નામક વ્યાખ્યાનમાં તેમણે જણાવ્યું છે કે "આપણે સર્વ પોતપોતાની નાતમાં છીએ, નાતમાં રહેવા માગીએ છીએ, નાતની સાથે સાથે જ પ્રગતિ કરવા માંગીએ છીએ. પરંતુ તે સાથે બોધથી, લખાણથી, જૂના રિવાજને નવાં રૂપ આપીને અગર તદ્દન અટકાવીને, નવી સંસ્થાઓ સ્થાપીને, નાતની અંદર જ નહાનાં મોટાં મિત્રમંડળો રચીને, મનસા, વાચા, અને કર્મણા એવાં બીજ વાવવાં, એવા આચાર વિચાર ફેલાવવા, એવું વાતાવરણ પ્રસરાવવા માગીએ છીએ, અને ગૃહકેળવણી, તથા સ્ત્રી કેળવણીને એવી તો ખીલવવા અને સુધારવા માગીએ છીએ, કે જેથી આખી નાત સુધરતી આવે, નાત નાતનો સુધારો એકબીજાને માર્ગદર્શક અને પ્રોત્સાહક દૃષ્ટાંતરૂપ બને, અને રૂઢિતંત્રના દબાણથી આપણા જમાનાના જીવ વખત બેવખત જેટલા મુઝાઇ જાય છે, રુંધાઇ જાય છે, ગુગળાઇ જાય છે, કંતાઇ જાય છે, ભવયાત્રાના અર્ધમાં જ છતે શ્વાસે મુવા જેવા થઇ જાય છે, એવું એવું આપણાં વહાલાં સંતાનોને અને ભાવિ પ્રજાને તેટલાં પ્રમાણમાં તો હરગીજ શોષવું ન પડે".

અહીં ઠાકોરે સમાજને રૂંધતા જુનવાણી રૂઢિતંત્રને, રિવાજોને બદલવાની જરૂર જોઇ છે. અને અહીં તેમણે એક જ્ઞાતિ વેરઝેરથી બીજી જ્ઞાતિનાં મૂળાં કાપે એવી હલકટ જ્ઞાતિનિષ્ઠાનો બોધ નથી કર્યો ; એક જ્ઞાતિની પોતાના ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ બીજી જ્ઞાતિઓને પણ પોતાના ઉત્કર્ષની દિશામાં પ્રવૃત્ત બનવામાં પ્રોત્સાહક ને માર્ગદર્શક દૃષ્ટાંતરૂપ બની રહે તેવી જ્ઞાતિનિષ્ઠાની ભાવના વ્યક્ત

કરી છે. આમ, આગળ કહ્યું છે તેમ ઠાકોરની જ્ઞાતિનિષ્ઠ સુધારાની આ ભાવના તંદુરસ્ત છે અને સંકુચિત તથા ધિક્કારપૂર્ણ કોમવાદના સ્વરૂપની નથી.

જ્ઞાતિઓની અને અન્ય પ્રકારની વાડાબંધીને કારણે ઇતિહાસની પ્રલંબ રફતારમાં આપણી પ્રજાને વેઠવાં પડેલાં દુષ્પરિણામોથી આપણે આજે સભાન છીએ અને તેથી એવી અનિષ્ટ વાડાબંધીઓ વગરના એકરૂપ વિશાળ સમાજની રચનાની દિશામાં પગલાં ભરી રહેલા આપણા દેશમાં એક યા બીજી રીતે હવે ધીમે ધીમે જ્ઞાતિસંસ્થા શિથિલ બનતી જઇ રહી છે; આ જ વ્યાપાર આપણી પ્રજામાં જો ચાલુ રહ્યો, તો ઓછાંવત્તાં વર્ષોમાં એ સંસ્થા નિર્મૂલવત્ પણ બની રહેશે એમાં શંકા નથી. (અને ઠાકોરે મોડે મોડે "પચોતેરમે"-માંની તેમની આત્મકથાત્મક "મિતાક્ષર નોંધ"[२૭]માં; આ ભાવિના એંધાણને તેમનાં સંભવિત કારણોની નોંધ સહિત પારખી પણ લીધાં છે.) તો પછી આ નવી, વધુ ઉમદા ને હિતકર દિશામાં પોતાની ભાવનાને સાકાર કરવાને બદલે ઠાકોરે કેવળ જ્ઞાતિપરાયણ સુધારાની ભાવના શા માટે અપનાવી ? એને માટે કદાચ તેમના જમાનાનું વાતાવરણ જવાબદાર હોઇ શકે.

આજે આપણો દેશ સ્વતંત્ર છે અને તેમાં જવાબદાર લોકશાહી સરકાર સ્થપાયેલી છે. એટલે એ, દેશના આર્થિક વિકાસ તથા સ્વાતંત્ર્યની જેમ દેશના સામાજિક વિકાસ તથા સ્વાતંત્ર્ય માટે પણ વિચારી શકેછે; અને પોતાને મળેલી સત્તાઓ અને પધ્ધતિઓ વારા પ્રભાવક રીતે સમસ્ત પ્રજામાં એકસરખા ધોરણે પોતાને અભીષ્ટ લાગે તેવાં પગલાં સામાજિક વિકાસ અને સ્વાતંત્ર્યની દિશામાં ભરી શકે છે. સ્વાતંત્ર્ય પૂર્વેનાં વર્ષોમાં આવી કોઇ વ્યાપક અને પ્રભાવક – જેના નિર્ણયોને શુધ્ધબુધ્ધિભર્યાં પ્રમાણીને માથે ચઢાવીને, જેના અનુવર્તનમાં પ્રજાના તમામ વર્ગો સંગઠિતરૂપે ખડેપગે તૈયાર થઇ જાય એવી – સંસ્થા

કે વ્યવસ્થા આપણા દેશમાં નહોતી. અને તેથી પ્રજાસમસ્તને લક્ષમાં રાખીને સૌ વર્ગોને માટે એકસરખી કલ્યાણકારકતાએ તથા એકસરખાં ધોરણોએ એવા નિર્ણયો બાંધવાનું ને એ નિર્ણયોને સૌ વર્ગોની પાસે એકસરખાં ઉત્સાહ ને જવાબદારીથી પળાવવાનું ત્યારે શક્ય નહોતું. ત્યારે દરેક જ્ઞાતિને પોતાના આગેવાનો હતા અને એ આગેવાનોની જ્ઞાતિપંચ જેવી સંસ્થાઓ પરંપરાથી પ્રતિષ્ઠિત થયેલી હતી અને સમસ્ત જ્ઞાતિ એ પંચની આણમાં રહેતી. આથી જે તે જ્ઞાતિપંચમાં બેસનારાઓના નિર્ણયો તે તે જ્ઞાતિના માણસોને બંધનકર્તા રહેતા. પરંતુ એક જ્ઞાતિના આગેવાનો જે નક્કી કરે તે બીજી જ્ઞાતિના સભ્યોને બંધનકર્તા ન રહેતું. અને બધી જ્ઞાતિના બધા જ આગેવાનો એકસરખાં દૃષ્ટિબિંદુઓથી વિચારે તે પણ શક્ય નહોતું; કેમકે કોઇક જ્ઞાતિમાં આગેવાનો રૂઢિચુસ્ત હોય તો કોઇ જ્ઞાતિના માત્ર કોઇક જ આગેવાનો સુધારાવાદી હોય તો કોઇ જ્ઞાતિના આગેવાનો સુધારાતરફી હોય ખરા પણ સુધારો લાવવાની પહેલ કરવામાં હિંમતબાજ ન હોય. આથી બધી જ્ઞાતિઓની પ્રવૃત્તિઓ સુધારા અને રૂઢિના પાલનમાં ભિન્નભિન્ન માત્રાવાળી ને ભિન્નભિન્ન સ્વરૂપવાળી ને તેથી છિન્નવિચ્છિન્ન કે અન્-એકરૂપ બની જાય. જે જમાનામાં પ્રજાના તમામ વર્ગોને એક જ અવ્યવચ્છિન્ન માર્ગે દોરી ન શકાય તે જમાનામાં દરેક આગળ પડતી જ્ઞાતિ પોતાને યોગ્ય લાગે તે માર્ગે વળી શકે છે અને દરેક પછાત જ્ઞાતિ પોતાનાથી વધુ સુધરેલી જ્ઞાતિ-ઓમાંથી પોતાને જરૂરનાં લાગે તેવાં દિશાસૂચન લઇને આગળ વધે તે વધુ યોગ્ય ગણાય એ સમજી શકાય તેવું છે. જોકે આઝાદી મળી નહોતી ત્યારે અંગ્રેજ સરકારે આપણી સામાજિક નીતિરીતિઓમાં ફેરફાર લાવવાનો પ્રયત્ન કર્યાનો સતીપ્રથાનાબૂદી જેવો દાખલો છે; આઝાદી મળી છે ત્યારે આપણી સરકારે અસ્પૃશ્યતાનિવારણ, હરિજનમંદિરપ્રવેશ,

દારૂબંધી, એકસાથે એક કરતાં વધુ પત્ની કરવાનો નિષેધ, બાળ-લગ્નબંધી વગેરે પ્રકારનાં સામાજિક સુધારાનાં પગલાં ભર્યાં છે અને દહેજબંધીનું પગલું ભરવાનું પણ સરકાર વિચારી રહી છે. તો ખર્ચાળ જમણવારો બંધ કરવાનું સુધારક વલણ આજની સરકાર પ્રજા પર લાદતી નથી; એ વલણ અપનાવવાનું કામ, એ પગલાને વાજબી લેખતી જે તે જ્ઞાતિઓને પોતાની મેળે કરવાનું રહે છે. જોકે સરકાર ક્યારેક ક્યારેક મોટા વરાઓ પર પ્રતિબંધ મૂકે છે પણ તે સુધારાના પગલા તરીકે નહીં પણ અન્નકીય કટોકટીને કારણે. આનો અર્થ એ કે બ્રિટિશ સરકાર પણ ક્યારેક અત્યંત માનવતા વિહીન રિવાજને નાબૂદ કરવાનું સમાજસુધારાનું વલણ બજાવતી હતી; અત્યારની સરકાર વધારે બહોળા પ્રમાણમાં સમાજસુધારાનાં પગલાં ભરે છે અને છતાંયે – આજને તબક્કે પણ– કેટલીક જવાબદારીઓ ઉઠાવવાનું વલણ સરકારે નથી દાખવ્યું છતાં તે ઇષ્ટ હોવાને કારણે જ્ઞાતિઓને પોતાની મેળે એ જવાબદારીઓ અદા કરવાની દિશામાં પ્રયત્ન કરવાનો રહે છે.

ઉદ્દામ સુધારકોને પોતાની ભાવના સ્વીકાર્ય નહીં લાગે એ વાતથી ઠાકોર વાકેફ હતા. જ્ઞાતિસંસ્થાથી નિરપેક્ષ રીતે યા જ્ઞાતિસંસ્થાનું ઉન્મૂલન કરીને સર્વાશ્લેષી સર્વસામાન્ય સુધારાનો ઝંડો ફરકાવવા માગનારાઓને પણ ઠાકોર વ્યક્તિસ્વાતંત્ર્યવાદી અને તેમની ભાવનાને નિરંકુશ વ્યક્તિસ્વાતંત્ર્યવાદની નીપજ માને છે. ઠાકોર કાંતો પોતાને અણગમતી બાબતોને વ્યક્તિસ્વાતંત્ર્યવાદની નીપજ પ્રમાણિકપણે માનીને (તે બાબતોને) વગોવે છે યા કાં તો તેમને વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવના તરફ ઘૃણા છે અને તેથી કેટલીક અણગમતી બાબતોને એ ભાવનાનાં પરિણામો તરીકે તેઓ ખપાવી દે છે. બેમાંથી શું સાચું છે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ એક વાત સાચી છે કે તેમને વ્યક્તિસ્વાતંત્ર્યવાદ તરફ અણગમો છે અને બીજી કેટલીક

તેમને અણગમતી લાગતી બાબતોનો તેઓ એ વાદ સાથે સંબંધ બતાવે છે. જમાનાઓથી જામી પડેલા રૂઢિઓના બોજ તળે કચડાતા સમાજનો અને એ સમાજની વ્યક્તિઓનો છૂટકારો વ્યક્તિસ્વાતંત્ર્યની આત્યંતિક ભાવનાના અનુવર્તનમાં કોઇક જુએ એ ઠાકોરને તદ્દન સ્વાભાવિક લાગે છે ; તેમ છતાં ય "વ્યક્તિને માથે કુટુંબનો, કુટુંબને માથે જ્ઞાતિનો, અને જ્ઞાતિઓને માથે મહાજનનો એટલે ધર્મ અને સમાજનો કોઇ પણ તરેહનો કાયદો હોવો આવશ્યક છે" અને સમાજના એ કાયદાને કે નીતિગ્રહને રાજ્યસત્તા કાનૂનનું સ્વરૂપ આપીને પળાવે છે અને "તેની પ્રકટ અપ્રકટ મર્યાદાઓ દરેક વ્યક્તિને જાણ્યે અજાણ્યે મને કમને પાળવી પડે છે" એમ ઠાકોર માને છે. આ વાતને ઉદ્દામ સુધારકોમાંનો શાણો વર્ગ સમજે છે એમ જણાવીને ઠાકોર એમાંથી તારવે છે કે એમના ઉદ્‌ઘોષને કોઇ સનાતન સિદ્ધાંતના પ્રતિપાદન તરીકે લેખવાને બદલે જૂનાં રૂઢિબંધનોને ઢીલાં કરવાની, અમુક દિશાઓમાં નવા પ્રયોગ કરવાની જરૂરિયાત પર અભિનિવેશપૂર્વક ભાર મૂકવાની ક્રિયા તરીકે લેખવો જોઇએ. આટલું સમાધાનાત્મક વલણ દાખવીને ય ઠાકોર સ્વીકારે છે કે ઉદ્દામ સુધારકો ઉગ્ર જ્ઞાતિદ્વેષ્ટાઓ છે કેમકે જ્ઞાતિસંસ્થાને તેઓ શોષક, હાનિકર અને સંહાર્ય માનનારાઓ છે.

ઠાકોરના જ્ઞાતિ વિશેના સમગ્ર વલણને નીચેની કંડિકામાં જોઇ શકાય છે : "જ્ઞાતિવ્યવસ્થાનું હાલ ગુજરાતમાં પ્રવર્તતું રૂપ બેશક ઘણા ન્હાના ન્હાના એટલું જ નહીં પણ કેટલાક મોટા મૂલસ્પર્શી સુધારા યે માગી રહ્યું છે. પરંતુ એ સુધારા કરવા જતાં જ્ઞાતિતત્ત્વનો ઉચ્છેદ થાય અને સામાજિક અવ્યવસ્થા થઇ જાય, એમાં આપણે ઇષ્ટાપત્તિ નહીં પણ ભયંકર અનિષ્ટાપત્તિ જોનારા છીએ. ઉદ્દામ સુધારકોના બંડથી કોઇ નાત તૂટતી નથી, કોઇ નાત સુધરતી નથી, નાતોની સંખ્યા ઘટતી નથી, આપણી ન્હાની નાતોમાંની

કોઇ એકની પણ વસ્તીની સંખ્યા વધતી નથી, સામાજિક અજંપો અને ઘર્ષણ ઘટતાં નથી : પણ એવાં દરેક કૃત્યથી એથી ઉલટાં જ પરિણામ આવે છે, તે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. જ્ઞાતિસુધારો જેમ આપણું સૌથી મોટું અને વ્યાપક કર્તવ્ય છે તેમ તે સૌથી વધારે વિકટ પણ છે, એમ આપણે માનિયે છીયે. જ્ઞાતિસુધારો એ વસ્તુ બહારથી પરાણે પહેરાવવાના અલંકાર કે વસ્ત્ર જેવી, કે બહારથી પરાણે ગળાવાય એવો વાયુ કે પ્રવાહી, દવા કે ગોળી, એવું માદક કે સુગંધી દ્રવ્ય નથી. એ તો સ્ત્રીપુરુષોના સંસારવ્યવહારના ક્રિયા પ્રવાહમાં એની મેળે પ્રકટી રહેતો અમૂર્ત ગુણવત્ પદાર્થ છે, જે સ્ત્રીપુરુષોનાં કલ્પના, અનુભવ, અને વિચારનો જ્ઞાનસંભાર જેમ જેમ વધતો ઉચ્ચાશયી અને સુઘટિત થતો આવશે, તેમ તેમજ સિદ્ધ થતો જશે".[૨૪]

જ્ઞાતિગત સુધારા પર ધ્યાન કેંદ્રિત કરવાના વિચારો ઠાકોરને છેક એમના અભ્યાસકાળ દરમ્યાન મળ્યા હોવાનું જણાય છે. ૨૪-૧૧-૮૮ની એક ડાયરીનોંધમાં તેમણે સૂરજબુવાને ત્યાં શિવલક્ષ્મી (કોઇ ?) સાથે થયેલી તદ્વિષયક ચર્ચા વિષે નોંધતાં લખ્યું છે : " In social reform one can't one ought n't to attempt too much. One succeeds only in so far as one is able to take the caste, the most influential section of it, along with one. Thorough going reform is thorough impracticability. To act on principle is to fail and suffer and make others suffer into the bargain."

વર્ષો પહેલાં મુંબઇમાં ચાલતી "ગુજરાત ક્લબ" નામની એક સંસ્થાને ઉપક્રમે, એક વખતે, એ સભાના કોઇક શ્રી દીક્ષિત નામના સભાસદે આપેલા સુધારા વિષયક પ્રવચન પછી પોતે દર્શાવેલા વિચારોને નોંધતાં ઠાકોરે ૬-૭-૮૮ની એક ડાયરીનોંધમાં લખ્યું છે :

"Social reform was essentially the work of individuals and that after considering the general and theoretical portion of the subject thoroughly the prime duty of the social reformer was practically to deal with social evils by attending to particular evils of the society with which he is most in contanct always taking care to avoid friction......."

નાની ઉંમરે નક્કી કરેલી આ ભાવનાને ઠાકોર પછી પણ વળગી રહ્યા હતા. પરંતુ રાજકીય પક્ષોના ખટપટિયા ભાંજ-ઘડિયા કાર્યકરોના જેવી કે સામાજિક સેવાનાં કાર્યોમાં સક્રિયપણે જોડાયેલા કાર્યકરોના જેવી પ્રવૃત્તિઓ તેમણે કરી લાગતી નથી. ગો.મા. ત્રિ.એ જેમ નર્મદ, દુર્ગારામ જેવી સક્રિય સુધારાપ્રવૃત્તિ નહીં કરતાં લેખન મારફતે પ્રજાના દિગ્દર્શનની પ્રવૃત્તિ આદરી હતી તેમ ઠાકોરે પણ, પોતાના Academic careerને અનુરૂપ બહુધા લેખન-પ્રવૃત્તિ મારફતે જ પોતાના સુધારા વિષયક વિચારોને જાહેરમાં મૂક્યા હતા ; પોતાની જ્ઞાતિમાં એ રીતે જ પોતાના સુધારા વિષયક ઉચ્ચ-ગ્રાહોની અસર લાવવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. જોકે શરૂઆતમાં તેમણે રૂઢિભંજક કાર્યકરો જેવી સક્રિય પ્રવૃત્તિ કરવા તરફ વલણ બતાવેલું, પણ પાછળથી તેમની કાર્યપદ્ધતિ એ પ્રમાણેની રહી નહોતી. તેઓ તેમની જ્ઞાતિના સામયિક "બ્રહ્મક્ષત્રિય"માં અવારનવાર લખતા રહ્યા હતા. એ સામયિકના ત્રીજા વર્ષના આરંભે તેમણે તેમાં "એક ડગલું આગળ" નામક એક લેખ[૨૫] આપ્યો હતો. જ્ઞાતિના મુખપત્ર વડે જ્ઞાતિની સેવાના સિદ્ધ કરવા યોગ્ય આદર્શોનો નિર્દેશ કરતાં તેમાં તેમણે લખ્યું હતું : "નીતિ અને ધર્મના ઉચ્ચ આશયોનાં અર્થાત્ માણસોની ખરી ભાવનાઓ (Ideals)નાં બીજ નાતમાં યથામતિ વાવવાં ;

નાતની હાલની સ્થિતિ ખરેખર કેવી છે તે સ્પષ્ટ અને જરૂર પડે ત્યાં ટૂંકા શબ્દોમાં પણ જણાવી દેવી ;

તેમાં સુધારો કરવાના ખરા ઉપાય અનેકાનેક દૃષ્ટિબિંદુથી વિચારવા, ચર્ચવા અને આકર્ષક કરવા ;

નાતનો ઇતિહાસ શોધવો, વંશાવળીઓ, જુનાં ખતો, દસ્તાવેજો, દેશના- બીજી નાતોના- શહેરોના વગેરે ઇતિહાસોમાંથી આપણી નાતના ઇતિહાસ માટે મળી આવતી હકીકત, વગેરે જે મળી આવે તે પ્રસિધ્ધ કરવાં અને તેનું તારતમ્ય તપાસવું ;

નાતના જુના અને આજ સુધી ઉતરી આવેલા રીતિરિવાજ નોંધી લેવા અને તેમનાં રહસ્ય વિચારવાં ;

મનન કરવા લાયક, બોધક અને રસિક એવી સદ્દવસ્તુઓ નાતનાં સ્ત્રીપુરુષ આગળ નિરંતર મુક્યા કરવી કે તેમનામાંના, વિચાર બીજો, જુદાં જુદાં મગજો અને હ્રદયોમાં અધિકારાનુસાર જડ ઘાલે, ઉગે, ફળે, અને ચારિત્રની ઉન્નતિમાં અનેકધા વિજયી બને.

ટુંકામાં, પત્રને નાતની ખરી કેળવણીનું એક સારું સાધન બનાવવું".

ઠાકોરે "બ્રહ્મક્ષત્રિય"માં લખેલા જ્ઞાતિવિષયક લેખોમાં "નાતભાઇઓની એકબીજા તરફ ફરજો", "શ્રી હિંગુલાપુરાણ અને આપણી નાતની પ્રાચીનતા", "ભરૂચવાસી બ્રહ્મક્ષત્રિયોનું તા. ૩૦ નવેંબર ૧૯૦૭ને રોજ કરવામાં આવેલું વસ્તીપત્રક", "નાતનાં બંધારણ વિષે વિચાર" વગેરે નોંધપાત્ર છે. આ છેલ્લા લખાણે જ્ઞાતિજનોમાં સારો એવો ચર્ચારસ જગાડ્યો હતો ; જ્ઞાતિજનોએ એ લખાણ વિષેના પોતાના અભિપ્રાયો મોકલ્યા હતા અને ઠાકોરે એ અભિપ્રાયોના ઉત્તરો પણ વાળ્યા હતા. જ્ઞાતિમાં બહુમતિએ નિર્ણયો લેવાની ઠાકોરની લોકશાહી ભલામણને કોઇકે જમાનાથી આગળ કહેવાય તેવી- તેને માટે હજી તૈયાર નહીં થયેલી જ્ઞાતિમાં આંતરિક કલહ

પેદા કરનારી– કહી, કોઇકે ઠાકોરનાં, સમિતિઓ, સમિતિના હોદ્દેદારો, સમિતિ કે પંચની સભા મેળવવા માટે સ્થળસમયની નિયતતા વગેરે જેવાં રચનાત્મક સૂચનોને હસી કાઢ્યાં ;– લગ્ન અને જમણવાર માટે જ રચાયેલાં મંડળો જેવી જ્ઞાતિઓમાં એ બધાની શી જરૂર છે અને જરૂર પડે ત્યારે પણ જરૂરના હોય એટલા માણસો પણ ક્યાં ભેગા થાય છે એમ દલીલ કરીને. જ્ઞાતિમાં નિર્ણયો લેવા માટે કેવળ, જવાબદારીનો અનુભવ પામી ચૂકેલા માણસોને જ મતાધિકાર આપવો એ મતલબનું વિધાન કરીને ઠાકોરે ઉક્ત લેખમાં જણાવ્યું છે કે ઓછામાં ઓછું એક ફરજંદ હોય (તેવા માણસને અનુભવી કહી શકાય માટે) તેવા માણસને જ મતાધિકાર આપવો. ફરજંદ વગરનો માણસ પણ વિચારશક્તિ, વિવેકશક્તિવાળો હોઇ શકે છે ; એટલે ઠાકોરના એ વાહિયાત વિધાનનો પણ વિરોધ કરવામાં આવ્યો. ટૂંકમાં ; ઠાકોરનાં વિધાનો જ્ઞાતિજનોને વિવાદાસ્પદ લાગ્યાં હતાં ને તેથી જ્ઞાતિજનોમાં એણે ઠીકઠીક ચર્ચારસ જમાવ્યો હતો. "નાતભાઇઓની એકબીજા તરફ ફરજો"માં ઠાકોરે જ્ઞાતિબંધુઓની પારસ્પરિક વિવિધ ફરજો વિષે લખ્યું છે ને તેમાં એમણે જ્ઞાતિસંસ્થાની ઉત્પત્તિ વિષે એક ટૂંક પાદટીપ પણ મૂકી છે. હિંગુલાપુરાણ વિષેના લેખમાં તેમણે તેમની જ્ઞાતિનો સતર્ક અને સાધાર ઇતિહાસ શોધવાનો પ્રયત્ન કર્યો છે ; ઘણાં એમાં અનુમાનો છે ; કેટલાય પ્રશ્નો એમાં ઊભા થઇને અનુત્તર પણ રહી ગયેલા છે. બ્રહ્મક્ષત્રિયોના વસ્તીપત્રક વિષેના લેખમાં તેમણે સમાજશાસ્ત્રની શાળાના કોઇ સંશોધકની ઢબે એમની જ્ઞાતિના એક જથાના જુદાંજુદાં પાસાંઓની, જરૂર પડે ત્યાં આંકડા સહિત, માહિતી આપી છે અને એને આધારે એ જથાની પરિસ્થિતિની સમીક્ષા પણ કરી છે.

એકબીજાનો દાખલો લઇને બધી જ્ઞાતિઓ પોતપોતાનો અલગ-અલગ વિકાસ સાધે એમાંથી દેશસમસ્તનો વિકાસ થાય એવી ઠાકોરની

ભાવના હતી. ઇચ્છરામ નરભેરામે પોતાના ૨૦-૧-૧૯૧૦ના, ઠાકોર પરના પત્રમાં તેમની એ ભાવનાનો વિરોધ કરતાં કહ્યું હતું કે પાંચસોસાતસોની બનેલી બ્રહ્મક્ષત્રિય કોમમાંથી પથરાઓને વીર હીરા બનાવવાની દૃષ્ટિ ખોટી છે કેમકે એ રીતે હીરા ખોળતાં પથરા હાથમાં આવશે અને તે જેના હાથમાં આવશે તે નિર્ધન રહેશે. કોમની હિલચાલો દેશના કે મનુષ્યમાત્રના સામાન્ય હિતને ઉછેરવાને બદલે રિબાવવાનું જ કામ કરે છે. એ ટીકા સહિત ઇચ્છરામે સ્પષ્ટપણે ઠાકોરને જણાવ્યું હતું કે, "એ પાપનો જુમ્મો તમારા જેવા કોમહિતમાં ધ્યાન આપનારાને માથે છે". અર્થાત્, ઠાકોરની જ જ્ઞાતિમાં ઠાકોર કરતાં ભિન્ન અને વધુ વિશાળનવયુગીન ને પ્રગતિશીલ કહેવાય તેવી - દૃષ્ટિ ધરાવનારાઓ હતા અને તે ઠાકોરનો સ્પષ્ટ વિરોધ કરતાં ખચકાતા નહોતા.

"વિભાગીય વિકાસ દ્વારા સામુદાયિક વિકાસ"- એ ઠાકોરની વિકાસમીમાંસાનું મુખ્ય સૂત્ર લાગે છે. પ્રાંતિક કાર્યક્ષેત્રવાળી સંસ્થાઓને રાષ્ટ્રીય હિતની વિરોધી ને તેથી બંધ કરી નાખવા લાયક લેખનારાઓના દૃષ્ટિબિંદુને ખોટું ઠેરવીને ઠાકોરે "ગાંડી ગુજરાત"માં[૨૬] જણાવ્યું છે, "પ્રાંતિક સંસ્થાઓ પ્રાંતિકની સાથે સાથે સાર્વભૌમ હિત પણ સાધે છે; પ્રાંતોનું હિત તે પણ ખરું સાર્વભૌમ હિત છે, સાર્વભૌમ હિત તે પ્રાંતપ્રાંતના હિતોનો - સાર્વભૌમ બલ તે પ્રાંતપ્રાંતના બલોનો-સમુચ્ચય જ છે, કોઇ પણ પ્રાંત પ્રમાણમાં પાછળ કે નિર્બળ રહે એટલી સાર્વભૌમ પ્રગતિમાં એ ખામી આવે".

રાજકીય કાર્યકર્તા અને સામાજિક કાર્યકરનાં ક્ષેત્રો ઘણીવાર ઓછેવત્તે અંશે પરસ્પર સેળભેળ થઇ જાયછે. ગાંધીજી અને તેમના યુગના કાર્યકરોએ જેમ રાજકીય તખ્તા પર કામ કર્યું છે તેમ સામાજિક તખ્તા ઉપર પણ અગત્યનું કાર્ય કર્યું છે. આનું કારણ એટલું જ છે કે આપણે આપણા મનમાં જેમ દરેક વિષયને અલગઅલગ ખાનામાં છૂટો પાડીને મૂકી શકીએ છીએ તેમ જીવનમાં નથી બનતું ; જીવનના એક પાસા માટે યા માનવસમાજના એક સેવાક્ષેત્ર માટે કરેલું કાર્ય બીજાં પાસાં યા બીજાં ક્ષેત્રો પર સીધી કે આડકતરી અસર પહોંચાડે છે.

કિશોરવયમાં જ્યારે માનવનું મન ઉત્કટ ભાવનાપરાયણતા કે આદર્શમયતામાં નિમગ્ન બની ગયેલું હોયછે અને એ ઉંમરે જ્યારે તેને માનવસમાજની સેવામાં જીવન વ્યતીત કરવાની અદમ્ય આકાંક્ષા જાગેછે ત્યારે તેનું મન એકાધિક આદર્શો, સેવાક્ષેત્રોની વચ્ચે પસંદગીની બાબતમાં ઝોલાં ખાવા મંડી પડે છે. માણસને સેવાના કોઇ ક્ષેત્રે સક્રિયપણે ઝૂકાવવું ના હોય તો પણ કેટલાક આદર્શોમાંથી કોઇ એકને બીજા કરતાં વધુ અગ્રિમતાયોગ્ય ઠરાવવાનું તેને માટે મુશ્કેલ બની જાય છે ; એ આદર્શોમાંથી બધા જ તેને એક સરખો આંજી દઇ શકે છે.

ઠાકોર અભ્યાસ કરતા હતા ત્યારે તેમને સમાજસુધારણાના વિચારોએ જેમ આકર્ષ્યા હતા તેમ રાજકારણે પણ તેમને પોતાના ક્ષેત્રમાં રસ લેતા કર્યા હતા. ૬-૭-૮૮ની એક ડાયરીનોંધમાં તેમણે 'Political Life' તે કંઇ 'claptrap' કે 'hunt after hollow reputation' નથી એમ કહીને ઉમેર્યું છે કે સમાજસુધારક અને રાજકીય કાર્યકરમાં કોણ વધારે અગત્યનું તે નક્કી થઇ શકતું નથી, બેયનાં ધ્યેય ઉમદા છે, મહત્ત્વનાં છે. રાજકીય જીવન જીવવા માટે સ્વાતંત્ર્ય જોઇએ અને તે 'legal profession' દ્વારા વકીલાતનો વ્યવસાય ઉદ્દિષ્ટ લાગે છે. ઠાકોર એ વ્યવસાય તરફ વળે એમ નહોતું

કારણકે તેમના પિતાએ તેમને કાયદાના અભ્યાસ તરફ વાળ્યા હતા પરંતુ તેઓ એ અભ્યાસમાં પાર ઊતરી શક્યા ન હતા. છતાં, રાજકારણમાં અન્ય પ્રકારે રસ લેવાની શરૂઆત તેમણે તેમના કોલેજના અભ્યાસકાળથી કરી હતી તે વાત તેમની ડાયરીનોંધો પરથી જાણવા મળે છે. ઉપર્યુક્ત નોંધ પરથી જણાય છે કે તેમણે ત્યારે દાદાભાઇનાં ભાષણો અને કોંગ્રેસ અધિવેશનના હેવાલો વાંચીને તથા બીજી બાજુએ "તાલ્યારખાન જેવા રૂઢિચુસ્તો"નાં ભાષણો ઉપરથી હિંદના રાજ-કારણનો ખ્યાલ મેળવવા માંડ્યો હતો અને ત્યારે તેમણે અલાહાબાદમાં કોંગ્રેસમાં પત્રકાર તરીકે નહીંતો પ્રેક્ષક તરીકે પણ જવાનો મનોરથ ઘડ્યો હતો. ઠાકોરે પોતાના એક મિત્ર શ્રી પટવારીએ ઉક્ત અલાહાબાદ અધિવેશનમાં જવા માટે ઘડેલી યોજનાને "હાસ્યાસ્પદ" કહીને કોંગ્રેસની મહત્તા આગળ પોતાની અલ્પતાનો ૧૭-૭-૮૮ની એક ડાયરીનોંધમાં નમ્રભાવે સ્વીકાર કર્યો છે, ૨૫-૭-૮૮, ૨૮-૭-૮૮, ૧-૮-૮૮, ૨-૮-૮૮ વગેરે તારીખોની ડાયરીનોંધો પરથી જણાય છે કે ઠાકોર એ સમયે નેટિવ જનરલ લાયબ્રેરીમાં નિયમિતપણે જતા અને ત્યાં 'contemporary review'', 'Mind', Fortnightly Review' વગેરે સામયિકો વાંચતા. એ સામયિકોમાં તેમણે લોહીને ગરમ બનાવી દે તેવો Garibaldi વિષેનો લેખ, Nineteenth century અને English Thought on India વિષેના લેખો સહિત કોંગ્રેસ વિષેના લેખો અને પત્રો પણ વાંચ્યા હતા. Townsendનો હિંદુસ્તાન વિષેનો એક નિરાશાભરપૂર લેખ વાંચીને તેમણે તેની સામે પોતાના રાષ્ટ્રવાદી અને આશાવાદી પ્રત્યાઘાતો નોંધ્યા છે. આ સાથે તેમણે એક લેખકના 'can we hold our own' અને 'our true foreign policy' નામક લેખો પણ વાંચ્યા હતા. આમાંનો પહેલો લેખ બ્રિટનની ભારતને રક્ષી શકે એટલીયે લશ્કરી તાકાત

નથી એવું પ્રતિપાદન કરનારો ને તેથી ભારત વિષે ચિંતાની લાગણી જન્માવતો લેખ હતો.

ઠાકોરે ૧૦-૮-૮૮ની એક નોંધમાં નોંધ્યું છે કે જ્યારથી તેમણે આવું સાહિત્ય વાંચવા માંડ્યું ત્યારથી તેમને પહેલી વાર 'Balance of power', importance of navies and armies, natural debts, peace, war, diplomacy વગેરે વિષે મનમાં સ્પષ્ટતા થવા માંડી હતી. 'our true foreign Policy'નો લેખ વાંચીને ઠાકોરને તેના કેટલાક મુદ્દાઓનો જવાબ લખવાનું પણ મન થયું હતું. ઠાકોર ઇ.સ. ૧૮૯૦-૯૧માં જ્યારે આઇ.સી.એસ.ની પરીક્ષા માટે ગણિત અને વિજ્ઞાનના વિષયો પાકા કરવા સારુ મુંબઇ આવીને રહ્યા હતા ત્યારે તેમને મલબારી સાથે ઓળખાણ થયું હતું. ૨૨-૩-૯૦ની એક ડાયરીનોંધ પરથી જણાય છે કે ક્લબ (ગુજરાત ક્લબ ?) ના હિસાબની ખાધ પેટે તેમને ત્યારે પંદર રૂપિયા જોડવાના થયા હતા. આ અથવા આવું બીજું, પિતાને ન જણાવાય તેવું દેવું ભરપાઇ કરવા માટે તેમણે મલબારી દ્વારા ડેડ લેટર ઓફીસના હેડક્લાર્કના પુત્રનું રોજના એક કલાકનું બાવીસ દિવસ માટે ટ્યૂશન મેળવ્યું હતું. ઠાકોરે "પંચોતેરમે"-માં[27] નોંધ્યું છે કે ઇંડિયન સ્પેક્ટેટરમાં મદદનીશ તંત્રી તરીકેનું કામ આ વખતથી તેમણે શરૂ કર્યું હતું. "ટાઇમ્સ ઓફ ઇંડિયા" વગેરે દૈનિકોમાં પણ "ચલણી વિષયો પર અને નવી ચોપડીઓનાં અવલોકનો" લખીને તેઓ કમાણી કરતા હતા અને મુંબઇનો પોતાનો ખર્ચ તેઓ આ કમાણી તથા એલિસ સ્કોલરશીપ (૧૮૮૯ની સાલમાં પાસ કરેલી બી.એ.ની પરીક્ષામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ મેળેલી) વડે તેઓ કાઢતા હતા. ચલણી વિષયો ઉપર કલમ ચલાવવાની ઉક્ત વાતને જેટલો તેમની આર્થિક જરૂરિયાત સાથે સંબંધ જણાય છે તેટલો તેનો સંબંધ રાજકારણ તથા તેને લગતા સમકાલીન બનાવો વિષે તે અરસામાં ઠાકોરને પડવા માંડેલા રસ સાથે પણ જણાય છે. ઇ.સ. ૧૮૯૪-૯૫માં ઠાકોર જ્યારે પાછા મુંબઇમાં આવીને રહ્યા હતા

ત્યારે તેમણે "ઈંડિયન સ્પેક્ટેટર"ના મદદનીશ તંત્રી તરીકેનું કામ કર્યું હતું. એક મહિને સાપ્તાહિકના ચાર અંક તો બીજે મહિને પાંચ અંક નીકળે; દર અંકે ઠાકોર આઠથી બાર કોલમ લખતા; મહિને સરેરાશ ચાળીશ કોલમ જેટલું લખાણ આપતા અને તે પ્રમાણે પગાર મેળવતા હતા. તે ઉપરાંત "ટાઇમ્સ ઓફ ઇંડિયા" વગેરેમાંથી પણ દર મહિને પચાસ રૂપિયા જેવી રકમ મેળવતા. પોતે, પત્ની તથા નાની બે પુત્રીઓના બનેલા પોતાના પરિવારનો તેઓ એટલામાં ગુજારો ચલાવતા. યુનિવર્સિટીની ત્યારે લાયબ્રેરી નહોતી એટલે ઠાકોર એલ્ફિન્સ્ટન કોલેજની લાયબ્રેરી અને રોયલ એશિયાટીક સોસાયટીની લાયબ્રેરીમાં મનગમતા વિષયોનાં વિવિધ પુસ્તકોનું વાચન કરતા.

કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં ઠાકોરને પેદા થયેલી દિલચસ્પીની વાત આ પહેલાં આપણે નોંધી છે. ૨૫-૧૧-૮૮ની ડાયરીનોંધમાં તેમણે નોંધ્યું છે કે તેઓ કોંગ્રેસ માટે પ્રતિનિધિઓ ચૂંટવાની એક સામાન્ય સભામાં માત્ર પ્રેક્ષક તરીકે હાજર રહ્યા હતા અને એ સભા ફારસરૂપ બની ગઇ હતી કેમકે તેમાં ભાગ્યે દસ માણસો હાજર હતા. કોંગ્રેસ અને દેશના મહાન નેતા તરીકે પાછળનાં વર્ષોમાં આગળ આવેલા ગાંધીજી તે વખતે વિદ્યાર્થી અવસ્થામાં હતા. ગાંધીજી કરતાં ઠાકોર ઉંમરમાં થોડાક દિવસે નાના હતા પરંતુ કાઠિયાવાડ હાઇસ્કૂલમાં તેઓ ગાંધીજી કરતાં આગળ ભણતા હતા. વળી, ગાંધીજીના મોટાભાઇ કાલિદાસ ઠાકોરના સહાધ્યાયી હતા. અને તેથી ઉંમરે વડીલ એવા ગાંધીજી અન્યથા ઠાકોરને પોતાના વડીલ માનતા હતા તેવો દાવો ઠાકોરે ઇ.સ. ૧૯૪૩માં પ્રસિદ્ધ કરેલા "ગોપીહૃદય"ની પ્રસ્તાવનામાં[૨૮] કર્યો છે. ભાવનગર કોલેજમાં ગાંધીજી એક ટર્મ ભણ્યા હતા ત્યારે તેઓ ઠાકોરને ત્યારનાં અંગ્રેજી પાઠ્યપુસ્તકોમાંથી કંઇને કંઇ પૂછવા નિયમિતપણે આવતા કેમકે અંગ્રેજી શીખવનાર લેખે ત્યારે ઠાકોરની આબરૂ બંધાયેલી

હતી એવું વિધાન પણ તેમણે ઉક્ત દાવાના અનુસંધાનમાં કર્યું છે. ઠાકોરે ગાંધીજી સાથેના પોતાના સંબંધને મીઠો, જૂનો તથા જન્મારાભરનો તેમ જ તેમનાં વડીલોના પારસ્પરિક સ્નેહસંબંધોના વારસારૂપે ઊતરી આવેલો જણાવ્યો છે. બંનેના વડીલો રાજકોટમાં વર્ષો લગી રહેલા અને ખુદ તેઓ બંને એક જ શાળામાં એક જ શિક્ષકોના હાથ નીચે ભણેલા તે હકીકતને તેમણે તેમના વિધાનના સમર્થનમાં ટાંકી છે. દક્ષિણ આફ્રિકાથી દેશનેતા થઇને ગાંધીજી ભારતમાં પાછા ફર્યા તે પછી રાજપ્રકરણી દૃષ્ટિબિંદુઓમાં ઠાકોરે તેમની સાથે ઘણીવાર મતભેદ પ્રકટ કર્યો હતો છતાં તેમના સંબંધોની મીઠાશ કદી ઓસરી નહોતી એનું આનંદમાધુર્ય ઉલ્લેખતાં ઠાકોરે ઉક્ત પ્રસ્તાવનામાં ગાંધીજીને "તપસ્વી" ઉપરાંત "ભક્ત", "સનાતની હિંદુ" છતાં "સ્વતંત્ર ચિંતક", "ધર્મ અને ભક્તિ"ની "ફિલસૂફીમાં અખૂટ રસ ધરાવનાર" ઉપરાંત "મોટા પાયા ઉપર સક્રિય કર્મપુરુષાર્થી" કહીને નવાજ્યા છે અને એ અંજલિના મૂર્ત પ્રતીક તરીકે તેમણે "ગોપીહૃદય"નું અર્પણ પણ ગાંધીજીને જ કર્યું છે. "ભણકાર"ની ૫૧ની આવૃત્તિમાં[૨૯] પણ તેમણે ગાંધીજીનો મહિમા આંકતાં લખ્યું છે : "સત્યને વ્યવહારુ સગવડ કરતાં તો ક્યાંય ઉચ્ચ ગણવાનો સત્યાગ્રહ ભારતી સંસ્કૃતિના લાંબા ઇતિહાસમાં બે મહાપુરુષે નિરપવાદ સેવેલો જોવામાં આવે છે. એક તથાગત પુણ્યશ્લોક સિદ્ધાર્થ બુદ્ધ, બીજા મહાત્મા ગાંધીજી ... ... પોચટ અને વ્યવહારુ કૌશલને પ્રાધાન્ય આપતા ગુજરાતે સત્યને પોલાદી વફાદારીવાળો એક "વાણિયો" ય નીપજ્યો, તેનો બધો ય જસ જે તમોભૂમિએ એમના ચારિત્ર અને શીલ તપવી તપવીને પોલાદી કે વ્રજમય બનાવી દીધાં, તેને એટલે કે સદ્ગત સ્મટ્સના દક્ષિણ આફ્રિકાને ઘટે છે". આ અવતરણના ઉત્તરાંશને ઠાકોરે અપ્રિય હોય એવા સત્યને પણ સ્પષ્ટપણે ઉચ્ચારી દેવાની કઠોર સત્યપરસ્તીની અદાથી વ્યક્ત કર્યો છે. પરંતુ "સત્યના પ્રયોગો"ને વાંચનાર કોઇપણ અભ્યાસી કહી શકશે કે બાળપણમાં

હરિશ્ચંદ્રના નાટ્યપ્રયોગે ગાંધીજીના મન પર પાડેલા અને તેમની બુનિયાદે તેમનામાં દૃઢીભૂત કરેલા સંસ્કારોએ જ તેમને સત્યનિષ્ઠ બનાવ્યા હતા : દક્ષિણ આફ્રિકાનો સંગ્રામ એ સત્યનિષ્ઠાને વાવનારો નહોતો પણ પહેલેથી જ વવાઇ ચૂકેલી એ સત્યનિષ્ઠાને એની ઉજ્જ્વલતમ અને સફળ અભિવ્યક્તિ દ્વારા બહાર પાડવાની તક આપનાર સાધનરૂપ હતો.

આવાં જાહેર લખાણોમાં ગાંધીજી માટે માનવાચક વિશેષણો વાપરનાર અને તેમની સાથેના મતભેદને મોળી ભાષામાં રજૂ કરનાર ઠાકોરને, પોતે વિદ્યાર્થી હતા ત્યારે, વિદ્યાર્થી ગાંધીજી માટે બહુ માન નહોતું. જે અરસામાં ઠાકોરે પરદેશ જવાનું પહેલીવાર વિચાર્યું હતું તે અરસામાં ગાંધીજીના પરદેશગમનની પણ વ્યવસ્થા થઇ રહી હતી. આ બાબત વિષે પ્રત્યાઘાત પાડતી ઠાકોરની ૧૬-૮-૮૮ની એક ડાયરીનોંધમાં નીચેની મતલબનું લખાણ છે : "ગાંધી મુંબઇ યુનિવર્સિટી માટે પણ લાયક નહીં. વિલાયત જાયછે – તેય વિલાયત જવાની તીવ્ર ઇચ્છા છે માટે જ ! ગાંધી મારા કરતાં inferior , શક્તિ નહીં પણ પૈસા છે માટે જાય છે. આવી ઇચ્છા મને પણ એકવાર આવી હતી. મારા કરતાં એનામાં એક વસ્તુ વધારે – તે પોતાની સંભાળ લઇ શકે છે ; હું મારી સંભાળ નથી લઇ શકતો. એનાં વડીલો કેમ એની અપાત્રતાનો વિચાર નથી કરતાં ? ન્યાતિવાળાઓ એને ન્યાતિબહાર ન મૂકે માટે તેના વડીલો ખટખટ કરે છે. આવું કોઇ વચન ન્યાતિવાળાઓ નથી આપવાના, ને મોહનદાસ તો જવાના જ. મેં આ બધું મારા પિતાને લખ્યું છે. મારાં વડીલોએ મને ન મોકલ્યો તે ઠીક કર્યું. હું અહીં છું ને તે વિલાયત જાય છે માટે મને આવા વિચારો આવે છે એમ નથી ... ... ..." આ નોંધમાં ઠાકોરે ગાંધીજીના એક ગુણનો તો ઉલ્લેખ કર્યો છે પણ મુખ્યત્વે પોતાના કરતાં ગાંધીજીનું ઊતરતાપણું, અપાત્રત્વ, ક્ષુદ્રત્વ જ એમણે આ નોંધમાં દર્શાવ્યું છે.

અવતરણના છેલ્લા વાક્યમાં ગાંધીજી પ્રત્યેના તેજોદ્વેષના સ્પષ્ટ ઇન્કારમાં ઠાકોરે એનો સ્વીકાર જ કર્યાની ગંધ કોઇને આવે તોપણ નવાઇ નહીં. ઉપર્યુક્ત તારીખની બીજી એક ડાયરીનોંધમાં તેમણે અભ્યાસના કાર્યક્રમમાંથી વખત કાઢીને પણ ગાંધીજીને વળાવવા જવાનો નિર્ણય નોંધ્યો છે. આમ ઠાકોર ગાંધીજી તરફ ક્યારેક કેટલીક બાબતોમાં માનની તો ક્યારેક કેટલીક બાબતોમાં અણગમતી લાગણી દાખવતા ; અણગમતી લાગણી ક્યારેક શિષ્ટતાની મર્યાદામાં રહીને વ્યક્ત થતી તો ક્યારેક અતિ ઉગ્ર સ્વરૂપમાં પણ વ્યક્ત થતી અને એ અભિવ્યક્તિ ઘણુંખરું જાહેરમાં મોળી, તો ખાનગીમાં તીખી બની રહેતી.

ગાંધીજી (તથા તેમની રાજકીય પ્રવૃત્તિઓ) અને બ્રિટિશ સરકાર (તથા તેનાં વલણો) એ બેમાં ઠાકોરે હંમેશાં બીજા તરફ વધારે પસંદગી દર્શાવી છે. "પંચોતેરમે"માં[30] તેમણે કહ્યું છે કે કોંગ્રેસ પહેલાં ઉદારમતવાદી હતી અને પછી ટિળકને પગલે તે કંઇક ઉદ્દામ બની હતી. ગાંધીજીએ ગોખલે, દાદાભાઇના અનુયાયી તરીકે એટલે કે ઉદારમતવાદી તરીકે રાજકારણમાં પ્રવેશ કરેલો પણ પછી તેઓ ટિળકના ઉદ્દામવાદને પણ ટપી ગયેલા. જોકે તેઓ હંમેશાં કહેતા કે તેમનો દ્વેષ અંગ્રેજ પ્રજા સામે નહીં પણ અંગ્રેજ શાસન સામે છે. પરંતુ એ શાસનની ઝાટકણી કાઢવામાં તેમણે આપણા પ્રજામાનસને અંગ્રેજવિરોધી – Anglophobia વાળું તો બનાવી જ દીધું. હિંદ અને ઇંગ્લેંડ એ બંનેને લાભકર્તા હોય તેવું બ્રિટિશરોએ જે કંઇ કર્યું હોય તે તેમણે પોતાને લાભ થતો હોવાથી જ કર્યું હતુ અથવા તો હિંદને થતો લાભ કોઇ રીતે અટકાવી શકાય તેમ નહોતો તેટલો જ તેમણે થવા દીધો છે, એવું એમનું (ગાંધીજીનું) મંતવ્ય હતું. "ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા" નામક વ્યાખ્યાનમાં[31] પણ ઠાકોરે કહ્યું છે કે દાદાભાઇ નવરોજજી, મ.ગો. રાનડે, ફિરોજશાહ મહેતા, અંબાલાલ દેસાઇ, ગોપાળરાવ ગોખલે

વગેરે રાજપુરુષો દેશભક્તિ અને ઈંગ્રેજભક્તિને એકરૂપ ગણતા હતા પણ આશરે ૧૯૨૦ની સાલ પછીના ઊછરતા દેશભક્તો પોતાના બાપદાદાનાં દૃષ્ટિબિંદુઓ છોડીને અંગ્રેજદ્વેષીઓ બનતા ગયા. આ "ઉછરતા દેશભક્તોમાં" ગાંધીજીને ઠાકોર અગ્રચાર્યો ગણતા હતા. બીજા વિશ્વયુધ્ધ વખતે પોતાના ઘરઆંગણાના મહાપ્રશ્નોમાં અને કંઈક વિશાળ માનવતાવાદ, વિશ્વ-બંધુત્વની ભાવનામાં સંવેદનશીલ બનેલી ભારતીય અને ગુજરાતી પ્રજા એટલી સંવેદનશીલતા ઉક્ત વિશ્વયુધ્ધ માટે ફાળવી શકી નહીં તેનું દોષારોપણ પણ ઠાકોરે ૧-૧૨-૪૩ના દિવસે બબુભાઇ પુરાણીને લખેલા પત્રમાં "ગાંધીજી ટિળક આદિએ અનવરત પ્રચારે ચોતફ ફેલાવી દીધેલ 'Anglophobia' ઉપર કરી દીધું હતું.

ઠાકોરે "ગોપીહૃદય"ના નિવેદનમાં[32] લખ્યું છે કે ગાંધીજીના જેવી પ્રવૃત્તિને રશિયા, જર્મની, ઓસ્ટ્રિયા, ટર્કી, યુનાઇટેડ સ્ટેટ્સમાં ઊગતામાં જ દાબી દેવામાં આવે; ત્યારે ગાંધીજીની પ્રવૃત્તિઓને ચલાવી લેવામાં આવી તેમાં અંગ્રેજોનું જ આભિજાત્ય, અનન્ય ઔદાર્ય રહેલું છે; આમ ગાંધીજી રાજકારણને ક્ષેત્રે જે સ્થાન પામી શક્યા તેનો યશ ઠાકોરે અંગ્રેજપ્રજાના એ આભિજાત્ય અને ઔદાર્યને આપ્યો છે. "પંચોતેરમે"માં[33] પણ ઠાકોરે બ્રિટિશરોને "નિખાલસ સ્વતંત્ર વિચારણાના પ્રકાશન"ને પ્રિય ગણનારા અને રાજ્યતંત્રને ટકવવા માટે એવા "પ્રકાશન"ને આવશ્યક માનનારા કહ્યા છે. સ્વાતંત્ર્યની લડતમાં આપણી પ્રજાએ જે હાંસલ કર્યું તે એની તાકાતને નહીં પણ બ્રિટિશ પ્રજાની બીજાઓના મતને વાણી અને વર્તનમાં પ્રકાશિત થવા દેવાની ઉદારતાને આભારી છે એમ ઠાકોર માનતા હતા.

"મહાત્મા ગાંધીજીએ સમાધાન કેમ કર્યું" નામના લેખમાં[34] ઠાકોરે, ગાંધી- અર્વિન કરાર હેઠળ ગાંધીજીએ અસહકારની લડત પુષ્કળ સમજદારીપૂર્વક પાછી ખેંચી લીધી તે બદલ લગભગ અભિનંદ્યા છે ને તેમને "આપણા પરમ પૂજ્ય નેતા" કહીને નવાજ્યા છે. તેમ જ તેમની

અસહકારની ચળવળને "અહિંસક અસહકારના રામબાણ પ્રયોગ" તરીકે નવાજી છે. એ જ લેખમાં ઠાકોરે હિંદને ક્રમેક્રમે સ્વરાજ્યપ્રાપ્તિ સુધી લઇ જવાની ઇંગ્લેંડની શુભનિષ્ઠામાં વિશ્વાસ પ્રગટ કર્યો છે, વિશેષે એ બાબતમાં તેમણે બ્રિટનની કોન્ઝર્વેટિવ પાર્ટીમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. "પચોતેરમે"માં[35] તેમણે લખ્યું છે : "બ્રિટિશ સામ્રાજ્યમાં કેનેડા ઓસ્ટ્રેલિયાના જેવું "ડુમિનિયન સ્ટેટ્સ" એટલે કે સામ્રાજ્ય બિરાદરનું પદ હિંદને મળે તો તેમાં પૂરેપૂરી આઝાદી સમાઇ જાય છે. સામ્રાજ્યથી મુક્ત વિભક્ત થયેલ રાષ્ટ્રની સ્વતંત્રતા લેશ પણ વધારે છે નહીં, અને તે મેળવવા હિંદે મથવાની જરૂર પણ નથી ; ઇંગ્લાંદ પોતે એટલો ઉદાર છે કે જેમ કેનેડાને, જેમ ઓસ્ટ્રેલિયાને તેમ હિંદને પણ એ ડુમિનિયન સ્ટેટ્સના પદ ઉપર તે સ્વયમેવ અભિષિક્ત કરશેજ કરશે". ભારતમાં રાજકીય જાગૃતિ લાવવા બદલ વિશેષે સ્ત્રીવર્ગમાં જાગૃતિ લાવવા બદલ ઠાકોરે "જ્યુબિલી પ્રસંગે કોંગ્રેસને અંજલિ" નામક લેખમાં[36] પરતંત્ર પ્રજાની મોટી ખંડવ્યાપી રાજકીય સંસ્થા" કોંગ્રેસને અંજલિ આપી છે. પણ એ લેખમાં ય ઠાકોરે "સંગીન સજીવન રાજકીય જાગૃતિ અને પ્રવૃત્તિના ફેલાવ"નો યશ "યુરોપી સંપર્કને એટલે દુનિયા સાંકડી થતી જાય છે તેને અંગ્રેજી રાજ્યની સુવ્યવસ્થાને, વૈયક્તિક છૂટને પૂરતો અવકાશ આપવાની અને માનવી માત્રને સમાન ગણવાની અર્વાચીન નીતિને — ટૂંકામાં કાળબળ"ને આપ્યો છે.

આમ બહુધા, ઠાકોરે ગાંધીજી અને તેમના નેતૃત્વ હેઠળની કોંગ્રેસનાં વિચારવલણો, પ્રવૃત્તિઓનો સરિયામ વિરોધ કર્યો છે અને તમામ માન, વિશ્વાસ, યશના અધિકારી તેમણે બ્રિટિશરોને ગણ્યા છે. બ્રિટિશ શાસનના દીર્ઘ ઇતિહાસ દરમ્યાન અંગ્રેજોએ ભારતનો અનેક દિશામાં સંગીન વિકાસ સાધી આપ્યો છે તેવી ઠાકોરની દૃઢ માન્યતા હતી અને ભાવિમાં પણ ઇંગ્લેંડ ભારતના હિતમાં રહેશે

એવો તેમને વિશ્વાસ હતો. મધ્યકાલમાં મોગલોએ ગુજરાતમાં સ્થાપેલી વ્યવસ્થાને ઠાકોરે રાજકીય શાંતિની સ્થાપક, તેથી સાહિત્યાદિની પ્રગતિ માટે પ્રોત્સાહક, અને "અપૂર્વાનન્ય" કહી છે પરંતુ બ્રિટિશ શાસનથી સ્થપાયેલી વ્યવસ્થાને તેમણે એથીયે "વધારે" ઊંડાં મૂળ નાખતી વધારે ટકાઉ અને ઉદાર સુવ્યવસ્થા" કહી છે.[37] ઇ.સ. ૧૯૧૪માં પૂના ડેક્કન કોલેજના પ્રોફેસર થઇને તેમણે લખેલા અને તેમના દાવા મુજબ "હિંદ ઉપરાંત ઇંગ્લાંડ સામ્રાજ્ય, અમેરિકા, જર્મની અને જાપાનમાં જ્યાં જ્યાં બ્રિટિશ હિંદના ઇતિહાસ અને રાજ્યવહીવટ અને રાજ્યબંધારણ ઇંગ્લાંડ અને હિંદના સંબંધોનો ગંભીર ઐતિહાસિક અભ્યાસ થતો ત્યાં ત્યાં" "ઠીક ઠીક" ફેલાયેલા[38] 'Indian Administration to The Dawn of Responsible Government'માં પણ તેમણે "હિંદને ઇંગ્લાંડ સાથે સંસર્ગ અને સંબંધથી શા શા લાભ થયા છે, શા શા વિશેષ લાભ થવા સંભવ છે, એ બાબત ઉપર જ મુખ્યત્વે ભાર દીધો છે". ભોગીલાલ ગાંધીના કાવ્ય "મિલન આતુરાં"માં આવતી પંક્તિ "પડી પરવશે જ જ્યાં ભરતમાત શા મોહ રે !"ની ટીકા કરતાં તેમણે લખ્યું છે : "આ પંક્તિઓ અવાસ્તવ કલ્પિતકારુણ્યની પરાકાષ્ઠા જ. હિંદભૂમિની પરતંત્રતા અંગ્રેજે તો દાયકે દાયકે ઓછી ઓછી કરવાની નીતિ દૃઢતાથી પાળેલી છે અને ઉત્તરોત્તર વધતા વેગે એ જ નીતિ અમલમાં મુકાતી આવે છે". આ જ કાવ્યની ઠાકોરે બીજી પણ ટીકાઓ ત્યાં કરી છે. આલેખન માટે લીધેલા પ્રસંગનું નિરૂપણ કરવામાં કવિ કલાત્મકતા, આયોજના, છંદ, ભાષા, પ્રતિકલ્પો વગેરેની દૃષ્ટિએ સફળ થયા છે કે કેમ તેની સાહિત્યિક ચર્ચા કરવાને બદલે ઠાકોર કેવળ રાજકીય મતભેદના પાયા ઉપર તેના વસ્તુની તેમાં વ્યક્ત થયેલાં વિચાર-વલણોની ટીકામાં ઊતરી પડે છે.[39] "પ્રતિભાબીજની માવજત" નામના વ્યાખ્યાનમાં[40] પણ તેમણે ઉક્ત કાવ્ય તેમ જ ઉમાશંકર જોષી કૃત

"બળતાં પાણી"ની ટીકા સાહિત્યિક ધોરણે કરવાને બદલે સાહિત્યેતર મતમતાંતરની દૃષ્ટિએ કરી છે. રાજકીય મતભેદની ઉગ્રતા એક પીઢ વિવેચક જેવા માણસને પણ ઇષ્ટ ધોરણોએ કાવ્યચર્ચા કરતાં અટકાવી અસહિષ્ણુ રીતે અપ્રસ્તુત ચર્ચામાં કેવી રીતે ઉતારી દે છે તેનો એ દાખલો છે. "બળતાં પાણી"માં દેશભક્તિને ખાતર કુટુંબને છોડી જનાર દેશભક્ત યુવાનની અન્યોક્તિ આલેખાયેલી માનવામાં આવે છે. ઠાકોર દેશભક્તિના દૂરના કર્તવ્ય કરતાં કુટુંબીઓના સુખનું નિકટનું કર્તવ્ય ઘણું વધારે પસંદ કરે છે. દેશહિતને ખાતર ઓછા પગારે પોતાની સંસ્થામાં જોડાવા પ્રિન્સીપાલ રઘુનાથ પરાંજપેએ ઠાકોરને આમંત્રણ આપ્યું હતું પરંતુ વિદ્યાવ્યાસંગની બળવાન રુચિને કારણે પોતે એકવાર પ્રોફેસર તો થઇ ગયા પરંતુ પ્રોફેસર થઇને યે એટલો મોટો આર્થિક ભોગ આપી દીધો હતો કે હવે એથી વધારે ભોગ આપવાની તેમની જીગર નહોતી ચાલતી, એમ જણાવીને ઠાકોરે એ આમંત્રણને પાછું ઠેલ્યું હતું.[૪૧] નિવૃત્ત થયા પછી પણ ઠાકોરે કંઇક કાર્યપ્રવૃત્ત રહેવાની વૃત્તિને લીધે તો અધિકાંશે કુટુંબીઓને મદદગાર થવા માટે કંઇને કંઇ કામ મેળવવા પ્રયત્નો કર્યા હતા. તેમના પિતા કલ્યાણરાયને પણ પરાવલંબી રહેવાનું નહોતું ગમતું તેથી તેઓ પણ છેવટ લગી પોતાના પગ પર ઊભા રહેવા કાર્યપ્રવૃત્ત રહેવા માગતા હતા; અને તેઓ પણ કૌટુંબિક જવાબદારીઓને કર્તવ્યનિષ્ઠાથી માથે ચઢાવનારા હતા. કલ્યાણરાય ન. જોષીએ ઠાકોર આગળ 'Servant of India Society'માં જોડાવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી તે સંબંધે તેમનો અભિપ્રાય માગ્યો હતો. ઠાકોરે ૯-૧-૧૯ના દિવસે તેનો જવાબ આપતાં લખ્યું હતું: "જે કર્તવ્યો લોહીના અને બીજા સંબંધોને લીધે આપણે માથે આવેલા હોય, તેને અવગણીને દેશસેવાને કે બીજા કોઇ મોટે નામે નવાં કર્તવ્યમાં જોડાવું એમાં નથી દેશની ઉન્નતિ નથી આપણી આત્મોન્નતિ". ઠાકોરને સમાજસુધારણાનો પવન લાગ્યો હતો તે આપણે આ પહેલાં

જોયું છે. ઠાકોરની ઉપલા વિધાનમાં જે દૃષ્ટિ છે તે પરમાર્થી સમાજસેવક કે દેશસેવકની છે યા તો સ્વ-અર્થપરાયણ વ્યક્તિની છે તે સ્પષ્ટ કરવાની ભાગ્યે જરૂર હોય. અંગત જીવનના હેતુઓને જ ખાતર જીવનારાઓ અધમ હોય છે એમ કેહેવાનો આશય અહીં નથી ; પરહિતને નુકસાન પહોંચાડ્યા વિના સ્વહિત સાધનારાઓ પણ આજે તો ઉમદા ગણાય. પણ ઠાકોરે "બળતાં પાણી"ની જે ટીકા કરી તેની પાછળ તેમના પિતાની જીવનદૃષ્ટિનો પ્રકારાંતરે ઊતરી આવેલો વારસો કામ કરી ગયો હશે કે પછી ગાંધીજી અને તેમના અનુયાયીઓની પ્રવૃત્તિઓ સામેનો તેમનો રોષ કામ કરી ગયો હશે યા એ બન્ને એ મિશ્રરૂપે કામ કર્યું હશે કે બીજું શું હશે તે કહેવું મુશ્કેલ છે.

ક. ન. જોષી પર ૨૫-૯-૧૯ના દિવસે લખેલા પત્રમાં ઠાકોરે ગાંધીજી, અખંડાનંદ, પઢિયાર અને ન્હાનાલાલને "વિચિત્ર અર્ધદગ્ધ વ્યક્તિઓ" ગણ્યા છે ને "મહાત્મા ગણી તેમને નાયકની ખુરશીમાં પધરાવનાર" જમાનાને "અત્યંત અજ્ઞ અને બહુ બહુ ઠોકરો ખાવા જ સર્જેલો" કહ્યો છે ; છતાં ગાંધીજીના બે ગુણ પણ એમણે સ્વીકાર્યા છે : (૧) "હું તો હજી ચાક ઉપર લોંદો છું અને ઘડાતો જાઉં છું પૂરો ઘડાયો નથી" એવો ગાંધીજીનો સ્વીકાર ; (૨) એમનું ચારિત્ર્યબળ એમનો દ્વેષ અગર હિંસા માત્ર ઉપર વિજય આખી જનતા માટેનો એમનો જીવતો જાગતો જ્વલંત પ્રખર અસાધારણ સર્વથા પૂજ્ય બન્ધુભાવ ગાંધીજી જ્યાં લગી હયાત હશે ત્યાં લગી રાજપ્રકરણી શાંતિનો ભંગ થવા નહીં પામે, અને રાજકારણને ક્ષેત્રે કે જીવનના અન્ય કોઇ પ્રદેશમાં જે કંઇ પગલાં ભરવાનાં આવશે તે અહિંસામાર્ગે જ ભરાશે એવી પ્રતીતિ ઠાકોરે "ગુજરાતી ભાષા અને ગુજરાતી પ્રજા" નામક વ્યાખ્યાનમાં[૪૨] વ્યક્ત કરી છે. ઠાકોરને એ પણ પ્રતીતિ હતી કે અહિંસાનો માર્ગ એ ગાંધીજીને માટે કોઇ રાજકારણી - stunt નહોતો પણ

એ તો એમને માટે જીવનના તમામ પ્રદેશો પર એકસરખો છાઇ વળતો એક પ્રામાણિક અને હૃદયઉદ્ભવ્યો મહાસિધ્ધાંત હતો. અનુ. ક. વશી પરના તા. ૫-૧૧-૨૯ના પત્રમાં ઠાકોરે ગાંધીજીની અહિંસાને પ્રાણીમાત્ર ઉપરની પ્રીતિ તરીકે ઓળખાવીને ઉમેર્યું છે: "ધર્મવિચારણા માટે પણ ગાંધી ગીતા કે કોઇ પુસ્તકને "પ્રાધાન્ય" નથી અર્પતા. વિશુધ્ધ માનસની વિચારશક્તિને જ નિર્ણાયક ગણે છે ... યમ, નિયમ, તપ, અહિંસા, અસ્તેય, સત્ય, દયા આદિથી વિશુધ્ધ દૃઢ અનુભવી માનસ્ રચીને – સાત્વિક બની – ખરી માણસાઇ ઉગાડી અને કેળવીને પછી એવા માણસે मनःपूतं આચરણ કરવાં તેને જ તેઓ સદાચરણ લેખે છે".

ઠાકોરને પણ અહિંસાના સિધ્ધાંતનું આકર્ષણ હતું, માટે તો તેઓ બુધ્ધવિષયક કવિતા લખવા પ્રેરાયા હતા; પરંતુ ગાંધીજીના સિધ્ધાંતથી તેમની અહિંસા જુદા પ્રકારની હતી. હિંસકો સામેના શાંત પ્રતિકારમાં તો અહિંસકો માર્યા જાય પછી હિંસકો પાસે અહિંસા કોણ પળાવે ? એટલે હિંસકોને હિંસાથી જ મારી કે સીધા કરીને અહિંસાનું સામ્રાજ્ય પ્રવર્તાવવામાં ઠાકોર માનતા હતા. ભારત જૈન વિદ્યાલય, પૂનામાં મુનિ જિનવિજયજીના પ્રમુખપદે તા. ૧૪-૯-૨૪ ને રવિવારે અપાયેલા "અહિંસા" નામક પ્રવચનમાં ઠાકોરે સમજાવ્યું હતું કે આદિકાળમાં એક યા બીજા હેતુ માટે ખૂનામરકી, મારામારીનો આશ્રય લેતી ઘાતકી માનવજાત જેમ જેમ સંસ્કારી બનતી ગઇ તેમ તેમ તે યુધ્ધમાં પણ અમુક પ્રકારની નીતિને અનુસરતી બની અને એથી યે વધુ માનવતા અને સભ્યતાની ભાવનાઓ માનવજાતમાં પ્રતિષ્ઠા પામી ત્યારે માણસ વધુ ને વધુ અહિંસાપાલક તંત્ર સ્થાપતો ગયો. સરમુખત્યારશાહીમાં તો એક વ્યક્તિનીમરજીથી

સમગ્ર પ્રજા પર અયોગ્ય રીતે લશ્કરનો દોર ચાલી શકે પરંતુ લોકશાહીમાં લોકોના તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ હોય એટલે લશ્કરને પણ લોકમતની આણમાં વર્તવું પડે તેમ જ લોકશાહીતંત્ર લોકોના તમામ વર્ગો વચ્ચે મધ્યસ્થી બનેલું હોઇ પ્રજામાંનું એક જૂથ બીજા જૂથની હિંસા કરવા નીકળે તો લોકશાહી તંત્રની લવાદી પહેલા હિંસક જૂથને કાનૂનથી ઠારી-મારીને બીજા અહિંસક જૂથને રક્ષી શકે અને એ તંત્રની લવાદીને પ્રજાએ શિરોમાન્ય કરવી પડે આમ અહિંસાની પ્રવૃત્તિને કાનૂનથી જ વધુ દૃઢ બનાવી શકાય, એમ ઠાકોર માનતા હતા. જેમ એક દેશમાંના ભિન્ન ભિન્ન ધર્માસ્મિતા અને ભાષાસ્મિતા ધરાવતાં જૂથો વચ્ચેના સંઘર્ષને એ બધાં જૂથો વચ્ચે એક રાષ્ટ્રાસ્મિતાની ભાવના પ્રગટાવીને શમાવી શકાય છે, તેમ એક વિશ્વમાંના ભિન્ન ભિન્ન રાષ્ટ્રાસ્મિતા (વા પ્રજાસ્મિતો) ધરાવતા ભિન્ન ભિન્ન દેશો વચ્ચે એક માનવાસ્મિતાની ભાવના જગાવીને એ દેશો વચ્ચેના સંઘર્ષોને, યુદ્ધોને નિવારી શકાય. પણ એક દેશમાં જેમ તમામ ભાગો, જૂથો વચ્ચે એક કેંદ્રીય સત્તા હોય છે તેમ તમામ દેશો વચ્ચે પણ એક કેંદ્રીય સત્તા હોય તો જ તે તમામ દેશો વચ્ચે શાંતિ જાળવાવી શકાય. આવા હેતુ માટે સ્થપાયેલી, પરંતુ કેટલીક ખામીઓથી ભરેલી League of Nations સંસ્થાની વાત ઠાકોરે "અહિંસા" વ્યાખ્યાનમાં કરી છે અને તે તેમના અહિંસા, માનવતા, વિશ્વશાંતિ વગેરે વિષેના રસને અને મતવ્યોને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. તેમણે લખેલાં 'હિંસા- અહિંસા' કાવ્યમાં પણ એવા જ વિચારો પ્રતિબિંબાયેલા જોવા મળે છે.

લોકશાહીની ભાવનાની એક અંગરૂપ વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવનાને ઠાકોરે એક યા બીજા રૂપે વખોડી હતી તે આપણે આ પહેલાં જોયું છે. તો બીજી બાજુ આપણે એ પણ જોયું કે જ્ઞાતિસંસ્થામાં સુધારાનાં કાર્યો માટે તેમ જ દેશની રાજકીય વ્યવસ્થા માટે ઠાકોરે લોકશાહીની પધ્ધતિની તરફેણ કરી છે તો બીજી બાજુએ, ઉક્ત "અહિંસા" વ્યાખ્યાનમાં

જ તેમણે લોકશાહીનાં દૂષણો પણ ટાંક્યા છે. નિત્ય બદલાતા રહેતા કામમાં પેદા થતાં નવાં નવાં સંજોગો, જરૂરિયાતો પ્રમાણે નવા નવા કાયદાને ઘડવા– માનવા– પાળવાની સમજદારી ને જવાબદારી લોકશાહી તંત્રમાં સંભવી શકે છે, તો ઉલટપણે, કેટલાક એવા પણ સંશય આગળ ધરે છે કે ધર્મના સનાતન નીતિનિયમોની જેમ અપૌરુષેય, અપરિવર્તનક્ષમ કહેવાય તેવો કાનૂન ન હોય અને કાનૂનને જ્યારે ત્યારે ફેરવ ફેરવ કરવામાં આવતો હોય તો તેના પવિત્ર ગંભીર પાલનની શક્યતા કેટલી રહે ? પણ, નવાં મૂલ્યોની સૂઝ જેમ પ્રજામાં આવતી જાય તેમ તેમ ઉપલા સંશયની પોકળતા પણ પ્રતીત થતી જાય તેવી ધરપત ઠાકોરે ઉક્ત વ્યાખ્યાનમાં વ્યક્ત કરી છે. છતાં લોકશાહીની પદ્ધતિની ઉગ્ર ટીકા તેમણે "આપણી કવિતા સમૃદ્ધિ"ના પ્રવેશકમાં[43] કરી છે: "મંત્રદ્રષ્ટા કહે છે પ્રજાશાસન, સેનાપતિઓની નકલ કૃતિ પકડીને વટહુકમ છોડે છે – વંશપરંપરા ઉતરતી ખાસ પદવી માત્રનો બહિષ્કાર અને પરિણમે છે રાજવંશને ઠેકાણે ચૌદશિયા પ્રમુખોની હાર, ખાનદાની માનસના ધારા બાંધનારાઓ અને આગેવાનો અને પ્રતિનિધિઓને ઠેકાણે ચૌદશિયા અને કાયદાબાજ ચૌદશિયા, જિલ્લા શહેર અને ગામડાના કુલીન પેઢીદારોને ઠેકાણે પક્ષાપક્ષીના કીડા. સમગ્ર દેશહિતને ઠેકાણે કાવાદાવા અને લાંચલાલચથી ભેગી કરેલી ક્ષણિક બહુમતિ ક્ષણિક "કાયદા" અને કરવ્યવસ્થા ઉપજાવે છે, અને તે તુટ્યા જ કરે છે, દેશને લાભ કરતાં ગેરલાભ જ હાંસલ થયા કરે છે, શાન્તિ, સમૃદ્ધિ અને પ્રગતિની જગાએ આખી પ્રજામાં રાજકીય અને આર્થિક ઝઘડાઝઘડીનો જ્વર ફેલાઇ જાય છે." ઠાકોરને લોકશાહી પદ્ધતિ એના શુદ્ધ સંપૂર્ણ રૂપમાં માન્ય છે પરંતુ બેસમજદાર, બેજવાબદાર અપ્રામાણિકપણે પ્રવર્તતા માત્ર – "કહેલાં" કહેવાય તેવા લોકશાહી તંત્રનાં શાં દુષ્પરિણામો આવે છે તેનો સાચો ભય ઠાકોરે ઉપર રજૂ કર્યો છે. તેથી તેમણે ક. ન. જોષી પરના ૧૫–૮–૩૩ના પત્રમાં હિન્દને લોકશાહી માટે ગેરલાયક ઠરાવતાં

લખ્યું છે : "હું તો અકબર કે અશોક જેવાની Monarchy પણ એકંદરે હિતકર એમ કદાપિ માનતો નહોતો, હિન્દની પ્રજા હજી ડિમોક્રસીને માટે તૈયાર જ નથી એ પણ મ્હારી દૃઢ પ્રતીતિ છે, એટલે ત્રીજું ધોરણ તો Bureaucracy : ફ્રેડરિક ધિ ગ્રેટે પ્રશિયામાં ઉભી કરી હતી એવી – જાપાનમાં સમુરાઇ સ્પિરિટ પ્રવર્તે છે ત્યાં લગી ચાલ્યા કરશે એવી, નિઃસ્વાર્થી માનવતાને પૂજનારી પોતાના હાથમાંની સત્તાવગ અને તીજોરીને ન્યાસ ગણીને પ્રજાહિત, પ્રજાભ્યુન્નતિ માટે વાપરતી Bureaucracy માં જ મ્હને થોડીઘણી શ્રધ્ધા છે". પણ જેવા ભય લોકશાહીમાં છે તેવા બ્યુરિયોક્રસીમાં પણ છે. પ્રજામાંથી ચુંટાયેલા ને પ્રજામતના દબાણવાળા પ્રતિનિધિઓ પણ સત્તાનો એકહથ્થુ, સ્વાર્થી ઉપયોગ લોકશાહીમાં કરી બેસે છે તો બ્યુરિયોક્રસીના તંત્રવાહકો પણ એવું ન કરી બેસે એની શી ખાત્રી ?

હિંદની સ્વાતંત્ર્ય ચળવળના ઇતિહાસમાં મુસ્લિમોએ ભજવેલા વિઘાતક ભાગ તરફ ઠાકોરે વખતોવખત બેદિલી બતાવી છે. છેક ૧૭-૮-૮૮ની એક ડાયરીનોંધમાં ઠાકોરે લખ્યું છે : "I don't undertand the mahomedan opposition to the congress, must look what Sir Saiyad Ahmed says"
"ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા" વ્યાખ્યાનમાં[૪૪] તેઓ કહે છે : "૧-૭-૪૭ નોઆખલી, ત્રિપુરા અને કલકત્તામાં મુસ્લિમ ગુંડાઓનાં રમખાણોથી જે રક્તપાત શરૂ થયો છે, જે વધતો જાય છે, તેને માટે ઇતિહાસ "મુસ્લિમ લીગી ચળવળ"ને જ જવાબદાર ગણશે નિઃસંશય, જીવલેણ ઘાથી ઉગરવા સ્વસંરક્ષણાર્થે જેને સામા ઘા કરવા પ્રાપ્ત થાય છે, તેને માથે એ રક્તપાતની જવાબદારી નથી જ." બ્રિટિશરોએ ધારાસભા માટે કોમવાર પ્રતિનિધિઓની સંખ્યા નક્કી કરી અને તે પ્રતિનિધિઓ એ કયે પ્રકારે ધારાસભામાં સ્થાન મેળવવું તેની પધ્ધતિ

નક્કી કરી તે વિષે પોતાના પ્રત્યાઘાતો આપતાં ઠાકોરે અબુભાઇ પુરાણી પરના તા. ૨૬–૯–૩૨ના પત્રમાં એ બ્રિટિશ પગલા સામે હિંદુ અને સીખોએ એક થવા ઉપર અને અંગ્રેજ એંગ્લોઇન્ડિયનો ઉપર પોતાની ન્યાયવૃત્તિનો પ્રભાવ પાડવા ઉપર ભાર મૂકીને ગાંધીજીના તદ્વિષયક પગલા વિષે ટીકા કરતાં લખ્યું છે : "આને તે મહાત્માજીની સેવા કહેવાય કે એને મહાત્માજીએ દેશહિતના કપાળમાં જ મારેલો મહામોટો ઘણનો ઘા કહેવાય વારુ ? મુસ્લિમો આખા દેશમાં એક છેડાથી બીજા છેડા લગી ચકિત અને મોહિત મૌન પાળે છે એમને કશું જ કરવાપણું રહેતું નથી. હિન્દુઓ પોતે જાત ઉપર એવો તો ફટકો લગાવી રહ્યા છે કે એવું અહોભાગ્ય પ્રાપ્ત થશે એમ મુસ્લિમોએ સ્વપ્નમાં પણ કલ્પેલું નહીં હોય. ... I never trusted the મહાત્મા to lead us well in politics. But in my moments of greatest dustrust I had never imagined that this mediaevalist would be capable if injuring the cause of our country to this extent! "

ક. ન. જોષી પર ૧૭–૯–૩૨ના દિવસે લખેલા પત્રમાં પણ ઠાકોર એવી જ વાત ઉચ્ચારે છે. : " It is not only that we Hindus can only elevate to the position of chosen Leader without a second, such mediaeval absurdities as my friend M.K.G. some of our most essential institutions are mediaeval and hinder us to the utmost man struggle to achieve Modern Civilization".

તા. ૧૭–૪–૩૦ના, અબુભાઇ પુરાણી પરના પત્રમાં ઠાકોરે ગાંધીજીની કૂચને ફૂલણજી અને નબળા ગુજરાતીઓનાં ફૂલણજીપણા અને નબળાઇઓને પોષનારી – પ્રદર્શનારી કહી છે ; અને ગુજરાતને જે સંયમ, મૌન, ચિંતનની આદત, દીર્ઘદૃષ્ટિની ખિલવણીની જરૂર છે, એમાંનું કંઇયે ગાંધીજી પોષતા નથી એવો આક્ષેપ કર્યો છે. અને એના થોડાક જ વખત પહેલાં અકાલીઓએ પોતાના પવિત્ર ધાર્મિક ઉમદા હેતુઓ માટે જે સત્યાગ્રહ કરેલો, દુઃખ વેઠેલાં અને પ્રયાણો કરેલાં તેની આગળ

"મોહનભાઇની સરદારી હેઠળ ગુજરાતી કિશોરોની ક્રુચ"ને ઠાકોરે "દુનિયાને ઉપહસનીય લાગે તેવી" ઠેરવી છે. ર.મ.રા. પરના તા.૭-૧૧-૩૪ના પત્રમાં તેમણે કોલેજના વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર ઊતરતી આવડતવાળા ને વ્યગ્ર માનસવાળા બનતા જતા કહ્યા છે અને અનેક મહામોટાં નુકસાનો સાથે એવાં અસંખ્ય નાનાં નાનાં નુકસાનો માટે "મહાત્માજી"ને જવાબદાર ઠેરવ્યા છે. બ્યુ.ક.વશી પરના ૧૦-૯-૩૩ના પત્રમાં તેમણે ગાંધીયુગના છાપાંઓ પર રોષ બતાવ્યો છે. બબુભાઇ પુરાણી પરના તા.૨૮-૩-૩૦ અને ૨૩-૪-૩૦-ના પત્રોમાં તેમણે ગાંધીપ્રવૃત્તિમાં જોડાનારાઓને અનુક્રમે "ગાંધી નામના ધૂમકેતુની પૂછડીએ વળગનારાઓ" અને "ગાંધીયજ્ઞમાં હોમાનારાં પતંગીયાંઓ" કહ્યા છે. પુરાણી પર લખેલા તા.૨-૮-૩૦-ના પત્રમાં તેમણે જવાહરલાલ પ્રત્યે અણગમો દર્શાવ્યો છે અને ૨૨-૪-૪૨ના પત્રમાં "કોંગ્રેસી રાજનીતિના દેવાળા" ઉપર પ્રહાર કર્યો છે.

ક.ન.જોષી પર તા.૨૩-૪-૩૦ના દિવસે લખેલા પત્રમાં ઠાકોરે બ્રિટિશપ્રજાનાં વિશ્વપ્રભાવક અને ઇતિહાસવિધાયક વ્યક્તિત્વ અને શક્તિની સ્તુતિ ગાઇને, ગાંધીજી પર કટાક્ષપ્રહાર કરીને ઝૂલ પણ વેર્યાં છે: "ગાંધી જેવા કૈંક જોન બુલે પચાવ્યા છે. ગાંધીને હવે એક જ વાત રહી: જૈન મહાત્માઓની જેમ અનશનથી દેહને પંચ-મહાભૂતને સોંપી દેવાની અને તોપણ, તેથી ગાંધી હાર્યા એમ તો હું પણ નહી કહું ... ... ગાંધીએ સાચા સ્વરાજ્યને હિંદ જેવા દેશ માટે પણ લભ્ય બનાવ્યું બેશક: જોકે, એ પોતે હારી જઇને".

આમ, ઠાકોરે ગાંધીજીનાં અહિંસાદિ મૂલ્યોની પ્રતિષ્ઠાવાળી નૈતિક ચારિત્ર્યમત્તાના પાસાને હમેશાં માન આપ્યું છે પરંતુ રાજકીય તખ્તા પરનાં તેમનાં ને તેમના અનુયાયીઓનાં કર્મોને તેમણે વખતોવખત સ્તુતિનિંદાનાં વિવિધ વલણોથી નવાજ્યાં છે; બ્રિટિશરો પ્રત્યેના

તેમના અતિમાને તેમને આપણી રાજકીય વિભૂતિઓની નિંદા કરવા પ્રેર્યા છે. તેમ છતાં, છેવટનાં વર્ષોમાં તેમણે ગાંધીજી અને જવાહરને કવિતામાં અપાર માનાંજલિ પણ આપી છે તે "ગાંધીજીની પાકિસ્તાને ચઢાઇ", "ગાંધીજીની શહીદી" (એ શીર્ષક નીચેનાં ત્રણે સૉનેટો), "ભક્તોને હાથે મહાપુરુષોનાં ખુન", "શ્રી જવાહરલાલ નહેરૂને અમેરિકાની અંજલિ", "શ્રી જવાહરલાલ નહેરૂને દુનિયાની અંજલિ" વગેરે કાવ્યો જોતાં સ્પષ્ટ થયા વિના રહેશે નહીં.

પોતે ઘણીવાર નિંદાપાત્ર ઠરાવેલા ગાંધીજીને ઠાકોરે ક્યારેક ક્યારેક પ્રશંસ્યા પણ છે; તો પોતે ઘણું કરીને પ્રશંસાપાત્ર ગણેલા બ્રિટનને તેમણે ક્યારેક વખોડ્યું પણ છે,[૪૫] એવો દાવો ઠાકોરે "પંચોતેરમે"માં કર્યો છે. સરકારના પગારદાર નોકર હોવા છતાં પોતે તેનાથી બિલકુલ દબાયેલા નહીં એવી પોતાની બહાદુરી તેમણે વ્યક્ત કરી છે. પણ એ બહાદુરીનો યશ પણ તેમણે સ્વતંત્ર વિચારણાના પ્રકાશનને પ્રિય ને આવકાર-પાત્ર ગણનારા અંગ્રેજોના ઔદાર્યને જ આપી દીધો છે.

"સત્તાસમસ્તના એકહથ્થુ ભોક્તા" બનેલા અને "માનવતા-સાહિત્યના ઘોર અન્યાયી અવગુણવાળા સમાજતંત્રને ઉપજાવનારા" મૂડીવાદને કચડી નાખવા સૌપ્રથમ વર્ગવિગ્રહાનલ ચેતાવવાની ઘોષણા લલકારનાર કાર્લ માર્ક્સે પોતાની જે નવી વિચારસરણી ઉદ્ભાવી તેનો યશ પણ ઠાકોરે "બ્રિટિશ વિચારસ્વાતંત્ર્ય"ને, "બ્રિટિશ મ્યૂઝિયમમાં"ના વ્યવસ્થિત (વ્યવસ્થિત) ગ્રંથસાગર"ને અને "એક બે બ્રિટિશ ધનાઢ્યોના ઔદાર્ય"ને આપ્યો છે.[૪૬] "જર્મનીમાં ઓગણીસમી સદીમાં નોર્ડિક અને યાહૂદી લોહીના સંમિશ્રણે" પેદા થયેલા કાર્લ માર્ક્સને તેમણે કટાક્ષમાં "અર્વાચીન ઋષિ" અને તિરસ્કારમાં "ગંદી દાઢીવાળો, ગોબરો, સામાન્ય વ્યવહારમાં નીચ ભિક્ષુક જેવો માણસ" કહ્યો છે. પ્રવર્તમાન સમાજ, રાજ્યધારણો અને ધર્મ સુધ્ધાંને જરૂર પડ્યે હિંસા કરીને ય ઉચ્છેદવાની દ્વેષ, વૈરાગ્નિ

ફૂંકનારી સામ્યવાદી નીતિ તરફ તેમણે ઉગ્ર નફરત બતાવી છે તેમ જ એવા દ્વેષ, વૈરાગ્નિ ફૂંકનારા વાઙ્મયને – એ સાહિત્યદૃષ્ટિએ ઉત્તમ હોય તથાપિ, અધમાધમ અને ઉત્ક્રાંતિરોધક કહ્યું છે : એને બદલે તેમણે મહાન વિક્રમો સ્થાપતા અને મહાન સાહસો ખેડતા બૌદ્ધિક તેમ જ શારીરિક શ્રમની– એ પ્રકારનાં "મજૂરજીવન અને મજૂરી"ની–દ્વેષરહિત પ્રેમોલ્લસિત" કૃતિઓની માગણી કરી છે. આમાં સ્પષ્ટ થાય છે કે ઠાકોર મજૂરીનું – ખાસ તો સ્વેચ્છાપ્રેરિત આહ્લાદજનક મજૂરીનું જીવનોલ્લાસસાધક તત્ત્વ તરીકે – ગૌરવ કરે છે અને તેમણે હાડ તોડી નાખતી કાળી મજૂરીને ફિટકારી પણ છે, પરંતુ મજૂરવર્ગની સર્વાંગીણ દશા સુધારવા સારુ મજૂરવર્ગની સર્વો-પરિતાવાળું સમાજતંત્ર સ્થાપવા હિંસક, ઝેરીલી, ધિક્કારપૂર્ણ લડતને ઉપાડવાનું તેમને નાપસંદ છે.

સામ્યવાદ અને તેના પ્રણેતા વિષેના ઉપર્યુક્ત વિચારોમાં આંતરિક સુસંગતિ છે અને એમાંનો છેલ્લો અંશ છેક ૧૯૪૧માં[૪૭] ઠાકોરે રજૂ કર્યો હતો. પરંતુ ૧૯૪૨માં સુંદરમ્ અને અંબુભાઇ પુરાણી પર અલગ અલગ લખાયેલા બે પત્રો (અનુક્રમે તા. ૧૫-૧૨-૪૨ અને ૧૪-૧૨-૪૨-ના)માં તેઓ સોવિયેટ સામ્યવાદી શાસનથી અત્યંત પ્રભાવિત થઇ ગયેલા લાગે છે. હજારો વર્ષોથી સમાજવ્યવસ્થા માટે આવશ્યક મનાયેલ જમીનદારી, મૂડીદારી, રાજાશાહી, અસમ વર્ગવ્યવસ્થા કે જ્ઞાતિવ્યવસ્થા, પ્રણાલીગત લગ્નસંસ્થા, પ્રણાલીગત કુટુંબસંસ્થા વગેરેને પ્રબળ ધક્કો મારીને સ્ત્રીપુરુષોની અને માણસ માણસની રાજકીય આર્થિક અને સામાજિક સમાનતાના પાયા પર નવવ્યવસ્થિત થયેલા સોવિયેટ રશિયાએ બીજા વિશ્વયુદ્ધમાં જર્મન લશ્કરના ભુક્કા બોલાવ્યા તેનું શ્રેય ઠાકોર રશિયાના તત્કાલીન બંધારણને આપે છે. એ બંધારણે જ એ પ્રજામાં પાંચમી કતારિયાઓને નહીંવત્ કરી નાખ્યા ને દેશ માટે સર્વસ્વસમર્પણની ભાવનાના પાલનને એ પ્રજામાં સુગમ બનાવ્યું એમ ઠાકોર

માને છે. તેમણે સુંદરમ્ પરના પત્રમાં ભાખ્યું હતું: "સમગ્ર લેતાં Soviet Organization આ વિશ્વયુધ્ધને પરિણામે માનવજાતિના વધારે ભાગમાં ફેલાશે જ એમ જોઉં છું અને એ લાભ ન્હાનોસૂનો નહીં થાય એમ માનું છું."

વિશ્વયુધ્ધનાં કાવ્યો પૈકીના "યુરોપ: ૧૯૩૯"માં ઠાકોરે હિટલર અને સ્ટાલિનને-નાઝી જર્મની અને કોમ્યુનિસ્ટ રશિયાને - લાઓકુનના શિલ્પમાંના પિતાપુત્રપૌત્રની જેમ યુરોપનો ભરડો લેનારા વ્યાલ સાથે સરખાવ્યા છે; તો "સ્ટેલિનગ્રાડ : સપ્ટેમ્બર,અક્ટોબર ૧૯૪૨"માં તેમણે હિટલરગર્વમર્દક સ્ટેલિનગ્રાડની પ્રશસ્તિ ગાઇ છે. વિશ્વયુધ્ધનાં કાવ્યોમાં પણ ઠાકોરે બ્રિટન ફ્રાંન્સના પક્ષને "સત્ય"નો ને નાઝીઓના પક્ષને "બળ"નો પક્ષ કહ્યો છે; સ્વાભાવિક રીતે જ ઠાકોરે "સત્ય"ના ને "આઝાદી"ના પક્ષનો વિજય ઇચ્છ્યો હતો. યુધ્ધકાવ્યો વાંચતાં ઠાકોરનાં વિશ્વયુધ્ધકાલીન અમેરિકા, રશિયા, બ્રિટન, જર્મની, ચીન વગેરે તરફનાં વલણોનો ખ્યાલ આવે છે. આજના સંજોગોના સંદર્ભમાં એ વસ્તુ નોંધપાત્ર છે કે ઠાકોરે ત્યારે ચીન તરફ સમભાવ અને અહોભાવ પ્રગટ કર્યો હતો. "જપાન અને રશિઆ" જેવા લેખો વાંચતાં ઇ.સ. ૧૮૯૫ અને તે પછીના વરસોમાં ફ્રાન્સ, રશિયા, બ્રિટન, જપાન, ચીન, કોરિયા વગેરે દેશો વચ્ચેનાં રાજકીય ને યુધ્ધકીય ખટપટોને બખેડાઓની આંટીઘૂંટીઓનો તથા એમાંના દેશોની કેટલીક પ્રજાઓના ગુણદોષોનો કેટલી વીગતે ઠાકોરને ખ્યાલ હતો તે જાણવા મળે છે. પશ્ચિમના રુપર્ટ બ્રૂક જેવા કવિઓનું જોઇને ઠાકોર યુધ્ધકાવ્યો લખવા પ્રેરાયા હોય તેમ લાગે છે અને સમકાલીન માનવજાતિની ગભીર ઘટનાઓ અને સમશ્યાઓ પરત્વે કવિની અભિજ્ઞતા ને સંવેદકતા કેળવાવી જોઇએ એવું તેમનું વલણ તેમના આ પ્રકારના કાવ્યસર્જનમાંથી પણ બહાર તરી આવે છે.

ઠાકોરના સમાજસુધારક તરીકેના પાસા વિષે આપણે જે આગળ નોંધ્યું છે તે તેમના રાજનીતિજ્ઞ તરીકેના પાસા વિષે પણ સાચું છે. તેમણે સક્રિય રાજકીય કાર્યકર્તા તરીકે કામ નથી કર્યું પણ રાજકારણના જાગરૂક અભ્યાસી અને સ્વબુદ્ધિનિર્ભર વિચારક તરીકેનું કામ તો તેમણે કર્યું છે. એટલે તેમણે પોતાને "પંચોતેરમે"માં[48] 'Armchair Politician' ("પાણિયારાના મુનશી") કહ્યા છે. ઇ.સ. ૧૮૯૨-૯૩માં ઠાકોર ડેક્કન કોલેજમાં ફેલો તરીકે નિમાઇને મુંબઇથી પૂના પાછા ગયા હતા ત્યારે સ્વ. ટિળકે તેમને દેશસેવાર્થે પોતાના સાપ્તાહિક "મરાઠા"ના ઉપતંત્રી થવા આમંત્ર્યા હતા પરંતુ ટિળકછાપ રાજકીય-સામાજિક વિચારધારા ને દેશસેવા સાથે પોતે અસંમત હોઇને ઠાકોરે એ આમંત્રણને પાછું વાળ્યું હતું. આ પ્રસંગ નોંધતાં[49] ઠાકોરે પોતાને સેલ્બી, બેઇન, રાનડે, ભાંડારકર, નૂળકરના શિષ્ય એટલે કે સમાજસુધારણા ને રાજકારણના વિષયમાં પોતાને "લિબરલ" તરીકે ઓળખાવ્યા છે. ઠાકોર ટિળકને અને ટિળક કરતાં વધારે ગાંધીજીને ઉદ્દામ ગણતા હતા, Anglophobiaનું વિષ ફેલાવનાર ગણતા હતા. ઠાકોરની માફક અંબાલાલભાઇ કેટલાક નૃપવિશેષોના પ્રશંસક છતાં રાજાશાહીને એકંદરે જોતાં અહિતાવહ ગણનારા હતા ; અંગ્રેજો - તેમના ગમે તે દોષ ગણાવાતા હોય, છતાં- હિંદ ઉપર અમૂલ્ય ઉપકારો કરનારા હતા તેવી અંબાલાલભાઇની પણ માન્યતા હતી ; ઈંગ્લેંડ રફતે રફતે, યોગ્યતા પાક્યે હિંદને સ્વરાજ્ય આપશે જ એવી શ્રધ્ધા પણ અંબાલાલભાઇને હતી. આથી કહી શકાય કે અંબાલાલભાઇની અસર ઠાકોરની સાહિત્યિક વિચારણાના કોઇ અંશમાં (દા.ત. "સાહિત્ય એ પ્રજાની વાણી છે" એ ઠાકોરની માન્યતા) જેમ વરતાય છે તેમ તેમની રાજકીય વિચારણાના કેટલાક અંશોમાં પણ એમની (અંબાલાલભાઇની) અસર વરતાય છે. વળી Gustave Le Bonનું 'The World Unbalanced,' Bryceનું,

'Modern Democracies' ("અહિંસા" વ્યાખ્યાનમાં ઉલ્લિખિત) વગેરે ગ્રંથોની પણ ઠાકોર પર અસર પડેલી છે. Bryceએ નીતિ-ધોરણસ્થાપક તત્ત્વ લેખે કાનૂનની મીમાંસા કરતાં પોતાના ગ્રંથમાં કાનૂનને 'The shield of innocent and the impartial guardian of every civil right' કહ્યો છે. ઠાકોરે પણ કાનૂન દ્વારા અહિંસાની પ્રતિષ્ઠાપના કરવાની જે ભાવના વ્યક્ત કરી છે તેમાં બ્રાઇસના મતવ્યની અસર દેખાય છે. "પ્રથમ વિશ્વવિગ્રહનો આરંભ : ઓગષ્ટ ૧૯૧૪"નામક સોનેટમાં જે ઠાકોરે "લિયો લખલખાં ! કરો સફલ યજ્ઞદીક્ષા, પ્રભો" કહીને યુદ્ધને જાણે કે આવકાર્યું હતું તે જ ઠાકોરે "દ્વિતીય વિશ્વવિગ્રહનો આરંભ – સપ્ટેમ્બર, ૧૯૩૯" નામક સોનેટમાં "ફરીને, ન પુનઃ કદાપિ ! અહ જુલ્મ અન્યાય આ નચાં બલતણા ઉછાળ ઉધમાત હૈકાર આ" કહીને યુદ્ધને જાકાર્યું છે. પહેલા વિશ્વયુદ્ધનાં વિઘાતક પરિણામોના પુનરાવર્તનને ટાળવા નિમાયેલી "લીગ ઓફ નેશન્સ"ની સ્થાપનાને યુદ્ધપીડિત રાષ્ટ્રો ને યુદ્ધખિન્ન માનવોની માફક ઠાકોરે પણ વધાવી લીધી હતી. લીગ ઓફ નેશન્સના દરવાજે કોતરાવીને મૂકવા માટે જે સૂત્રનું સૂચન ગુસ્તાવ લી બોને પોતાના ગ્રંથમાં કર્યું છે તેનો પડઘો આપણને બીજા વિશ્વયુદ્ધ વિષેના ઉપર્યુક્ત કાવ્યમાં ઠાકોરના બદલાયેલા દેખાતા વલણમાંથી સાંભળવા મળે છે. ગુસ્તાવ લી બોને આપેલ સૂત્ર આ પ્રમાણે છે : " All modern wars are as disastrous for the victors as for the vanquished"; xxx xxx "It is therefore in their own interests to unite for the purpose of preventing fresh conflicts."

આ જ રીતે સુંદરમ્ પર લખેલા ઉક્ત પત્રમાં ઠાકોરે આલ્ડસ હક્સલીનો ઉલ્લેખ કર્યો છે. તે જોતાં તેમના માનસને સામ્યવાદવિરોધી, સોવિયેટ-વિરોધી બનાવવામાં હક્સલીના વિચારોનો પણ ફાળો હોય તો ના ન કહેવાય.

રાજકારણ અને ઇતિહાસ અન્યોન્યસંબદ્ધ વિષયો છે. આજનો ઇતિહાસ ગઇકાલનું રાજકારણ છે; આજનું રાજકારણ આવતી કાલનો ઇતિહાસ છે. ભૂતકાળનાં સંસ્કૃતિપ્રવાહોનાં સંઘટ્ટનો, રાજરમતો, સંગ્રામો વગેરેને જેણે જીવંત ઇતિહાસરસથી તાગવા મંથન કર્યું હોય તેને સમકાલીન સાંસ્કૃતિક રાજકીય ઘટનાઓમાં પણ રસ લીધા વિના ચેન પડશે નહીં. કેમકે "આજ" એ ગઇકાલ સુધીના અટપટા કાળપ્રવાહનું સંકુલ પરિણામ છે અને આ "આજ", "ગઇકાલ" સાથે રહીને, 'આવતી કાલ'નો, કાળના સળંગ વહ્યા આવેલા પ્રવાહ સાથે સંપૃક્ત એવો, સંકુલ લોઢ પેદા કરવાની છે. એટલે કાલપ્રવાહના દરેક બિંદુનો તેનાં પૂર્વાપર બિંદુઓના સંદર્ભમાં જ મર્મગ્રાહ થઇ શકે. એટલે મનુષ્યનો "ગઇકાલ" માટેનો રસ તેનાં અર્થપર્યંતનાં પરિણામોની જિજ્ઞાસા સંતર્પવા તેની દૃષ્ટિને "આજ" ઉપર ઠહરાવીને ઊભી રાખશે વા "આજ"ને મળેલી એની જિજ્ઞાસાને શામવા તે "ગઇકાલો"ની વણજાર પર પોતાની નજરને ફેરવવા માંડશે.

પ્રો. ઠાકોરને પણ ઇતિહાસનો સજીવન રસ હતો. એમના રાજકારણ વિષેના રસને આપણે એમના એ ઇતિહાસઅભ્યાસનું પરિણામ ઠરાવી શકીએ; સાથે એને બૌદ્ધિક વ્યવસાયવાળા એક સુશિક્ષિત જાગૃત નાગરિકની સમકાલીન પ્રવાહો પ્રત્યેની અભિજ્ઞતા તરીકે ઘટાવવામાં પણ કશો વાંધો નથી. ઠાકોરને છેક તેમના વિદ્યાર્થી-જીવનથી ઇતિહાસમાં રસ હતો. ઇ.સ. ૧૮૮૫માં ભાવનગરની સામળદાસ કોલેજમાં તેમણે – પ્રિવિયસની છમાસિક પરીક્ષા પહેલે ક્રમાંકે પસાર કર્યા પછી પિતાને એક પત્રમાં લખ્યું હતું: "ગવરીશંકર ગોલ્ડ મેડલને બદલે ઓણ બે Essay એક સંસ્કૃત અને એક અંગ્રેજી જે સહુથી સરસ લખી લાવે અને એક્ઝામિનર્સ જો સંતોષ પામે તો તેને દરેક એસે દીઠ રૂા. ૬૦ની ચોપડીઓનું ઇનામ છે. Subjects મુકરર કરી છે. હાલ રાજકોટ આવ્યા પછી લાઇબ્રેરીનો ઘણો જ ઉપયોગ પડશે એટલે સોમવારથી જ

૩ મહીના સારૂ ફર્સ્ટ ક્લાસમાં નામ ઘલાવો તો સારૂ – પસ્તાવો કરવો પડશે નહીં– એ જ અરજ "સંસ્કૃતને માટે પ્રો. મણિલાલ ન. દ્વિવેદીએ "મહાકવિ કાલિદાસનું જીવન અને કવન" એ વિષય નક્કી કર્યો હતો. ભરૂચમાં નર્મદાજીના કિનારે એક મંદિરની વડછાયાળી અગાશીમાં બેઠે બેઠે જલદર્શન અને પવનની લહેરો માણતાં માણતાં ઠાકોરે કાચા વૃત્તોમાં દોઢસોપોણાબસો શ્લોકોમાં ઉપરનો વિષય ચીતરી કાઢ્યો હતો; પરંતુ એ વિષય માટેનું ઇનામ એમને નહીં પણ માનશંકર પીતાંબરદાસને મળ્યું હતું. અંગ્રેજી નિબંધ માટે 'The uses of History' એ વિષય નક્કી થયો હતો અને એ વિષયમાં ઠાકોર ઇનામ જીતી ગયેલા. તા. ૧–૨–૯૦ની એક ડાયરીનોંધ પરથી જાણવા મળે છે કે ધીમતરામ નવલરામ પંડ્યાએ પોતાના પિતાના અપૂર્ણ "ઈંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ"નું સંપાદનકાર્ય સહાધ્યાયી ઠાકોરને આગ્રહપૂર્વક સોંપ્યું હતું પણ અભ્યાસમાં ખલેલ પહોંચે તે કારણે ધીમતરામના આગ્રહી પ્રસ્તાવ વખતથી જ નામરજી હોવાથી ઠાકોરે તા. ૫–૨–૯૦ના દિવસે એ સંપાદનનો વિચાર છોડી દીધો હતો, પણ પછી તેમણે જ મોડે મોડે ઇ. સ. ૧૯૨૨માં ગુજરાતી સાહિત્ય ભંડોળ કમિટિના મંત્રી તરીકે એ પુસ્તકનું સંપાદન ને પ્રકાશન કર્યું હતું. 'Uses of History' ની લેખનતૈયારી અર્થે ઠાકોરે પોતાના પિતા ઉપર લખેલા ઉપર્યુક્ત પત્ર પરથી, એવા વિષયો માટે બને ત્યાંથી જરૂરી સાધનસામગ્રી મેળવી તેનો ઊંડો ચીવટભર્યો અભ્યાસ ખંતથી કર્યા પછી તેને વિષે સાફલ્ય-સંકલ્પથી કલમ ઉપાડવાની તેમની વૃત્તિ તેમનામાં તેમના વિદ્યાર્થીકાળથી વવાઇ ચૂકી હતી તેનો આપણને ખ્યાલ આવે છે. ઇ. સ. ૧૮૯૧માં તેઓ એમ. એ. ના અભ્યાસ માટે ફરી પૂનાની ડેક્કન કૉલેજમાં દાખલ થયા ત્યારે તેમણે તેમના સહાધ્યાયી સદાશિવ મણિનારાયણ દીક્ષિતના સહકારથી "ડેક્કન કૉલેજ ક્વાર્ટર્લી" ત્રૈમાસિક શરૂ કર્યું હતું. એ સામયિકમાં તેમણે લખેલા કેટલાક લેખોમાંનો એક 'A sketch of the history of the foundation of the Deccan College' –

તેમણે કોલેજના જૂના વાર્ષિક અહેવાલો વગેરે સામગ્રીને આધારે લખ્યો હતો. ઇ.સ. ૧૮૯૩ના વર્ષના માણેકજી લીમજી સુવર્ણપદક માટે મુંબઇ યુનિવર્સિટીએ 'An account of the First Madhavrao Peshwa' ("થોરલે" (વડેરા) માધવરાવ પેશ્વા") નો વિષય નિયત કર્યો હતો. એ નિબંધ લખવામાં પણ ઠાકોરે માધવરાવ, નાના ફડનવીસ, રાજમાતા ગોપિકાબાઇ અને રાઘોબાના પત્રો સહિત બીજાં ઘણાં કીમતી સાધનોનો ઉપયોગ કર્યો હતો ; આ સાધનો તેમને મહાદેવ ગોવિંદ રાનડે તરફથી મળ્યાં હતાં. અને એમનો ઉપયોગ ત્યાર સુધીમાં કોઇએ કર્યો નહોતો. પુષ્કળ ખંત અને જહેમતથી તૈયાર થયેલા ઠાકોરના નિબંધે નિયત વિષય ઉપર એવો નવો પ્રકાશ પાડ્યો કે તે વર્ષનો સુવર્ણપદક એમને જ એનાયત થયો. આ વખતે પણ તેઓ એમ.એ.ના વિદ્યાર્થી હતા ; ઉપર્યુક્ત નિબંધ તૈયાર કરવામાં, તેમનો એટલો બધો વખત ગયો કે તેઓ એમ.એ.ની પરીક્ષા માટે પૂરતી તૈયારી કરી શક્યા નહીં ; અને તેમને અનુસ્નાતક ઉપાધિ લીધા વિના જ કોલેજ છોડવી પડી. વળી તેમણે "ડેક્કન કોલેજ ક્વાર્ટર્લી"ના સંપાદન તથા કોલેજના "ફાઉન્ડેશન ડે"ની ઉજવણી જેવી – આખી યુનિવર્સિટીમાં એ પ્રકારની સૌપ્રથમ કહેવાય તેવી અને પછી બીજી કોલેજો માટે અનુકરણીય બની રહેલી– પ્રવૃત્તિઓ ઉપાડી હતી. કોલેજના ત્રૈમાસિક માટે તેમને અવારનવાર લેખો તૈયાર કરવાના રહેતા હતા. આ ઉપરાંત, તેઓ ચર્ચામંડળોમાં પણ સક્રિય ભાગ લેતા. આ બધા ઉપરથી માલૂમ પડે છે કે ઠાકોરનું લક્ષ એ દિવસોમાં અભ્યાસક્રમો આટોપીને ઉપાધિ હાંસલ કરી લેવામાં નહીં પરંતુ અભ્યાસેતર છતાં વિદ્યાના સજીવન વ્યાસંગરૂપ કહેવાય તેવી પ્રવૃત્તિઓ દ્વારા પોતાના સંશોધક, લેખક, વિચારક, અભ્યાસક તરીકેના પાસાને વધુ સંગીન ને ઉચ્ચતર કક્ષાએ ઘડી લેવામાં – સમૃદ્ધ કરી લેવામાં સવિશેષ હતું.

કોલેજ છોડીને, પછી, પ્રો. ઠાકોર, કરાંચીની દયારામ જેઠમલ સિંધ આર્ટ્સ કોલેજના પ્રો. પાદશાહ એક સત્ર સારુ વધુ અભ્યાસ માટે ઈંગ્લેંડ જતા હતા તેમની જગ્યા ઉપર પ્રો. સેલ્બી અને મલબારીની સહાયતાથી ઇતિહાસ, પોલીટીક્સ, ઇકોનોમી, લોજીક અને મોરલ ફિલોસોફીના એક્ટિંગ પ્રોફેસર તરીકે તા. ૧૧-૬-૯૫થી ૧૮-૯-૯૫ સુધીની મુદ્દત માટે નિમાયા હતા. પ્રો. ઠાકોરના પિતાની સં. ૧૯૫૧, સન ૧૮૯૪-૯૫ની ડાયરીમાંની તા. ૩ ઓગસ્ટ, તિથિ શ્રાવણ સુદ ૧૩ ને શનિવારની એક નોંધ પરથી જાણવા મળે છે કે એ અરસામાં પ્રો. ઠાકોરે કરાંચીમાં શિવાજી વિષે એક ભાષણ આપ્યું હતું અને તેનો સંક્ષેપ "કાઠિયાવાડ ન્યુઝ"-માં છપાયો હતો. પ્રાધ્યાપકનો વ્યવસાય સ્વીકાર્યા પછીનું ઠાકોરનું કદાચ આ પહેલું જાહેર વ્યાખ્યાન હોય એમ બની શકે ; ગમે તેમ, પણ એ વ્યાખ્યાન ઠાકોરને છેલ્લા કેટલાક વખતથી નાદ લગાડી ગયેલા મરાઠા ઇતિહાસને લગતું હતું.

"ઇ. સ. ૧૮૯૬માં શ્રી મનુભાઇ નંદશંકરે વકીલાતને બધો સમય અપાય માટે મહારાજા સાહેબની પરવાનગી મેળવીને પ્રોફેસરની નોકરી પરથી રજા લીધી, પછી લિફલડેલ ફર્લો પર ગયા" ; એટલે પ્રો. ઠાકોરને બરોડા કોલેજમાં અંગ્રેજી સાહિત્ય, લોજીક અને મોરલ ફિલોસોફીના એક્ટિંગ પ્રોફેસર તરીકે ૬-૩-૧૮૯૬થી ૧૨-૧૦-૧૮૯૬ સુધી જગ્યા મળી હતી. અહીં તેમને ઇતિહાસ-અધ્યાપનની તક મળી નહોતી. પરંતુ તેઓ અજમેર ગવર્નમેંટ કોલેજમાં ૧૩-૧૦-૧૮૯૬થી ૩૧-૫-૧૯૦૦ અને ૨૮-૫-૧૯૦૨થી ૨૭-૮-૧૯૦૪ સુધી પ્રાધ્યાપક તરીકે નિમાયા ત્યારે તેમને ફિલોસોફી સાથે ઇતિહાસના અધ્યાપનની તક મળી હતી. વચ્ચેનાં બે વરસ દરમિયાન- ૧-૬-૧૯૦૦થી ૨૭-૫-૧૯૦૨ સુધી-,

બે વરસ માટે ફર્લો પર ગયેલા પ્રો. એફ. ડબલ્યુ બેઇનની જગ્યા પર ડેક્કન કોલેજ, પૂનામાં તેઓ ઇતિહાસના અને પોલીટીકલ ઇકોનોમીના એક્ટિંગ પ્રોફેસર તરીકે નિમાયા હતા. કોલેજમાં અધ્યાપનનાં આ બધાં વર્ષો દરમ્યાન તેમણે સૌથી વધારે તો ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે કામ કરેલું જણાય છે.

પ્રો. ઠાકોર ડેક્કન કોલેજ, પૂનામાં ભણતા હતા ત્યારે તેમના "ચિત્તમાં મરાઠી પ્રજા અને મરાઠી ઇતિહાસ અને મરાઠી વિક્રમ માટે પક્ષપાત બંધાયેલો વા બંધાતો જતો હતો"; પણ પછી તેઓ અજમેર જઇને રહ્યા તે દરમિયાન તેમનો એ "પક્ષપાત" "બેમાલૂમ રીતે સજીવનતા ખોઇ બેઠો, ખરી પણ ગયો." માત્ર મરાઠી સામ્રાજ્યની સર્વોપરિતાના ખ્યાલને "સ્ફુરાવે" તેવા પૂનાના – હિંદમાં એક બાજુએ પડી જતા સ્થળના– નિવાસનો અંત આવતાં, અને સમગ્ર ભારતને ઘડનારાં પરિબળોનો જયાં પરામર્શ મળે તેવા ઉત્તર હિંદના એક સ્થળનો–અજમેરનો– નિવાસ આરંભાતાં ઠાકોર ઇતિહાસનાં અધ્યયનચિંતનના વધારે વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ્યા. મુસ્લિમ રાજ્યકાળ, મુગલ સામ્રાજ્ય દરમિયાન કાશ્મીર-સિંધાદિ લગી ભારતનો થયેલો સીમાવિસ્તાર, એક વખત ભારતમાં હતો તે પછી કાયમને માટે ભારત બહાર નીકળી ગયેલા ગાંધારાદિ પ્રદેશો વગેરે વિષે ઊંડાણથી વિચારવાની તક ઠાકોરને એ દિવસો દરમિયાન મળી હોય એમ લાગે છે, વચગાળામાં તેઓ જ્યારે બે વરસ માટે ડેક્કન કોલેજમાં કામચલાઉ પ્રાધ્યાપક તરીકે ગયા હતા ત્યારે તેમણે શ્રીમંત ઔંધકર, શ્રીમંત મોટા પટવર્ધન વગેરેની સહાયતાથી "પ્હેલા બાજીરાવ પેશ્વાના સમયને લગતાં અપ્રકટ અને મૂલ (Primary) સાધનો ભેગાં કરવા માંડેલાં, "એ સમયને લગતું ઐતિહાસિક વાઙ્મય, ઇંગ્રેજી તેમ મરાઠી" જોઇ લીધેલું, પરંતુ એ "સાધનો, ઉતારા, કાગળિયાં, ચોપડીઓ, પુસ્તકો આદિની" પેટી અજમેર પાછા જતી વખતની કે

પછીની કોઇક મુસાફરીમાં ગાડીમાં જ ખોવાઇ ગયેલો ; પરિણામે ત્યારથી તેમણે "મરાઠા ઇતિહાસના આખા વિષય વિશે જ ન્હાઇ નાખ્યું" હતું.

અશોકના મૃત્યુસમયથી હર્ષવર્ધનના સમય સુધીના જ્ઞાનની સમાપ્તિ વિષે ઠાકોરે ક.ન.જોષી પર તા. ૧૭-૯-૩૨ના દિવસે લખેલા પત્રમાં જણાવ્યું છે : " અશોકના મોતથી માંડીને હર્ષવર્ધન સમય લગીના પ્રાચીન હિન્દુસ્થાન (ઉત્તર હિંદ) વિષે પણ જુદી જુદી બાબતોનું મ્હારું જ્ઞાન વ્યુત્પન્ન થતું આવે છે, માત્ર સંગ્રહાય છે એટલું નહીં, નવા પ્રશ્ન નવાં દૃષ્ટિબિન્દુ નવા નિર્ણય અને નવી મુશ્કેલીઓ આપોઆપ ફૂટે છે".

ઠાકોરની ઇતિહાસવિષયક કારકિર્દીમાં બે મહત્ત્વના બનાવો સન ૧૯૧૯માં બન્યા હતા ; એક તો, તેઓ ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકર્ડ્સ કમિશનના સભ્ય નિમાયા અને બીજું, તેઓ ૧૯૨૦ના એપ્રિલમાં અમદાવાદમાં ભરાનારા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના ઇતિહાસવિભાગના અધ્યક્ષ નિમાયા. અધ્યક્ષપદેથી તેમણે આપેલું વ્યાખ્યાન "ઇતિહાસ- દિગ્દર્શન"ના નામથી સન ૧૯૨૮માં તેમણે પ્રગટ કર્યું હતું.

ઠાકોરનો ઇતિહાસરસ તેમની બીજી કેટલીક લાક્ષણિકતાઓની જેમ કદાચ તેમના પિતા પાસેથી વારસે મળેલો કહી શકાય. તેમણે "પંચોતેરમે"માં[૫૦] તેમના પિતા વિષે લખ્યું છે : "મુઘલોની પડતી (ઇ.સ. ૧૭૦૭ પ્હેલાં)થી વોકર આદિએ કાઠિયાવાડ પ્રાંતને પાછો થાળે પાડ્યો, ત્યાં લગીના એ દશબાર દાયકાના કાઠિયાવાડના ઇતિહાસમાં, એ ગેરવ્યવસ્થા તથા હકુમતની ચડસાચડસી, સ્થલે સ્થલે ઝુંટાઝુંટ અને ઉથલપાથલના ઇતિહાસમાં આખો જન્મારો એમને અને એમની હેડીના ઘણાને અખૂટ રસ ; અનુભવ, બોધ, ચેતવણી આદિ એ

-હાનામોટા બનાવો પરથી એ લોક તારવી ય શકતા અજબ જેવી પરિસ્થિતિએ. એ સૌને કાઠિયાવાડ હતો, કર્નલ ટોડ જેવાને રાજપૂત-સ્થાન હતો તેવો જ, પોતાનો ખાસ " Country of Romantic incidents and Towering personalities" કલ્યાણરાયની આ ઇતિહાસ તથા સમકાલીન રજવાડી સ્થિતિ પ્રત્યેની સંપ્રજ્ઞતાની પ્રો. ઠાકોરે નોંધેલી વાત તેમની (કલ્યાણરાયની) ડાયરીઓ જોતાં સાચી લાગે છે. સં. ૧૯૫૩, સન ૧૮૯૬-૯૭ની ડાયરીમાં કારતક સુદ ૭, નવેંબર ૧૧ને બુધવારે તેમણે ભુજ, ધ્રાંગધ્રા, જુનાગઢનાં રજવાડાંના લગ્નસંબંધોની નોંધ કરી છે. સન ૧૯૦૦ના જુનની ૨૮મી પછીના કોક દિવસે પ્રો. ઠાકોરને લખેલા એક પત્રમાં તેમણે પ્રવર્તમાન દુષ્કાળને લીધે કાઠિયાવાડના નાના-મોટા ઠાકોરોના ઊતરી ગયેલા અભિમાનની, ગોંડળ મોરબી જેવાં નાનાં પણ સ્વતંત્ર, સમજુ અને અવેરવાળાં સંસ્થાનોના ખમતીધરપણાની; ભાવનગર, ધ્રાંગધ્રા, જૂનાગઢ જેવાં મોટાં પણ વ્યયકવૃત્તિ ધારી બેઠેલાં રાજ્યની વાત લખી છે ને છેવટમાં ઉમેર્યું છે: "હું આ રાજાઓની કે તેમના કારભારીઓની નીંદા કરવા આ લખતો નથી પૈસાનો સદઉપીયોગ-ગોંડલ મોરબીના સમજુ તથા સ્વતંત્ર ઠાકોર સાહેબો માફક ન કરવાથી અને ગમે તે રીતે ખરચી નાંખવાથી કાઠીયાવાડના નહાનામોટા રાજ્યો પાયેમાલીએ પોંચ્યા છે તે ઉપરથી માણસે પોતાની બાબત બોધ લેવા લખુ છું -".

પ્રો. ઠાકોરે એમનો ઇતિહાસઅભ્યાસ વિવિધ વ્યાખ્યાનો, લેખો, પ્રવેશકો, પુસ્તકોમાં રજૂ કર્યો છે. એમાંનું ઘણું અત્યાર સુધીમાં પ્રકાશિત થઇ ગયેલું છે, ત્યારે કેટલુંક હજી અપ્રસિદ્ધ રહેલું છે. તેમણે તેમની ઇતિહાસ-વિષયક કૃતિઓમાં માનવજાતની પ્રાક્સંસ્કૃતિક દશા, માનવસમાજનો સાંસ્કૃતિક વિકાસ, મોહન જો ડેરોની આર્ય સંસ્કૃતિ પર પડેલી અસરો, બૌદ્ધ અને જૈન હિંદુ ધર્મોની પ્રવૃત્તિઓ, મુગલ રાજ્યકર્તાઓ, મુસ્લિમોની છાવણીશાહી, એક યા બીજા કારણે આપણી પ્રજાને મોટા પાયા પર કરવાં

પડેલાં સ્થળાંતરો, આપણા લોહીની સંકરતા, ગુજરાતનાં ઐતિહાસિક મહત્ત્વવાળાં નગરો, ગુજરાતમાં મૂળરાજના રાજ્યાભિષેક વખતે થયેલું શાસનપરિવર્તન, ગુજરાતના બહાદુરશાહની હુમાયુના સૈનિકોને હાથે હાર, ગુજરાતના સુલતાનોનું અકબરે આંખના પલકારામાં શમાવેલું બંડ, શીખોનાં રાજકીય તખ્તા પરનાં કાર્યો, મરાઠી સામ્રાજ્ય, ભારતની સ્વાતંત્ર્ય ચળવળ, અંગ્રેજ શાસકોના ઉપકારો, હિંદ પર પશ્ચિમની અસરો, ગુજરાતની ભૂતકાલીન સ્થિતિ તથા અર્વાચીન સમસ્યાઓ, ઇતિહાસના ભિન્ન ભિન્ન સ્તબકો દ્વારા ઉત્ક્રાંત થતા આવેલા યુરોપની અદ્યતન સામાજિક, આર્થિક, રાજકીય વગેરે વ્યવસ્થાઓ તથા તે પાછળની ભાવનાઓ, ઇતિહાસનાં હિન્દુ-મુસ્લિમ સાધનો વગેરે વિષયોની છણાવટ કરી છે. એમાં ઠાકોરે મોટે ભાગે ઇતિહાસપ્રસિદ્ધ તથ્યો ક્યાંક વીગતે, ક્યાંક સંક્ષિપ્ત ઉલ્લેખમાં ઉતાર્યાં છે. એ બધું જોતાં ઠાકોરની એક ઇતિહાસ-અભ્યાસક તરીકેની અને કંઇક ઇતિહાસવિચારક તરીકેની છાપ આપણા મન પર ઊઠે છે પરંતુ તેમને આપણે ઇતિહાસકાર કહી શકીએ એવી છાપ એ બધાંમાંથી ઊભી થતી નથી.

ઠાકોરનાં ઐતિહાસિક લખાણો વાંચતાં તેમનાં જે કેટલાંક વલણો આપણું સૌથી વધુ ધ્યાન ખેંચે છે તેમાનું એક તે તેમની મુગલો - ખાસ કરીને, અકબર - માટેની આદરભાવનાનું છે. વિન્સેન્ટ સ્મિથ, મોરલાન્ડ વગેરે ઇતિહાસકારોની અસર તળે ઠાકોરે અકબરને જન્મથી સાચી ધર્મજિજ્ઞાસા લઇને જન્મેલો, મુસ્લિમ સમાજની ઝનૂની, ધર્માંધતાને અવગણીને ધર્મસમન્વય કરનારો ને તેમાંથી નવો પંથ સ્થાપનારો, હિંદુમુસ્લિમોના ઊંડા વિરોધોને શમાવે તેવી ઉદાર અદ્વિતીય રાજનીતિ અપનાવનારો, હિંદુઓની લોકપાલ રાજા વિષેની ભાવના અનુસાર સંજોગાનુરૂપ નવાં અનુકૂળ કાળબળોને ઘડનારો જોયો હતો. માટે

તેમણે "શિવાજી ન હોત તો સુનત હોત સબકી" એ કહેણીને "કવિપણાની અતિશયોક્તિ માત્ર" ગણી કાઢીને "અકબર ન હોત તો સુનત હોત સબકી"- એને જ "હિંદના ઇતિહાસમાં સુદૃઢતર સત્ય" માન્યું હતું. બે અઢી સૈકાઓથી હિંદમાં પ્રવર્તતી રાજકીય અંધાધૂંધીને સ્થાને અકબરાદિ મોગલોના વિજયોએ શાંતિ, સ્થિરતા સ્થાપીને તથા રાજ્ય-વહીવટને વ્યવસ્થિત કરીને લોકોને ભયના ઓળાઓમાંથી મુક્ત કરી નીરાંતના વાતાવરણમાં બહુદેશીય આબાદી, વિકાસ તરફ કદમ માંડવા શક્તિશાળી બનાવ્યા હતા. ગુજરાતના સુલતાનના સંભવિત બંડને અકબરે જે કુનેહ, ચપળતા ને સમયસૂચકતાથી ઊગતામાં જ ડામી દીધું હતું તે વાત પર ઠાકોર ઘણા વારી ગયા હતા. અકબર તરફની ભક્તિમાં તેઓ એટલા બધા આગળ વધી ગયા હતા કે રાણા પ્રતાપના ટેકશૌર્યનાં સાફલ્યનો યશ તેમણે પ્રતાપને નહીં પણ અકબરને જ આપ્યો છે. પ્રતાપ સામેની લડાઇમાં અકબરનો ઉદ્દેશ પ્રતાપને જ ખેદાનમેદાન કરી નાખવાનો નહોતો પરંતુ આગ્રાને અમદાવાદ સાથે જોડતો લશ્કરી મહત્ત્વનો આગ્રા-અજમેર- સોજત-શિરોહી-પાટણ-અમદાવાદનો ટૂંકો માર્ગ હસ્તગત અને સુરક્ષિત કરી લેવાનો હતો ; એ ઉદ્દેશ પાર પડતાં જ અકબરે લડાઇ "મદાવી" દીધી હતી, એમ ઠાકોરે નિર્ણીત કર્યું હતું. આથી મહાબલી મુગલો સામે એકલપંડે ઝઝૂમીને ટેકશૌર્યસ્વમાનર્થી અપરાભૂત રહ્યાનો યશ આજે લોકો પ્રતાપને આપે છે તેને ઠાકોરે "ઊર્મિલ ફૂલણકિશિયારી" ગણી કાઢી છે. આ બાબતમાં બધા લોકો ઠાકોર સાથે સહમત ન થાય. આપણા દેશમાં જ એક બીજો મત અકબરને હિંદુત્વને ધીમા મીઠા ઝેરથી- કુટિલકપટી છેતરામણા દાવપેચથી-ખતમ કરવાની બાજી ગોઠવી બેઠેલા મુત્સદ્દી તરીકે ઓળખાવે છે.[૫૧]

પ્રો. ઠાકોરનું બીજું નોંધપાત્ર વલણ અંગ્રેજો તરફની તેમની સહાનુ-ભૂતિશીલતાનું, ઉદારમતવાદી કદરદાનીનું છે.[૫૨] આનું મૂળ પણ તેમના

ઇતિહાસ અભ્યાસમાં રહેલું છે અંગ્રેજપ્રજાએ જ્હોન, પ્હેલો જેમ્સ, પ્હેલો ચાર્લ્સ, બીજો ચાર્લ્સ વગેરે મગરૂબ આપખુદ રાજાઓ સામે પવિત્ર પ્રજાહક્કોની સંપ્રાપ્તિ ને સુરક્ષા ખાતર મજબૂત સફળ લડત ચલાવેલી. તેમાંથી ધડો લઇને અમેરિકન પ્રજાએ અંગ્રેજ પ્રજા સામે યુધ્ધ ખેલીને પોતાનાં સંસ્થાનોની આઝાદી હાંસલ કરી. અને એ બધામાંથી અર્વાચીન લોકશાહીની ભાવના અને પ્રજાતંત્રની રાજ્યપધ્ધતિ ઉત્ક્રાંત થઇ.

સમયના વહેણ સાથે અમેરિકા, યુરોપમાં વૈજ્ઞાનિક, ઔદ્યોગિક, રાજકીય વગેરે ક્ષેત્રોમાં શકવર્તી વિક્રમો નોંધાવા લાગ્યા. યુરોપીય પ્રજાએ આર્થિક પરિબળોને વશ થઇને દરિયાઇ સાહસો ખેડી પારકા પ્રદેશોમાં પણ પગપેસારો કર્યો તથા બુધ્ધિ, કલ્પના અને એકાગ્રતા વડે વિજ્ઞાનાદિ ક્ષેત્રોમાં પ્રગતિ કરી છતાં એ બધાથી બેફામ છકી જવાને બદલે તેમણે એનાથી યે ઉચ્ચતર ચારિત્ર્યવિધાયક ગુણોને સિધ્ધ કર્યા. "ઉદારતા, મતાંતરક્ષમા, સ્વાતંત્ર્યપ્રીતિ, હિતકામના, ઉધ્ધારકતા," "કાયદાશુધ્ધિ કાયદાના અમલની શુધ્ધિ લોકાધીન રાષ્ટ્રતંત્ર, વિચારસ્વાતંત્ર્ય, ધર્મસ્વાતંત્ર્ય, અલ્પમતિસ્વાતંત્ર્ય, વ્યાપારધંધાસ્વાતંત્ર્ય, સર્વવ્યાપક કેળવણી, ધંધો રોજગાર કારખાના આદિમાં હલકામાં હલકા મજૂરોને પણ માનવતાના પ્રાથમિક હક્ક, નીચામાં નીચી પાયરીની જનતામાં પણ સ્વાવલંબન" વગેરે ગુણો એ પ્રજાના ચારિત્ર્યમાં ઊગી નીકળી પ્રતિષ્ઠિત થયેલા અગત્યના ગુણો છે. એ પ્રજા જ્યાં જ્યાં ગઇ ત્યાં ત્યાં તેણે પોતાના એ ગુણોનો પ્રભાવ પાડ્યો. એ ગુણોથી પ્રભાવિત થયેલી પ્રજાએ એ ગુણોનું પોતાના જીવનમાં પણ અનુશીલન આરંભ્યું અને શાસિત પ્રજામાં એ ગુણોના ઉદયને શાસક પ્રજાએ આવકાર્યો.

રાજકીય સ્વાતંત્ર્ય અને પ્રજાશાસનનાં મૂલ્યો આપણી શાસિત પ્રજાને આપણી શાસક બ્રિટિશ પ્રજાએ જ આપ્યાં ; એટલું જ નહીં, પરંતુ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના હિંદના રાજ્યવહીવટનું બંધારણીય માળખું

પણ તેમણે જ આપણને ક્રમે ક્રમે ઘડી આપ્યું, એક જ રાજ્યછત્ર તળે એક પ્રજા તરીકે ભારતના તમામ વિભાગોની પ્રજા ઇતિહાસમાં પહેલી વાર સંકલિત – સુગ્રથિત થઇ હોય, "હિંદ – એક રાષ્ટ્ર"ની ભાવના સાકાર થઇ હોય તો તે બ્રિટિશ શાસનકાળ દરમ્યાન જ રાષ્ટ્રીયતાની–પ્રજાકિયતાની એ ભાવના પશ્ચિમની નીપજ છે અને આપણામાં એ ભાવનાને એ પશ્ચિમે જ સંક્રાંત કરી છે. દુર્ભાગ્યે હજી આપણા દેશમાં ખાસ કરીને ગુજરાતમાં – એ ભાવનાની જોઇએ એવી પ્રાણપ્રતિષ્ઠા થઇ નથી ; આપણે આપણા અવિસ્મરણીય નાનામોટા માણસોને નાનામોટા બનાવો વિષે પૂરતી માહિતી જાળવી નથી ; એમનું આલેખન કરવા માટે જરૂરી ઐતિહાસિક સાધનો સાચવ્યાં નથી. વળી, હિન્દમાં પ્રજાકિયતાનો કંઇક ઉદય થયો કે તરત તે હિન્દુ પ્રજાકિયતાવાદ ને મુસ્લિમ પ્રજાકિયતાવાદ એમ બે ફાંટિયાંમાં વહેંચાઇ ગયો.

ઉપર દોર્યો છે તેવો વિચારતંતુ પ્રો. ઠાકોરનો હતો. પશ્ચિમની રાજકીય સ્વાતંત્ર્યની, પ્રજાકિયતાની, ઐતિહાસિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિની, જનહિતસાધકતાની, પ્રજાશાસનની, કાનૂનરાહે રાષ્ટ્રીય આર્થિક સામાજિક સમાનતાના સ્થાપનની– વ્યક્તિવ્યક્તિ વચ્ચે કાનૂનરાહે સમાનતાના સ્થાપનની, યંત્રોનાં ચક્રો વચ્ચે મઝદૂરોની માનવતા સંસ્કારિતા વિખાઇ ન જાય પરંતુ વિવિર્ધમાન રહે તેની તકેદારી રાખવાની ભાવનાઓ ઠાકોરને શિરસાવંદ્ય હતી. લોકશાહીને માટે અપક્વ હોય તેવા દેશો માટે લોકશાહી કેવાં કેવાં ભયસ્થાનો ઊભાં કરે છે તેનાથી તેઓ વાકેફ હતા. એટલું જ નહીં તેઓ એવા દેશો માટે લોકશાહીને બદલે બ્યુરિયોક્રેસી જેવા અન્ય વિકલ્પની ભલામણ કરનારા હતા. આમ છતાં તાત્ત્વિક રીતે તો તેઓ પ્રજાતંત્રને જ સર્વોત્કૃષ્ટ માનનારા હતા. માનવસમાજની સંસ્કારિતાની વિવૃદ્ધિની સાથે નાની નાની ઠકરાતોને – બદલે મોટાં રાષ્ટ્રો ને વિશાળ સામ્રાજ્યોની રચનાની સાથે તકરારો ને યુદ્ધને માર્ગે નહીં પણ લવાદી, વાટાઘાટો જેવા વધારે સમજદાર ને સભ્ય માર્ગે નિવારવાની

તરફેણ વધતી ગઇ અને તે સાથે "અહિંસા"ના અમલનું પણ વિસ્તરણ થતું ગયું. ઠાકોરે લોકશાહી તંત્રને (પોતાની માન્યતા મુજબનાં) અહિંસાના વિસ્તરણને માટે સૌથી વધુ અનુકૂળ તંત્ર ગણ્યું છે: પ્રજાસ્મિતાનાં નૂતન મૂલ્યનો પુરસ્કાર પણ તેમણે ઉત્સાહથી ઘણીવાર કર્યો છે. હિન્દની રાષ્ટ્રીય ચળવળમાં મુસલમાન કોમવાદે ભજવેલા ભૂંડા ભાગ સામે તેમને અણગમો હતો છતાં તેમણે મુસ્લિમ કોમમાં મુસ્લિમ રાષ્ટ્રવાદના ("પાકિસ્તાન"ના ખ્યાલના) આ વિષ્કારને તદ્દન સ્વાભાવિક ગણ્યો છે. હિન્દની પ્રજામાં ઠાકોરે પ્રજાસ્મિતાને હિન્દુ પ્રજાસ્મિતા અને મુસ્લિમ પ્રજાસ્મિતા એમ બે ફાંટામાં વહેંચાયેલી જોઇ એટલે તેમણે એકની જેમ બીજાના આ વિષ્કારને પણ વાસ્તવિક ને સ્વાભાવિક ગણી લીધો. પરંતુ ગાંધીજીની જેમ તેમણે એકમાત્ર હિન્દી (યા ભારતીય) રાષ્ટ્રવાદની વિભાવના વિચારી હોત તો તેમણે તેમની વિચારેલી ઉપર્યુક્ત બે ભિન્ન કોમી પ્રજાસ્મિતાઓનો ગાંધીપ્રણીત એ એકજ પ્રજાસ્મિતામાં વિલય કરી દેવાનો આદર્શ માન્ય રાખીને મુસ્લિમ પ્રજાસ્મિતાને સ્વાભાવિક લેખવાની ઉદારતા નહીં બતાવતાં એને સંકુચિત કોમવાદ ગણીને ધુત્કારી કાઢી હોત. મુસ્લિમ પ્રજાસ્મિતાની માફક હિન્દુ પ્રજાસ્મિતા આપણે ત્યાં જાગી હતી અને હજી પણ તેના અવશેષ જોવા મળે છે પરંતુ હિન્દી પ્રજાસ્મિતા આગળ એ નિર્બલ બની ગઇ; ત્યારે મુસ્લિમ પ્રજાસ્મિતા વધુ કટ્ટર બનતી ગઇ, એ વાતની ઇતિહાસ શાખ પૂરે છે.

સમાજની સર્વાંગી કર્તવ્યવ્યવસ્થાને ખાતર આપણે ત્યાં આર્યોએ ચાતુર્વર્ણ્યનું નિર્માણ કર્યું; એમાં કાલક્રમે નવાનવા વિજાતીય જથાઓ ઉમેરાતા - સ્વીકારાતા ગયા તેમતેમ હિંદુ સમાજનો વિસ્તાર થતો ગયો ને સાથે સાથે ઉચ્ચાવચ ક્રમવાળી જ્ઞાતિઓની સંખ્યા પણ વિશાળ બનતી ગઇ. આ કુલ પ્રજાસમુદાય બુદ્ધિજીવી બ્રાહ્મણ અને શ્રમજીવી બ્રાહ્મણેતર

એવા બે ભાગમાં વહેંચાઇ ગયો. બ્રાહ્મણો પોતાને બ્રાહ્મણેતર વર્ણોથી ઘણા ઉંચા સમજતા ; કેટલાંયે બ્રાહ્મણેતર વર્ણોને તો તેઓ અસ્પૃશ્ય લેખતા. દરેક વર્ણ મૂલ સ્થાન, પૂર્વપુરુષ વગેરેના ભેદથી ઘણી જ્ઞાતિ-ઓમાં વહેંચાઇ જવા લાગી અને દરેક જ્ઞાતિમાં લગ્ન- ભોજનાદિના વ્યવહારનાં અસંખ્ય સાંકડાં કુંડાળાં કે ગોળ પેદા થવા લાગ્યા. આમ વર્ણો અને જ્ઞાતિઓનાં આંતરિક અંતરો વધતાં ગયાં તેમ બ્રાહ્મણોને બ્રાહ્મણેતર વર્ણો વચ્ચેનું અંતર તો ઘણું જ મોટું થઇ ગયું. આથી બ્રાહ્મણોની બુધ્ધિનો બ્રાહ્મણેતર વર્ણોની કારીગરીને પરામર્શ મળતો બંધ થઇ ગયો એથી આપણી કારીગરીનો વિકાસ અમુક હદે પહોંચીને અટકી ગયો ; એ જ પ્રમાણે બ્રાહ્મણેતર વર્ણોની કારીગરી બ્રાહ્મણોની બુધ્ધિને નવા-ભિનવ શોધખોળો રચનાઓના ઉન્મેષો માટે ઉત્તેજી શકી નહીં. આમ બે વર્ગોનો માનસ સંબંધ લુપ્ત થઇ જવાથી આપણી બુધ્ધિ અને આપણી કારીગરી થીજી ગઇ અને આપણો વિકાસ સર્વતઃ બંધ પડી ગયો ને આપણી કેટલાંયે પેઢીઓ જરઠતામાં જ જન્મીને મરી ગઇ.[૫૩]

જ્ઞાતિઓના ઉચ્ચાવચ ક્રમોને કારણે આપણા સમાજમાં પેઠેલી અસમાનતાને સ્થાને અંગ્રેજોના આગમને સમાનતાની ભાવના આણી. બૌધ્ધિક જીવનકર્તવ્યો, વ્યવસાયો, કસબકારીગીરીઓ વગેરેની બાબતમાં જે તે જ્ઞાતિઓના પરાપૂર્વથી ચાલતા આવેલા ઇજારાઓ તૂટ્યા અને જડ બંધોમાં જકડાઇ રહેલા વિભાગોમાં વિભક્ત થયેલા આપણા સમાજમાં એકાકારતાનું નવું સંચલન શરૂ થયું. ગાંધીજીએ ચલાવેલા અસ્પૃશ્યતાનિવારણના આંદોલનનું મૂળ પણ પશ્ચિમે આપણે ત્યાં આણેલી સમાનતાની ભાવનામાં રહેલું છે. આપણા સમાજમાં શરૂ થયેલા આ ક્રાંતિકારક ફેરફારો માટે પ્રો. ઠાકોરે અંગ્રેજ પ્રજાનું ઋણ સ્વીકાર્યું છે. ઠાકોરે એ પણ સ્વીકાર્યું છે કે આવાં સૂક્ષ્મ, સક્રિય મૂલ્યો અને ભાવનાઓનું તો એ પ્રજાએ આપણને પ્રદાન કર્યું છે ; પરંતુ ઝડપી વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, યંત્રોપયોજન વગેરે

જેવી ભૌતિક સગવડો પણ એ પ્રજાને લીધે જ આપણને મળી છે અને તે બધાનો પણ આપણી પ્રજામાં શરૂ થઇ ચૂકેલી બહુમુખી ક્રાંતિમાં નાનોસૂનો ફાળો નથી.

મનુષ્ય એક અહંપ્રધાન પ્રાણી છે. પોતાનામાં જે કંઇ સારું હોય તેનું શ્રેય કેવળ પોતાને જ છે અથવા પોતાનામાં કશીએ એબ નથી, બધી સારપ જ છે અને જો કંઇ એબ હોય તો તે પોતાનામાં નહીં પણ બીજાઓમાં છે, એમ માનવા મનાવવા માટે તે ઘણીવાર સત્ય પર ઢાંકપિછોડો કરી અસત્યને પપાળે છે. આપણી દંતકથાઓ, આપણા પ્રબન્ધો વગેરેમાં આમ જ સત્યના એક પાતળા પડ ઉપર અતિશયોક્તિઓ અને અસત્યોનાં સેંકડો ઘાટાં પડ લપેટી દેવામાં આવ્યાં હોય છે. એટલે જેમજેમ આપણી પાસે શુદ્ધ ઐતિહાસિક પ્રમાણો વધતાં આવે તેમતેમ આપણે એ દંતકથાઓ, પ્રબધો વગેરેમાં રજૂ થયેલી માન્યતાઓને ફેરવવી પડે છે. એ દંતકથાઓ, પ્રબધોમાં પડેલો ઇતિહાસ ઘણીવાર અશુદ્ધ અશાસ્ત્રીય હોય છે એમાંથી શાસ્ત્રીય ઇતિહાસ ઉપસાવવા માટે એ ઇતિહાસને "શાસ્ત્રીય નિર્ણયવાળો" ઇતિહાસ બનાવવો પડે છે. "શાસ્ત્રીય નિર્ણય માટે બધો પુરાવો જોઇએ, આખી પરિસ્થિતિ ધ્યાનમાં લેવાવી જોઇએ, સામસામા તમામ બલાબલની ચોક્કસ તુલના કરવી જોઇએ, દરેક નોંધ, ઉક્તિ, દાવા, તોહમત અને સાક્ષીની વિશ્વસનીયતા કેટલી છે તે સકારણ નક્કી થવું જોઇએ અને એ સર્વમાંથી સત્ય- આખા સત્યને જ વળગી રહી કારણ અને કાર્યની ઘટના શુદ્ધ ન્યાયબુદ્ધિથી કરવી જોઇએ". શુદ્ધ શાસ્ત્રીય ઇતિહાસ વિષેની ઠાકોરની આ ભાવના હતી. ભગવાન પરશુરામના પુરાણકાલીન અસ્તિત્વની સત્યતા વિષે ઠાકોરને કોઇ ઐતિહાસિક આધાર ન મળ્યો, જે મળ્યો તે તેમને મને અશ્રદ્ધેય નીકળ્યો એટલે એમણે નિર્ણય આપી દીધો કે આક્રમક અનાર્યો સામે તેમ જ અંદરો-

અંદર લડીને ક્ષત્રિયો નષ્ટપ્રાયઃ થઇ ગયેલા, "એ હકીકતના જ ખુલાસારૂપે બ્રાહ્મણોએ કેવળ પોતાના ગૌરવને વધારવાની ઇચ્છાએ પરશુરામ નામે બ્રાહ્મણ ઇશ્વરાવતારની કલ્પના કરી અને તેણે આતતાયી બની ગયેલ ક્ષત્રિય રાજકુલોનો જાતે સવિશેષ આતતાયી બનીને - ફરીફરીને એકવીશવાર મહાસંહાર કર્યો, વગેરે વગેરે પુરાણને કેવળ ગપોડાં ગણું છું". (આ વિધાનમાં કાં તો સત્ય હોવું જોઇએ. નહીં તો, એમાં એક ઉત્કટ જ્ઞાતિસંપ્રજ્ઞ બ્રહ્મક્ષત્રિયનો ક્ષત્રિયોના સંહારક મનાયેલા બ્રાહ્મણ પ્રત્યેનો દ્વેષ હોવો જોઇએ. નહીં તો, ઠાકોરને ગમે તે કારણે ક.મા.મુનશી પ્રત્યે તિરસ્કાર હોય અને એ તિરસ્કારને સંતોષવા તેઓ મુનશીના પુરાણપૂર્વજની ઐતિહાસિક સત્યતાને સમૂળગી નકારી કાઢવામાં રાચતા હોય એમ પણ બને. આમાંથી શું સાચું તે કહેવું મુશ્કેલ છે.) ઠાકોર નરસિંહ મહેતાને પણ "વૈષ્ણવપંથના અતિકુશલ પ્રચારકો"એ "આપણા સાહિત્ય"માં ઘુસાડેલી એક કપોલકલ્પિત વ્યક્તિ ગણી કાઢ્યા છે કેમકે તેમને મતે મહેતાના "અસ્તિત્વ માટે મોટી (અને જૂની) ભક્તમાલથી સ્વતંત્ર એકે પુરાવો" જોવા નથી મળતો. આમ કોઇપણ જાતિ, ધર્મ, વંશ, સ્થળના માણસોએ પોતાના ગૌરવ, મહિમાને મિથ્યાપણે વધારી મૂકવાનો કંઇપણ પ્રયત્ન કર્યો હોય તે સામે શુધ્ધ ઇતિહાસદૃષ્ટિ અને સત્યનિષ્ઠાનો આગ્રહ સેવનારા ઠાકોરે સખત ઘૃણા દર્શાવી છે. અને તેથી તેઓ એ પ્રકારની "ઊર્મિલતા", "ફૂલણ-ફિશિયારી"નાં આલેખનોને - કવિતામાંથી પણ જાકારો આપે છે; એવાં આલેખનોવાળા સાહિત્યને પણ તેઓ ઘૃણાની નજરે જુએ છે. તેમણે સાહિત્યવિવેચનમાં જે "ઐતિહાસિક તુલનાત્મક ભિન્નગત શાસ્ત્રીય" પધ્ધતિનો અનુરોધ કર્યો છે તેનું મૂળ પણ તેમના ઇતિહાસઅભ્યાસમાં જ રહેલું છે. તેમની ઇતિહાસદૃષ્ટિએ તેમની સાહિત્યદૃષ્ટિ પર ઘેરી અસર પહોંચાડી છે. "નવીન કવિતા વિષે વ્યાખ્યાનો" માં[૫૪]

રામનારાયણકૃત "રાણકદેવી", નવલરામકૃત "વીરમતી", શ્રીધરાણી-કૃત "શિવાજી"ની ચર્ચા કરતાં તેમણે કહી દીધું છે કે કોઇપણ દંતકથા કે ચમત્કારકથા જ્યારે ખોટી ઠરે છે ત્યારે, તેને આધારે તે પહેલાં લખાઇ ચૂકેલી સાહિત્યકૃતિ -, તેમાંનો સાહિત્યગુણ અવિચલિત રહેલા હોવા છતાં, ચે, - "ઐતિહાસિક શાસ્ત્રીય બુધ્ધિવાળા" વાચકોની "શાસ્ત્રીય દૃષ્ટિને અખૂચતી" બની જાય છે. અહીં આપણે એટલું જ કહીશું કે સાહિત્યના આસ્વાદકે કોઇપણ સાહિત્યકૃતિના મૂલ્યાંકનમાં કેવળ શુધ્ધ સાહિત્યદૃષ્ટિ જ અખત્યાર કરવી જોઇએ, તેને બીજી દૃષ્ટિઓથી અભડાવા દેવી ન જોઇએ; કેમકે પોતાની સાહિત્યદૃષ્ટિને તે જો બીજી દૃષ્ટિઓથી તત્પૂરતી અલિપ્ત ને નિર્મળ રાખી શકે તો જ તે પોતે આસ્વાદવા લીધેલી સાહિત્યકૃતિની સાહિત્યિક મૂલ્યવત્તાને ખરો ન્યાય આપી શકે.[૫૫]

ઇતિહાસનાં કેટલાંક સુપ્રસિધ્ધ તથ્યો અંગેનાં ઠાકોરનાં વિધાનો પણ ક્યારેક વિવાદાસ્પદ લાગે છે. ઉદાહરણ તરીકે, "આપણા ઇતિહાસના યુગો" નામક વ્યાખ્યાનમાંનું[૫૬] એક વિધાન અહીં લઇશું. એમાં તેઓ કહે છે: "અલીગઢ કોલેજ, અલીગઢ વિશ્વ-વિદ્યાલય, ધાર્મિક અને બીજા કોમી ભેદોને ગૌરવ આપતું ચૂંટણીતંત્ર, પાકિસ્તાન નામે હિંદના અમુક પ્રદેશોમાં મુસ્લિમોનું સ્વતંત્ર રાજ્ય સ્થપાવા દેવાનું વલણ, આદિ આ બ્રિટિશ સામ્રાજ્ય યુગ કેટલે અંશે મુસ્લિમ કાળનો યુગ પણ ગણાવો ઘટે તેના નિરુત્તર પુરાવા છે". ઠાકોરે જે સમયની વાત કરી છે તે સમયમાં મુસ્લિમકોમી પ્રવૃત્તિઓ ઉપરાંત બીજી ઘણી પ્રવૃત્તિઓ ભારતમાં ચાલતી હતી: એવી દરેક પ્રવૃત્તિ પરથી એ સમયનાં નામ પાડવા જઇએ તો તેને માટે કેટલાં બધાં નામો પાડવાં પડે ? અને એમ કરવું કેટલે અંશે વાજબી લેખાય ? જે જમાનામાં જે પરિબળોનો અગ્રતમ વ્યાપક પ્રભાવ પ્રવર્તતો હોય તે જમાનાનું નામ તે પરિબળો પરથી પડી શકે. (અને લગભગ આ જ

દૃષ્ટિ બિન્દુ ઠાકોરને પણ અન્યત્ર માન્ય છે.[57] એ પરિબળો સાથે બીજાં અસંખ્ય ગૌણ બળો પ્રવર્તતાં હોય એવું બને, તેમની ઇતિહાસકારે નોંધ લેવી જોઇએ ખરી, પરંતુ ઇતિહાસકાર તે બળોનું નામ તે યુગને તો ન જ આપી શકે. "યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ"માંનાં ઠાકોરનાં કેટલાંક વિધાનો કોઇ ઇતિહાસાભ્યાસીને ચિંત્ય કે વિવાદાસ્પદ લાગવાનો સંભવ છે. ત્યાં તેમણે અંગ્રેજો સામેના અમેરિકન પ્રજાના સ્વાતંત્ર્યસંગ્રામને "માતૃભૂમિ પ્રત્યેની નિમકહરામી"વાળો, અસત્યના પાયા પર ક્ષુદ્ર કારણોસર મંડાયેલો અને કેવળ ઇંગ્લેંડદ્વેષી યુરોપીય રાજ્યોની ધરખમ મદદ વડે જ લઢાયેલો ને જિતાયેલો કહ્યો છે. અમેરિકન પ્રજા પોતાનું સ્વાતંત્ર્ય પોતાની મેળે કમાઇ નહોતી પણ ફ્રાન્સ જેવા દેશે એ સ્વાતંત્ર્ય એને દાનમાં આપ્યું હતું એમ ઠાકોરનું માનવું હતું. વળી જ્યોર્જ વૉશિંગ્ટન, અબ્રાહમ લિંકન જેવા અમેરિકી મહાપુરુષોને તેમણે પ્રથમ પંક્તિના નહીં પણ બીજી પંક્તિના મહાપુરુષો ઠરાવ્યા છે. એંગ્લોફોબિયાની જે પ્રતિક્રિયારૂપે તેમણે ભારતીય કોંગ્રેસ અને કોંગ્રેસી નેતાઓને નિંદ્યા હતા તેને અનુસરીને જ તેઓ અમેરિકી સ્વાતંત્ર્યવિગ્રહ વિષેના પોતાના નિર્ણયો બાંધવા પણ પ્રેરાયા હોય એમ બનવાજોગ છે. છતાં, અમેરિકી સ્વાતંત્ર્યવિગ્રહને વખોડનારા ઠાકોરે તેમાંથી નીપજેલાં કેટલાંક – તેમનું બંધારણ, તેમની પ્રજાસ્મિતા, તેમનું પ્રજાશાસન, તેમની અધિકારસમાનતા, તેમની ગુલામગીરીની પ્રથાની નાબૂદી વગેરે જેવાં – પરિણામોને પ્રશંસ્યાં છે તેમજ જાગતિક ઇતિહાસ પરની તેની અસરકારકતાને સ્વીકારી છે. આમ કરવામાં તેમણે કાર્ય અને કારણ વચ્ચે ગુણલક્ષી સ્વરૂપભેદના પ્રવર્તનની શક્યતાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. પોતાનાં મંતવ્યોને સાધાર પુરવાર કરવા માટે તેમણે ઉક્ત પુસ્તકમાં ઘણી વીગતો ચર્ચી છે; પરંતુ એમનાથી જુદાં વિચારધોરણોએ અને જુદાં દૃષ્ટિબિંદુઓએ અમેરિકી પ્રજાના સ્વાતંત્ર્યવિગ્રહ વિષેની તથા શેષ અમેરિકી ઇતિહાસ વિષેની તેમણે આપેલી તેમજ નહીં આપેલી એવી બીજી વિગતો તપાસનારને એમનાથી જુદાં વિધાનો કરવાનું પ્રાપ્ત થાય એમ બનવાનો પણ પૂરો સંભવ રહે છે.

પ્રો. ઠાકોરે ઇતિહાસ ઉપરાંત પોલીટીકલ ઇકોનોમીના વિષયનું પણ અધ્યાપન કેટલોક વખત કરેલું. (સન ૧૯૦૦ના અરસામાં ઠાકોરે કલકત્તા વિશ્વવિદ્યાલયની નિવિદા અનુસાર ત્યાંની અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક માટેની જગ્યા સારુ અરજી કરી હતી પણ તેમને પસંદગી-મુલાકાત માટે બોલાવવામાં પણ નહોતા આવ્યા.) તેથી તેઓ સારી રીતે જાણતા હતા કે, "રાજકીય તથા આર્થિક બનાવોનો અન્યોન્ય સંબંધ એટલો નિકટ છે કે ઇતિહાસના ક્ષેત્રમાં કેટલાક વિદ્વાનો રાજકીય બનાવોના કારણરૂપે બહુધા આર્થિક બનાવોને આગળ કરે છે,"[૫૮] તથા "ઇતિહાસવિદ્યા ખીલતી આવતાં તેમાં અર્થકારણી અને બંધારણી પ્રકરણો વિશેષ સત્ત્વવાળાં ગણાતાં થઇ રાજકારણને અપાતી જગા ઘટે અને આ બીજા વિષયોને વધારે જગા આપી હોય એવા ઇતિહાસગ્રંથો વધતા જાય છે."[૫૯] આથી, તેમણે પણ "ઇતિહાસ દિગ્દર્શન"માં પ્રાચીન, મધ્યકાલીન ઇતિહાસના મુદ્દાઓની છણાવટની સાથે આર્થિક ઇતિહાસની પણ કેટલીક બાબતો વિષે લખ્યું છે.

પશ્ચિમના દેશોને તેમની ઘેરી આર્થિક સમસ્યાઓએ પરદેશો ખેડવા ફરજ પાડી. આર્થિક રીતે જે પરપ્રદેશો તેમને લાભદાયી લાગ્યા તે તેમને તેમની ઇચ્છાનુસાર લાભદાયી નીવડ્યા કરે તેટલા માટે તેમને એ પ્રદેશો પર પોતાનો રાજકીય કાબૂ જમાવવાની ફરજ પડી. વ્યાપારી તરીકે આવેલા અંગ્રેજો એ રીતે આપણે ત્યાં શાસક બન્યા અને એમની સર્વતોમુખી અસરો એમણે આપણી પ્રજા ઉપર પાડવા માંડી. એમાં આપણી પ્રજા પોતાની પરાપૂર્વથી ચાલતી આવેલી કેટલીયે કારીગરીઓને ભૂલવા માંડી. આપણે આપણું- સ્વદેશી- છોડીને પરાયું-પરદેશી- અપનાવતા ગયા. જગતની એક મહાન સંસ્કૃતિને જમાનાઓથી પેદા કરી ચૂકેલી એક પીઢપાકટ પ્રજા બીજી એક બાહ્ય આગંતુક પ્રજાથી આટલી બધી હદે બાલિશતાપૂર્વક મંત્રમુગ્ધ થઇ જાય એ પ્રો. ઠાકોરને વિચિત્ર લાગ્યું છે; એ ઘટનામાં તેમણે આપણી પ્રજાની જડતા જોઇ છે, આપણી સંસ્કૃતિ

માટેના આપણા અભીષ્ટ ગૌરવનો એમાં એમણે લોપ થયેલો જોયો છે.

એ નામોશી ટાળી શકાય તે વાસ્તે તેમણે આપણી પ્રજાને આર્થિક પરાવલંબિતા છોડવા અનુરોધ કર્યો છે. એ માટે તેમણે આપણા લોકોને નિષ્ણાત "યંત્રપંડિતો", "યોજનાપંડિતો" બનવા ઉદ્બોધ્યા છે, અને આપણે ત્યાં નખાતાં કારખાનાંને પાયાથી ટોચ લગી સ્વદેશી નિર્મવાની તેમણે હિમાયત કરી છે. આપણા આંગ્લ વિજેતાઓએ આપણી માલિકી ધારણ કરીને બદલામાં આપણને ઘણું ઘણું (બીજા ક્ષેત્રોની જેમ ઔદ્યોગિક ક્ષેત્રે પણ) આપ્યું છે એમ કહીને આંગ્લભક્તિ દાખવનારા ઠાકોર એમની ઉપલી હિમાયતમાં રાષ્ટ્રવાદી વલણવાળા લાગે છે. ઔદ્યોગિક વિકાસના ખપ્પરમાં, યંત્રોનાં તોતિંગ દાંતાળાં ચક્રો વચ્ચે સંભાવ્ય બનતા માનવીય મૂલ્યોના જોખમ તરફ પણ પ્રો. ઠાકોરે અંગુલિનિર્દેશ કર્યો છે. ગામડાંમાંથી ઓછાવત્તા કંઇકને કંઇક માનવીય ગુણો સહિત આવીને શહેરનાં કારખાનાંમાં ભરતી થયેલા મઝદૂરોના એ માનવીય ગુણો તેમનામાંથી તેમના એ કારખાનામાંના જીવન દરમ્યાન કાલક્રમે લુપ્ત ન થઇ જાય, પરંતુ એ ગુણો તેમનામાં ટકે, બલ્કે વધે તે તરફ પૂરતું ધ્યાન આપવાની ધૂમ નફો કમાતા ઉદ્યોગપતિઓને ઠાકોરે ચીમકી પણ આપી છે.

૫ ઠાકોરના રાજકારણીય, ઇતિહાસવિષયક તથા સમાજવિષયક વિચારોની તેમના શિક્ષણવિષયક વિચારો ઉપર અસર પડેલી વરતાય છે. સન ૧૯૪૯માં અમદાવાદની ગુજરાત વિદ્યાસભા સમક્ષ અપાયેલા "આપણા ઇતિહાસના યુગો" નામક વ્યાખ્યાનમાં તેમણે ઉદીયમાન યુગને "જનતાના ઐક્યાનુભવનો યુગ" કહ્યો હતો. ભારતીય જનતામાં

પ્રજાસ્મિતા વેગભેર પ્રવેશે અને સુદૃઢ બને એ તેમની વર્ષોજૂની ભાવના હતી. પરંતુ, ભારતીય પ્રજાસ્મિતાની ભાવનાની ઉજ્જાગૃતિની વાત તો બાજુએ રહી પણ ગુજરાત જેવા પ્રાંતની પ્રજામાં એક ગુજરાતી પ્રજા તરીકેની પ્રજાસ્મિતાનો યે અભાવ વરતાતો હતો અને તે વાતથી ઠાકોર છેક તેમના વિદ્યાર્થીકાળથી વાકેફ હતા. સન ૧૮૮૯માં ડેક્કન કોલેજમાંથી સ્નાતક થઇને નીકળ્યા પછી તેઓ બે વર્ષ માટે મુંબઇમાં આઇ.સી.એસ.-ની તૈયારી માટે રહ્યા હતા. ત્યારે, ૨-૨-૯૦ના દિવસે ત્યાંના ગુજરાતી સોશિયલ યુનિયનમાં 'want of combination amongst gujaratis"ના વિષય પર યોજાયેલી ચર્ચાસભામાં તેમણે બીજા કેટલાક ચર્ચાકારો સાથે ભાગ લીધો હતો. બીજા વક્તાઓએ આબોહવા, સામાજિક રીતરિવાજો અને યોગ્ય શિક્ષણના અભાવને આપણી ઐક્ય-ભાવનાની ખામી માટે જવાબદાર ઠેરવ્યાં હતાં. ઠાકોરે અંગ્રેજીમાં બોલીને જણાવ્યું હતું : "પછાત સમાજોમાં ધર્મના અનુબંધથી અને પ્રગત સમાજોમાં સંસ્કારિતાના અનુબંધથી ઐક્યભાવ જળવાયેલો છે પણ આપણે ત્યાં એ બેમાંથી એકે ય અનુબંધ નથી. કોઇ કહેશે કે આપણે ત્યાં ધર્મ તો છે ; પણ એ ધર્મ નથી હૃદયનો કે નથી બુધ્ધિનો, કેવળ મોઢાનો છે. એમ જ આપણે ત્યાં સંસ્કારિતાનાં કે નવાં સાંસ્કૃતિક મૂલ્યોનાં યે ઠેકાણાં નથી. સામૂહિક ક્રિયાત્મકતાને પેદા કરનાર રાષ્ટ્રીયતા કે માનવતાનો આપણામાં ખ્યાલ સરખો નથી. આપણા ઇતિહાસના શિવાજી-મરાઠાઓ જેવાં પ્રકરણોમાં દેખાતું સંગઠન પણ અપવાદરૂપ નથી કેમકે એ દાખલા ઐક્યભાવના નથી. એ દાખલા 'Genuine spirit of organic Nationality'ના પરિણામરૂપ નથી, એ તો એક મહાન પુરુષે પોતાના પ્રદેશબાંધવો પર અનુકૂળ સંજોગોમાં પાડેલા શક્તિશાળી પ્રભાવના દાખલા છે. આપણી ધાર્મિક લાગણી પાછી આણવી જોઇએ, સાંસ્કૃતિક મૂલ્યોની સૂઝ ફેલાવવી જોઇએ, તો જ ઐક્યભાવના અને સામૂહિક ક્રિયાત્મકતા આવે. પણ તે આવશે શિક્ષણથી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ પારલૌકિક હતી ને તે પોતે જ પોતાનું સાધ્ય હતી. આજે એ

સાધ્યની ભાવના રહી નથી, ને તેને સ્થાને નવી ભાવના સ્થપાઇ નથી. તેથી આપણો સમય સંક્રાંતિકાલ છે. પ્રવર્તમાન અનિષ્ટોનો વાંક સંસ્કૃતિ નહીં પણ સંક્રાંતિને માથે આવવો જોઇએ. સ્ત્રીઓમાં સાંસ્કૃતિક મૂલ્યોની સૂઝ ફેલાવો, બધી જ્ઞાતિઓને ચાર વર્ણોમાં ઘટાડો દો, આપસ આપસના લોહીસંબંધો ને ભાઇચારો વધે એવી રીતે વિશાળતર, સમાજોને અસ્તિત્વમાં લાવનારી બીજી કોઇ યોજના કાઢો ને અપનાવો ; તો જ આપણે આપણું ધ્યેય સર કરી શકીશું". [61] આ વક્તવ્યનો એટલો જ સાર છે કે કોઇપણ પ્રજાએ પોતાનો સર્વાંગી ઉત્કર્ષ સાધવો હોય તો તેનામાં પ્રજાસ્મિતાની ભાવનાની – પ્રજા તરીકેના ઐક્યની અનિવાર્ય આવશ્યકતા રહે છે. એ ઐક્યભાવના સાંસ્કૃતિક મૂલ્યોના અનુવર્તન સિવાય આવે નહીં. એ માટે રૂઢ સમાજવ્યધારણને પલટી નાખવું પડે તો તે પણ કરી નાખવું જોઇએ પરંતુ એ માટે પ્રજાને તૈયાર કરવા પ્રજામાં નવતર સાંસ્કૃતિક મૂલ્યોનો ચેતનવંતો બોધ ને અનુરોધ થવો જોઇએ. એ કામ ગમે તે પધ્ધતિએ થાય, ગમે તે સંસ્થા મારફત થાય ; પરંતુ એ કામ એક પ્રકારનું શિક્ષણકાર્ય છે એની કોઇથી ના નહીં પડાય. આમ જણાવીને ઠાકોરે શિક્ષણને દેશના નવનિર્માણ માટેના એક મહાન બળ તરીકે અહીં ઉલ્લેખ્યું છે. પ્રો. ઠાકોરને પૂનામાં– અને તેથી, મરાઠી લોકોના સંપર્કમાં – રહેવાનો લાંબો સુયોગ પ્રાપ્ત થયો હતો. પૂનાની ડેક્કન કોલેજમાં તેઓ ભણ્યા હતા, એટલું જ નહીં પણ ૧–૬–૧૯૦૦થી ૨૭–૫–૧૯૦૨ સુધી તેમણે એ જ કોલેજમાં એક્ટિંગ પ્રોફેસર તરીકે કામ કર્યું હતું, તથા સન ૧૯૦૪થી ૧૯૧૩ સુધી રાજકોટમાં રાજકુમાર કોલેજના અધ્યાપક તરીકે અને પછી કેળવણી અધિકારી તરીકે નોકરી કર્યા બાદ તેમણે સન ૧૯૧૪-થી ૧૯૨૪ સુધી (૨૩–૧૦–૨૪ના દિવસે તેઓ નિવૃત્ત થયા, ત્યાં સુધી) ફરી ડેક્કન કોલેજમાં કાયમી પ્રાધ્યાપક તરીકે કામ કર્યું હતું. ત્યાંથી નિવૃત્ત થયા પછી પણ બેવર્ષ પર્યંત તેઓ પૂનામાં જ રહ્યા હતા. દરમ્યાનમાં તેઓ મરાઠી પ્રજાના "સિધ્ધાંતોને વળગી રહેવાની ચિકકણતા", "વિદ્યા–

પ્રીતિ", "ખાનપાન", "પ્હેરવાઓઢવાની, સામાજિક પ્રસંગો વખતે કરકસરની અને જૂની રૂઢિઓને વળગી રહેવાની સાદાઇ", "શારીરિક સ્ફૂર્તિ", "ખેલો અને કસરતોના શોખ"[૬૨] વગેરે ગુણો ઉપરાંત તેમના "પ્રજાપણાના ઐક્યભાવથી પ્રભાવિત થયા. આથી તેઓ જ્યારે જ્યારે મરાઠી પ્રજાનો વિચાર કરતા ત્યારે તેની સરખામણીમાં ગુજરાતની પ્રજા કેટલે છે તેનો વિચાર કર્યા વગર રહી શકતા નહોતા. અથવા તેઓ ગુજરાતનો વિચાર જ્યારે જ્યારે કરતા ત્યારે તેની સામે મરાઠી પ્રજાનું દૃષ્ટાંત તેમના મનમાં યાદ આવ્યા વગર રહેતું નહીં. ગુજરાતી પ્રજા તેમને પ્રજાસ્મિતા ઉપરાંત બીજા કેટલાયે ગુણોમાં માત્ર મરાઠી જ નહીં પણ બંગાળી, મદ્રાસી, પંજાબી પ્રજા કરતાંયે પાછળ લાગતી હતી. બનતાં સુધી તેમણે તેમના પૂનાનિવાસ દરમિયાન જ "બૃહદ્ બ્રિટન, બૃહદ્ રોમ અને બૃહદ્ ગ્રીસના ઐતિહાસિક વિકાસમાંનાં જુદાં જુદાં લક્ષણો તારવી તે સાથે આપણી પ્રજાના આખા હિંદમાં, આખા એશિયામાં, આખા પાસિફિકમાં, અને તેથી પણ બ્હાર આફ્રિકા, યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયામાં પથરાટને બૃહદ્ ગુજરાતનું નામ આપ્યું" હતું. ગુજરાતમાં રહેતા ગુજરાતીઓમાં જ નહીં પણ બૃહદ્ ગુજરાતમાં વસતા ગુજરાતીઓમાં યે ગુજરાતી તરીકેની પ્રજાસ્મિતા જાગે તેમ જ ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાંનાં જુદાં જુદાં ગુજરાતી કેન્દ્રો વચ્ચે સંસ્કૃતિસંબંધ બંધાય તેવી ઠાકોરની મનીષા હતી. બૃહદ્ ગુજરાતમાં ગુજરાતીઓ માટે શાળાઓ, છાત્રાલયો, વિવિધલક્ષી મિલનસભાઓ સ્થપાય ; ત્યાંની શાળાઓ વગેરે માટે યોગ્ય કર્મચારીઓ ત્યાંની સ્થાનિક પ્રજામાંથી અપ્રાપ્ય હોય તો ગુજરાતમાંથી ચારિત્ર્ય-સંપન્ન ઉત્સાહી સેવાભાવી કાર્યકરો ત્યાં જઇને જોડાય, ગુજરાતમાંની અને ગુજરાત બહારની ગુજરાતી પ્રજાનાં સાહસાદિનો સાંસ્કૃતિક ઇતિહાસ રચાય વગેરે જોવા ઠાકોર અત્યંત ઉત્સુક હતાં.

આ બાબતમાં તેમણે પૂનાના ગુજરાતી બંધુસમાજના અગ્રણી જયશંકર પીતાંબરદાસ ત્રિવેદી સાથે મળીને કંઇક રચનાત્મક પગલાં ભરવાનું વિચાર્યું હતું. સન ૧૮૮૮ની યે પહેલાં સ્થપાયેલા બંધુસમાજમાં સર્વશ્રી ઇચ્છારામ ભગવાનદાસ, ઠાકોરદાસ, છગનલાલ કિલાવાળા વગેરેએ કાલાનુક્રમે આગેવાનો તરીકે કામ કર્યું હતું. સન ૧૯૧૪માં કિલાવાળાએ ઠાકોરદાસની જગા લીધી તે પછી તરતનાં થોડાં વર્ષોમાં જ. પી. ત્રિ.એ એ સંસ્થાની આગેવાની લીધી હતી અને સંસ્થાના કાર્યક્ષેત્રને ઘણું વિસ્તારી દીધું હતું. તેમની પહેલાંના કાર્યકર્તાઓના સમયમાં બંધુસમાજના નેજા નીચે બધા પૂનાનિવાસી ગુજરાતીઓ વરસમાં માત્ર એકવાર, "ઘણુંખરું શ્રાવણી અને ગણેશ-ચતુર્થીની આસપાસના એક રવિવારે કે છુટ્ટીના દિવસે", "નદીકાંઠે કોઇ વાડીએ" ભેગા થઇને રમતગમત, ભોજન, ચાપાણી, સમૂહતસ્વીરના કાર્યક્રમવાળો મેળાવડો ઉજવતા, એટલું જ. પણ જ્યારથી જ. પી. ત્રિ.એ એ સંસ્થાની આગેવાની લીધી ત્યારથી તેઓ એ સંસ્થાનાં "એ બંધારણ, એ ફંડ, એ થાપણ, એ હોસ્ટેલ, એ પુસ્તકાલય સર્વના ઉત્પાદક અને આત્મા" બનીને રહ્યા હતા; એ સંસ્થાની છાયામાં એમણે અને એમનાં પત્નીએ પૂનાવાસી ગુજરાતીઓને એકબીજાની વધારે નજીક આણ્યા હતા અને તેઓ પણ એમનામાં ઘણાં પ્રિય બન્યાં હતાં; સંસ્થાની પ્રવૃત્તિઓના સંચાલન માટે કોઇપણ પ્રકારની જરૂરી મદદ પણ લોકો ઉમળકાભેર તેમને કરતા રહ્યા હતા. ઠાકોરે જ. પી. ત્રિ.ની કાર્ય-પધ્ધતિ વિષે લખતાં કહ્યું છે કે તેઓ જે કોઇ પ્રકારનું કાર્ય ઉપાડતા તે કાર્યને ઉકેલવાની જવાબદારી તેઓ તે કાર્ય માટેની લાયકાત ધરાવનાર વ્યક્તિને જાહેર રીતે સોંપી દેતા, એ કાર્ય માટેનાં જરૂરી સાધનો તેમને મેળવી આપતા, પણ પોતે તો પડદા પાછળ રહેતા. એ અન્વયે ઠાકોરને કરવાં પ્રાપ્ત થયેલાં કાર્યોનો નિર્દેશ તેમણે (ઠાકોરે) ર. મ. રા.ને તા.૭-૧૧-૩૪ના દિવસે લખેલા પત્રમાં

કર્યો છે. સન ૧૯૧૪થી ત્યારસુધીમાં બંધુસમાજનું બંધારણ ત્રણવાર ફેરવાયેલું, એ ત્રણે બંધારણને ઠાકોરે પોતાનાં તૈયાર કરેલાં કહ્યાં છે; સમાજના આ બ્દિક અહેવાલોના સ્વરૂપને અને કામકાજની જુદી જુદી દિશાઓને ઠાકોરે પોતાનાં યોજેલાં જણાવ્યાં છે અને સમાજમાં એક હસ્તલિખિત ત્રૈમાસિક પણ પોતે શરૂ કર્યાનું – અને પછી તેઓ પૂનેથી વડોદરે રહેવા આવ્યા તે પછી સમાજનું "એ અંગ લથડ્યું" હોવાનું પણ તેમણે નોંધ્યું છે. જ. પી. તિ. [63] સાથે ઠાકોરે પૂનામાં ગુજરાતી શાળા અને હોસ્ટેલો ઊભી કરવાનો તથા એ સંસ્થાઓ ચાલે એટલે એવી સંસ્થાઓ હિંદમાંના બૃહદ્ ગુજરાતનાં કરાંચી જેવાં સ્થાનોમાં અને ત્યારબાદ ભારત બહારનાં બૃહદ્ ગુજરાતનાં દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, સિંગાપુર અને શાંગહાઇ જેવાં સ્થાનોમાં સ્થાપવાના વિચાર કર્યા હતા. એટલું જ નહીં, પણ એવી સંસ્થાઓ માટે મેળવાયેલા લાયક કર્મચારીઓને નિવૃત્તિવેતન આપી શકાય તેમ જ અન્ય જરૂરિયાતો સંતોષી શકાય એ માટે એક વિશાળ દ્રવ્યનિધિ જમાવી તેની સોંપણી યોગ્ય ટ્રસ્ટીઓના હાથમાં કરવાની ભાવના પણ તેમણે સેવી હતી. પરંતુ એ વિચારો, એ ભાવનાઓ, સ્વપ્નરૂપ જ થઇ પડ્યાં એ કહેવાની ભાગ્યેજ જરૂર છે.

ઠાકોરે ગુજરાતી અને મરાઠી પ્રજાઓની કરેલી સરખામણીને આપણે ઉપર ઉલ્લેખી છે. એવી તુલના પરથી કદાચ એમને લાગ્યું હોય કે હિંદના જુદા જુદા વિભાગો વિકાસની જુદી જુદી કક્ષાએ છે, વિકાસની બાબતમાં એકબીજાની બરોબરી ધરાવતા વિભાગો પણ પોતપોતાના વિકાસવિષયોની બાબતમાં એકબીજાથી જુદા પડે છે અને તેથી દેશસમસ્તના તમામ વિભાગોનો વિકાસકાર્યક્રમ એક હોઇ શકે નહીં, દરેકની વિકાસકૂચનાં આરંભબિંદુ અને દિક્પથ એક સંભવી શકે નહીં. એમ છતાં એ બધા વિભાગોને એક જ રાષ્ટ્રદેહનાં અંગો

તરીકે વિકસવાનું હોય તો એમના વૈયક્તિક વિકાસો અન્યોન્ય-સંવાદી, અન્યોન્યપૂરક, અન્યોન્યઅવિરોધી રીતે જ થવા જોઇએ. એટલે જ ઠાકોરે વિભાગીય વિકાસ દ્વારા સમગ્રના વિકાસનું સૂત્ર અપનાવ્યું હોય તે બનવાજોગ છે. "હિંદના દરેક પ્રાંતની સ્વતંત્રતા વધતી આવે અને પાટનગર દિલ્હીમાંનું સાર્વભૌમ તંત્ર દરેક સ્વતંત્ર પ્રાંતરૂપી એકમના સંઘનું માત્ર સંયોજક તંત્ર બને" એને જ "હિંદની રાજકીય પ્રગતિની ખરી દિશા" માનારા લૉર્ડ હાર્ડિંગના મતવ્યને ઠાકોરે વધાવી લીધું હતું. અને હિંદના પ્રાંતોની પુનરચના વિષે ઠાકોરે અંબાલાલ સાકરલાલ અને સર કૃષ્ણ ગુપ્તના મતવ્યને વધાવી લીધું હતું. ઇસ્ટ ઇંડિયા કંપનીની "મૂળ કોઠીઓની આસપાસ કંપનીના મૂળ લશ્કરના વિભાગો વડે જિતાતા ગયા તેમ રચાતા ગયેલા" તત્કાલીન પ્રાંતવિભાગોને બદલીને નવેસર ભાષાવાર પ્રાંતરચના કરવાની અંબાલાલ સાકરલાલ અને સર કૃષ્ણ ગુપ્તે સ્પષ્ટ હિમાયત કરી હતી.[૬૪]

તે વખતે વિદ્યાપીઠો ઇલાકાવાર રચાયેલી હતી; તેમનું માધ્યમ અંગ્રેજી ભાષા હતી. અને તે રાજ્યસત્તાધીન રહેતી હતી. એને બદલે ઠાકોરે રાજ્યસત્તા અને પ્રજાપ્રતિનિધિઓના સંયુક્ત અધિકારવાળી, પ્રાંતભાષાના માધ્યમવાળી, પ્રાંતવાર વિદ્યાપીઠોની રચનાની ભાવના સેવી હતી. ઉચ્ચતર શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાની હિમાયત અંબાલાલ સાકરલાલે પણ કરી હતી. વિદ્યાપીઠમાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા બને તો દરેક પાઠ્યવિષયનાં ઉચ્ચકક્ષ પુસ્તકો માતૃભાષામાં રચાય. એથી દરેક પ્રાંતભાષાનું એતદ્વિષયક સાહિત્ય સમૃદ્ધ થાય. એ પ્રાંતભાષાની અભિવ્યક્તિની ક્ષમતા વધે; એટલું જ નહીં પણ વિદ્યાપીઠનો લાભ નહીં લઇ શકનારા સામાન્ય જિજ્ઞાસુ-

જનોને પણ એવાં પુસ્તકો દ્વારા ઉચ્ચ શાસ્ત્રીય જ્ઞાન માતૃભાષામાં સુલભ બની શકે. એમ બનેતો તેથી વિદ્યાપીઠના વર્ગોની બહારના વિશાળ સંસારક્ષેત્રમાં સાર્વત્રિક સર્વાંગી ઊંડી અસરો પેદા કરવાનું વિદ્યાપીઠનું લક્ષ્ય સિદ્ધ થવામાં મહત્ત્વનો ફાળો ઉમેરાય.

ઠાકોર પ્રજાસ્મિતાવાદી – રાષ્ટ્રીયતાની ભાવનાવાળા– હતા. તેથી ઉત્તર અને દક્ષિણ હિંદે એકબીજા ઉપર વારંવાર બળવાન અસરો કરી છે એમ સ્વીકારીને ય તેઓ એ બે વિભાગો વચ્ચે રહી ગયેલા અંતર પરત્વે ચિંતાતુર બન્યા હતા. સ્વાતંત્ર્યના યુગમાં એ અંતરને નિઃશેષ વિદારવાના કાર્યને તેમણે આપણાં મોટામાં મોટા કર્તવ્ય તરીકે લેખ્યું હતું. એ કર્તવ્યની સિદ્ધિ અર્થે ગાંધીજીની જેમ તેમણે પણ સમસ્ત હિંદ માટે એક સમાન ભાષાની ભાવના સ્વીકારી હતી. પણ ઠાકોર એક બાજુ ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે દરેક પ્રાંતમાં ત્યાંની પ્રાંતભાષાની હિમાયત કરે છે અને બીજી બાજુએ આખા દેશ માટે એક સમાન ભાષાની હિમાયત કરે છે, તે કેવું કહેવાય ? પરંતુ ઠાકોરે પોતે યોગ્ય રીતે જ એ વિરોધને વિરોધાભાસ કહી દીધો છે. દરેક સુશિક્ષિત ભારતીય સ્ત્રીપુરુષને તેમણે પાંચ ભાષાઓ શીખવાનો અનુરોધ કર્યો છે : (૧) માતૃભાષા, (૨) રાષ્ટ્રભાષા–હિન્દી, (૩) વિશ્વભાષા – અંગ્રેજી, (૪) સંસ્કૃતિભાષા–કે "સૅકંડ લૅંગ્વેજ" – સંસ્કૃત યા અરબી યા એવી બીજી કોઇપણ ભાષા, (૫) બની શકે તો એક ભગિની ભાષા. શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવી જોઇએ એ માનસશાસ્ત્રની માંગ છે, તો પ્રજાસ્મિતાના પ્રસારની વ્યવહારુ હેતુસિદ્ધિ માટે રાષ્ટ્રભાષાની પણ જરૂર છે; વિજ્ઞાનનાં અવનવીન સાધનોને કારણે દેશદેશ વચ્ચેનાં અંતરો ઘટતાં પ્રસરવા માંડેલા વિશ્વજનતાના ઐક્યાનુભવમાં ભાગીદાર બનવા વિશ્વભાષાની જાણકારી પણ જરૂરી છે. સંસ્કૃતિભાષા પ્રજાને તેની ભવ્ય પરંપરાઓનો જીવંત

પરિચય આપી, તેનાં સંસ્કૃતિસત્ત્વો વિષે તેને જ્ઞાનમૂલક ગૌરવથી મંડિત કરી તેનામાં બીજી રીતે પણ પ્રજાસ્મિતાનો ઉભાર લાવી શકે છે; રાષ્ટ્રભાષાના જ્ઞાન ઉપરાંત એકાદ ભગિનીભાષાની જાણકારી જો દરેક ભારતીય જન રાખે તો તેના વડે પણ પ્રાંતપ્રાંતની પ્રજાને નિકટ આવવામાં કીમતી મદદ થાય. વધારે ભાષાઓ ભણવામાં ઠાકોરે બીજો પણ એક લાભ જોયો છે, જે શૈક્ષણિક દૃષ્ટિએ મહત્ત્વનો છે. તેમણે જણાવ્યું છે કે ભાષાઓનું વધતું જ્ઞાન બુદ્ધિને વિકસિત બનાવે છે; વિચારશક્તિને ખિલવે છે.

આ જોતાં જણાશે કે ઠાકોર જેમ સંકુચિત પ્રાંતવાદમાં નહીં પણ રાષ્ટ્રવાદમાં માનનાર હતા; તેમ તેઓ એથી યે આગળ વધીને વિશ્વબંધુત્વવાદના યે હિમાયતી હતા. ભિન્નભિન્ન પ્રજાસ્મિતાઓને અન્યોન્ય ઘૂરકિયાં કરતી બનાવનારી, એમનામાં અન્યોન્ય સર્વોપરિતાની તૃષ્ણા સળગાવનારી, પ્રજાપ્રજામાં પોતપોતાના ભૂતકાળ વિષે ભાવિપ્રગતિરોધક આંધળી ફૂલણફિશિયારી જગાવનારી કેળવણીને તેમણે મધ્યમકાલીન માનસવાળી કહીને તિરસ્કારી છે. તેને બદલે તેમણે "અર્વાચીન", "સેક્યુલર", "વાસ્તવપરાયણ", "જનહિત"સાધક "ભૂખરોગનિરક્ષરતાદિ" નિવારક, "સંઘબળપોષક", "સ્વાતંત્ર્યરક્ષક", વિશ્વકુટુંબભાવનાપ્રેરક અને આપણને અદ્યતન મહાપ્રજાઓ સાથે કદમ મિલાવીને આગેકૂચ કરતા કરી શકે તેવી કેળવણી યોજવાનો અને તદનુરૂપ સમાજવાતાવરણ સર્જવાનો અનુરોધ કર્યો છે. એ પ્રક્રિયામાં ઉપકારક નીવડે તે રીતે સાહિત્ય વૃત્તપત્રાદિ સાધનોને વિનિયોજવાનો પણ તેમને નિર્દેશ કર્યો છે. રાજ્ય અને સમાજે પોતાના ઇષ્ટ બંધારણને અનુકૂળ પડે તેવી કેળવણી પોતાના નાગરિકોને બાળપણથી જ આપવી જોઇએ એમ તેઓ માનતા હતા. કેળવણી માટે ઉપર જે કેટલાંક વિશેષણો

પ્રયોજ્યાં છે તેમાંનાં કેટલાંકનો તેમણે વિશેષ ખુલાસો કર્યો છે. દેશની વસતીના નેવું ટકાથી વધારે માણસો પોતાની ભાષામાં લખી વાંચી શકતા હોય, રોજિંદા વપરાશની યાંત્રિક અને બીજી ચીજવસ્તુઓનું જ્ઞાન ધરાવતા હોય, સામાન્ય વૈજ્ઞાનિક બાબતોથી વાકેફ હોય, પોતપોતાના ધંધા ઉદ્યોગને લગતાં નાનાંમોટાં આધુનિક ઓજારો ને યાંત્રિક સાધનોમાં પાવરધા હોય તો તેમને ઠાકોર "અર્વાચીન આવડત અને અદ્યતન માહિતીવાળા", "ભણેલ" તેમજ "ગણેલ" માણસો તરીકે માનવા તૈયાર છે. જે માનસ કોઇપણ સ્થૂલ સૂક્ષ્મ બાબતનું મૂલ્યાંકન તેનાં સ્થળકાળ સંજોગના સંદર્ભમાં કરી શકે ને તદનુસાર વ્યવહારુ દુન્યવી દ્રષ્ટિએ તદ્વિષયક નિર્ણય લઇ શકે અને પછી તેને આચરણમાં મૂકી જાણે તે માનસને તેમણે "વર્તમાન માનવતાવાળું, દુન્યવી કુનેહવાળું (સેક્યુલર), ઉદાર સમભાવવાળું" કહ્યું છે ને તેવા માનસવાળી પ્રજાને જ તેમણે "અર્વાચીન પ્રજા" ગણી છે.

વિદ્યાપીઠના શિક્ષણતંત્રના એક અંશ – માધ્યમ– વિષેનું ઠાકોરનું મંતવ્ય આપણે પહેલાં જોઇ લીધું છે; બીજા કેટલાક અંશો વિષે પણ તેમણે પોતાના વિચારો આપ્યા છે. સંગીન પ્રાથમિક અને માધ્યમિક કેળવણીના પાયા ઉપર જ તદનુસાર વિશ્વવિદ્યાલયની કેળવણીનો પાયો રચી શકાય. પણ તે જમાનામાં ખાનગી હાઇસ્કૂલોની વધતી સંખ્યા સાથે માધ્યમિક કેળવણીનાં નીચાં પડી રહેલાં ધોરણોથી ઠાકોરને ઘણો ખેદ થયો હતો. ગુજરાત કોલેજ સરકારને સોંપી દેવા વારો આવ્યો તે અરસામાં કેટલાંક મંડળોએ અન્યત્ર ખાનગી કોલેજો સ્થાપવાના પ્રયત્નો કર્યા હતા તે જોઇને તેમણે અફસોસ વ્યક્ત કર્યો હતો. જે એક સ્થળ કોલેજની સ્થાપના માટે સૌથી પહેલું અનુકૂળ અને યોગ્ય લાગે તેને બીજાં બધાં સ્થળોએ સ્થાનિક મમત્વ છોડીને મદદ કરવી

જોઇએ એમ તેમનું માનવું હતું, કેમકે એક કોલેજ ચલાવવાનું ગજું કોઇ એક સ્થળનું ન યે હોય અને ત્યારે અધિકતમ યોગ્યતાવાળા સ્થળને બીજાં તમામ ખમતીધર સ્થળોએ અને વ્યક્તિઓએ પ્રજાસ્મિતાની ઉત્કર્ષ-વાંછુ, સર્વહિતકારક, સ્વાર્થવિહીન અને તેથી ત્યાગભાવનાયુક્ત સહકારી દૃષ્ટિથી મદદ કરીને પોતાની લાયકાત પુરવાર કરી દેવી જોઇએ.

ભાવનગરમાં ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ગુજરાતમાં વિશ્વવિદ્યાલય સ્થાપવા વિષે ઉપસ્થિત થયેલી ચર્ચામાં પ્રો. ઠાકોરે ભાગ લીધો હતો. તે પછી સયાજીરાવ મહારાજાએ વડોદરામાં વિશ્વવિદ્યાલય સ્થાપવાની શક્યતાઓ અને જવાબદારીઓ તપાસવા માટે એક નાની પ્રાથમિક રૂપની સમિતિ નીમી હતી. તે અરસામાં ઠાકોરે એ વિષય પર પોતાનું વાચનમનન કેંદ્રિત કરીને પોતાની વિશ્વવિદ્યાલય અંગેની બંધાવા પામેલી ભાવનાને "સાહિત્ય"ના તત્કાલીન એક અંકમાં પ્રકાશિત કરી હતી. વિનયન શાખા જેવી એકબે શાખાઓનાં મહાવિદ્યાલયો હોય તેને વિશ્વવિદ્યાલયનું રૂપ આપી શકાય નહીં; પરંતુ અગત્યની સર્વ વિદ્યાશાખાઓનાં મહાવિદ્યાલયો સ્થપાયાં હોય તે પછી જ તેમાંથી વિશ્વવિદ્યાલય ઊભું કરી શકાય એવી ઠાકોરની ભાવના હતી. વિશ્વવિદ્યાલય જરૂરી મકાનો, પુસ્તકાલયો, પ્રયોગશાળાઓ, સંગ્રહસ્થાનોથી સજ્જ હોવું જોઇએ. વાણિયાશાઇ લોભ વગર જરૂરી પગાર મળ્યે સંતુષ્ટ રહી સંશોધનશક્તિ વિકસાવતા રહી જ્ઞાનવર્ધનના મહાકાર્યમાં મચ્યા રહેનારા ને પોતાના જ્ઞાનનો પોતાની રીતે માનવીય ઉત્કર્ષમાં ફાળો આપતા રહેનારા અધિકારી પ્રાધ્યાપકોની સેવાઓ વિશ્વવિદ્યાલયને પ્રાપ્ત થવી જોઇએ. એ પ્રાધ્યાપકો જે પ્રદેશની કોલેજોમાં કામ કરતા હોય ત્યાંની ભાષાને બોલી, લખી, વાંચી શકનારા હોવા જોઇએ; કેમકે જો તેમ ન હોય તો માતૃભાષાના શિક્ષામાધ્યમના આપણા ધ્યેયને હાનિ પહોંચે. વિશ્વવિદ્યાલયે અધિકારી વિદ્યાર્થીઓ મેળવવા જોઇએ; એમ કરતાં તેને વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી મળે તો તેનું કામ વધારે યશસ્વી

પરિણામકારી બની શકે. પણ પશ્ચિમનાં વિશ્વવિદ્યાલયોની માફક એવી સ્થિતિ આપણે ત્યાં સર્જવાનું હાલ ઘણાં કારણોસર મુશ્કેલ છે.

ઉપરના શબ્દોમાં વર્ણવી તે ઠાકોરની વિશ્વવિદ્યાલયની ભાવના સાથે ભાગ્યે જ કોઇ અસંમત થાય. શિક્ષણના પ્રદાનની પદ્ધતિ અંગે પણ તેમણે પોતાની ભાવના વ્યક્ત કરી છે. વિદ્યાર્થીઓનું વિચારસ્વાતંત્ર્ય ન જોખમાય તે રીતે તેમને તેમના અભ્યાસવિષય ક્ષેત્રમાં ઇષ્ટ માર્ગે આંકી આપવાનું, ઉચિત દિશા દોરી આપવાનું કર્તવ્ય શિક્ષકે બજાવવાનું છે. વિદ્યાર્થીઓ જાતે અભ્યાસ વિષયની માહિતીઓ સંશોધે, સંગ્રહે, તપાસે અને એમાંથી પોતાની મેળે શાસ્ત્રીય ચોકસાઇ અને તાટસ્થ્યથી, કુશાગ્ર બુધ્ધિથી સત્યો નિર્ણીત કરે તેવી રીતે શિક્ષકે તેમની સાથે કામ લેવું જોઇએ. શિક્ષકે તૈયાર થઇ ગયેલા – થીજી ગયેલા જ્ઞાનનો મસાલો વિદ્યાર્થીના મગજમાં ભરી દેવાનો નથી હોતો ; તેણે જ્ઞાનને સંક્રાંત કરવા સાથે વિદ્યાર્થીના મગજમાં સજીવન વિચારણા–પ્રવાહ ઉત્ક્રાન્ત કરવાનો છે, અનેકવિધ શક્યતાઓ ને ક્ષમતાઓ ભરેલી જ્ઞાનજનક શક્તિનું નિર્માણ કરવાનું છે. સાચો ગણિતશિક્ષક પોતાના લાયક વિદ્યાર્થીના સ્મરણપટપર ગણિતના થોડાક ગણી કાઢેલા દાખલાઓ અને ગણિતની કેટલીક ચાવીઓના કોઠાઓ છાપી નથી દેતો પણ તે તો પોતાના વિદ્યાર્થીના મગજમાં ગાણિતિક Faculty નું નિર્માણ કરે છે. વિજ્ઞાનનાં સત્યોને પ્રયોગો દ્વારા પોતાને માટે સિધ્ધ કરતો વિદ્યાર્થી પ્રયોગપ્રાપ્ત જ્ઞાનની અનશુધ્ધ ચોકસાઇ પામીને વાચનશ્રવણપ્રાપ્ત "શબ્દજાળની ગોળગોળ અનિશ્ચિત અર્થાનર્થતા"માંથી ઊગરી જાય છે ; એટલું જ નહીં, પણ તે "પ્રમાણિકતા", "સ્વાવલંબન," "કાર્યકારણસાંકળ પર વિશ્વાસ", "કુદરતના ન્યાય ને નિયમોની અપરિહાર્યતાની સૂઝ" વગેરે ગુણોને કેળવી લે છે, ટૂંકમાં, તે એક પ્રકારની "આત્મકેળવણી" પામે છે. સાહિત્યના શિક્ષકને ઠાકોરે વૃથાપાંડિત્યથી દૂર રહેવાની ;

સાહિત્યકૃતિમાંથી એ કૃતિના જ રસને વિદ્યાર્થી ચિત્તમાં જગાડવા પોષવાની, સાહિત્યકૃતિના એકધારા રસાસ્વાદને વિઘાતક નીવડે તેવાં વ્યાકરણાદિનાં ટાંછ્ણાંને અધ્યાપન વખતે વચ્ચે વચ્ચે નહીં લાવવાની સલાહ આપી છે.

ઠાકોરે શિક્ષકોના ત્રણ પ્રકાર પાડ્યા છે. નિયત અધ્યાપન-કલાકમાં, નિયત કરેલા વિષયવિભાગને હોશિયારીથી-પરીક્ષા દૃષ્ટિએ પણ ઘણું સારું ફળ આપે એવી રીતે - ભણાવી આવે તેવા શિક્ષકને એમણે "કેવળપાઠશિક્ષક" કહ્યો છે. વિદ્યાર્થીઓનાં માબાપની જેમ જ જે શિક્ષક એ વિદ્યાર્થીઓ તરફ સ્નેહાળ હોય, તેમની વિકસતી શક્તિઓથી આનંદતો હોય, તેમની વૃત્તિઓ, કલ્પનાઓ સાથે તાદાત્મ્ય ધરાવતો હોય અને શિક્ષણનાં નાનાંમોટા બધાં કાર્યોમાં સદૈવ ઉત્સાહી રહેતો હોય તેને ઠાકોરે "શિક્ષક" કહ્યો છે. કેવળ-પાઠશિક્ષકથી તે ચઢિયાતો છે. એ બંનેથી ચઢિયાતા શિક્ષકને ઠાકોરે "ગુરુ"નું નામ આપ્યું છે. ગુરુ કદીયે નહીં કજળતી જિજ્ઞાસાથી પોતાના જ્ઞાનને નિત્ય સંશોધતો વિવર્ધતો રહીને "જ્ઞાનમૂર્તિ બની જનસમાજના જ્ઞાનમાં વધારો કરવાની અમર સાક્ષરતાનું ગુરુપદ મેળવી શકે" છે. કેવળપાશિક્ષકો લાખો હોય છે; લાખોમાં એક "ગુરુ" પણ પ્રજાનાં સદ્ભાગ્ય હોય તો જ પેદા થાય છે.

સન ૧૯૦૦માં ડેક્કન કોલેજના પ્રાધ્યાપક એફ. ડબ્લ્યૂ. બેઇન ફર્લો પર વિલાયત ગયા હતા ત્યારે તેમની જગ્યા ઉપર પ્રો. ઠાકોરની બે વર્ષ માટે કામચલાઉ અધ્યાપક તરીકે નીમણૂંક થયેલી. ત્યારે, "ડેક્કન કોલેજમાં આ "ગુજરાથી" પ્રોફેસર શું શીખવી રહ્યો છે" એ મતલબનાં ચર્ચાપત્રો "કાળ", "કેસરી" અને "મરાઠા" અખબારોમાં આવ્યાં હતાં. પ્રિન્સીપાલ સેલ્બીએ ઠાકોર પાસે એ બાબતમાં ખુલાસો માગ્યો. ત્યારબાદ સરકારે પણ પ્રિન્સીપાલને એ બાબતમાં પુછાવ્યું

ત્યારે ઠાકોરે પોતાના આચરણમાં ઉતારેલી સાચા અધ્યાપક વિષેની પોતાની ભાવનાને ટાંકતાં જવાબ આપ્યો હતો : " My conception of a Professor's duty in dealing with a subject is that he is not to be a political partisan either pro-government or anti-government, or if it be a theological subject either pro-christian/pro-Hindu or anti-chritian/anti-Hindu. The professor's function is to take a comprehensive view based on realiable data and deal with the matter, as a whole historically scientificaly and whatever other aspects are pertinent . xxx The professor does not insist upon his own or any other conclusions; reliable data only are to be used, all data, and the student is to be habituated to judge for himself and to realize that it requires training to judge fairly in so complex a matter."
આ ભાવનાનું પોતે અનુવર્તન કરે છે તેનો આધાર આપવા ઠાકોરે પોતાના અધ્યાપનટાંચણોમાંથી કેટલાક મુદ્દાઓ પણ એ જવાબ સાથે ટાંક્યા હતા. ઠાકોરનું વાચન વિશાળ હતું અને પોતાના રસના તેમ જ અધ્યાપનના વિષયો પર તેઓ વીગતે ટાંચણો કરતા રહેતા હતા એ વાતનો ખ્યાલ તેમના હસ્તલેખો વગેરેનો સંગ્રહ તપાસતાં જાણી શકાય છે. તેમના પરિચિતો પણ કહે છે કે રોજના અધ્યાપનકાર્યની તેઓ રોજ ખંત અને ચીવટથી તૈયારી કરતા હતા. આમ છતાં, તેમની ઉપર આવી પડેલા આક્ષેપના પ્રત્યુત્તરમાં તેમણે પોતાનાં ટાંચણોમાંથી જે મુદ્દાઓ ટાંક્યા હતા તે અંગ્રેજોની કદરના અને તેથી કોઇ પણ અંગ્રેજ અમલદારને ખુશ કરે તેવા હતા. સેલ્બીને પણ તેમણે કહેલું કે ભણાવવામાં મેં "ત્હમારી જ રીત રાખી છે". આ પ્રત્યુત્તરોમાં ઠાકોરની દબાયેલો હાથ સરકાવી લેવાની વ્યવહારું કુનેહ (!) દેખાય છે. પ્રો.સેલ્બીના અનુકૂળ શેરા સાથે ઠાકોરનો ઉત્તર રવાના થયો હતો ને એ બાબત તરત પતી ગઇ હતી. આ બધું તો પછી બન્યું પરંતુ ઠાકોરને ડેક્કન કોલેજમાં લેવાનું લગભગ નક્કી થઇ ગયું હતું ત્યારે પ્રો.બેઇને પોતાની

જગ્યાએ થનારી પ્રો. ઠાકોરની સંભવિત નીમણૂક બદલ વિદ્યાર્થીઓને અભિનંદ્યા હતા. ૨૩-૩-૧૯૦૦ના દિવસે થયેલા ડેક્કન કોલેજના એનિવર્સરીના સમારંભમાં એ વિષે બોલતાં પ્રો. બેઇને ઠાકોરના "માધવરાવ પેશ્વા" વિષેના નિબંધને ઉલ્લેખીને તેમના અંગ્રેજી લેખન પરના કાબૂને પણ અતિશય પ્રશંસ્યો હતો.[૬૫]

પ્રો. ઠાકોર મુંબઇ યુનિવર્સિટી કોલેજ ઇન્સ્પેક્શન કમિટીના સભ્ય લેખે ત્રણ વખત ત્રણ ત્રણ વર્ષ માટે નિમાયા હતા. તેઓ ડેક્કન કોલેજમાંની તેમની છેલ્લી નોકરીનાં વર્ષો તેમ જ પછીનાં પાંચ વર્ષો ( કુલ પંદર વર્ષ ) દરમ્યાન મુંબઇ યુનિવર્સિટી સેનેટના સભ્ય તરીકે રહ્યા હતા. સન ૧૯૦૦થી માંડીને સતત ત્રણ દસકાઓથી વધુ સમય માટે તેમણે મુંબઇ યુનિવર્સિટીમાં અને દરમ્યાનમાં છ વાર બનારસ યુનિવર્સિટીમાં, બેવાર અલાહાબાદ યુનિવર્સિટીમાં, એક વાર નાગપુર યુનિવર્સિટીમાં અને ચાર વાર કર્વે યુનિવર્સિટીમાં ઊંચામાં ઊંચી પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે કાર્ય કર્યું હતું. એ જમાનાના પરીક્ષકો સંપૂર્ણપણે પ્રમાણિકતાથી ને કડકાઇથી વર્તતા હતા એવો તેમણે દાવો કર્યો છે.[૬૬] પણ પછીના જમાનામાં ઘણા પરીક્ષકો વિદ્યાર્થીઓનાં સગાંવહાલાંની લાગવગોથી ને પાયલાગણાંથી કર્તવ્ય-ભ્રષ્ટ બની ગયા હતા ને તેથી પરીક્ષાઓમાં જાતજાતની ગેરરીતિઓ પ્રવર્તવા માંડી હતી. ૧૯૪૪ના અરસામાં મુંબઇ યુનિવર્સિટીની સેનેટમાં એ બાબતમાં ઉગ્ર ચર્ચા ચાલી હતી. તેના વિષે પોતાના પ્રત્યાઘાતો પાડતાં ઠાકોરે કહેલું કે વિશ્વવિદ્યાલયનું કર્તવ્ય વિદ્યાર્થીઓને સાચા જ્ઞાનાર્થીઓ, સ્વચ્છબુદ્ધિ ચારિત્ર્યસંપન્ન વિદ્યાપ્રબુદ્ધો બનાવવાનું ને તે દ્વારા સમાજની ઉન્નતિ તથા સંસ્કૃતિનું ઉન્નયન સાધવાનું છે. વગર લાયકાતે ઉત્તીર્ણ થઇ જનારા કે ઊંચી શ્રેણિ મેળવી જનારાઓ

યુનિવર્સિટીના એ કર્તવ્યના મૂળમાં ઘા કરનારાઓ છે. યુનિવર્સિટી પોતાનું એ કર્તવ્ય પૂરી તંદુરસ્તીથી બજાવી શકે તે જોવાનું કામ પરીક્ષકોનું છે. પરીક્ષાના કામકાજમાં પેઠેલા સડાને મિટાવવા માટે પરીક્ષકોની પસંદગીપ્રથા, તેમનાં વેતનો અને પરીક્ષાસંબંધી અન્ય વ્યવસ્થાઓમાં ફેરફારો કરવાનું સૂચવનારાઓને ઠાકોરનો એક જ જવાબ હતો. જ્યાં લગી પરીક્ષકો પહેલાં જેવા કર્તવ્યનિષ્ઠ ને ચારિત્ર્યદૃઢ ન બને ત્યાં લગી બીજા કોઇ ફેરફારનો કશો અર્થ નથી ; પરીક્ષકો કર્તવ્યનિષ્ઠ ને ચારિત્ર્યદૃઢ બને તો બીજા કોઇ ફેરફારની કશી જરૂર નથી. પરીક્ષકોને છેતરીને ગુણ મેળવી જવાની વિદ્યાર્થીઓની વૃત્તિના બે દાખલા પ્રો. ઠાકોરે નોંધ્યા છે. ઇ.સ. ૧૮૯૬માં તેઓ જ્યારે વડોદરા કોલેજમાં હતા ત્યારે પ્રિલિમની પરીક્ષામાં એક વિદ્યાર્થીએ નિબંધના પ્રશ્નમાં કોઇ ભળતા જ વિષય પર દસ પાનાં ચીતરી દીધાં હતાં. ઠાકોરે તેને એક પણ ગુણ આપ્યો નહીં એટલે કામચલાઉ પ્રિન્સિપાલ પ્રો. તાપીદાસે તેમને બોલાવ્યા અને બીજા કશા ખાતર નહીં તોપણ એ વિદ્યાર્થીના શુદ્ધ અંગ્રેજી ખાતર તેના લખાણનું ગુણાંકન કરવા જણાવ્યું, પણ ઠાકોર એકના બે ન થયા તે ન જ થયા. બીજા એક પ્રસંગે એમ.એ.ના એક પરીક્ષાર્થીએ બને તેટલા ખરાબ ને તેથી લગભગ અવાચ્ય અક્ષરે, છાપેલા પ્રશ્નપત્રની નકલોથી ચાર ઉત્તરવહીઓ ભરીને આપી હતી. પરીક્ષકને છેતરવાની દાનત રાખવા બદલ તેને એક વર્ષ માટે પરીક્ષામાં બેસતો અટકાવવાનું સૂચન ઠાકોરે લાગતાવળગતા સત્તાવાળાઓને કર્યું હતું ; પણ તે સૂચનાનો અમલ થયો નહોતો. પૂનાના સેલ્બી, બેઇન, ભાંડારકર તથા ભાવનગરના ફરેદૂનજી વગેરે શિક્ષકો પાસેથી તથા અંબાલાલ સાકરલાલ જેવા વડીલ **સ્વજન** પાસેથી કડક ચારિત્ર્યનિષ્ઠાની ભાવના પામેલા ઠાકોરને એવા પ્રસંગો તથા એવા પ્રસંગોની પાછળ રહેલાં ભ્રષ્ટ, અપ્રામાણિક, કર્તવ્યવિમુખ માનસ જીવનભર ખટકેલાં. ઠાકોરે માત્ર શિક્ષણના ક્ષેત્રે જ નહીં પણ સર્જનક્ષેત્રે તથા જીવનનાં અન્ય સર્વ ક્ષેત્રોમાં

Smt. HANSA MEHTA LIBRARY 151 THE M.S. UNIVERSITY OF BARODA

ઊંચી કર્તવ્યભાવના અને ચારિત્ર્યદૃઢતાનો સદાકાળ આગ્રહ સેવ્યો હતો. ટૂંકમાં, માનવસમાજની હરેક પ્રવૃત્તિ ને પરિસ્થિતિમાં તેમણે શિસ્તના સંપૂર્ણ ને સન્નિષ્ઠ પાલનનો પ્રબોધ કર્યો છે.

પરીક્ષાનાં પરિણામોને પોતાના અધ્યાપનની સફળતાના માપદંડ તરીકે જોવાની શિક્ષકોને ઠાકોરે ના પાડી છે. એ સફળતા નિષ્ફળતાનો જવાબ શિક્ષકે પોતાના "અંતર્યામી" પાસે માગવાનો છે. પણ એ "અંતર્યામી" શેનો બનેલો છે ? પોતાના અધ્યાપનવિષયોમાં વ્યુત્પન્નતા, જ્ઞાનવિતરણની ઉચ્ચોચ્ચ ભાવનાઓ ને પધ્ધતિઓનો ખ્યાલ, જીવનનાં મૂલ્યોની સમજદારીમાંથી ઊભું થયેલું જવાબદારીનું ભાન, "દેશકાળ" પરત્વેની સંપ્રજ્ઞતા વગેરેથી શિક્ષકનું ચિત્ત જેટલું સુસજ્જ હશે તેટલો શુધ્ધતર ન્યાય એનો "અંતર્યામી" એને આપશે : એ સુસજ્જતામાં જેટલી ઊણપ તેટલી ખોટ્ટાઇ એના "અંતર્યામી"ના નિર્ણયમાં પણ હશે. એટલે કે, "અંતર્યામી"નો શુધ્ધતર ન્યાય બધા શિક્ષકો માટે નથી. ત્યારે પોતાના સાફલ્યવૈફલ્યનો નિર્ણય મેળવવાનું બીજું કોઇ સાધન શિક્ષક પાસે છે ખરું ? છે.તેના જ્ઞાનોત્સુક વિદ્યાર્થીઓ.

વિદ્યાર્થીના આદર્શોની ઠાકોરની ભાવનાનું થોડું રેખાંકન આ પહેલાં કર્યું છે. વિદ્યાર્થીઓને તેમણે થોડીક ચીમકીઓ પણ આપી છે. પરીક્ષાઓ પર પરીક્ષાઓ પસાર કર્યે જનારા વિદ્યાર્થીઓની હાલત તેમના વ્યાવસાયિક જીવનમાં ઘણીવાર આખી રાત દળીને સવારે કુલડીમાં કાઢનાર ડોશી જેવી થઇને ઊભી રહે છે. બહુ ભણભણ કરનારાઓ જાણે કેળવણીને સાધ્ય અને જીવનને સાધન માનીને સાધ્યસાધનનો વિપર્યય કરી નાખે છે. ઠાકોરે કેળવણીને સાધન અને જીવનને સાધ્ય માન્યું છે. અભ્યાસવિષયોના વધારે ને વધારે વિભાગ પાડતા જવાની અને વિભાગે વિભાગે વધુને વધુ ઝીણવટભર્યા પાંડિત્ય અપેક્ષવાની તથા અભ્યાસક્રમનાં વર્ષો વધારવાની શિક્ષણક્ષેત્રની પ્રવૃત્તિઓને પણ ઠાકોરે વખોડી કાઢી છે.

ઠાકોરનાં આ બંને વલણો વિચારણા માગી લે છે. આપણે આપણો જ સંકુચિત ખ્યાલ કરતા હોઇએ તો આપણને આપણું જીવન સાધ્ય ને શિક્ષણ સાધન લાગે. પરંતુ ઇતિહાસની અનાદિ ને અનંત વણઝારમાં, મહાન સાંસ્કૃતિક પરંપરાઓના નિર્માણમાં, જીવનનાં ઉચ્ચોચ્ચ સત્ત્વો અને મૂલ્યોનાં સાક્ષાત્કાર અને પ્રતિષ્ઠાપનાના મહાયજ્ઞમાં અલ્પ શું કે મહાન શું – દરેક માણસે સાધન બનવાનું છે. સર્વાશ્લેષી જ્ઞાનનાં શોધન, સંવર્ધન અને પ્રસારણનાં કાર્યોને હંમેશાં જારી રાખે તેવી, અસત્યોના અંધકારમાંથી સત્યોના પરમ પ્રકાશમાં સંસારને નિરંતર દોરી રહે તેવી પ્રચંડ સન્નિષ્ઠ શક્તિઓને જગાડવાનું ને વિકસાવવાનું કામ કેળવણી કરે છે એમ જો આપણે માનતા હોઇએ તો કહેવું જોઇએ કે કેળવણીના કાર્યમાં આપણાં સમાજ સંસ્કૃતિના ઉન્નયનનું કાર્ય પણ સમાયેલું છે. જો આમ હોય તો કેળવણી એક પવિત્ર સાધ્ય છે, પૈસો રળી ખાવાનું સાધન નથી. હવે ઠાકોરના બીજા વલણ વિષે. અભ્યાસવિષયોના વધુ વિભાગો પાડવાની ને દરેક વિભાગને વધુ ઝીણવટભર્યા પાંડિત્યવાળો બનાવવાની કેળવણીક્ષેત્રની પ્રવૃત્તિમાં કશું ગેરવાજબી નથી. એ પ્રવૃત્તિ તદ્દન સ્વાભાવિક ને ઉચિત છે. જ્ઞાનક્ષેત્રનો વિસ્તાર જેમ જેમ વધતો જાય, જેમ જેમ અવનવીન જ્ઞાનશાખાઓ ઊઘડતી જાય, એ શાખાઓમાં જેમ જેમ નવાં ઊંડાણો સર થતાં જાય તેમ તેમ એ બધાંયનું સંપૂર્ણ અધ્યયન કરવાનું કોઇ એક જ વ્યક્તિ માટે તો અશક્ય જ બની જાય. એટલે જુદી જુદી અભ્યાસુ વ્યક્તિઓને પોત-પોતાના રસ અનુસાર કોઇ ને કોઇ એક કે બે જ વિષયોની પસંદગી તમામ જ્ઞાનક્ષેત્રમાંથી કરવી પડે. દરેક અભ્યાસી સંશોધક એક એક અલગઅલગ વિષયવિભાગ લઇને કાર્યમાં મંડી પડે, અને એમ કરીને એ વિષયવિભાગોમાં તેઓ પહેલાંના કરતાં ઘણોઘણો વધારે નવો પ્રકાશ પાડે તો એ વિભાગોમાંથી યે પાછા કેટલાયે નવા ઉપવિભાગો સર્જાય. જ્ઞાનવિવૃદ્ધિની પ્રક્રિયા આમ જ ચાલવાની. આવી કડાકૂટોમાં

વસ્તીના બધા જ માણસો કદીયે પડવાના નથી, વસ્તીનો ઘણો નાનો અધિકારી વર્ગ જ એમાં ઝંપલાવશે, એના સિવાય બીજાઓએ એમાં ઝંપલાવવાની જરૂરે નથી ; અને પેલા અધિકારીવર્ગના કાર્યથી આ બીજા માણસોએ હબકી જવાની યે જરૂર નથી.

"નિશાનચૂક માફ, માફ નહિ નીચું નિશાન"નો મંત્ર રટી આદર્શોની ઊંચાઇઓમાં ફરનારા ઠાકોરને આવા વાંધા કેમ જડ્યા ? ઘરડો માણસ પોતાના આયુષ્યથી જેમ થાકી ગયો - ધરાઇ ગયો હોય તેમ ઠાકોર પણ શું પોતાની વૃદ્ધાવસ્થામાં જગતની યે વિકાસવણઝારથી થાકી ગયા - ધરાઇ ગયા હતા ? એમની વધેલી ઉંમરે એમને વ્યવહારુ ને ઠરેલ બનાવ્યા હતા ? કે પછી જરઠ ને જડ બનાવ્યા હતા ? ઠાકોરના શૈક્ષણિક આદર્શો સાથે એમના ઉપર્યુક્ત વાંધાઓનો મેળ મળતો નથી ; એ વાંધા તેમણે સન ૧૯૪૪માં ઉચ્ચાર્યાં હતા.

વિદ્યાર્થીઓને ઠાકોર એક બીજી ચીમકી પણ આપી છે. પશ્ચિમના આંધળા મોહમાં આપણે તેનાં અનિષ્ટોને અનુકરી ન બેસીએ અને આપણી ભવ્યોદાત્ત પ્રણાલીઓમાંનાં ઇષ્ટોને ગુમાવી ન બેસીએ તે પરત્વે સતત જાગૃત રહેવાની તેમણે સલાહ આપી છે. આ સાથે, પશ્ચિમનું જે સ્વીકાર્ય હોય તેને સ્વીકારવાનો તથા આપણું જે ત્યાજ્ય હોય તેને ત્યજી દેવાનો સારાસાર વિવેક અપનાવવાનું પણ તેમણે કહ્યું છે. આ સલાહ ઠાકોરે આમ તો બધા જ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને ઉચ્ચારી છે, પણ એ ઉચ્ચારતી વખતે તેમણે પરદેશગમન કરનારા વિદ્યાર્થીઓને ખાસ લક્ષમાં રાખ્યા છે.[૬૭]

રાજકોટની રાજકુમાર કોલેજમાંથી ઠાકોર સન ૧૯૧૩ના માર્ચની આખરે છૂટા થઇને કાઠિયાવાડ એજન્સીના કેળવણીખાતામાં શિક્ષણાધિકારી તરીકે નિમાયા હતા. રાજાઓ અને ઠાકોરોની

માલીકીવૃત્તિ અને સત્તાલાલચને સંતોષવા માટે ત્યારે પહેલા અને બીજા વર્ગનાં રજવાડાંને તેમની હદની નિશાળો સોંપાઇ ગઇ હતી. માત્ર ત્રીજા વર્ગનાં રજવાડાંની અને બીજી નિશાળોના છૂટાછવાયા જથ્થા એજન્સીને અધીન હતા. એમને પૂર્વોત્તર અને દક્ષિણ-પશ્ચિમ એમ બે વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યા હતા. ઠાકોર નવ મહિના નોકરી કરીને ત્યાંથી છૂટા થયા તે પછી થોડાક સમયમાં, બનતાં સુધી, ત્રીજા વર્ગનાં કેટલાંક રજવાડાંઓએ પણ પોતાની હદની નિશાળો સ્વાધીન કરી લીધી હતી. સૌરાષ્ટ્રના વેરવિખેર થઇ ગયેલા શિક્ષણક્ષેત્ર સંબંધી ઠાકોરનું માનવું હતું કે ત્યાંની બધી જ નિશાળોને એક જ સર્વોપરિ શિક્ષણખાતાની હકૂમત નીચે મૂકવી જોઇએ, એ ખાતું સૌરાષ્ટ્રનાં તમામ રજવાડાંની પ્રતિનિધિસભાની હકૂમત નીચે મુકાવું જોઇએ, અને શિક્ષણાધિકારીને એ સભાના મંત્રીપદે નીમવો જોઇએ. પણ આ વિચાર એ જમાનામાં ક્યારે ય અમલમાં આવી શક્યો નહોતો.

ઠાકોરના જોડાતાં પહેલાં એજન્સીનું કેળવણીખાતું પાયાથી ટોચ લગી સડી ગયું હતું. ત્યારે શિક્ષણાધિકારીના હાથ નીચે બે મદદનીશો રહેતા હતા. શિક્ષણાધિકારી રેલ્વે દ્વારા પહોંચાય તેટલી મોટી અને અંગ્રેજી નિશાળો તપાસવા જતા; બાકીનીનું કામ તેમના મદદનીશો પતાવતા. વળી, અધિકારીઓ કારકૂનોનું પાચું પાણી પીતા. ઠાકોરની પહેલાં એ ખાતામાં ધીરજરામ નામનો અધિકારી હતો. પૂર્વવયમાં તે અંબાલાલ સાકરલાલનો ગરીબ ને ઉદ્યોગી વિદ્યાર્થી હતો. ઊંચે હોદ્દે પહોંચતાંમાં તે ચારિત્ર્યની નિર્બળતાઓનો ભોગ બની બેઠો. શિક્ષકોની બદલીઓ વગેરેના કામ પેટે તે ભેટસોગાદ, લાંચરુશ્વત લેતો. પાપનો ઘડો ભરાતાં તે એકવાર વીરમગામમાં જકાત અધિકારીને હાથે ઝડપાઇ ગયો હતો પણ પછી લાગવગને જોરે છૂટી ગયો હતો.

ઠાકોરને શિક્ષણખાતામાં જોડાતાં પહેલાં એના સડાનો જે ખ્યાલ હતો તેનાથી અનેકગણો સડો તેમણે ખાતામાં જોડાયા પછી જોયો. રાજકુમાર કોલેજના એક અધ્યાપક લેખે તેઓ કાઠિયાવાડનાં શિક્ષણક્ષેત્રમાંનાં વર્તુલોમાં જાણીતા હતા. એટલે એ વર્તુલોમાં તેમની અમુક છાપ તો પહેલેથી જ હતી. શિક્ષણાધિકારીનો હોદ્દો સંભાળતાંની સાથે જ તેમણે સંજોગો પ્રમાણે આગગાડી, ઘોડાગાડી કે સિગ્રામ મારફતે, કે ઘોડેસ્વારી યા ઊંટસ્વારી કરીને, કે પગે ચાલીને દૂરની નજીકની નાનીમોટી નિશાળોની ઉપરાછાપરી ઓચિંતી મુલાકાતો લેવા માંડી. ઠાકોરના પુરોગામીએ એની દસ વર્ષની નોકરીમાં જેટલું ભ્રમણ કર્યું હતું, તેનાથી વધારે મુસાફરી ઠાકોરે પોતાની નવ માસની નોકરી દરમ્યાન કરી હતી અને શાળામહાશાળાનાં તંત્રોને ખળભળાવી મૂક્યાં હતાં.

રાજકોટથી અઢાર માઇલ પર આવેલા એક ગામની શાળાની ઠાકોરે એક શનિવારે ઓચિંતી મુલાકાત લીધી હતી ત્યારે એ જ ગામનો વતની શાળાનો મુખ્યશિક્ષક ચાલુ શાળાએ શાળામાંથી ગેર-હાજર જણાયો હતો ; એનો મદદનીશ શિક્ષક પણ શાળામાં હાજર નહોતો. પહેલાં કદી નહીં ને તે દિવસે મોટા સાહેબ અચાનક શાળામાં ઊતરી પડયા તેની તાજુબીથી થોડીવારમાં ગામલોકો ભેગા થઇ ગયા હતા. પૂછપરછથી ઠાકોરને જાણવા મળ્યું હતું કે મુખ્યશિક્ષક ગામની એક જુવાન ત્યક્તા પટલાણી સાથે દુર્વ્યવહારથી જોડાયેલો છે. તેના દુશ્ચારિત્ર્યને લીધે લોકોએ પોતાનાં વયમાં આવવા માંડેલાં સંતાનોને નિશાળે જતાં બંધ કર્યાં હતાં. નિશાળે બેસાડવા લાયક થયેલાં બાળકોને તેમનાં માબાપ શાળાએ લઇને ગયાં હોય પણ મુખ્યશિક્ષકે તેમને દાખલ કરવાની ના પાડી હોય તેવા પણ ઘણા દાખલા બન્યા હતા. પહેલાં ઘણી સારી રીતે ચાલતી શાળાની એવી પાયમાલી એ શિક્ષકનાં મુખ્ય-

શિક્ષક તરીકેનાં ત્રણ વર્ષો દરમ્યાન જ થઇ ગઇ હતી. ઉપરથી, પોતાના હરેક પ્રયત્ન છતાં શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જતી હોવાના હેવાલખત તેણે ખાતાને લખ્યા કર્યા હતા. ઠાકોરે માણસો મોકલીને તેને બોલાવી મંગાવ્યો હતો ને બધાંનાં દેખતાં સખત ધમકાવી કાઢ્યો હતો.

બીજે એક પ્રસંગે, ઠાકોર જે ગામની શાળા તપાસવા ગયા હતા ત્યાંનો શિક્ષક વડા નિશાળિયાને શાળા સોંપીને ત્રણેક દિવસની રજા પર ઊતર્યો હતો. પહેલા દિવસે જ માથાભારે લડધા મુસ્લિમ નિશાળિયાઓ એ હોશિયાર પણ દૂબળા વિદ્યાર્થીને ગાંઠ્યા નહીં ને તેમણે તેને ગડદાટ્યો. તેથી તે ઘેર જઇને રડ્યો અને તેની મા તેને નિશાળે પાછો લઇ આવી. ત્રણે દિવસ મહેતાજીની ખુરસીએ બેસીને એ મા શાળામાં શિસ્ત જાળવતી રહી ને દીકરો વર્ગો ચલાવતો રહ્યો. આ જુવાન, સશક્ત ને કાબેલ બાઇથી પ્રભાવિત થઇ ગયેલા ઠાકોરે તેને ઇનામ લેખે સાલ્લો ને કાપડું મંગાવી આપ્યાં હતાં ને શાળાની રિમાર્કબુકમાં તેની તારીફ કરતાં તેમણે શાળાઓ માટે એવી શિક્ષિકાઓ મેળવવાની અગત્યનો નિર્દેશ કર્યો હતો. પાછળથી સ્લેડન સાહેબે એ શાળાની મુલાકાત વખતે એ રિમાર્ક જોઇ હતી અને રાજકોટ પાછા ફરીને ઠાકોર સાહેબ પાસે તેમણે એવા શાળાતપાસણીના બીજા કેટલાક અનુભવો મન કરીને સાંભળ્યાં હતાં.

ઠાકોરના બે યુવાન કાર્યદક્ષ મદદનીશોએ ખાતામાં પોતાના ભાવિની ઉજ્જ્વળતા નહીં દેખાતાં પૂર્વ આફ્રિકા જવાનો મનોરથ ઘડ્યો હતો. પરંતુ ઠાકોરના પુરોગામીએ તથા એના હેડક્લાર્કે તેમની પાસેથી "ભેટસોગાદ" લેવામાં જોખમ રહેલું જોઇને તેમને છોડ્યા નહોતા. ઠાકોરે એમને પરવાનગી આપી ખરી ; પરંતુ એમની જગ્યા પર ત્યારના પગારધોરણે એટલા દક્ષ માણસો મળી આવવા મુશ્કેલ હતા, તેથી ઠાકોરે

સ્લેડન સાહેબ તથા બે પ્રાન્તસાહેબોને સમજાવીને એ જગ્યાઓનું પગાર-ધોરણ પહેલાં સુધરાવ્યું ને પછી એ બે યુવાનોને છૂટા થવા દીધા. તે વખતે રાજકોટની ફીમેલ ટ્રેનિંગ કોલેજમાં એક યુરેશિયન યુવતી લેડી સુપરીન્ટેન્ડેન્ટની જગ્યા પર હતી. પોતાની જાતિના અભિમાનથી તે ઠાકોરને "દેશી" ગણીને તુચ્છકારતી હતી. ઠાકોરે તેને પણ થોડા જ વખતમાં સબક શીખવી દીધો હતો. સ્લેડન સાહેબ તથા શ્રીમાન અને શ્રીમતી રેન્ડોલે પણ ઠાકોરના વલણને એ બાબતમાં વાજબી લેખ્યું હતું.

કાઠિયાવાડમાં શહેરો અને ગામડાં માટે અલગઅલગ શૈક્ષણિક ધોરણો રાખવામાં આવ્યાં હતાં તે વાત તરફ ઠાકોરનું ધ્યાન તેમની શિક્ષણખાતાની કામગીરી દરમ્યાન ખેંચાયું હતું; અને એ વાત તેમને ખટકી હતી. ગામડાંમાં રહેતી ઉજળિયાત વસ્તી પોતાનાં બાળકોને ભણાવવા-ગણાવવાના માનસવાળી હતી; એમનાં બાળકો પણ ભણવામાં હોંશિયાર માલૂમ પડ્યાં હતાં. તે બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી આગળ ભણવું હોય તો શહેરોમાં જવું પડે; પરંતુ શહેરમાં ગયા બાદ પોતાના નીચા ધોરણવાળા અભ્યાસના પાયા પર તેઓ ઊંચા ધોરણ અનુસાર ઘડાયેલા આગળના અભ્યાસક્રમને શી રીતે પહોંચી વળી શકે? ઠાકોરની આ ફરિયાદના ખુલાસામાં શાર્પ સાહેબે તેમને જણાવ્યું હતું કે આ પ્રકારનાં ભિન્ન શિક્ષણધોરણોનું માળખું સર એચ. બટલરે ઉત્તરપ્રદેશમાં અમલમાં આણ્યું હતું, ત્યાંથી તેને સર જી. ક્લાર્ક સાહેબ કાઠિયાવાડમાં લઇ આવ્યા હતા અને રાવબહાદુર કમળાશંકર ત્રિવેદી જેવાઓએ એને અનુમોદનની મહોર મારી હતી. ઉત્તરપ્રદેશની માફક કાઠિયાવાડનાં ગામોમાં ઉજળિયાત વસ્તી બીજી વસ્તી સાથે એકરૂપ થઇ ગયેલી નહોતી કેમકે કાઠિયાવાડમાં તો ઘણાં ગામો આખાં ને આખાં એકલા રજપૂતો કે એકલા કોળીઓ કે એકલા મુસલમાનોનાં બનેલાં હતાં. તેથી ઉત્તરપ્રદેશને માટેની યોજના

કાઠિયાવાડ માટે કામ ન લાગી શકે એવું પોતાનું મંતવ્ય ઠાકોર શાર્પ સાહેબને ગળે ઉતારી શક્યા હતાં.

શહેરમાં શોધ્યાં ન જડે તેવાં કેટલાંય જૂનાં વિરલ સામયિકો ને પુસ્તકો ઠાકોરે પોતાની મુસાફરીઓ દરમ્યાન કેટલીક ગામડાંની શાળાઓના કીમતી પુસ્તકસંગ્રહોમાં જોયાં હતાં. રાજકોટની કેળવણી-ખાતાની કચેરીમાં એવાં વિરલ પુસ્તકો, સામયિકોનું એક મધ્યસ્થ પુસ્તકાલય ઊભું કરવાનો ઠાકોરને વિચાર આવ્યો હતો. પણ તેમની ત્યાંની ટૂંકી નોકરીને કારણે એ વિચાર બર આવ્યો નહોતો.

ઠાકોરને પહેલેથી શિક્ષણનાં મનોવૈજ્ઞાનિક, તાત્ત્વિક, વ્યાવહારિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, આર્થિક, રમતગમતસંબંધી પાસાંઓનો રસ હતો ને તે અન્વયે તેમણે ઠીકઠીક વાંચ્યું પણ હતું. પણ શિક્ષણખાતાની નવ માસની નોકરીના અનુભવોએ તેમના કેટલાક મૂળભૂત ખ્યાલોમાં લગભગ અસંપ્રજ્ઞાત ક્રાન્તિ આણી દીધી હતી. એ નોકરી દરમ્યાન તેમનું પોતાનું કહી શકાય એવું એક શિક્ષણવિષયક દૃષ્ટિબિંદુ ઘડાવા માંડ્યું હતું. એ દૃષ્ટિબિંદુ અનુસારના વિચારોનો પહેલો ફાલ તેમણે તેમના "શિક્ષકો અને શિક્ષિકાઓ", "પરીક્ષા" વગેરે વ્યાખ્યાનોમાં આપ્યો હતો. ઠાકોરના શિક્ષણસંબંધી લેખનકાર્ય અંગે અહીં એ વાત પણ ઉલ્લેખવી જોઇએ કે તેમણે કાન્તના "શિક્ષણનો ઇતિહાસ"માં એરિસ્ટોટલના પ્રકરણ લગીના ભાગમાં પોતાનું સહ-કર્તૃત્વ હોવાનો દાવો કર્યો છે. અહીં એ નોંધવું પણ પ્રસ્તુત લેખાશે કે તેઓ ગુજરાત કેળવણી મંડળના સભ્યપદે રહ્યા હતા તેમ જ ગુજરાતમાં ભરાતાં કેળવણી પરિષદનાં અધિવેશનોમાં હાજરી પણ આપતાં હતાં.

ઠાકોરને કેળવણીખાતામાં વધુ વખત નોકરી કરવાની ઇચ્છા હતી પણ કંઇક આર્થિક દબાણોને વશ થઇને અને કંઇક સત્તાશોખી

દરબારો તરફથી પ્રતિકૂળતાઓને લઇને તેમને એ નોકરી છોડવી પડી હતી એવું તેમનું કહેવું છે. અંબાલાલ સાકરલાલે ૨૮-૨-૧૯૧૪ના દિવસે ઠાકોર પર લખેલા પત્રમાં તેમના શિક્ષણાધિકારી તરીકેના કાર્યને અંજલિ આપી છે; કાઠિયાવાડના કેળવણીતંત્રમાં વ્યાપેલી બદીને દૂર કરવા માટે બીજી કોઇ વ્યક્તિ નહીં ને ઠાકોર જ ચૂંટાઇ આવ્યા તેમાં તેમણે ઠાકોરનું સદ્ભાગ્ય જોયું હતું; ઠાકોરની નવમાસની ટૂંકી નોકરીને તેમણે કેળવણીખાતાના જ ટૂંકા નસીબરૂપ ગણી હતી; ઠાકોરને તેમના સાહેબોની મદદ અને મીઠી નજર મળી એમાં ઠાકોરનાં શ્રમ અને કાર્યની તેમણે કદર થયેલી નિહાળી હતી અને સ્વેડન સાહેબે ઠાકોરને પૂના ન જવા દેવા માટે જે પ્રયત્ન કર્યા હતા તેમાં તેમણે ઠાકોરને તેમની કાર્યસિદ્ધિ બદલ મળેલું પ્રમાણપત્ર ભાળ્યું હતું.[૬૮]

૬ જ્ઞાતિસુધારો, સમાજસુધારો, શિક્ષણની સંસ્થાઓ, એ સંસ્થાઓના ચાલકો, અધ્યાપકો ને વિદ્યાર્થીઓના આદર્શો; રાજકારણ, ઇતિહાસ વગેરે વિષે ઠાકોરના વિચારો જાણ્યા પછી એક વાત આપણે નિશ્ચિતપણે કહી શકીએ કે તેઓ જનસમાજના બહુલક્ષી ઉત્કર્ષના અભીપ્સુ હતા. એમની ઉત્કર્ષની એ ભાવનાને નિયમનારાં ને આકારનારાં, એના પાયામાં સ્વીકારાયેલાં ધોરણોની સારાસારતા વિષે વિવાદ સંભવી શકે, પરંતુ, ઠાકોરને – તેમને ઉદાત્ત ને અસ્વાર્થિક લાગી હોય તેવી – કોઇક ભાવના હતી એ વિષે બે મત ન હોઇ શકે.

એ ભાવના એના ઉદાત્ત વિશાળ રૂપમાં તો નહીં પણ એથી ઘણા નાના રૂપમાં કોલેજિયન ઠાકોરમાં અસ્તિત્વ ધરાવતી હતી. ૫-૭-૮૮ની એક ડાયરીનોંધમાં તેમણે ત્રણ બનાવો નોંધ્યા છે. એક પ્રસંગ ઘોડાની મૂર્ચ્છાનો હતો, બીજો, વરસાદમાં ભિંજાતી યુવતીનો હતો ને ત્રીજો, વરસાદમાં દીકરાને લઇને નીકળેલા એક ગરીબ બાપનો હતો. તેમને મદદ કરવાની ઠાકોરને તે પ્રસંગોએ ઇચ્છા થઇ હતી પરંતુ 'presence of Mind' ને અભાવે તેમનાથી મદદ આપી શકાઇ નહોતી. 'Bluntness of heart', 'Dullness of comprehension', અને 'Torpor of mind' ને તિલાંજલિ આપીને તથા 'Presence of mind' કેળવીને, પછીના એવા પ્રસંગોએ સહાયાર્થીને સફળપણે સહાયક થઇ રહેવાનો ઠાકોરે એ ડાયરીનોંધમાં સંકલ્પ વ્યક્ત કર્યો છે. બીજી એક-તા. ૫-૭-૮૮ની-ડાયરીનોંધમાં તેમણે, એકવાર પાનસોપારી ખાઇને શરીરને પપલાવવામાં પૈસા વેડફ્યા હતા, તે બદલ અફસોસ વ્યક્ત કર્યો છે અને ફરી ફરી એવો દુર્વ્યય નહીં થવા દેતાં એ પૈસા charityમાં વાપરવાનો, અને દુર્વ્યયકારક ખોટી ટેવો છોડીને સફળતા માટે જરૂરી ઇચ્છાબળ કેળવવાનો સંકલ્પ લીધો છે. ૨૯-૬-૮૯ની એક ડાયરીનોંધમાં તેમણે સમકાલીન જગતમાં પ્રવર્તી રહેલી નૈતિક વિકાસની કચાશ વિષે, યુધ્ધ માટે ચાલી રહેલી વિજ્ઞાનની તૈયારીઓની ભીષણતા ને નીચતા વિષે અને નૈતિકતાની એ અપરિપક્વ દશામાં નીપજનારાં વિજ્ઞાનનાં લાભદાયક કરતાં ઘણાં વધારે હાનિકારક પરિણામો વિષે લખ્યું છે.

આમ ઠાકોરમાં માનવતાવાદી વલણ હતું, સદસદ્વિવેક હતો, આત્મપરીક્ષણની વૃત્તિ હતી ને પરાર્થઘટક થવાની યે વૃત્તિ હતી. આપણા દેશના પૃથક્જનો સ્વાભાવિક રીતે જ આવી વૃત્તિઓને ધર્માભિમુખ માનસના અંશો ગણી લેશે. ધર્મના આદ્ય અને અંતિમ અધિષ્ઠાન તરીકે સામાન્યત: ઇશ્વરનો સ્વીકાર કરવામાં આવે છે. ઠાકોર

એમના વિદ્યાર્થીકાળ દરમ્યાન ઇશ્વરમાં માન્યતા ધરાવતા હતા. ૯-૭-૮૮ની એક ડાયરીનોંધ પરથી જણાય છે કે એ અરસામાં એમનું મન પ્રેમવિષયક વિચારોથી સંક્ષુબ્ધ બની ગયું હતું. આથી ૧૨-૭-૮૮-ની ડાયરીનોંધમાં તેમણે પોતાની કારકિર્દીની ભલાઇ સારુ અભ્યાસનું બળ મેળવવા ને સ્વસ્થચિત્ત બનવા માટે ઇશ્વરને પ્રાર્થના ગુજારી છે. ૧૨-૮-૮૮ની ડાયરીનોંધમાં પણ તેમણે " I come to thee my father, receive me, give me the adequate strength' વગરે વાક્યોમાં આર્જવભરી અને લગભગ ટાગોરીય લાગે તેવી શૈલીમાં ઇશ્વરને પ્રાર્થના કરી છે. મિત્રો સાથેની ચર્ચાઓમાં પણ તેઓ ઇશ્વર, આત્મા, ધર્મ, આધ્યાત્મિકતા વગેરે વિષયો ઉપર, એ વિષયોની તરફેણમાં પોતાનાં મંતવ્યો પ્રગટ કરતા હતા. એવી રીતે, એક વખતે, પ્રગટ કરેલા પોતાના ત વિષયક વિચારને ૨૮-૬-૮૯ની એક ડાયરીનોંધમાં નોંધતાં તેમણે લખ્યું છે :

" On God and Godlike men we build our trust. What know we greater than the soul! Religion unthinkable except as an ultimate victory of the spiritual in man and nature; and the argument from known existence of Godlike men to the inferential existence of God himself."

આ અવતરણમાં તેઓ ઇશ્વરના અસ્તિત્વને સ્વીકારતા લાગે છે પણ એ સ્વીકારને તાર્કિક ભૂમિકા પર બહાલ રાખવાનું તેમનું વલણ પણ એમાં દેખાઇ આવે છે. ૨-૨-૯૦ની ડાયરીનોંધ પરથી જણાય છે કે ગુજરાતી સોશિયલ યુનિયનમાં તે દિવસે ચાલેલી' Want of combination amongst Gujaratis'ના વિષય પરની ચર્ચામાં ભાગ લેતાં તેમણે, ગુજરાતીઓમાં ઐક્યભાવનાને સ્થાપનારા બળ તરીકે, પ્રજામાં વર્ષોથી શિથિલ બની ગયેલા, ધાર્મિક અનુબંધને ફરી દૃઢીભૂત બનાવવાની હિમાયત કરી હતી.

ઇશ્વરઅસ્તિત્વના સ્વીકારના તેમ જ ધર્મની ઉપકારકતાના ઉક્ત વલણથી વિભિન્ન એવું એક બીજું વલણ પણ તેમનામાં, તેમના

વિદ્યાર્થીકાળ દરમ્યાન હતું. એક વખત તેમણે ભીખારીઓનું એક ટોળું જોયું હતું; તેનું વર્ણન કરતાં તેમણે ૧૭-૮-૮૮ની એક ડાયરીનોંધમાં લખ્યું છે : " Is man lord's creation? Then why some blind, some lame...? Have any of them (that is beggars) a mind, a heart?"

અહીં ઠાકોરે જગતમાં પ્રવર્તતી વિષમતાઓની, જગતનાં માણસોમાં પ્રવર્તતી અ-માનવીયતાની વાત કરી છે. જેનો સ્રષ્ટા સંપૂર્ણ હોય તે સૃષ્ટિમાં અપૂર્ણતા શી રીતે સંભવી શકે ? ઇશ્વર સર્વશક્તિમાન હોય તો તેની સરજતોમાં ખામી કેમ હોઇ શકે ? એવા પ્રશ્નો ઊભા થતાં, સૃષ્ટિ ઉપર ઇશ્વરના સર્વોચ્ચ અધિકારિત્વ અને કર્તૃત્વ વિષે ઠાકોર ત્યાં સંશયગ્રસ્ત બન્યા છે. ૧૧-૧૨-૮૮ની ડાયરીનોંધમાં, તેમણે તે અરસામાં વિશ્વનાથ પાઠક સાથે તેમને થયેલી મોક્ષવિષયક ચર્ચાને ટાંકતાં લખ્યું છે : "૨૫૦ ૦૦૦ ૦૦૦ની વસ્તી સંસ્કૃતિમાં એક પગલું આગળ મૂકે તેના કરતાં ૧૦૦૦ કે ૧૦૦૦૦નો મોક્ષ ઉતરતી વસ્તુ નથી ?" આ નોંધમાં તેમણે જનસમાજના એક નાના ભાગની પારલૌકિક હિતસાધના કરતાં સમગ્ર જનસમાજની ઐહલૌકિક હિત-સિદ્ધિનું મૂલ્ય ઊંચું આંક્યું છે. ઠાકોરના વિચારગોફમાં ઐહ્યપરાયણ તંતુઓ પણ તે વખતે વણાયેલા હતા તે આમાંથી સ્પષ્ટ થાય છે. એ નોંધમાં રજૂ થયેલી લાગણી તત્કાલીન લોકમાનસની પરંપરાગત લાગણી કરતાં જુદી જાતની છે. પરંપરાના અજ્ઞાનયુક્ત જડ અનુસરણમાંથી છૂટેલો માણસ જ પોતાના મનને મુક્તતા તરફ વાળી શકે; અને મુક્ત થયેલું માનસ જ નવા વિચારોને-જ્ઞાનને આવિષ્કારી-સત્કારી શકે એ વાત પણ ઠાકોરે ૧૧,૧૨-૮-૮૮ની ડાયરીનોંધમાં " Wisdom preferable to ignorance ...." "The heart is nothing if it is not free..." વગેરે શબ્દોમાં નોંધી છે.

આમ એ વર્ષોમાં ઠાકોરના મનમાં બે વિભિન્ન વલણો હતાં ખરાં; પરંતુ એ ગાળામાં ધર્માભિમુખતાનું, ઇશ્વરના સ્વીકારનું અને તદનુસાર આપણાં કેટલાંક પ્રણાલીગત મંતવ્યોના આકર્ષણનું વલણ તેમના મનમાં બીજા વલણ કરતાં ઘણું બળવત્તર રહ્યું હતું. ઇ. સ. ૧૯૦૦ના ઉનાળામાં પૂર્ણ થયેલા "આરોહણ" કાવ્યમાં અદ્વૈતવાદની અસર હોવાનું ઠાકોરે સ્વીકાર્યું છે. એ કાવ્યમાં તેમણે આપણી ધર્મસંસ્કૃતિના વિનાશસંભવની ચિંતા વ્યક્ત કરીને સર્વવ્યાપક, સર્વસત્તાધીશ, પરમોચ્ચ સર્વકર્તા પરમાત્માને છેવટમાં સંબોધ્યા છે. એ જ રીતે "પ્રેમનો દિવસ"ની કાવ્યમાળામાં અને "વિરહ"ની કાવ્યમાળામાં પણ અદ્વૈતવાદની અને ઇશ્વરાભિમુખ વલણની ગાઢ અસર વરતાય છે. "પ્રેમનો દિવસ"માં છેલ્લાં લખાયેલાં કાવ્યો સન ૧૯૧૨-૧૯૧૩માં લખાયેલાં છે. "વિરહ" કાવ્યમાળા ઠાકોરે પોતાની પત્નીના મૃત્યુને નિમિત્તે લખેલી છે; અને તેમનાં પત્નીનું અવસાન સન ૧૯૧૫ની સાલમાં થયું હતું. આથી કહી શકાય કે સન ૧૯૧૫ પછી પણ કેટલાંક વર્ષો લગી તેમના મનમાં ઉપર્યુક્ત વલણની બળવત્તર અસર રહેલી હોવી જોઇએ. આમ કહેવાનો એક બીજો પણ આધાર છે. ૧૯૧૫ની સાલમાં સુરતમાં તેમણે "આદર્શ સુધારક" નામે જે વ્યાખ્યાન આપ્યું હતું તેમાં તેમણે હિંદુ ધર્મની તથા એ ધર્મમાં ઉત્ક્રમેલી ઇશ્વરવિભાવનાની અને આચરાતી મૂર્તિપૂજાની ઉત્કટ પ્રશસ્તિ કરી છે. ત્યાં, તેમણે માનવ-સમાજની રચના માટે ધર્મને પાયા તરીકે સ્વીકારવાની માન્યતા દર્શાવી છે. એટલું જ નહીં પણ શુદ્ધ હિંદુ ધર્મને તેમણે "સનાતન માનવધર્મનાં અંગેઅંગનું બહુ ઉંચા પ્રકારનું પ્રતીક" ગણાવ્યો છે; "આપણી પ્રજાના હૃદય અને આત્માના ઉંડાણો અને મૂલોમાં ઠેઠ સુધી પ્રકાશ અને અમૃત સિંચવાની શક્તિ" તેમણે એ પ્રતીકમાં વિલોકી છે. મૂર્તિપૂજાવિરોધી ઉદ્દામ સુધારકોને જવાબ આપતાં તેમણે ત્યાં કહ્યું છે:

"તમારા મગજમાંની મૂર્તિપૂજા તે "જૂના કરાર"માંની મૂર્તિપૂજા કે ઇતિહાસારંભના સૂર્યોદય પહેલાંની નહીં માનવમાં કે નહીં પશુમાં એવી પ્રજાઓની ક્રિયાઓમાંની મૂર્તિપૂજા હશે, અમારા હિંદુધર્મની મૂતિપૂજા એ વર્ગમાંની છે જ નહીં". "ઇશ્વરને બ્રહ્માંડમાંના સાર પદાર્થ ઉપર (માનવબુદ્ધિની અલ્પતાને લીધે થયેલાં) માનવરૂપનો અધ્યારોપ ઃ (Anthropo-morphism) ;" ગણીને "ભક્તિના આદેશના કે બહારના તમામ માર્ગોને" "જૂઠા હડહડતા જૂઠા" માર્ગો માનનારા ઉદ્દામ સુધારકોને તેમણે સંભળાવ્યું છે : "તમારા મગજમાંનો ઇશ્વર એ તો "નવા કરાર"માંનો કે કુરાને શરીફમાંનો ઇશ્વર હશે ; અમારા હિંદુધર્મનો ઇશ્વર અને અમારું હિંદુધર્મનું બ્રહ્મન્ એ વર્ગમાનાં છે જ નહીં".

પૂર્વવયમાં આવી માન્યતા ધરાવનારા ઠાકોર એમની ઉત્તર-વયમાં અજ્ઞેયવાદી બની ગયા હતા ; અર્થાત્ ઠાકોરની પૂર્વવયમાં જે એક બીજા વલણની હસ્તીનો ઇશારો આપણે આ અગાઉ નોંધ્યો છે તે વલણ જ વિકસીને તેમની ઉત્તરવયમાં તેમનું સ્થાયી વ્યાપક વલણ બની ગયું હતું. સ્નાતકકક્ષાએ તેઓ પણ કવિ કાન્ત સાથે ફિલસૂફીનો અભ્યાસ કરતા હતા અને તે અંગે તેમની સાથે જ તેઓ એ વિષયનું વાચન પણ કરતા હતા. ફિલસૂફીની સૂઝસમજ આમ તો પોતાના કરતાં કાન્તમાં જ ત્યારે વધારે હતી એમ ઠાકોરે સ્વીકાર્યું છે છતાં પછીનાં વર્ષોમાં જ્યારે કાન્ત તુકારામ તાત્યાના પ્રભાવથી સ્વીડનબોર્ગને જ "સત્યનું તત્ત્વ ને તત્ત્વનું સત્ય" માનતા થયા ત્યારે તે બીનાથી ઠાકોર વર્ષો લગી આહત રહ્યા હતા. પણ આ વાત અહીં અપ્રસ્તુત છે. પ્રસ્તુત માત્ર એટલું છે કે એ દિવસોમાં ઠાકોરે ફિલસૂફીના અભ્યાસનો જે પાયો નાખ્યો હતો તે પર તેમણે પછી જુલિયન હક્સ્લી, હ્યુમ, ઓ. સ્ટેપલડન, ફ્રાન્સિસ બેકન, વિલિયમ જેમ્સ, જ્હોન ડ્યૂઈ વગેરે ફિલસૂફોનો અભ્યાસ વધાર્યો હતો. (ઠાકોરે પોતાની "આપણી વિચારણામાં ભારે

ક્રાન્તિ ઉપજાવનારા પોતાના છેલ્લા ગુરુ" તરીકે "રાજકોટના પ્રસિદ્ધ બારિસ્ટર" અને "અજ્ઞેયવાદી વેદાંતી, કૉમ્ટિસ્ટ, પોઝિટિવિસ્ટ" સીતારામ નારાયણ પંડિતનું પણ નામ દીધું છે. એમનો સંપર્ક ઠાકોરને પોતાના જુવાનીના રાજકોટ નિવાસ દરમ્યાન થયો હતો.) એથી તેમના મન પર સ્યાદ્વાદ, Realism, Rationalism, stoicism, postivism, pragmatism, evolutionary philosophy and agnosticismની ઘેરી છાપ પડી હતી અને એ છાપ છેવટે દૃઢ અજ્ઞેયવાદી માન્યતામાં પરિણમી હતી. આ વિચારપરિવર્તનનો કાળ ઠાકોરે તેમનાં "આરોહણ" અને "શાપુ ત્હને" કાવ્યોના લેખનસમયની વચ્ચેનો જણાવ્યો છે. "આરોહણ" ૧૯૦૦ની સાલમાં રચાઇ ચૂક્યું હતું પણ ત્યારબાદ ૧૯૧૫ની સાલ પછીનાં પણ કેટલાંક વર્ષો સુધી તેમના મન પર આપણી પરંપરાગત ઇશ્વરવાદી વિચારધારાના કેટલાક અંશોની સારી એવી અસર રહેવા પામી હતી તે આપણે આ પહેલાં જોયું છે. "શાપુ ત્હને" ૧૯૩૮ની સાલમાં લખાયું હતું. એ કાવ્યના લેખન પહેલાંનાં કેટલાંક વર્ષોથી તેમના મનમાં તેમની ઉત્તર વિચારધારા સ્થિર થઇ ચૂકી હતી. એટલે લગભગ ૧૯૧૮-૨૦થી ૧૯૩૦-૩૩ સુધીનાં વર્ષો દરમ્યાન તેમના મનમાં ધર્મ અને ઇશ્વર સંબંધી વિચારોની પૂર્ણ ક્રાન્તિ થઇ ગઇ હોવી જોઇએ એમ કહી શકાય. "શાપુ ત્હને" કાવ્યને તેમણે "એક નાસ્તિકના કોપોદ્ગાર" તરીકે વર્ણવ્યું છે અને એમાંના ભાવોને તેમણે પોતાના નહીં માનવાની સૂચના કરી છે, પોતે તો એ ભાવોના કેવળ વાહક જ બન્યા હોવાનો તેમણે ખુલાસો આપ્યો છે. તેઓ પોતાને આસ્તિક નહોતા કહેવડાવતા તેમ જ નાસ્તિક પણ નહોતા કહેવડાવતા પણ કેવળ અજ્ઞેયવાદી કહેવડાવતા હતા. અજ્ઞેયવાદને કોઇ વાદ કે ism માનવાની તેમણે ના પાડી છે. સ્પષ્ટ અને સ્ફુટ પુરાવાઓને આધારે, કોઇપણ પ્રકારના વાંધા વિના, બૌદ્ધિક રીતે જે કોઇ વાદને પુરવાર કરી શકાય અને સ્વીકારી

શકાય તેમ હોય તેને સ્વીકારવા નિત્ય તત્પર રહેલા માનસને તેમણે અજ્ઞેયવાદનું નામ આપ્યું છે. એ માનસને ઓળખાવવા કોઇક નામ આપવું જોઇએ એટલા માટે જ તેમણે તેને માટે "અજ્ઞેયવાદ" નામનો પ્રયોગ કર્યો છે.[૬૯]

ઠાકોરે કોઇપણ પ્રકારના વિષયના અભ્યાસ માટે બિનંગત શાસ્ત્રીય ઐતિહાસિક સમગ્ર દૃષ્ટિનો આગ્રહ સેવ્યો છે. આ દૃષ્ટિ કોઇપણ નિર્ણય લેતાં પહેલાં એ નિર્ણયને માટે સર્વથા સંપૂર્ણ જવાબદાર લેખાય તેવા ચોક્ખા પુરાવાઓને એકઠા કરવામાં ને ચકાસવામાં માને છે. કોઇપણ વિષયમાં અમુક નિર્ણય બાંધવા માટે જ્યાં લગી ચોક્ખા પુરાવાઓ ન મળે ત્યાં લગી એ વિષય પરત્વે અનિર્ણીત દશામાં રહેવાનું ઠાકોરને અભીષ્ટ લાગ્યું હતું. એવી અનિર્ણીત અવસ્થામાં ઘણા લોકો રહી શકતા નથી. એટલે, ચોક્ખા પુરાવાઓની પ્રાપ્તિ થાય ત્યાં લગી જે તે નિર્ણય પર આવવાના કાર્યને મોકૂફ રાખનારાઓના પક્ષમાં એવા ઘણા લોકો શામેલ નથી થઇ શકતા અને પરિણામે તેઓ પુરાવાઓ વગર લેવાયેલા ને સમાજમાં એક યા બીજા પ્રકારે પરંપરાથી સ્થાપિત થઇ ચૂકેલા નિર્ણયોના પક્ષમાં બેસી જાય છે. એવા માણસોને ઠાકોર અંધશ્રદ્ધાળુ કહે છે. નિર્ણયવિહીન દશામાં રહેવું ઘણું વિકટ હોય છે; એથી સારા અજ્ઞેયવાદી બનનાર માણસની પાત્રતાને તેમણે અતિ વિરલ પ્રકારની માની છે. પુરાવાઓ ન મળે ત્યાં લગી કશો પણ અંતિમ નિર્ણય ન લેનારી દૃષ્ટિને તેમણે વધુ "શાસ્ત્રીય", "વાસ્તવિક" ને "સત્યનિષ્ઠ" કહી છે. પુરાવાઓ મળતાં પહેલાં અંતિમ નિર્ણય બાંધી દેનારી દૃષ્ટિને તેમણે વહેમીલી, નિર્બળ અને અંધશ્રદ્ધાળુ ગણી છે. એવાં વહેમ, નિર્બળતા અને અંધશ્રદ્ધાને દૂર રાખવામાં તેમણે "માણસની માણસાઇ", પુરુષનું પૌરુષ, ધર્મિષ્ઠનો અનન્ય ધર્મ અને જ્ઞાનીની અંતિમ જ્ઞાનનિષ્ઠા જોયાં છે.

પુરાવાઓ હાથવેંતમાં મળી જ આવે એવું હમેશાં બનતું નથી. પૃથ્વી પર માનવજાતને પેદા થયે લાખો વર્ષો થયાં છે. અને એ દરમ્યાન તેણે કેટલાંયે સત્યોને વૈજ્ઞાનિક પદ્ધતિએ, સ્પષ્ટ ને સ્ફુટ પ્રમાણો આપી આપીને પુરવાર કર્યાં છે, પણ એ સત્યો વિષેના નિર્ણયો લેવા માટે માનવજાતને આ પ્રલંબ ઇતિહાસપટમાં કેટલો ખંત રાખવો પડ્યો છે અને કેટલી ધીરજ રાખવી પડી છે! સત્યોના સાગરમાંથી માત્ર થોડાંક જ સત્યો હજી હાથમાં આવ્યાં છે. પણ એ સત્યોને આપણે જેવી આધારપૂર્વકતાથી શોધી કાઢ્યાં છે તે રીતે જ બાકીનાં સત્યોની શોધ પણ ચલાવવી જોઇએ. એ શોધમાં હજી કદાચ વર્ષોનાં વર્ષો નીકળી જાય પણ તેથી આપણી ધીરજનો, પ્રામાણિકતાનો, શાસ્ત્રીય શોધદૃષ્ટિનો અંત નહીં આવી જવો જોઇએ. શાસ્ત્રીય અને અશાસ્ત્રીય દૃષ્ટિઓ વચ્ચેનો સંઘર્ષ ઇતિહાસમાં ઘણો લાંબો અને વારાફેરાવાળો છે. પણ એની કશી વિઘાતક અસર આપણે આપણી શાસ્ત્રીય સ્પષ્ટપ્રમાણપરાયણ શોધકદૃષ્ટિ પર આવવા દેવી જોઇએ નહીં.[૭૦]

કોઇપણ બાબત પરત્વે જ્યાં લગી શાસ્ત્રીય રીતે અંતિમ નિર્ણય લેવાયો ન હોય ત્યાં લગી જેટલી ભાવિ શક્યતા એના ઇન્કારની રહે છે તેટલી ભાવિ શક્યતા તેના સ્વીકારની પણ રહે છે. આપણી આસપાસ ગોચર થતી સૃષ્ટિની સત્યતાનો આપણે સ્વીકાર કરીએ ત્યારે આપણને ન દેખાતી, ન સમજાતી હોય તેવી પણ કોઇ સૃષ્ટિના અસ્તિત્વના સંભવનો આપણે આદર કરવો પડે છે. પણ જ્યાં લગી એ સંભવ શાસ્ત્રીય પ્રમાણોના પાયા પર સાચો કે ખોટો ન ઠરાવાયો હોય ત્યાં લગી એ સંભવને સંભવ તરીકે જ રહેવા દેવો જોઇએ. અમુક વસ્તુ "સંભવિત હોય", તેના પરથી એ વસ્તુ "છે" જ એમ આપણે ન માની બેસી શકીએ. એવી શંકાસ્પદ બાબતોને સત્યપ્રતિષ્ઠ ધર્મ માની બેસનારાઓ ઘણીવાર પોતાની વાતના સમર્થનમાં અશાસ્ત્રીય પ્રવંચક પુરાવાઓ રજૂ કરતા હોય છે. ધર્મ અને ઇશ્વરના અસ્તિત્વની ચર્ચામાં ઠાકોર હંસળાવા, ગોદડિયા બાવા

વગેરેનાં પ્રમાણોને એ રીતે અશાસ્ત્રીય ગણી કાઢે છે. 'Idealism', 'monism','Spiritulism', 'Mysticism' "આત્મા", "પરમાત્મા", "અમરતા", "સાક્ષાત્કાર" વગેરેને તેઓ માત્ર 'Platonic ideas' – "શબ્દભૂતો" – "અભાવો" ગણી કાઢે છે. કેમકે એ શબ્દો વડે નિર્દેશાતી બાબતોની સત્યતા વિષે પોતાને કોઇપણ ચોક્ખો પુરાવો મળ્યાનો ઠાકોર ઇન્કાર કરે છે. એ "શબ્દભૂતો"થી મુક્ત થવાને બદલે એમને જ "સત્યના અર્ક"રૂપ માની લેનારાઓને ઠાકોરે "હૃદય અને રુધિરને એ મદિરાએ મત્ત રાખી બુધ્ધિને મૂર્છિત રાખનારા" કહ્યા છે. રહસ્યમાર્ગીઓને ઠાકોરે દુનિયાની કુલ વસ્તીની તુલનાએ ઘણી ઓછી સંખ્યાવાળા તેમ જ દુનિયામાં કશી પ્રગતિ નહીં કરી દેખાડનારા અને તેથી અવમાનનાને માત્ર કહ્યા છે. તેમને મતે એ રહસ્યમાર્ગીઓ નથી અહીં રહેતા કે નથી ત્યાં પહોંચતા પણ ઘાણીના બળદની માફક અંધ બની ફેરફુદડી ફર્યા કરે છે; તેમનાં "જ્ઞાનવિજ્ઞાન" કેવાં છે તે તેઓ પોતે જ નથી જાણી શકતા એવા તે અંધો છે. જરા સરખી શંકા રાખવામાં ઘોર પાતક થયેલું જોનારા એવા લોકોની માફક અંધશ્રધ્ધાની કંઠી બાંધવા કરતાં પુરાવાઓ મળતા જાય તેમ તેમ જાતે નિર્ણયો બાંધવામાં માનનારાઓના open mind ની – બુધ્ધિસ્વાતંત્ર્યની કંઠી બાંધવાનું ઠાકોર વધુ પસંદ કરે છે. વળી, એ રહસ્યમાર્ગીઓમાં કેટલા ટકા રોગગ્રસ્ત હોય છે એ, W. Jamesની વૈજ્ઞાનિક સંશોધનની દિશાને તેમણે આગળ ખેડવા જેવી માની છે.

આમ, ઠાકોરે બુધ્ધિ અને શ્રધ્ધાને સામસામાં અંતિમોએ મૂક્યાં છે. બુધ્ધિને તેઓ પંગુ અને શ્રધ્ધાને આંધળી કહે છે. અને પછી, પંગુ આંધળાને ખભે ચઢીને દોરે અને આંધળો પંગુને ખભે ચઢીને દોરે એ બેમાં કયી સ્થિતિ હિતકારક તેનો સૂચક નિર્ણય આપે છે : બુધ્ધિ પર વર્ચસ્વ સ્થાપતી શ્રધ્ધા માણસને અંધકારની ગર્તામાં ફંગોટી દે, ત્યારે શ્રધ્ધા પર વર્ચસ્વ ચલાવતી બુધ્ધિ માણસને પ્રકાશનો પથ ચીંધી

શકે. કેટલીકવાર ચોક્કા પુરાવાઓનો અભાવ હોય ત્યારે તાર્કિક અનુમાનશ્રેણિ દ્વારા સત્યાસત્યના નિર્ણય પર આવવાની એક પ્રથા છે. પણ ઠાકોર એ પ્રથાનેય અમાન્ય રાખે છે કેમકે લાંબી અનુમાન-શ્રેણિમાં દરેક પગથિયું તેનાં આગલાં પગથિયાં કરતાં વધુ ને વધુ લૂલું બનતું જાય છે એવો તેમનો અભિપ્રાય છે.[૭૧]

દુનિયાની ઘણી બધી પ્રજાઓ પાસે વર્ષોથી પોતાના લૌકિક ઇતિહાસો હતા. એ ઇતિહાસોમાં પ્રજાઓનાં મિથ્યાભિમાનને પોષનારી ઘણી કપોલકલ્પિત કથાઓ, અતિશયોક્તિઓ, ચમત્કારકથાઓ, દંતકથાઓ ઉમેરાયેલી હતી ; એવી અનૈતિહાસિક બાબતોના વિપુલ જથ્થામાં સાચો ઇતિહાસ ઢંકાઇ ગયેલો – વિકૃત થઇ ગયેલો હતો. પણ જેમ જેમ સ્પષ્ટ પ્રમાણોને અનુસરનારી શાસ્ત્રીય સંશોધનદૃષ્ટિ વિકસતી ગઇ અને જેમ જેમ વિવિધ પ્રકારના ઐતિહાસિક પુરાવાઓ મળતા ગયા તેમ તેમ પ્રજાના પરંપરાગત ઇતિવૃત્ત – સમુચ્ચયમાંથી અનૈતિહાસિક અંશો ચળાતા ગયા અને ઇતિહાસ વધુ ને વધુ શુદ્ધસ્વરૂપમાં પ્રકાશિત થવા લાગ્યો. આપણા દેશમાં પણ આ દિશામાં અત્યાર-લગીમાં ઘણું કીમતી કાર્ય થયું છે. છતાં, રોચક તથાપિ અસત્ય હોય એવી ઘણી બાબતોના પાટા આપણે આપણી આંખો પરથી હજી છોડવાના બાકી છે. આપણામાં હજી ઘણી યે મિથ્યા બાબતો એવી છે જે આપણને અભિમત્ત રાખે છે માટે આપણે એમને જાણવાની વૃત્તિ સરખી દાખવતા નથી ને એમનાથી આપણે પરમ સંતુષ્ટ થઇને મ્હાલીએ છીએ : ઘણીવાર, આપણા હેતુઓને સારે તેવાં મિથ્યાત્વોને આપણે જ સભાન કે અભાન રીતે સર્જતા હોઇએ છીએ.

પોતાના પંથને અનુકૂળ પડે તેવા અર્થો ઘટાવવાનો આરોપ ઠાકોરે સ્વામી દયાનંદ પર મૂક્યો છે. એ અર્થોમાં દયાનંદીઓ જ રાચે છે ; બાકી ક્યારે ય કોઇ પાંડિત્યયુક્ત શાસ્ત્રીય વેદાભ્યાસીએ એ અર્થોને લગીરે વજન આપ્યું છે ખરું ? એ જ રીતે ગીતા તથા ઉપનિષદોને

પણ સૈકડો વર્ષોથી ભાવુકોએ પોતાનાં લાગણીઓ અને અધ્યારોપોના ઢોળ ચઢાવ્યા કર્યા છે; એ રચનાઓમાંના શબ્દોને એમના મૂળ અર્થમાં કોઇ પણ હિંદુ ભાવક લેશે નહીં એમ ઠાકોરનું માનવું છે. ગીતાના વિરાટદર્શનના યોગને તેમણે bombastic પ્રલાપ ગણી કાઢ્યો છે. વેદના કેટલાય જૂના ભાગોને તેમણે હજી અજ્ઞેય રહેલા – અને જ્યાં લગી અકસ્માતે કોઇ ચાવી ન મળી જાય ત્યાં લગી અજ્ઞેય જ રહેનારા – કહ્યા છે. એવી કોઇ ચાવી નહીં મળે ત્યાં લગી નિષ્ણાતો માથાં કૂટીને મરી જશે તોપણ તેઓ જૂના અર્થઢગલામાં નવાનો ઉમેરો કર્યા સિવાય બીજું કંઇ કરી શકવાના નથી એમ તેમનું માનવું છે. સાયણ-માધવનાં ભાષ્યોમાં સ્વીકારાયેલા કેટલાક અર્થોને તેમણે યુક્તિથી બેસાડેલા કહ્યા છે. યાસ્કના નિરુક્તની, બ્રાહ્મણગ્રંથોના જૂના ભાગોની તથા મુકાબલે "અદ્યતન" કહેવાય તેવી મહાભારતની બાબતમાં પણ ઠાકોરને એવી કોઇ ને કોઇ ફરિયાદ છે. વળી, મોહન જો ડેરોમાંથી "લગભગ ચાર હજાર વર્ષ જૂની જે હકીકતો મૂર્તિઓ મંદિરો મળ્યાં તે કેટલાક મહત્ત્વના અંશમાં" ઠાકોરને "એવાં વિચિત્ર અણધાર્યાં" લાગ્યાં છે કે "તે પહેલાં વેદ વિષે મોટામાં મોટા વિદ્વાનોએ જે કંઇ અત્યંત કાળજીપૂર્વક સંશોધી સંયોજીને" લખ્યું હોય તે બધાને તેમણે "ફરી વિચારવા જેવું" ગણ્યું છે, વળી, ત્યાંથી મળી આવેલા અવશેષો પરનાં લખાણો અદ્યાપિ ઉકલ્યાં નહીં હોવાથી પોતે નિર્દેશેલા ઉપર્યુક્ત પુનર્વિચારણાના કાર્યને પણ તેમણે "ગુપ્ત"ભરેલું ગણ્યું છે.[૭૨]

ઇતિહાસનો અભ્યાસ કાર્યકારણશૃંખલાની સમજ પૂરી પાડે છે. એવી સમજમાંથી ચોક્ખા પુરાવાઓને આધારે તર્કશ્રેણિ દ્વારા વિચારણા કરવાની પદ્ધતિ પડે છે. એ પદ્ધતિએ કામ કરતી તર્કશ્રદ્ધાને સંતોષે તેને જ સત્ય તરીકે સ્વીકારવા ઠાકોર તૈયાર હતા. માનુષ જીવનમાં

બનતી ઘટનાઓના કારણ તરીકે જ્યોતિર્ષીઓ ગ્રહો વગેરેની દશાઓ અને હિલચાલોને આગળ કરે છે પણ એ પ્રકારની કાર્યકારણશૃંખલા ચોક્ખા પુરાવાઓને જ માન્ય રાખતી તર્કબુદ્ધિને સંતોષી શકે નહીં કેમકે પ્રયોગશાળામાંના પ્રયોગોની જેમ ગ્રહો વગેરેની કામગીરીના ચોક્ખા પુરાવા આપી શકાય નહીં. આથી ઠાકોરને જ્યોતિષમાં વિશ્વાસ નહોતો ; એને તેઓ વિકાસપ્રેરક નહીં પણ પ્રત્યાઘાતી કહેતા હતા ; કેમકે એ શાસ્ત્ર એમને બુદ્ધિના દરવાજાઓને ખોલનારું નહીં પણ ભીડી દેનારું લાગ્યું હતું. વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરના એક વખતના નિયામક ડૉ. બિનયતોષ ભટ્ટાચાર્ય એક સારા દાક્તર પણ હતા અને એક જ્યોતિષશાસ્ત્ર નિષ્ણાત પણ હતા. બને રીતે ઠાકોરને તેમના તરફ માન હતું અને તેમણે "ડૉ. બિનયતોષ ભટ્ટાચાર્યને" નામક એક સોનેટ પણ તેમને ઉદ્દેશીને લખ્યું હતું. પરંતુ, શ્રી વીમાવાળા પર તા. ૫-૧૨-૪૯ના દિવસે લખેલા પત્રમાં તેમણે ભટ્ટાચાર્ય વિષે પણ પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે જણાવી દીધો હતો : "વિગ્રહ ચાલ્યો તે દરમ્યાન એમના તમામ વર્તારા એકસરખા ખોટા પડેલા પણ એમની શ્રદ્ધા લગીરે ઘટેલી નહીં". એ જ પત્રમાં તેમણે, પહેલા તેમ જ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન મહિને મહિને બહાર પડતા રહેલા અસંખ્ય વરતારાઓમાંથી નવ્વાણું ટકા ખોટા પડતા રહ્યા હોવાનો અને એ વરતારાઓએ લોકમાનસની વિહ્વળતાને ઉત્તેજવા સિવાય બીજું કશું નહીં કર્યું હોવાનો મત પણ જણાવ્યો હતો.

જ્યોતિષને પ્રારબ્ધવાદ સાથે, નિર્માણવાદ સાથે સંબંધ છે અને ગીતામાં ભગવાને નિર્માણવાદનો પુરસ્કાર કર્યો છે (ભગવાન અર્જુનને કહે છે : આ બધાને મેં મારી રાખેલા જ છે, તારે તો માત્ર નિમિત્ત જ બનવાનું છે...) આથી ઠાકોર ગીતાને પણ પ્રત્યાઘાતી ઠરાવે છે. નિર્માણવાદ પુરુષાર્થની ભાવના પર પ્રહાર કરે છે અને તેથી અંતે વિકાસ-વિરોધી સાબીત થાય છે. ઠાકોર કદાચ ઘણા વહેલા કાળથી પુરુ-

ષાર્થવાદી હતા. ૧૮૮૮ની એક ડાયરીના પહેલે પાને તેમણે લખ્યું છે : "માણસ પોતે પોતાનો star છે. તેનો આત્મા તેને honest, perfect બનાવે. Command all light , all influence, all fate. Nothing to him falls early or too late. "માણસ પોતે જ પોતાનો સદ્ગુરુ, સન્મિત્ર છે એમ ઠાકોર માનતા હતા. અને તેથી, કોઇ માણસ અમુક માનવસમાજમાં આધ્યાત્મિક ગુરુપદ માટે દાવો કરે કે કોઇ માણસ બીજા કોઇ માણસને દેવ માની લે એ બંને સ્થિતિઓને તેમણે હાસ્યાસ્પદ માની છે. આથી, કોઇપણ દેવને થયેલા નમસ્કાર છેવટે તો પોતાના પ્રતિ જ આવે છે, માટે પોતે જ તમામ દેવોના અધિદેવ છે અને તેથી માનવમાત્રનું ચરમ ગંતવ્ય પોતે જ છે એમ બોલનારા ગીતોદ્ગાતા કૃષ્ણને પણ તેમણે અહંકારીને ઘૃણાસ્પદ કહ્યા છે. અરવિંદના અનુયાયીઓમાં એક વાત જાણીતી છે. તે એ કે બીજા વિશ્વયુદ્ધ વખતે તેમણે પોતાના આશ્રમમાં રહ્યે રહ્યે યોગબળ ફેંકીને મિત્રરાજ્યોને જીત અપાવી હતી. એવા દાવાઓને ઠાકોરે અંધશ્રદ્ધાળુઓ કરારે ગળી જાય તેવા છતાં "દીવાનાઓ કે બોલતાં આવડતું હોય તો પશુઓ પણ ના કરે તેવા" કહ્યા છે.

એક રીતે ગીતાને ને ગીતાના ગાનારને નિંદનારા પુરુષાર્થવાદી ઠાકોરે ગીતામાં પ્રબોધાયેલા કર્મવાદ બદલ ગીતાની પ્રશંસા પણ કરી છે. વિરાટ કાલપ્રવાહના આદિ અને અંત તો આપણે માટે અવ્યક્ત જ છે પણ એ વિરાટ કાલપ્રવાહનો યે કેવળ સ્વલ્પાતિસ્વલ્પ કોઇક મધ્યભાગ જ આપણી આગળ વ્યક્ત થાય છે અને એ સ્વલ્પ કાલખંડમાં આપણે પણ કેવળ અલ્પાયુષી જંતુડાં તરીકે જ જીવવાનું હોય છે. આપણી આસપાસની પરિસ્થિતિમાં પ્રણાલીગત મૂલ્યો બંધબેસતાં ન આવતાં હોય ને તેથી ફેરવવા જેવાં લાગતાં હોય તો આપણે આપણી સૂઝ પ્રમાણે સ્થલકાલાધીન રીતે નવાં આવશ્યક મૂલ્યો ઉપજાવી લેવાં પડે છે. આપણે માટે નકામા બની ગયેલા પ્રણાલીગત તત્ત્વના પરિહારનો, નવા જરૂરી તત્ત્વના

પરિશોધનો અને એ તત્ત્વના આગ્રહી અનુવર્તનનો ગીતાએ જે બોધ આપ્યો છે તેમાં જ ગીતાની ખરી અમરતા ઠાકોરે જોઇ છે.[૭૩]

આપણા ધર્મગુરુઓના આદેશ મોટે ભાગે અનાસક્તિના, ઇશ્વરને બધું સોંપી દેવા વિષેના, "સુખદુઃખ તો હોય" એમ સમજાવી દેનાર નિયતિવાદના હોય છે. "સંસારના વ્યાવહારિક પ્રશ્નોમાં માણસ જેટલું વધારે ચિત્ત પરોવે તેટલો તે ભૌતિકતામાં વધુ ડૂબવાનો અને તેટલો જ તે આધ્યાત્મિકતાથી વધુ દૂર ધકેલાવાનો, એવો ઉપદેશ પણ તેઓ ઘણીવાર આપતા હોય છે. આથી આપણે ત્યાં માણસો પોતાની જીવનલીલાને કેવળ પોતાના જ સંસારપૂરતી સીમિત રાખે છે, પોતાના કાર્યક્ષેત્રનો તેઓ બીજાઓ પ્રતિ વિસ્તાર નથી કરતા [!] અને એટલે જ આપણા દેશમાં ઉજળિયાત વસ્તીએ પોતાનાં હિતોને છૂટક છૂટક સાધ્યાં હશે, પણ, નિમ્ન સમાજના કરોડો ઉદ્ધારર્થીઓની ભૌતિક સુખાકારી માટે તેમણે કદી કશો પ્રયત્ન કર્યો નથી ! એ મહાન કર્તવ્યનો જુમ્મો તેમણે કાં બલીયસી ઇશ્વરેચ્છાને માથે, - કાં રાજસત્તાની ધર્મિષ્ઠતાને માથે કાયમ નાખ્યા કર્યો છે. જે ધર્મ ભૌતિક સુખસગવડો વચ્ચે બેઠેલા એક વર્ગને આધ્યાત્મિકતાનો અંચળો ઓઢાડી દઇ તેને સર્વથા સડી રહેલા બીજા વર્ગ તરફ ઉદાસીન બનાવી દે તે ધર્મને ઠાકોર ધર્મ કહેવા તૈયાર નથી. પરલોક તો, કોને ખબર હશે કે નહીં, અને ન હોય તોયે પોતાનો પરલોક જ જ્યાં સુધારવાનું કપરું હોય ત્યાં બીજાનો સુધારવા ક્યાં જઇએ ; પણ જેમ ભૌતિક સુખાકારી વડે આપણે આપણો આ લોક સુધાર્યો હોય તેમ બીજાઓનો સુધારવા યે મથવું જોઇએ ને ! પ્રત્યક્ષ પરિણામકારી નીવડે એવો તો એ જ માનવધર્મ છે. એ ધર્મને અનુસરનારા દેશો પોતાની પ્રજાના જુદાજુદા વર્ગો વચ્ચેની વિષમતાઓને ટાળીને, તમામ વર્ગો વચ્ચે ભાઇચારો કેળવીને, વર્ગવિગ્રહના ભયથી બચી જઇને, રાષ્ટ્રીય ઉત્કર્ષના

કોઇપણ કાર્ય માટે સમગ્ર પ્રજાનો સમજદારી ને ઉત્સાહથી ભરેલો એકાત્મક પુરુષાર્થ પ્રાપ્ત કરી શકે છે અને ઘણી રીતે બીજા દેશોથી આગળ રહી શકે છે. ૨૬-૨-૦૫ની સાંજે રાજકોટમાં "જાપાનની ધર્મ અને નીતિ"નામે આપેલા વ્યાખ્યાનમાં પણ ઠાકોરે, જાપાની ધર્મ અને નીતિ જેટલે અંશે જાપાની લોકોની રાજ્યભક્તિ અને રાષ્ટ્રભક્તિની ભાવનામાં પરિણત થયાં તેટલે અંશે બિરદાવ્યાં છે.[૭૪]

ઘણા લોકો માટે તેમનો ધર્મ પરંપરાગત ચમત્કારકથાઓને, દંતકથાઓને સ્થૂલ અર્થમાં માની લેવામાં, વિધિવિધાનોને બેસમજ રહી, સ્થૂલ રીતે પાળવામાં અને બુદ્ધિજડ મગજથી અનેક વહેમોને વળગી રહેવામાં સમાઇ રહે છે. અને માણસોને મન ધર્મ "વ્યક્તિગત અસાવધતાની ને નિર્બળતાની ક્ષણોમાં, ભ્રમમાં પડીને કે મોહમાં તણાઇને કે મોટી આફતથી ચગદાયા હોય ત્યારે આશરો લઇ લેવા જેવી એક વસ્તુ" બની જતો હોય છે. એવો ધર્મ કદાચ બિનનુકસાનકારક ને તેથી નિર્દોષ હોય, તથાપિ વસ્તુ જેમ વધુ નિર્દોષ જણાય તેમ ઘણીવાર વધુ ચેતતા રહેવું પડે તેવી બધી પણ હોય છે એમ માનીને ઠાકોરે એવા ધર્મને પણ તરછોડ્યો છે. એવો ધર્મ પાળનારા હિંદુઓ જેવા પોતે "હિંદુ" નથી, એવો "હિંદુમાર્ગ" પોતાનો માર્ગ નથી એવો ઠાકોરે ખુલાસો કર્યો છે. મંજુલાલ મજમુદારે "રણયજ્ઞ"ની એક પ્રત પ્રો. ઠાકોર પર મોકલી હતી તે બદલ તેમનો આભાર માનતો એક પત્ર ઠાકોરે તેમને ૫-૧૦-૪૬ના દિવસે લખ્યો હતો. મજમુદારે "કથાશ્રવણથી પાવન થઇ..." એવું કોઇ વિધાન કર્યું હશે. તેનો જવાબ આપતાં ઠાકોરે તેમને જણાવ્યું હતું કે કોઇ કથાકૃતિ વાંચવાથી રસાનુભવ થઇ શકે તે મનાય પરંતુ મૂર્ખતાઓ, કપટપ્રપંચો, નીચતાઓથી ભરેલી અવતારકથાઓના શ્રવણથી "પાવન" થવાય એમ એક "અર્વાચીન" માણસ કેમ માની શકે ? ઇશ્વરની આપણી વિભાવના સાથે આપણી

અવતારકથાઓમાંના "ઇશ્વરો" અને દૈવી પાત્રોનો કશો મેળ નથી પડતો એવો ઠાકોરે અભિપ્રાય આપ્યો હતો. "બ્રહ્મક્ષત્રિય", એપ્રિલ ૧૯૦૯–ના અંકમાં "વિવિધ વિષય" શીર્ષક હેઠળ લખેલા લેખમાં ઠાકોરે એક બીજી વાત નિર્દેશી છે. બંગાળના ધનકુરિયા ગામના એક ધનાઢ્ય કુટુંબે વંશપરંપરાના દસ્તૂર પ્રમાણે પૂજોત્સવ ત્રણ દિવસ લગી જે આવે તેને જમાડી ચોથે દિવસે દક્ષિણા કપડાં વગેરે વહેંચવાનો કાર્યક્રમ રાખેલો, તેમાં ભીડથી કચડાકચડીમાં પાંત્રીસ મરદ ભીખારીઓ કચડાઇ ગયેલા અને એમાંથી ચૌદ તો દવાખાને ખસેડાતાં જ મરી ગયેલા માલૂમ પડ્યા હતા. ઠાકોરે એ પ્રસંગને ટાંકીને ફક્ત પ્રશ્ન જ પૂછ્યો છે : "દાનવૃત્તિ અમલમાં મૂકવાની આ રીત વિષે આપણે શો અભિપ્રાય બાંધવો ?" લગભગ આ પ્રશ્નનો જ જવાબ અન્યથા, ઠાકોરે વીમાવાળા પર ૯–૨–૪૯ના દિવસે લખેલા પત્રમાંથી મળે છે. ત્યાં તેમણે, જૂના વખતથી ચાલ્યા આવેલા આપણા દર્શનપધ્ધતિના રિવાજને અને એવા બીજા ઘણા જૂના રિવાજોને બદલવા જેવા કહ્યા છે. ઉત્સવપ્રસંગે મંદિરોમાં કે દેવમૂર્તિઓના વરઘોડામાં અને મહાપુરુષોના આગમનપ્રસંગે મેદાનોમાં કે માર્ગો પર ભેગા થતા દર્શનાર્થીઓમાંના કેટલાય કચડાકચડીમાં ઘાયલ કે બેભાન થઇ જતા હોય છે. માણસોને મારી નાખવાની સગવડ કરી આપનારા એવા ધાર્મિક (કે સામાજિક) રિવાજોને બંધ કરી દેવાની ઠાકોરની હિમાયત હતી. ધર્મભાવ કે ભક્તિભાવનું પ્રદર્શન કરનારા પરંતુ ક્યારેક જીવલેણ નીવડે તેવા એ પ્રકારના રિવાજોનો તો ઠાકોરે વિરોધ કર્યો છે જ પરંતુ તે અમુક પ્રકારની ભક્તિભાવનાનો યે વિરોધ કરે છે. તેઓ પોતાને તો "ભક્ત" તરીકે ઓળખાવવા તૈયાર નથી જ, પરંતુ જે લોકો "ખોરાક આપતા માલિકના હાથને ચાટતા કૂતરાની" વૃત્તિ જેવી ભક્તિ ધરાવે છે તેમની ભક્તિભાવના કરતાં ઠાકોરે પોતાની ભક્તિવિભાવનાને ઘણી ઊંચી ઠરાવી છે.[૭૫]

પહેલાંના વખતમાં લોકોને સદ્‌વિચાર અને સદાચારને રસ્તે દોરવા માટે સ્વર્ગનાં પ્રલોભનો અને નર્કના મહાભયો બતાવવાનું કામ ધર્મ કરતો હતો. એ જમાનાનો માણસ વૈજ્ઞાનિક સંશોધનો અને વિચારોની બાબતમાં પછાત હતો તેથી તે એ બધી લોકપરલોકની વાતોને તરત સ્વીકારી લેતો અને, અગર જો તે એ વાતોથી હલી ઊઠતો, તો તે પ્રમાણે એ વિચારાચાર શરૂ કરી દેતો. આજે પણ એ કોટિએ જીવનારા ઘણા મોટા સમુદાયો છે. પણ એવા યે બીજા માનવસમુદાયો આજે જીવે છે, જેમને સ્વર્ગ નર્ક પરલોકાદિની વાતો કશી અસર નથી કરતી, કેમકે તેઓ જીવન અને જગતને નક્કર વિજ્ઞાનસિદ્ધ હકીકતોએ યોજેલા દૃષ્ટિબિંદુથી જ જુએ છે. ત્યારે એ લોકોને નીતિભાવના શી રીતે પ્રબોધવી ? સામાજિક શાસ્ત્રો : (Civics વગેરે Social Sciences) , : જાહેર તેમ જ વ્યક્તિગત આરોગ્યનાં શાસ્ત્રો, દેશપરદેશમાં પ્રજાઓને આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય વગેરે અનેક રીતે ઊંચે ઉઠાવવા માટે થઇ રહેલા સન્નિષ્ઠ તનતોડ પુરુષાર્થો અને એ પુરુષાર્થને પ્રેરતી મહાન ભાવનાઓ – એ તમામના નિબિડ પરામર્શ દ્વારા કેળવાયેલી એક સારા નાગરિકના ધર્મો વિષેની સૂઝ, એક સજ્જનના આદર્શ ચારિત્ર્ય-વિષેની સમજ, માનવ તરીકે પોતાના તરફ તેમ જ સમાજ તરફ પોતાની જવાબદારીઓ વિષેનું ઊંડું ભાન જ એ લોકોના મનમાં ઇષ્ટ નીતિ-ભાવનાને પેદા કરી શકે. આ નીતિભાવનાને માણસે નર્કસ્વર્ગના ભયપ્રલોભનો જેવાં કલ્પિત આગંતુક ને અંધશ્રદ્ધાળુ બાબતોના ઓછાયા નીચે પાળવાની નથી, આ નીતિ-ભાવનાને માણસે પોતાના ને પોતાની આસપાસના જીવનમાંથી જ ઊભી કરવાની છે અને સંપૂર્ણ બૌદ્ધિકતાથી એનો સ્વીકાર અને અમલ કરવાનો છે. આ નીતિભાવના માનવસંસારને બહિર્ગત ભ્રામક બળોએ પ્રેરેલી અંધતામાંથી છોડાવી પોતાની જ અંદરનાં વાસ્તવિક બળો પ્રત્યે જાગૃત અને કટિબદ્ધ બનાવે છે. જૂની નીતિભાવના માણસની

વિજ્ઞાનગત પછાતતાની નિશાની છે, આ નવી નીતિભાવના માણસના વિકસેલા આત્મતત્વની (self-along with all its aspects like intelligence, feelings etc.) નિશાની છે. ઠાકોરને ધર્મપ્રણીત નીતિભાવના નહીં, પણ આધુનિક નીતિભાવના માન્ય હતી.[૭૬]

સ્વધર્મી - વિધર્મી, સુજ્ઞ - અજ્ઞ, શ્વાન - પંડિત વગેરેમાં સમદૃષ્ટિ રાખનારા, જરા સરખા યે ભેદભાવથી પર થઇ ગયેલા, કેવળ સત્યનાં -પરમતત્ત્વનાં દર્શનોમાં મસ્તાન રહેનારા ફિરિસ્તાઓ ગયા. એમના પ્રકાશના પડછાયાઓને પછીના માણસોએ પકડી લીધા. બની બેઠેલા ધર્મગુરુઓ - પંથપ્રવર્તકોએ એ પડછાયાને અસલ પ્રકાશ માન્યા - મનાવ્યા. એ ગુરુઓ ને પ્રવર્તકોની આગેવાનીમાં લોકો ધર્મદૃષ્ટા નહીં પણ ધર્મ-અંધ બન્યા. જેમને પરમતત્ત્વ અને પરમતત્ત્વના ગોચરાગોચર લીલા વિસ્તારનાં ચરમ રહસ્યોની પ્રતીતિ સરખી પોતાના અંતર્ગુહાતલમાં થયેલી નહોતી તેવા ઝનૂની ધર્માંધો આંખમાં પ્રભુનો પ્રેમ નહીં પણ ખૂનની આગ લઇને, પ્રભુનાં રહસ્યોને અનુભૂતિરૂપે હૃદયમાં નહીં પણ જડ અક્ષરોથી ભરેલી કિતાબોરૂપે હાથમાં લઇને દેશદેશ પર, પ્રજા પ્રજા પર ફરી વળ્યા. પોતે જ જે સત્યોને નહીં સમજેલા તેમનો - "આ અમારાં સત્યો" એમ કહીને - બીજાઓ પાસે સ્વીકાર કરાવવા લાગ્યા. જે સહેજમાં માની ગયા તે પૂરા બચ્યા. જેમણે આનાકાની કરી તેમને બળાત્કારે સમજણ પાડવામાં આવી અને જેમના દિમાગમાં કેમે કરી એ ઉછીની અક્કલો ના ઊતરી તે રહેંસાઇ ગયા. ધર્મને નામે, અંધશ્રદ્ધા તથા વહેમોને નામે ચાલેલાં ક્રૂર ભીષણ પ્રકરણો, અમાનુષી અત્યાચારો, ખૂનખાર "ક્રૂઝેડો" ને "જેહાદો", નીચ હલકટ મત્સરો - છળકપટો ને ગજગ્રાહોએ "ધર્મ"ને ઠાકોરની નજરમાં નીચામાં નીચી પાયરી સુધી ઉતારી પાડ્યો છે. ઇશ્વરસંબંધે પણ ઠાકોરે કહ્યું છે કે ખાવું, પીવું, ઊંઘવું, કાગળ લખવો, પગે ચાલીને જવું કે ગાડીમાં

જવું વગેરે સામાન્ય દૈનંદિનીય વ્યવહારનાં કાર્યો કરતી વખતે માણસે ઇશ્વરની હસ્તીનો સ્વીકાર કે ઇન્કાર – એ બેમાંથી કશાને યાદ કરવાની કે વચ્ચે લાવવાની જરૂર પડતી નથી. જો એમ હોય તો ભગવાનના હોવા ન હોવા વિષેની કડાકૂટમાં પડવું માણસ માટે નકામું છે.

મનુષ્યની વિકાસયાત્રામાં અગત્યનું સ્થાન પામેલ મનાયેલાં ઇશ્વર અસ્તિત્વસ્વીકાર અને ધર્માનુસરણનાં તત્ત્વો પ્રતિ આવું વલણ અપનાવનાર ઠાકોરને માનવસંસ્કૃતિના ભાવિ વિકાસ અંગે કશી શંકા નહોતી. એટલું ખરું કે, એ વિકાસ સીધી લીટીએ નહીં પણ Zigzag લીટીએ થવાનો સંભવ એમને વધારે લાગ્યો હતો. પણ એ વિકાસ માટેની ધર્મમાંથી ઊઠી ગયેલી પોતાની આસ્થાને તેમણે કવિતાકલામાં પ્રતિષ્ઠાપિત કરી હતી. તેઓ માનતા હતા કે જે જમાનામાં માનવ-સંસ્કૃતિના પાલનપોષણનું કર્તવ્ય બજાવવામાં ધર્મ નિષ્ફળ જાય તે જમાનામાં એ કર્તવ્યનો જુમ્મો કવિતાકલાએ ઉપાડી લેવો જોઇએ ; અને કવિતા-કલામાં એ કાર્ય પાર પાડવાનું સામર્થ્ય પણ છે. ઠાકોર જેમ જેમ અજ્ઞેયવાદી બનતા ગયા હતા તેમ તેમ તેઓ કલાને જ વધુ ને વધુ સર્વ-શ્રેયસ્કરી માનતા થતા ગયા હતા.[૭૭]

અજ્ઞેયવાદી વિચારો સંબંધે ઠાકોરને ૧૯૪૨-૪૩નાં વર્ષો દરમ્યાન અંબુભાઇ પુરાણી તથા સુંદરમ્ સાથે વિસ્તૃત રસપ્રદ પત્રવ્યવહાર થયો હતો. પોતાનાં દૃષ્ટિબિંદુઓ ઠસાવવા, સ્વીકારાવવા ઠાકોરે પોતાની વિચારધારાના આધારરૂપ લેખકોનાં ને એ લેખકોનાં પુસ્તકોનાં નામ સુંદરમ્ – અંબુભાઇને આપ્યાં હતાં, અને તેઓ એ લેખકોને ધ્યાનથી વાંચી જાય એવો આગ્રહ પણ સેવ્યો હતો. પણ એ સાથે, "મેં આ વાંચ્યું – મારું આ સત્ય – હું ફિલસૂફ– એવો મારો દાવો નથી" એવા ખુલાસા પણ તેમણે કર્યા હતા. વળી, બંને પક્ષોમાંની વ્યક્તિઓ પરસ્પર કટુતા

કે ધિક્કારથી ન વર્તતાં અન્યોન્ય સહિષ્ણુતા, સભ્યતા, ઔદાર્ય દાખવી પરસ્પર સ્નેહસંબંધ બાંધે–બાળવે – વિવર્ધે તેને જ ઠાકોરે ઇષ્ટ ગણ્યું હતું. સૃષ્ટિરચનાનાં આધ્યાત્મિક રહસ્યોના કોઇપણ નવા સ્પષ્ટપ્રમાણપુરઃસરના બુદ્ધિસંતર્પક ઉકેલને સ્વીકારવા પોતે હંમેશા તૈયાર છે એમ ઠાકોરે એ વર્ષો દરમ્યાન પોતાના પત્રોમાં જણાવ્યું હતું.[૭૮] તેમ છતાં બબુભાઇએ ઠાકોરને open mind વાળા માનવાની નારાજી બતાવી હતી કેમકે તેમને મતે ઠાકોર "સામાના પુરાવાઓને નહીં સમજવા– સ્વીકારવાનું વલણ લઇ બેઠેલા" હતા. બબુભાઇએ ઠાકોરની દલીલોનો પ્રત્યુત્તર આપ્યો હતો તેના અગત્યના અંશો નીચે મુજબ છે: ઠાકોર સત્યાસત્યના નિર્ણય માટે અંતિમ પ્રમાણ બુદ્ધિનું માનતા હતા. બબુભાઇએ હેનરી બર્ગસોંને ટાંકીને કહ્યું હતું કે બુદ્ધિની પાછળ રહેલો ચેતન અંશ અનેક નિર્ણયોમાંથી ગમે તે એકને પહેલાં ઝડપી લે છે અને પછી એ નિર્ણય પરત્વે કામે લાગી જાય છે. ઠાકોર ચોક્ખા પુરાવાઓને આધારે નિર્ણય લેવાનું વલણ ધરાવતા હતા. બબુભાઇ પૂછે છે: ચોક્ખા પુરાવા એટલે સ્થૂલ પુરાવા ? ઇન્દ્રિયગોચર પુરાવા ? બુદ્ધિને પ્રતીતિ આપનારા પુરાવા ? ચોક્ખા પુરાવા દ્વારા ઠાકોરને સ્થૂલ પુરાવા અભિપ્રેત હોય તો એવા સ્થૂલ પુરાવા બધે આપી શકાતા નથી ; અને છતાં બીજા પુરાવાઓથી આપણે એવી બાબતોના નિર્ણયો સ્વીકારીએ છીએ. ગુરુત્વાકર્ષણને કોઇ જોઇ શકતું નથી છતાં આપણે એ બળમાં માનીએ છીએ, આવતી કાલે આપણે જીવતાં રહીશું એની કોઇ સ્પષ્ટ ખાત્રી નહીં હોવા છતાં કાલે આપણે જીવતા રહેવાના છીએ એમ માનીને જ આપણે ભવિષ્યના કાર્યક્રમોની યોજના કરતા હોઇયે છીએ તો બીજી બાજુ, આધ્યાત્મિકતાના અને તેનાં જેવાં બીજાં ક્ષેત્રોમાં પ્રતીતિકર પુરાવાઓ આપી શકાય છે. મુંબઇમાં નિષ્ણાત ડોક્ટરો સમક્ષ અગ્નિ પર ચાલવાનો પ્રયોગ કરી બતાવાયો છે.

સાયટીકાનો અસાધ્ય રોગ મંત્રથી મટે છે એનો ડો. હરિપ્રસાદને જાત અનુભવ હતો. તો સામી બાજુએ, ચોક્કસ પુરાવા પર આધાર રાખનારા ભૌતિકશાસ્ત્રીઓ એક વખતે એમ માનતા હતા કે કોક દિવસ ભૌતિકશાસ્ત્રીય પ્રમાણો વડે સૃષ્ટિની સમગ્ર રચનાનાં બધાં રહસ્યો તેઓ સમજાવી શકશે. પણ હવે તેમને લાગવા માંડ્યું છે કે બધાં ભૌતિક તથ્યોને શોધીને ય સમગ્ર સૃષ્ટિની પૂર્ણ વ્યવસ્થાનાં બધાં રહસ્યો તેઓ નહીં સમજાવી શકે. ભૌતિકશાસ્ત્રના સિદ્ધાંતો માનવમનના નિર્ણયોથી પરિમિત બનેલા હોય છે. ઠાકોર માનતા હતા કે ચર્ચાવિષય બનેલા પ્રશ્ન પરત્વે જગતના સાદ્યંત ઇતિહાસ-પટમાંથી સંપૂર્ણ "હકીકતજૂથ" એકઠું કરીને તેને આધારે એ પ્રશ્નના આ કે તે પક્ષ વિષે છેવટનો નિર્ણય લેવો જોઇએ. અંબુભાઇનું માનવું એમ છે કે "હકીકતજૂથ"ને એકઠું કરનાર અને તેનું અર્થઘટન કરનાર માનવમન જ છે. એટલે માનવમનથી સ્વતંત્ર એવું "હકીકતજૂથ" સંભવી ન શકે. એવું "હકીકતજૂથ" છેવટનો નિરપેક્ષ મત આપી શકે ખરું ? નિત્ય ઉત્ક્રાંતિશીલ જગતમાં પાયાથી ટોચ લગીની સુવ્યવસ્થિત રચનામાંથી તારવેલું સંપૂર્ણ "હકીકતજૂથ" ક્યારેય ભેગું થઇ રહે ખરું ? અર્થાત્, એક રીતે જોઇએ તો છેવટનું સંપૂર્ણ "હકીકતજૂથ" પરિવર્તનશીલ જગતનું ચક્ર ચાલે ત્યાં લગી કદી યે ભેગું થઇ રહે નહીં, અને બીજી રીતે જોઇએ તો, જગત દરેક પળે એક પૂર્ણ વ્યવસ્થિતિ છે એમ લઇએ તો ગમે તે પળે આપણી જરૂર પૂરતું "હકીકતજૂથ" આપણે ભેગું કરી શકીએ. એટલે દરેક પક્ષ પોતાના દૃષ્ટિબિંદુ અનુસારનાં પ્રમાણો વડે પોતાનો પક્ષ સિદ્ધ કરી શકે. અમે પણ અજ્ઞેયવાદીઓના અસ્તિત્વને દુનિયામાં એક નક્કર હકીકત તરીકે સ્વીકારી લીધું જ છે. પણ આધ્યાત્મિક ક્ષેત્રોમાં સત્યોના દર્શન માટે બુદ્ધિથી પરની ચૈતસિક ભૂમિકાએ જઇને અન્વીક્ષણ કરવું પડે છે. ઠાકોર કહે છે તેમ માનવી ભલે જંતુ હોય પણ તે જંતુ પોતાની દિવ્યભવ્ય શક્તિઓ વડે પોતાની પરિમિતતાઓને અતિક્રમીને – બુદ્ધિના સ્તર પરથી જે નથી દેખાતાં તેવાં સત્યોને

પ્રતીત કરી શકે છે. આ ધ્યાત્મિકતા અમારું સંચાલક બળ છે અને અમારી દિશાઓમાં અમારે કરવાનાં પ્રસ્થાનો માટે અમારી પાસે અંધ નહીં પણ અમારી રીતનાં પ્રમાણોએ પ્રગટ કરેલી સાચી શ્રધ્ધા છે.[૭૯]

ઠાકોરના ધર્મ, ઇશ્વર, અજ્ઞેયવાદ વગેરે વિષેનાં મતવ્યોની ચર્ચામાં છેવટે હવે એક જ મુદ્દો ઉમેરવાનો બાકી રહે છે. ઇ.સ. ૧૮૮૯-ની યે પહેલાંથી તેમણે પ્રાણાયામ શરૂ કર્યો હતો. વચગાળામાં જયારે તેઓ એ યોગને તૂટકતૂટક અવસ્થામાં કરતા હતા ત્યારે "ૐ નમઃ શિવાય"નો મંત્ર જપતા હતા. પછી રેચક, કુંભક અને પૂરકનો સમયાવધિ લંબાવવા તેમણે લાંબો ગાયત્રીનો મંત્ર સ્વીકાર્યો હતો. છેક શરૂઆતનાં વર્ષોમાં – જ્યારે તેમણે પ્રાણાયામ શરૂ કર્યો હતો ત્યારે – પણ તેમણે ગાયત્રીનો જ મંત્ર સ્વીકાર્યો હતો. પણ આરંભમાં મન સ્થિર નહોતું રહેતું, ચંચળ બની જતું હતું. ધ્યાન વખતે જાતજાતનાં ચિત્રો મન આગળથી પસાર થયા કરતાં હતાં. એવા એક અનુભવને તેમણે તેમના "સર્ગદર્શન" નામના કાવ્યમાં મઢી લીધો છે. પછી કાલક્રમે એવાં ચિત્રો અદ્દશ્ય થવા માંડ્યાં હતાં અને મન કંઇક સ્થિર રહેવા માંડ્યું હતું. ત્યારે તેઓ ધ્યાનમાં મંત્રજાપ વખતે સૂર્ય કે એવા બીજા કોઇ દૃશ્ય પર અંતર્દૃષ્ટિ સ્થિર કરવાને બદલે, "યોગી બન, આયુષ્યનાં બાકીનાં વર્ષોમાં નિષ્કામભાવે જગતનું જે થઇ શકે તે ભલું કર" એવી એક ભાવના પર જ મનને સંલગ્ન રાખવા પ્રયત્ન કરતા હતા.[૮૦]

આમ, ઠાકોરની ધર્મ – ઇશ્વર વિષયક વિચારધારા સાદ્યંત સુષમ ગતિએ નહીં પણ વિવર્તશીલ ગતિએ ચાલી હતી. ધર્મ અને ઇશ્વર પ્રત્યે આદરથી શરૂ થયેલી એ ધારા અંતે ધર્મના લોકરૂઢ સ્વરૂપ પ્રત્યે તિરસ્કારમાં અને ઇશ્વરના અસ્તિત્વ – અનસ્તિત્વ

વિષેની અજ્ઞેયતામાં આવીને ઠરી હતી. ઐતિહાસિક અને વૈજ્ઞાનિક અધ્યયન પ્રવૃત્તિઓના સબળ પ્રભાવ હેઠળ ઠાકોર તત્ત્વાતત્ત્વના વિવાદમાં બુદ્ધિને અંતિમ નિર્ણાયક શક્તિ માનવા લાગ્યા હતા અને એવા નિર્ણયો બાંધવા માટેનાં ખરાં ને છેવટનાં આધારપાત્ર સાધનો તરીકે તેઓ "ચોક્કસ પુરાવાઓ"ને જ માન્ય કરતા થયા હતા. બૌદ્ધિક અન્વેષણોના ક્ષેત્રમાં "બુદ્ધિ" અને "ચોક્કસ પુરાવાઓ"ને સર્વોચ્ચ સ્થાન આપીએ તે બરાબર છે. પણ બુદ્ધિ માનવચેતનાનો સર્વોચ્ચ આવિષ્કાર નથી. તો બુદ્ધિથી યે પરના માનવચેતનાના આવિષ્કારો અને રહસ્યાનુભવોને માટે, તે ક્ષેત્રના અનુભવીઓ જે પ્રમાણો દેખાડે તે પ્રમાણોને તેમની રીતે તેમની કક્ષાએ જઇને ચકાસવાં જોઇએ; અલબત્ત, ત્યારે ય બુદ્ધિનાં દ્વાર તો ખુલ્લાં જ રાખવાં જોઇએ. ઇન્દ્રના ઐરાવતને જોવા ઠાકોર પોતાની વામણી ને સાંકડી ઝૂંપડીમાંથી કદી બહાર ન નીકળ્યા, ને કાયમ બોલ્યે ગયા - "એવો કોઇ ઐરાવત હોય તો લાવો અહીંને બતાવો !" ઐરાવત એ ઝૂંપડીમાં કદી પેઠો નહીં (કેમકે ઝૂંપડી એના બરનું સ્થાન નહીં) ને ઠાકોર પોકાર્યે ગયા: "મેં એને જોયો નથી ત્યાં લગી એ છે એમેય ના કહું ને નથી એમેય ના કહું !" રહસ્યાનુભવ અને ઇશ્વરાનુભૂતિ માટે ઠાકોર કદીયે યોગસાધનામાં કે એવી અન્ય કોઇ સામાન્ય સાધનામાં અલ્પતમ આવશ્યક કક્ષા લગી યે ગયા નહોતા, અર્થાત્, એ પ્રકારનાં પ્રમાણોને, કદી એમણે જાતઅનુભવ લઇ ચકાસ્યાં નહોતાં, છતાં એમણે છેવટ લગી પોતે 'open mind'વાળા હોવાનું વાજું વગાડ્યે રાખ્યું હતું અને પોતાના એકપક્ષી ધોરણો અનુસાર લીધેલા વલણને છેવટ લગી પકડી રાખ્યું હતું. આમ છતાં એક વસ્તુ નક્કી છે કે ગમે તે વાતને તેનો અંતસ્તમ મર્મ સમજ્યા વગર, તેના ઉપરછલ્લા સ્થૂલ અને તેથી વ્યર્થ અર્થમાં ધર્મને નામે વળગી પડતી આપણી જમાનાઓ જૂની બુદ્ધિજડતા, અંધશ્રદ્ધા ને અંધપ્રણાલીપૂજા ઉપર તેમ જ વ્યક્તિગત પ્રતીતિ મેળવ્યા વગર કોઇપણ તત્ત્વનો ઘેટાંવૃત્તિથી સ્વીકાર કરી લેનારા આપણા

જનમાનસ ઉપર ઠાકોરનો આકરો પ્રહાર હતો. એ પ્રહારના મૂળમાં ભાવોત્કટ માનવતાવાદનો આવેગ હતો. અને ઠાકોરની પછી હજી આજે પણ એવા પ્રહારની, પ્રહાર કરવા માટે એવા આવેગની જરૂર લેશમાત્ર ઘટી નથી. જનતાનો ગુરુતમ સમુદાય જ્યાં હજી પૂરો બૌદ્ધિક ભૂમિકાએ પણ જાગૃત ના થયો હોય ત્યાં તેને બુદ્ધિથી યે ઊંચી ચૈતસિક ભૂમિકાએ જગાડવાની વાત જ ક્યાં રહી ? એટલે પહેલી જરૂર તો એ સમુદાયને પૂર્ણ જાગૃત બૌદ્ધિકતાથી સંપન્ન બનાવવાની છે. આપણા વૈજ્ઞાનિકતાપ્રધાન યુગમાં સરેરાશ સુશિક્ષિત વિચારવંત જનહિતાકાંક્ષુ માણસને પ્રજાના ગુરુતમ વિભાગના ગુરુતમ ઉત્કર્ષ માટેનો ખરો રાજમાર્ગ એ જ લાગશે. પ્રજાના ગુરુતમ વિભાગને ચૈતસિક રહસ્યાનુભવોના બુદ્ધિપર વિશ્વમાં લઇ જવાનું આજે જરૂરી છે કે કેમ, શક્ય છે કે કેમ, શક્ય અને જરૂરી હોય તો તે આપણા હાલના મુઠ્ઠીભર સાચા રાષ્ટ્રસેવકોના જેટલી જ થોડી સંખ્યા ધરાવતા સાચા અધ્યાત્મપંથીઓ દ્વારા એ કાર્ય પૂર્ણપણે પાર પડી શકે કે કેમ તે એક વિવાદાસ્પદ પ્રશ્ન છે, અને તેની ચર્ચા અહીં અપ્રસ્તુત છે.

૭ ઠાકોરના વ્યક્તિત્વનાં, વિચારમિનારનાં એકાધિક પાસાં આપણે અત્યારસુધીમાં જોયાં છે. તેમની સાહિત્યસાધનાનું પાસું એ પાનાંઓમાં સમાવિષ્ટ થયું નથી કેમકે આ પછીનાં પ્રકરણોમાં આપણો પ્રધાન ઉપક્રમ એ પાસાનો પરિચય મેળવવાનો જ રહેશે. સાહિત્યના યત્કિંચિત સંસ્કારો ઠાકોરને તેમના બાળપણથી જ પડવા માંડ્યા હતા. રાજકોટની હાઇસ્કૂલમાં તેઓ ભણતા હતા ત્યારે તેઓ શાળામાં

યોજાતા કાવ્યવાચનના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેતા હતા. લોકસાહિત્યના પણ રિધ્ધ રોમાંચક કલ્પનોત્તેજક સંપર્કમાં તેઓ તે કાળે આવ્યા હતા. રાજકોટમાંના તેમના ઘરની પાસે "ઝકકલ ભાવસારણ્ય" નામે એક ધોબણ રહેતી હતી. તે સૌરાષ્ટ્રના જુદા જુદા પ્રદેશોમાં ફરેલી હતી અને એ પ્રદેશોની ભિન્ન ભિન્ન લોક-કથાઓ તેમ જ દૂહાઓ તેને સારી રીતે આવડતાં હતાં. ઠાકોરનાં માતુશ્રી એની પાસેથી લગભગ રોજ મોડી રાત સુધી એ કથાઓ - દૂહાઓ સાંભળતાં તેમ જ યાદ રાખવા સફળ કોશીશ કરતાં હતાં. માતાની સાથે બેસીને ઠાકોરે પણ એ દૂહાઓ ને કથાઓના શ્રવણનો માતબર લાભ લીધો હતો.[૮૧] પણ ઠાકોરની પહેલી પ્રકાશિત થયેલી કૃતિ એવા કોઇ સર્જનાત્મક વિષયને આલેખનારી નહોતી. ઇ.સ. ૧૮૮૬ની સાલમાં રાજકોટમાં સનાતની ઝોકવાળું એક સુધારા વિષયક ચોપાનિયું બહાર પડ્યું હતું તેના જવાબમાં ઠાકોરે "વિધવાવિવાહ-અશાસ્ત્ર કે સશાસ્ત્ર" નામક જે ચોપાનિયું બહાર પાડ્યું હતું તે ઠાકોરનું પહેલું પ્રકાશન હતું. એ વખતે તેમની સાથે નવલરામ પંડ્યાનો પુત્ર ધીમતરામ ભણતો હતો તેથી એને ઘેર જવાનું તેમને ઘણીવાર બનતું હતું. તેમનું ચોપાનિયું નવલરામના હાથમાં ગયા પછી એકવાર તેઓ નવલરામને ઘરે ધીમત સાથે ગયા હતા ત્યારે નવલરામે તેમને બોલાવીને એ ચોપાનિયા વિશે કેટલીક વાતો કરી હતી. નવલરામે તેમના વિચારોને "છોકરવાદ", પણ લખાવટને "આશાજનક" ગણી હતી ; વળી, કોઇપણ લખાણ લખાઇ ગયા પછી તેને છપાવવાની ઉતાવળ નહીં કરતાં તેને રાખી મૂકીને ફરીફરીને સુધાર્યા કરવાની ટેવ પાડવાની સલાહ પણ નવલરામે તેમને આપી હતી.[૮૨] એ સલાહની અસર ઠાકોરમાં છેવટ સુધી રહી હતી તે આપણે જાણીએ છીએ ; પોતાનાં લખાણો પૂરતું જ ઠાકોર એ સલાહનું અનુસરણ કરતા હતા એમ નથી ; તેઓ એ સલાહ બીજા ઊગતા લેખકોને પણ પોતાના તરફથી વારંવાર આપતા હતા.

ઠાકોરનું સૌથી જૂનું પ્રાપ્ય કાવ્ય પણ ઇ. સ. ૧૮૮૬ની સાલમાં રચાયેલું જોવા મળે છે. '27-10-'86 New Year's day' - એવી નોંધવાળા કાગળ પર એ કાવ્ય નીચે પ્રમાણે લખાયેલું જોવા મળે છે :

આહા પ્રીતિની રીતિ છે ન્યારી, કોઇક વિરલે જ તે તો પ્રમાણી
નહીં ધોરણ પ્રેમ પિછાણે મરજી માફક મન્મથ માણે
કુસુમેષુ ઇસ્તુ ભેદાર્થે+ ~~વજ્ર પાશમાં તે સપડાર્થે+~~
જેનુ મન મનસિજનો ક્યારો ~~સુધબુધ સર્વ ખુએ તે બિચારો~~ -
સંગ, મોત, ~~વિના~~ નહીં આરો -
અવર
કામે કામણ જેને કીધું સુધબુધ સર્વ તેનું હરી લીધું -
અંગ જેને અનંગ જ વ્યાપે - આશી વિષ વિષ સમ સાન કાપે -
ભૃંગ વંશ કરે કોરી ચૂર્ણ - દલકમલ વિશે બલહીણ -
"મને ભેટે છે" જાણે ~~બિચારો~~ સૂર્ય સામે તું કોન બિચારા -
ગમાર-
- ચકવાચકવીની જોડી તૂટે - પ્રાણ કાઢી બીજું ~~જય જોડે~~ સ્વર્ગે ભેટે
(દુ:ખી દુનિયાનો છાંડી વિયોગ ~~સુખ પામે સ્વર્ગે સંયોગ~~ -)
ઝપલાવે દીવામાં પતંગ અંગ છોડે થવા પ્રિયસંગ -
- ઘન કૃષ્ણ બરાડે ઘોર એ તો ચાતકનો ચિત્તચોર -
~~જ્યા~~
~~જ્યહીં~~
કર્ણે સૂણ્યો વિણાકેરો શોર મૃગનું ન્હાસે ન્હાસ્યાકેરું જોર±

સીધાં વિધાનોમાંથી પ્રતિકલ્પોક્તિઓ તરફ જવા મથતી, છંદ તથા પ્રાસને બેસાડવામાં કવિને પડેલા કષ્ટને છતું કરી દેતી છતાં મુગ્ધાવસ્થામાં સહજ લેખાય તેવા વિષયને આલેખતી આ રચના મૂળ જે કાગળ પર લખાયેલી છે તે જ કાગળની બીજી બાજુએ એક અંગ્રેજી રચના પણ લખાયેલી જોવા મળે છે. એ રચના નીચે પ્રમાણે છે :

"Right is right, Though parents stand opposed
and e[ ven] friends do waver?
Right is [Mi]ght, Though there may stand disposed
Ten Thousand customs' power
To bar it's onward way
'T has might enough to cut its way
Through these and many more, unseathed.
What recks God's burning levin
For solid peaks in endless series raised
On one another upto heaven?
-A dazzling, blinding flesh
a sudden, stunning crash
and the bolt has rent the haughty compact mass.
(pierced)
(is down)
as little recks Right, which also springs from god
For senseless custom's aged rod.
Right is bliss, though it may dry
The Spring of parents' earthly love:
The thirst occasioned is allayed
By nector from above.

Right is bliss, Though it may stacken
The bonds by friendship Knit:
The heart more fondly turns to heaven
For consolations balmy freat.
and surely 't is the highest bliss
To gain so much at such a sacrifice.

આ પણ કદાચ ઠાકોરની જ રચના હોય, અને તે પણ સન ૧૮૮૬માં જ રચાઇ હોય એ બનવાજોગ છે. આ રચનામાં સામાજિક રિવાજો સામેનો વિદ્રોહ સંભળાય છે; એ વિદ્રોહ માટે જરૂર પડે તો માબાપ અને મિત્રોનો પણ વિરોધ વેઠી લેવાની વિદ્રોહીની તૈયારી દેખાય છે, વિદ્રોહીના "સોરાબ રુસ્તમી" અને સત્યનિષ્ઠા વિષેના, સામાજિક ન્યાય તથા અધિકારોની માગણીના, તથા અંતિમ લક્ષ્યની ઉદાત્તતા વિષેના ઉદ્ગારો એમાં સંભળાય છે. ઠાકોર પણ ખોટા રિવાજોના વિરોધક, સત્યનિષ્ઠાના અનુરોધક અને "સોરાબ રુસ્તમી"ની વિભાવનાના ઉત્કટ વિભાવક હતા. સુધારાનો સૂર સંભળાવતા "વિધવા વિવાહ" નિબંધની સાથે આ કાવ્યનો વિચારગત સંબંધ જોડી શકાય તેમ છે. છતાં એક અનુમાન એવું પણ થઇ શકે કે એ વર્ષોમાં ઠાકોરના અંગત જીવનમાં કોઇ એવો બનાવ બન્યો હોવો જોઇએ કે જેમાંથી, એક બાજુએ, ઉપર નોંધેલું ગુજરાતી કાવ્ય લખવાનું તેમને સ્ફુર્યું હોય, તો, બીજી બાજુએ, આ અંગ્રેજી કાવ્ય લખવાનું પણ તેમને એમાંથી જ સ્ફુર્યું હોય. તેમનું લગ્ન ઇ.સ. ૧૮૮૭માં થયું હતું અને શરૂઆતનાં વર્ષોમાં તેમનું લગ્નજીવન ખરાબે ચઢી ગયું હતું તથા એ અંગે તેમને પિતા સાથે ચર્ચાચર્ચામાં ઊતરવું પડ્યું હતું એ હકીકતોમાંથી પણ ઉપર્યુક્ત અનુમાનનું સમર્થન શોધી શકાય તેમ છે. આ બધું છતાં, છેવટે, કહેવું જોઇએ કે અનુમાન એ કેવળ અનુમાન જ છે.

"વિધવા વિવાહ સશાસ્ત્ર કે અશાસ્ત્ર"- એ નિબંધના વિષયને સાહિત્યિક કહી શકાય નહીં. એટલે સન ૧૮૯૧માં લખાયેલા 'Teaching of Tennyson' ને ઠાકોરે પોતાનો પહેલો વિવેચક નિબંધ ગણ્યો છે. આઇ.સી.એસ.નો વિચાર છોડીને એમ.એ. કરવા સારુ મુંબઇથી પૂના જઇને ઠાકોરે ફરી ડેક્કન કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો ;

ત્યારે તેમણે સહાધ્યાયી સદાશિવ દીક્ષિત સાથે મળીને જે "ડેક્કન કોલેજ ક્વાર્ટર્લી" શરૂ કર્યું હતું તેને માટે તેમણે ઉપર્યુક્ત નિબંધ લખ્યો હતો.[૮૩] ટેનીસનનો નાદ તેમને છેક સન ૧૮૮૮થી લાગ્યો હતો. ૨૫-૭-૮૮ની એક ડાયરીનોંધમાં તેમણે ટેનીસનને શેલી, કીટ્સ, બાયરન વગેરે કવિઓ કરતાં ચઢિયાતો બતાવ્યો છે. વર્ડ્ઝવર્થના "પ્રીલ્યુડ" કરતાં ટેનીસનનાં "આઇડિલ્સ"ને તેમણે ત્યાં ઊંચું સ્થાન આપ્યું છે, ટેનીસનમાં તેમણે વર્ડ્ઝવર્થ કરતાં વધારે નાટ્યાત્મકતા ને રાગાવેગ જોયાં છે, તો વર્ડ્ઝવર્થમાં તેમણે "કલ્પના" અને "તરંગ"ના નિરૂપણના કૌશલનું તેમ જ કાવ્યગત ચિંતનજન્ય આનંદનું આધિક્ય જોયું છે. આમ હોવાથી ઠાકોરે છેવટે તેમને પોતપોતાના ક્ષેત્રે મહત્તાવાળા ને તેથી પરસ્પર અતુલનાક્ષમ ગણ્યા છે. એવાં જ એક યા બીજા કારણોએ ઠાકોરે મિલ્ટન-ટેનીસન, શેક્સપિયર - ટેનીસનની તુલનાઓ પણ શરૂ કર્યા પછી પડતી મૂકી દીધી છે. એ આખીયે નોંધમાં ઠાકોરની ટેનીસન તરફની મુગ્ધતા તરી આવ્યા વગર રહેતી નથી. તો ૧૯-૮-૮૮ની એક ડાયરીનોંધમાં તેમણે વર્ડ્ઝવર્થ અને શેલીને ટેનીસન અને આર્નોલ્ડ કરતાં ચઢિયાતા બતાવ્યા છે. એ બધા કવિઓનાં કાવ્યોને વાંચવા અને વિચારવાનો લ્હાવો ઠાકોરને "ગોલ્ડન ટ્રેઝરી" પાઠ્યપુસ્તકને લીધે મળતો થયો હતો. એ પુસ્તકમાંનો કાવ્યો અને એ કાવ્યોના કવિઓ વિષેની ઘણી ઘણી ચર્ચાઓ ઠાકોરે મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) સાથે કરી હતી.

કાન્ત અને ઠાકોર રાજકોટની કાઠિયાવાડ હાઇસ્કૂલમાં સાથે ભણતા હતા. ત્યારથી એકબીજાને ઓળખતા તો હતા ; પરંતુ તેમની વચ્ચે ખરેખરની મિત્રતા તો તેઓ ઇ.સ. ૧૮૮૭ના નવેંબરમાં મુંબઇ ખાતે ફર્સ્ટ બી.એ.ની પરીક્ષાના મંડપમાં ભેગા થઇ ગયા ત્યારથી

જમી. સંસ્કૃતની મૌખિક પરીક્ષા સંતોષપૂર્વક આપીને ઠાકોર કોન્વોકેશન હોલની બહાર નીકળ્યા ત્યાં જ પગથિયા પર તેમને કાન્ત ભેટી ગયા ; ત્યાંથી તે બંને સમુદ્રતટે ફરવા નીકળી પડ્યા. પાલવા, મરીન લાઇન્સ વગેરે સ્થળોએ તેઓ ઘૂમી વળ્યા. દરમ્યાનમાં, પાલ્ગ્રેવની ગોલ્ડન ટ્રેઝરીના ચોથા ભાગમાંનાં કાવ્યો ને કવિઓ વિષે તેમણે પુષ્કળ ચર્ચા કરી. એ ચર્ચાને ઠાકોરે તેમની વચ્ચેની પહેલી વિસ્તૃત ચર્ચા તરીકે ઉલ્લેખી છે.[૮૪]

ઇ. સ. ૧૮૮૮નું આખુ વર્ષ તથા ૧૮૮૯ની આખરનો અને ૧૮૯૦ના આરંભનો ઘણોખરો સમય કાન્ત અને ઠાકોરે સાથે ગાળ્યાં હતાં. એ દરમ્યાનમાં તેઓ બંને એકબીજાની સર્જનપ્રવૃત્તિના સાક્ષી ને સમીક્ષક રહ્યા હતા. ૧-૮-૮૮ની ડાયરીનોંધમાં ઠાકોરે એક એવા બનાવને નિર્દેશ્યો છે કે જેને બનતો જોતાં જ તેમના મનમાં થોડાક શબ્દો સ્ફુરી આવ્યા હતા ; અને એ શબ્દો કોઇક લયમાં ગોઠવાઇને આવ્યા હતા. તે પછી ત્રણ કલાક લગી તેમણે એ લયને ગુંજ્યા કર્યો હતો. એ વિષય પર કેટલીયે રીતે વિચાર પર વિચાર કરી જોયા હતા, પણ એ બધી ય મથામણને અંતે તેઓ ચલાવી શકાય તેવી પૂરી બે પંક્તિઓ યે રચી શક્યા નહોતા. એ જ વસ્તુને તેમણે બીજા છંદોલયોમાં ગોઠવી જોવા પણ પ્રયત્ન કર્યા હતા, પણ તે પ્રયત્નો યે વ્યર્થ ગયા હતા. પરિણામે ઠાકોરે ઉક્ત નોંધમાં નોંધ્યુ છે : "certainly I am not a poet".

૧૪-૮-૮૮ના દિવસે તેમણે નવલરામના મૃત્યુના સમાચાર કાઠિયાવાડ ટાઇમ્સમાં વાંચ્યા હતા. એ સમાચારે તેમને એક કાવ્ય લખવા પ્રેર્યા હતા. એ અંગે તેમણે ૧૫-૮-૮૮ની ડાયરીનોંધમાં લખ્યુ છે : "[ માદી નામના સહનિવાસી મિત્રની કાર્યવિક્ષેપક હાજરીને ટાળીને ઉક્ત કાવ્ય રચવા માટે ]

Went to the sea-shore at twelve where in company of Sun and Silence , attended by the music of waves and sights, after two hours of vain attempts I wrote my third decided metrical non-failure. I mention this in this manner because tho' "Not to seek", generally speaking, in poetic thoughts, and at times possessing even the requisite intensity of poetic impulse I cannot in general command the amount of artistic skill necessary to the poetical expression of thoughts the metres in which I have been successful are those which I had not hither to tried at all i.e. ઉપજાતિ and પંચચામર . I have written one ઉપજાતિ before but only a translation. The subject of the poem is of course the death of નવલરામ I could not finish it to-day as I had to attend the law-class and as after the interuption of the flow of the stream thus occasion it did not flow again. I believe I shall have to waste one day more at the sea shore; and I ~~shall-have-to-waste~~ will too-to-morrow. Time enough for examination as yet." આના અનુસંધાનમાં ડાયરી. ૧૬-૮-૮૮ની ડાયરીનોંધમાં લખ્યું છે: ": Went to college and thence to the sea. Queerly enough however I could not add a line to what I had written Yesterday and was led somehow into writing something on a subject altogether different. The lines hitherto written, however, about Navalram are, in spite of the delight they occasioned in me when I wrote them, in spite of the pleasure they game me Yesterday, and in spite of the encomiums of Dave and Mod's whose encomiums however count for nothing, entirely worthless. I detest them, they are just like those but

by Tripathi in the beginning of his Saraswatichandra ; i.e. to obsoure and entirely without emotion which is the soul of poetry of course Tripathi's are more correct in metre and rhyme; but that speaks in my favour not his. For I am sure his first draft wa. more faulty than mine and he had not the critical judgement to prevent him from the vain attempt of externally improving worthlessness. However they are mine and nothing not even the above condemnation will prevent me from writing them down here in their incomplete, rough-and final form - for I am not going to do anything to such lines in the future.

"ગયા" સુણી કાન બને બધીર
દેખી બને ચંચલ નેત્ર સ્થીર
દિગ્મૂઢ અંતર ઘડિ એક રે' છે
પછી નિશાસો મુખથી વહે છે.
ગયા હવે કોણ સુબાગ નીંદશે
નવી લતાઓ જળથી ઉછેરશે
સુવેલિનો મંડપ કોણ વાળશે

વિદારિ ડાળી તરુકો વધારશે.
(ને)

નહીં હવે એ ફૂલહાર ગૂંથિને
નહીં હવે એ ફળસાર કાઢિને
નહીં હવે નૂતન રોપ રોપિને
સુધારસાસ્વાદ કરાવશે કદી
નહીં હવે ગુર્જરબાળ – મંજરી
સડી જતાં એ અટકાવશે કદી
નહીં હવે ગુર્જરબાળિકા કળી
બળી જતાં એ દુખ લાવશે કદી.
સુમિત્રનું શ્રાદ્ધ કરી સિધાવિયા
રખે વિયોગે બહુ આકળા કર્યા
અરે હવે નર્મદ પ્રેમશૌર્યથી
ભવિષ્યનાં અંતર કોણ ભેદશે ... ... ...

I will also preserve the first draft: why not? Perhaps it was a ~~folly~~ fault to think it good while I was writing it - a folly which makes me doubt the excellence of my critical faculty-but wd not be a folloy to burn it now? Why should I remove from my sight the proofs of my own deficiencies? I will keep them for they may sometimes be instrumental in keeping me from committing such follies again. now I will write down here the lines that I have written today, I must wait till the charm one to novelty and to the recollection of the pleasure they gave me while I was writing them as worn away. I will wait till the thought and emotion that have produced them have become dim enough to allow me to judge whether the lines have the merit of producing that emotion.

રુડો વાયુ આવે કંઇ મગ્ન થાતો
જરા નાચતો નાચતો ગાન ગાતો
મઝાથી રમે કેશની સાથ એ તો
વળી આંખનું ચિત્ત આકર્ષિ લેતો.
રુડાં વાદળાં આભમાં શ્વેતકાળાં
જણાયે વળી ના જણાએ બિચારાં
બહૂ વાયુ પીડા કરે એમને ત્યાં
રડી લાડથી ચિત્ત મ્હારૂં જ મ્હોતાં.
રુડો સિંધુ સ્નેહાદ્ર ચિત્તે કરીને
બધાં વાદળાં છાતિ સરખાં ધરીને
હસે ને વળી વાયુ શું (ને) સ્હેજ ખીજે
વળી ગાનથી સર્વ રીઝાવિ રીઝે.
અને આ ત્રણે આમ આનંદ આપે
or (બધાં)
ત્રણે ચિત્તને આમ આનંદ આપે
નચાવી રિઝાવી ગવાડી રમાડે.

The three lines preceding the last obviously need considerable improvement . I have sent these two pieces to Manishanker to-day for criticism freely expressing the small value ~~of~~ I attach to them."

૧૮૮૮ની સાલમાં ઠાકોરનો સર્જનવ્યાપાર કેવો હતો, કેવા વિષયો પર તેઓ કાવ્યો લખતા હતા, એ કાવ્યોમાં વિષય, છંદ, ભાષા અને અન્ય કાવ્યઘટકોની તેમની માવજત કેવા સ્વરૂપની હતી, પોતાની રચનાઓ અને સર્જનપ્રવૃત્તિ પરત્વે તેમનું વલણ કયા પ્રકારનું હતું, ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારો તરફની તેમની અભિજ્ઞતા કેવીક હતી, વગેરે બાબતોનો કંઇક ખ્યાલ આપણને ઉપરના વિસ્તૃત અવતરણ પરથી સાંપડી શકે છે. ઠાકોરની કવિતામાં સમુદ્રનાં પ્રતિકલ્પાત્મક આલેખનો અને સીધાં અપ્રતિકલ્પાત્મક વર્ણનો જોવા મળે છે તેનું મૂળ પણ આપણે ઠાકોરે તેમના પ્રારંભિક કાવ્યસર્જનકાળમાં ભરપટ્ટે માણેલા સમુદ્રસાન્નિધ્યાનુભવમાં જોઇ શકીએ છીએ.

ઉક્ત અવતરણમાંનાં છેલ્લાં વાક્યોમાં ઠાકોરે પોતાની બે રચનાઓ કાન્ત પર સમીક્ષાર્થે મોકલ્યાનો નિર્દેશ કર્યો છે. કાન્તના તદ્વિષયક પ્રતિભાવની નોંધ લેતાં ઠાકોરે તા. ૧૮-૮-૮૮ની ડાયરી-નોંધમાં લખ્યું છે : " Manishanker thinks my sonnet excellent. He tells me again and again. I am too modest. He says' ~~of~~ I do not understand how you manage to be so bold and firm in criticism and so doubtful about the quality of your own creation." આ પછી ઠાકોરે અંગ્રેજી કાવ્યસાહિત્યના પોતાના વાચન વિષે લખ્યું છે :

to study English poetry, the Romantic age from collins and Couper Gray and Burns to Wordsworth and Tennyson and M. Arnold and R. Browning, Through and through ! Not as a task but as a labour of love. A little everyday- in the spirit of Longfellows' Blacksmith

Each morning sees some task begun
Each evening sees it done!

Three poems per week not as a set routine at all but for the sheer joy of it."

પરીક્ષાથી વાચકની વૈતરાવૃત્તિથી નહીં પણ સાચા હૃદયરસે કવિતાનો આનંદ માણવાની વૃત્તિથી કવિતાને વાંચવાની પ્રવૃત્તિ આદરનાર ઠાકોરે ઉક્ત નોંધના અનુસંધાનમાં લખાયેલી તા. ૧૯-૮-૮૮ની ડાયરીનોંધમાં લખ્યું છે : " Dipped into the golden Treasury I understand it far better this year. I can even teach some pieces so as to kindle the boys to the poetry of it. Wordsworth and shelley begin to emerge as prophets, not mere singers several of their pieces a run into one another in my mind and heart and I begin to perceive their mental attitude towards things. Tennyson arnold hasn't that."

આગળ ચાલતાં ઠાકોર પોતાની અને કાન્તની તત્કાલીન કાવ્યસર્જનશક્તિની સરખામણી એ કવિઓની પ્રતિભા સાથે કરતાં લખે છે :

" But higher my appreciation rises the more am I cast down. What am I what is even manishanker compared to the smallest of these? The distance between me and Manishanker might be hundreds of miles. He has already achieved poems, I am still trying But the distance between us and these Eng. poets is as the distance from the earth to the moon! And what of Shakespeare, when I have not yet even begun to understand?"

અહીં ઠાકોરે પોતાને માત્ર અંગ્રેજી કવિઓથી જ નહીં પણ કાન્ત કરતાં યે ઊતરતા ગણાવ્યા છે. બીજી પણ એક રીતે ઠાકોરે કાન્તને પોતાનાથી ચઢિયાતા ગણાવ્યા છે. ૧૮૮૮ની સાલમાં ઠાકોર, કાન્ત, કાશીરામ સેવકરામ દવે વગેરેએ ફિલસૂફીના વિદ્યાર્થીઓનું એક નાનું મંડળ કાઢ્યું હતું; એ મંડળને બીજા વિદ્યાર્થીઓ MAS - Mutual Adulation Society - અન્યોન્ય સ્તુતિગાયકોનું મંડળ - કહેતા હતા. મંડળના સભ્યો પૈકી "મણિશંકરને અને મ્હને જેવા અમારા બેનો અભેદ લાગતો તેવો એમને કે મ્હને બીજા કોઇ સાથે નહીં", એવો ઠાકોરનો દાવો હતો.[૮૫] ગમે તેમ પણ ઠાકોર અને કાન્ત મંડળના સહસભાસદો લેખે અને મહાવિદ્યાલયના સહાધ્યાયીઓ તરીકે ફિલસૂફીના વિષયનું વાંચનવિચારણ સાથે કરતા હતા. એ બાબતને ઉલ્લેખીને ઠાકોરે બબુભાઇ પુરાણી પરના તા. ૧૪-૧૨-૪૨ના પત્રમાં એકરાર કર્યો છે, "મણિભાઇ : કાન્ત : અને હું ફિલસૂફી સાથે વાંચતા, ત્યારે મ્હને ક્ષણેક્ષણે લાગતું કે એ એ વિષયમાં મ્હારાથી ઘણી વધારે ઝડપી ગતિ કરે છે, એની ગમ વધારે દૂર લગી ઉઘડી જાય છે".

૧૮૮૮ની સાલમાં (અને તેય, એ વર્ષના ઓગસ્ટ માસમાં) ઠાકોરની કાવ્યરચનાઓનો સ્તર શો હતો અને એ સ્તર વિષે ઠાકોરનો એકરાર શો હતો તે આપણે જોયું. કાન્તની સર્જનશક્તિની ત્યારે સિદ્ધ થયેલી કક્ષા માટે એટલું જ ઉલ્લેખવાનું કે તેમણે "વસંતવિજય" ૧૮૮૯ની પહેલી ટર્મમાં અને "ચક્રવાકમિથુન" ૧૮૯૦ની પહેલી ટર્મમાં લખ્યાં હતાં,[૮૬] તો "રમા" કાવ્ય તેમણે છેક સન ૧૮૮૭માં રચ્યું હતું.[૮૭] કવિતાસર્જન-સાગરમાં તરવાનું શીખવા માટે ઠાકોર જ્યારે હજી કિનારાનાં ગોઠણપૂર પાણીમાં છબછબિયાં કરતાં હતા ત્યારે કાન્તે ગુજરાતી સાહિત્યને

એક નવું સુવૃત્ત કાવ્યસ્વરૂપ આપવાની; તેમાં "લલિતકોમલકાન્ત" પદાવલિ નિયોજવાની; કાવ્યપાત્રોને, તેમના મનોભાવોને અને તેમની ક્રિયાઓને સપ્રમાણ રીતે અને સુમેળપૂર્વક કલાનાં સંયમ વિવેક અને અનપૂર્ણતા સહિત, નાટ્યક્ષમ પ્રાસાદિક શૈલીએ આલેખવાની, એ આલેખન માટે લગભગ અદોષ રીતે છંદોનો વૈવિધ્યપૂર્ણ અને ક્લિષ્ટતા-રહિત ઉપયોગ કરવા જેટલી પ્રતિભાપક્વતા પ્રાપ્ત કરી લીધી હતી. આમ છતાં, "કાંતની પહેલી જયંતી નિમિત્તે "કાંતમાલા" પ્રગટ કરતાં" અમદાવાદમાં તા. ૧૬-૬-૧૯૨૪ના દિવસે પરમપ્રિય મિત્ર કાન્તને અંજલિ આપવા કરેલા વ્યાખ્યાનમાં ઠાકોરે પોતાનાં "ભણકારા" અને "અદૃષ્ટિદર્શન" કાવ્યોને અનુક્રમે ૧૮૮૮ના મે મહિનામાં અને ૧૮૮૯ના ડિસેંબરમાં રચાયેલાં જણાવ્યાં છે. ઠાકોરનાં ૧૮૮૯ના ઓગસ્ટ માસમાં રચાયેલાં કાવ્યોના ઉપર આપેલા નમૂનાઓ અને એ નમૂનાઓના અનુલક્ષમાં ઠાકોરે પોતાની સર્જનશક્તિ વિષે ત્યાં પાડેલા પ્રત્યાઘાતો જાણ્યા પછી કોણ માનવા તૈયાર થાય કે "ભણકારા" કાવ્ય – એના આજે ઉપલબ્ધ થતા સ્વરૂપે ૧૮૮૮ના વર્ષની (અને તેય, એ વર્ષના મે માસની) સરજત છે ? અર્થાત્ ઠાકોરે પોતાનાં કેટલાંક કાવ્યોનો સર્જનસમય ખોટો ટાંકવાનો પ્રયત્ન કર્યો છે. આમ કરવા પાછળ તેમનું શું પ્રયોજન હોઇ શકે ? ફક્ત એક જ અને તે કદાચ પોતાની સર્જનપ્રવૃત્તિ–પોતાનાં સુપ્રતિષ્ઠ કાવ્યોને સર્જવાની પ્રવૃત્તિ – કાન્તની ઉચ્ચમૂલ્ય સર્જનપ્રવૃત્તિના જેટલી જ વહેલી શરૂ થવા પામી હતી એમ બતાવવા. પણ ઠાકોરનો આ હેતુ સંપૂર્ણપણે બર આવે તેમ નથી, કેમકે કાન્તનું "મારી કીસ્તી" કાવ્ય સન ૧૮૮૬માં રચાયું હતું અને "બુદ્ધિપ્રકાશ"ના સન ૧૮૮૯ના ઓગસ્ટના અંકમાં પ્રસિદ્ધ થયું હતું. (કાન્તે કાવ્યલેખન-પ્રવૃત્તિ તેમની ચૌદ વરસની ઉંમરે આરંભી હતી પણ ત્યારે તેમની રચનાઓ દલપતશાઇ હતી.) ઠાકોરનું કોઇપણ પ્રસિદ્ધ કાવ્ય એટલું વહેલું લખાયેલું ને છપાયેલું જાણ્યામાં નથી. સન ૧૯૩૫ની "મ્હારાં સોનેટ"ની આવૃત્તિમાં[૮૮] ઠાકોરે જણાવ્યું છે : "ગુજરાતી કવિતામંદિરમાં પ્રથમ પ્હેલાં સોનેટ આ

(ભણકારા) અને "અદૃષ્ટિદર્શન", કાન્ત (મ. ર. ભટ્ટ)નાં "અગતિગમન" અને "ઉપહાર" આ બે પછીનાં સોનેટોની રચનાની બાબતમાં ઠાકોરે કાન્ત કરતાં પોતાની પુરોગામિતાને અહીં નિર્દેશી છે. ઠાકોરે આગળ જણાવ્યું છે : "એ "જ્ઞાનદર્શન" માસિકમાં સં. ૧૯૪૮ અને ૧૯૪૯માં મ્હારાં અને મણિશંકરનાં સોનેટ પ્રથમ પ્રકટ થયેલાં". અર્થાત્ ઠાકોર પોતાનાં સોનેટ સૌ પ્રથમ સન ૧૮૯૨-૯૩માં પ્રગટ થયેલાં જણાવે છે. ઉક્ત અવતરણમાંનાં ઉલ્લિખિત સોનેટો જો "ભણકારા" અને "અદૃષ્ટિદર્શન" જ હોય તો કહેવું જોઇએ કે "ભણકારા" કાવ્ય "જલપ્રવાસ" શીર્ષક હેઠળ "સુદર્શન"નાં એપ્રિલ, ૧૮૯૪ના અંકમાં પ્રગટ થયું હતું, અને ઉક્ત અવતરણમાંનાં કાન્તનાં ઉલ્લિખિત સોનેટો-માંનું એક "ઉપહાર" પણ હોય તો કહેવું જોઇએ કે એ સોનેટ "યુગધર્મ"ના સન ૧૮૯૧ના ચોથા અંકમાં પ્રગટ થયું હતું.[૮૯] માની લઇએ કે "ઉપહાર", "યુગધર્મ" ઉપરાંત "જ્ઞાનદર્શન"માં પણ પ્રગટ થયું હતું; પણ એક વાત સ્પષ્ટ છે કે "જ્ઞાનદર્શન" કરતાં "યુગધર્મ"માં એ કાવ્ય વહેલું પ્રગટ થયેલું, એટલે ઠાકોરના વિધાનના આધારે જ પુરવાર થઇ શકે એમ છે કે તેમના સોનેટ કરતાં કાન્તનું સોનેટ વહેલું પ્રકાશિત થયું હતું. ઠાકોરે "ભણકારા" ને "સુદર્શન" ઉપરાંત "જ્ઞાનદર્શન"માં પણ પ્રસિદ્ધ કર્યું હોય એ બનવાજોગ છે કેમકે પોતાના એકને એક સોનેટને તેમણે બે સ્થળોએ પ્રગટ કર્યાના બીજા પણ દાખલા છે. "નાયિકાની છેલ્લી સલામ" કાવ્ય "સુદર્શન"ના ઓગસ્ટ, ૧૮૯૪ના અંકમાં "આશીર્વાદ" શીર્ષક હેઠળ અને "જ્ઞાનસુધા"ના ૧૮૯૯ના એપ્રિલ-જૂનના સંયુક્ત અંકમાં "છેલ્લી સલામ" શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયું હતું. "જ્ઞાનસુધા"ના તે વર્ષના અંકોમાં ઉક્ત કાવ્ય ઉપરાંત "પ્રેમનો દિવસ" સોનેટમાળાનાં બીજાં પણ કેટલાંક સોનેટો પ્રસિદ્ધ થયાં હતાં. ટૂંકમાં, ઠાકોરના કાવ્યપ્રકાશનકાર્યના સમયને સન ૧૮૯૪ કે બહુબહુ તો સન ૧૮૯૨થી વધારે આગળ ખસેડી શકાય એમ નથી.

સન ૧૯૦૦ના ઉનાળામાં પૂર્ણ થયેલા અને પછી પ્રગટ થયેલા "આરોહણ" કાવ્યની રચનાના આરંભકાળને પણ ઠાકોર છેક સન ૧૮૮૮ સુધી લઇ ગયેલા છે,[૯૦] એટલે કે "કાન્ત સ્વીડનબોર્ગી ખ્રિસ્તીમત તરફ આકર્ષાયા ઇ.સ. ૧૮૯૫થી" એ સમયથી પણ આગળના સમય સુધી લઇ ગયેલા છે. "નહીં શકિકલા ધરી, ક્રૂસ શું ધારશે મંદિરો ! ... સમાજ પાર્થિવ નર્યો જ અથવા હશે શું ભાવી તણો બિજે મુલક તેમ આ ભરતમંડલે યે હવે ?"– વગેરે વિચારો ઠાકોરે "આરોહણ"માં રજૂ કર્યા છે. એ ઉપરથી કેટલાક લોકોએ અનુમાન કર્યું હતું કે ઠાકોરને એ કાવ્ય કાંત ખ્રિસ્તી થયા તે ઉપરથી સ્ફૂર્યું હોવું જોઇએ. ઠાકોરે એ અનુમાનને રદિયો આપી દીધો છે. તો પછી એ કાવ્યના વસ્તુનું મૂલ બીજે ક્યાં હોઇ શકે ? આવા સંભાવ્ય પ્રશ્નના ઉત્તરમાં ઠાકોરે જણાવ્યું છે કે તેઓ રાજકોટમાં હાઇસ્કૂલમાં ભણતા હતા ત્યારે રાજકોટ મિશનના યુવાન પાદરી સ્કોટના ઘનિષ્ઠ સંસર્ગમાં આવ્યા હતા, એને કારણે તેઓ ઇ.સ. ૧૮૮૩ પહેલાંથી કંઇક હિંદુત્વવિમુખ થઇને ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષાયા હતા, "રખે છોકરો વટલે !" એવી ધાસ્તી પણ તેમનાં વડીલોના મનમાં પેસી ગઇ હતી પણ પછી, ખ્રિસ્તી નહીં થવાનો નિર્ણય તેમણે ઇ.સ. ૧૮૮૬માં લઇ લીધો હતો. ઠાકોરના આ બચાવ સામે એક બીજો પણ તર્ક થઇ શકે : ૧૮૮૭ની સાલથી ઠાકોર અને કાંત વચ્ચે ગાઢ મિત્રતા સ્થપાઇ હતી અને પછી ૧૮૮૮ની સાલમાં ફિલસૂફીના વિષયોનું તેઓ સહવાચન-વિચારણ કરતા હતા. તો એ અરસામાં શું કાન્તના વિચારોની અસર ઠાકોર પર ન પડી હોય ? આવા સંભાવ્ય પ્રશ્નનો રદિયો પણ ઠાકોરે આપી દીધો છે : "આ કાવ્ય પૂરું તો થયું ઇ.સ. ૧૯૦૦માં, પણ એનું ડોળિયું રચાયેલું ઇ.૧૮૮૮–૮૯માં, અને આદિથી અંત લગી હું એ ડોળિયાને જ વળગી રહ્યો છું. મ્હારી એ આદત થઇ ગઇ છે. આરંભ અને ઇતિ વચ્ચે વર્ષો વીતી જાય તથાપિ હું મૂલ ડોળિયું નક્કી કરેલું તેને જ વળગી રહું છું". "ઇ. ૧૮૮૮માં જ "આરોહણ"નું ડોળિયું

ધર્યું તે વખતે કાંત ધર્મપલટાના વમળમાં પડશે – એ આગમાં શેકાશે-ભુંજાશે ખાખ થશે, એવો એને કે કોઇ મહાજ્યોતિષીને ય ખયાલ પણ નહીં".[૬૧] "આરોહણ" પર કાન્તની સ્હેજે ય અસર સ્વીકારવાનો ઠાકોર ઇન્કાર કરે છે ખરા; પરંતુ જે કાવ્ય એના આજના ઉપલબ્ધ સ્વરૂપે સન ૧૮૮૮-૮૯માં રચાયું જ નહોતું અને ત્યારબાદ છેક બાર-તેર વર્ષે પૂરું થયું હતું તેના સર્જનવ્યાપાર પર એક આત્મીય મિત્રના સમસામયિક ઉગ્ર જીવનસંઘર્ષો અને મનોમંથનોએ ઠાકોરના ચિત્તમાં જગાડેલા તીવ્ર પ્રત્યાઘાતોની કશી યે અસર નહીં પડી હોય તેમ કેમ માની લેવાય ? છતાં એ કાવ્યની વસ્તુયોજનાની બાબતમાં પણ કાન્તનો ફાળો સ્વીકારવાનું ટાળવાને માટે ઠાકોરે તેની રચનાનો આરંભકાળ છેક સન ૧૮૮૮નો બતાવ્યો છે. આનો અર્થ એ નથી કે તેમણે કાન્તનો બિલકુલ ઋણસ્વીકાર કર્યો નથી; કર્યો છે ખરો; પણ તે કેવા પ્રકારનો છે તે જોવા જેવું છે: "પરંતુ "આરોહણ" પૂરું તો થયું છેક ઇ. ૧૯૦૦ના મેમાં એટલે એના ગર્ભવાસના પાછલા કાળમાં મણિભાઇની વ્યથા ગૂંચવણો આવેશ વિષાદની લાગણીઓ આદિનો હું સાક્ષી, તેથી એ કૃતિ લાંબાંલચક કુદરતવર્ણનો, સંસારના કોયડા વિષે પોષક ચાતુર્યયુક્ત કે દૂરાકૃષ્ટ ઘૂણા વક્રોક્તિ આદિના ઉદ્ગારોથી ઉગરી, અને પોતાના વિષયના મહત્ત્વને અપ્રસ્તુત સુંદરતાઓ અને શબ્દખેલોમાં દાબી દેવાના ખોટા દોષમાંથી બચી".[૬૨]

કાન્તમાંથી પોતે કશું જ લીધું નથી, પોતાની કવિતા પર કાન્તની કશી જ અસર પડી શકી નથી એ વાતને ગ્રાહ્ય ઠરાવવા ઠાકોરે પોતાની મનોઘટનાનાં બે તત્ત્વોનો આધાર બતાવ્યો છે: (૧) કાન્તની રચનાઓમાંની એક એક "વિગત" અતિશય "સુંદર" "નમૂનેદાર"; એમાંથી ઠાકોર પોતાની રચનાઓમાં કંઇ પણ લે તો તેમની "ખડબચડ રચનાના સ્પર્શથી" "એ અભડાય", એટલું જ નહીં, પણ એ ઉદ્ધૃત અંશની આસપાસનું તેમનું પોતાનું લખાણ "છેક કાળું પડી જાય !" એવી દહેશતને લીધે, કાન્તમાંથી તેમણે કશું યે પોતાની

રચનાઓમાં આવવા દીધું નથી એવો તેમણે ખુલાસો કર્યો છે. (૨) ઉછીની સુંદરતા લેવાથી શું સીઝે ? એનાથી આળસુ ટેવો પડે અને પ્રગતિ રુંધાય. ઉત્તમના અનુકરણમાં મૌલિકતા કુંઠિત થઇ જાય. એના કરતાં ના લખવું બહેતર. આવી "ટેક" અને "વિનમ્રતા"એ ઠાકોરને કાંતમાંથી કંઇપણ લેતા અટકાવ્યા હતા એવો તેમનો બીજો ખુલાસો છે.[૯૩]

આમ કાન્તમાંથી પોતે કશું લીધું નથી એમ કહેનાર ઠાકોરે કાન્ત પરની પોતાની અસરોને વીગતે વર્ણવી છે. કાન્તના "શિક્ષણનો ઇતિહાસ"માંના આરંભથી માંડીને એરિસ્ટોટલ સુધીના ભાગમાં ઠાકોરે "વિષયપસંદગી" વિષયો વચ્ચેભાર અને પ્રમાણવ્યવસ્થા વગેરે ઘણી બાબતમાં કાન્ત સાથે પોતાના સહકર્તૃત્વનો દાવો કર્યો છે.[૯૪] કાન્ત સૉનેટ લખતા થયા તેમાં પણ ઠાકોરે પોતાનો પ્રભાવ જોયો છે. કાન્તે "ચક્રવાકમિથુન"માં "હાવાં" શબ્દ વાપર્યો છે તે પણ પોતાના સૂચનથી એમ ઠાકોરે જણાવ્યું છે. ઠાકોરે પોતાના "એક તોડેલી ડાળ" અને કાન્તના "અશ્રુને આવાહન" વચ્ચે, તથા પોતાના "નાયકનું પ્રાયશ્ચિત્ત" અને કાન્તના "પડેલા સ્નેહીનો પ્રત્યુત્તર" વચ્ચે કેટલુંક શાબ્દિક સામ્ય ઉલ્લેખ્યું છે. પોતાની અને કાન્તની કવિતા વચ્ચે એવા ચોક્ખા શાબ્દિક સામ્ય કરતાં "ભાવ અને વિચારના સામ્ય કે સામીપ્યના દાખલા" વધારે હોવાનું તેમણે નિર્દેશ્યું છે. "મ્હારૂં તે તે લખાણ પ્હેલું, મણિભાઇનું મ્હારૂં એમણે વાંચ્યું તે પછીનું" એવો દાવો સ્પષ્ટ રીતે નહીં કરી શકાતાં આડકતરી રીતે કરતાં તેમણે લખ્યું છે : "મણિશંકરની કવિતાની વિશિષ્ટતા અને સુંદરતામાં આ અવતરણો વગેરે એટલાં તો અલ્પાલ્પ છે કે તેમને એકંદરે લેતાં પણ એમની સ્વતંત્રતાને કશી આંચ લાગે એમ નથી".[૯૫] કાન્તના "અશ્રુને આવાહન"ની ઉત્પત્તિ વિષે ઠાકોરે એમના એક પત્રમાં લખ્યું છે કે ફૂલ વિષે "કુસુમમાલા"માં આવતા એક પદ ઉપરથી તેમણે આંસુ વિષે

એક રચના માંડી હતી પણ તે "અત્યંત દુષ્ટ" થઇ ગઇ હતી, જ્યારે એના બીજા દિવસે કાન્તે "અશ્રુને આવાહન" લખીને તેમને વંચાવ્યું હતું, ત્યારે તેમણે પોતાની રચેલી અને કાન્તને ઘણી ગમેલી "નથી પાસે કોઇ ... ..." વગેરે બે પંક્તિઓને એ કાવ્યમાં સમાવેશાયેલી જોઇ હતી.[૯૬] ઠાકોરની ઉક્તપંક્તિઓ તેમના "સોંડેલી ડાળ" કાવ્યમાં આવે છે અને એ કાવ્ય તેમણે "૧૮૯૨ પ્હેલાં શરૂ કર્યું હતું".[૯૭] ત્યારે કાન્તનું "અશ્રુને આવાહન" ૨૮-૫-૯૦ પ્હેલાં રચાઇ ગયું હતું.[૯૮] ઠાકોરનું "નાયકનું પ્રાયશ્ચિત્ત" "જ્ઞાનસુધા"ના ૧૮૯૯ના એપ્રિલ-જૂનના અંકમાં પ્રસિધ્ધ થયું હતું, પણ ઠાકોરે તેને ૧૮૯૫-૯૬ પહેલાં લખાયેલું જણાવ્યું છે,[૯૯] ત્યારે કાન્તનું "પડેલા સ્નેહીનો પ્રત્યુત્તર" ૨૩-૩-૯૭ પહેલાં રચાયું હતું.[૧૦૦] ઠાકોરે પોતાનાં પ્રણયવિષયક સોનેટામાંનાં કાળક્રમે પહેલાં બે આવતાં સોનેટો "અદૃષ્ટિ દર્શન" અને "પ્રેમની ઉષા"ને અનુક્રમે ૧૮૯૦માં અને ૧૮૯૩ પહેલાં રચાયેલાં જણાવ્યાં છે;[૧૦૧] ત્યારે કાન્તે મિસીઝ બ્રાઉનિંગનાં પ્રણયવિષયક સોનેટોના અનુવાદ ૧૮૯૩માં કર્યા હતા. પણ કાન્તના આ અનુવાદોનો આ સમય પણ ઠાકોરનો જ જણાવેલો છે;[૧૦૨] બીજા કોઇ સ્વતંત્ર આધારે શોધી કઢાયેલો નથી. અર્થાત્ કાન્તનાં ઉક્ત પ્રણયવિષયક અનુવાદકાવ્યોને ઠાકોરે પોતાનાં પ્રણયકાવ્યોનાં અનુગામી બતાવ્યાં છે.

કાન્તે મિસીઝ બ્રાઉનિંગનાં બે સોનેટોના અનુવાદોને બિનસોનેટ રૂપમાં ફેરવી નાખ્યા ... ... વગેરે બાબતોને ધ્યાનમાં લઇને ઠાકોરે તેમને ૩૭ કાવ્યરૂપોને વળગનારા, "છન્દોબંધ, કવિતામાં ગેયતાનું સ્થાન, વગેરે વિષયોમાં" "પ્રરક્ષક રુચિતંત્ર" ધરાવનારા કહ્યા છે.[૧૦૩] કાન્ત ગુજરાતી સાહિત્યમાં વિવેચક તરીકે નીવડી આવ્યા નથી, છતાં પાશ્ચાત્ય સર્જનાત્મક તેમ જ વિવેચનાત્મક સાહિત્યનો તેમને ઠીક ઠીક પરિચય હતો. એ પરિચયે તેમને પણ એક કલાકારને માટે

જરૂરી એવી વિવેચકદૃષ્ટિ અને કલાસૂઝ આપી હતી. તેમની ઉત્કૃષ્ટ રચનાઓ જોતાં આ વાતની પ્રતીતિ મળ્યા વગર રહેશે નહીં. સમકાલીન તેમ જ પુરોકાલીન સાહિત્યાવસ્થા પરત્વે તેમની વિવેચક-દૃષ્ટિ કેટલી બધી કડક હતી એ તો તેમના એક પત્રના "પૂર્વાલાપ"માં ઉધ્ધૃત થયેલા અંશ પરથી સમજી શકાય તેમ છે.[૧૦૪] પોતાની ત્રુટિઓ અને અણઆવડતોને છાવરવાનાં ઓઠાં તરીકે નવા મોટામોટા સિધ્ધાંતો જોડી કાઢવાને બદલે કોઇ માણસે પરંપરાગત શિષ્ટમાન્ય નિયમોનું કલાસૂઝપૂર્વક પાલન કરવાની શિસ્ત દાખવી હોય તો તેમાં એને ઉતારી પાડવા જેવું કશું નથી. કાન્તે "શ્લોકભંગ", "શ્રુતિભંગ", "લઘુગુરુ છૂટ", "અગેયતા" વગેરે તત્ત્વોને ન અપનાવ્યાં તેથી એમની કલાને શો અપકાર થયો છે તે ઠાકોર નથી બતાવી શક્યા. વળી, કાન્તે ગુજરાતી સાહિત્યમાં કશું જ નવું પદાર્પણ કર્યું નથી એમ કહી શકાય તેમ નથી. આપણા સાહિત્યને "ખંડકાવ્ય"નું નવું કાવ્યસ્વરૂપ તેમણે જ આપ્યું છે; ખંડકાવ્ય જેવા એક જ સળંગ કાવ્યમાં વૃત્તવૈવિધ્ય નિયોજવાની પહેલ પણ તેમણે જ કરી હતી; ગુજરાતી કવિતામાં ખંડ શિખરિણીને સૌ પ્રથમ યોજનાર અને અંજની છંદને આપણા સાહિત્યમાં સૌ પ્રથમ લઇ આવનાર કાન્ત જ હતા. ઠાકોરને અનુસરીને જો કાન્તે સળંગવાક્યરચનાવાળા પૃથ્વી ("પ્રમાદી નાવિક" અને "વિધુર કુરંગ"માં) તથા તોટક ("મિત્રને નિવેદન" અને "વત્સલનાં નયનો"માં)નો પ્રયોગ કર્યો હતો તો ઠાકોરે કાન્તને અનુસરીને "અંજની ગીત" અને "અભ્યસ્ત શિખરિણી"ને પ્રયોજ્યા છે. ઠાકોરની ઉત્તરકાલીન કાવ્યકૃતિઓ અને કાવ્યપાઠોમાં બાનીની બળકટતા, ખડબચડતા વધી ગયેલી જોવા મળે છે; તો એની તુલનાએ તેમની પૂર્વકાલીન કાવ્યરચનાઓમાં પ્રાસાદિકતાનું, શૈલીની સુભગતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. એના કારણ તરીકે કદાચ કાન્તની જ તત્કાલીન સંપર્કજન્ય અસરને ટાંકી શકાય.

કાન્ત અને ઠાકોરની મૈત્રીનાં ફળરૂપે કેટલાંક કાવ્યો આપણા સાહિત્યને મળ્યાં છે. "ઉપહાર", "રાજહંસને સંબોધન", "રતિને પ્રાર્થના", "ઉપાલંભ", "પ્રણયમાં કાલક્ષેપ", "ચંદાને સંબોધન" વગેરે કાવ્યો કાન્તે પોતાને ઉદ્દેશીને લખ્યાં હતાં એમ ઠાકોરે જણાવ્યું છે.[૧૦૫] "ઉપહાર"ના ઉત્તરરૂપે ઠાકોરે "ગમે તો સ્વીકારે ... ..." કાવ્ય લખ્યું હતું. કાન્તના "પ્રમાદી નાવિક" કાવ્યની ટીકારૂપે ઠાકોરે "નિરાશ નાવિક"ની ટીકા—એક પત્ર" કાવ્ય લખ્યું હતું. કાન્તનાં બીજીવારનાં પત્નીને અનુલક્ષીને ઠાકોરે "અ.સૌ. નર્મદા ભટ્ટ" કાવ્ય લખ્યું હતું.સન ૧૮૯૬ના ઓક્ટોબરમાં ઠાકોર અજમેરની કોલેજમાં જોડાયા અને કાન્ત સંપૂર્ણ સ્વીડનબોર્ગી બન્યા ત્યારથી એમનો બેનો સંબંધ ખોરવાઇ ગયો હતો. જોકે કેટલાક મિત્રો ને કુટુંબીઓના આગ્રહથી તે પછી તેઓ ક્યારેક ક્યારેક ફરી એકબીજાને મળતા થયા હતા ને પરસ્પર પત્રો લખતા થયા હતા પરંતુ એ સંબંધ ફરી પહેલાંની કક્ષાએ પહોંચી શકેલો નહીં.[૧૦૬] (સન ૧૯૦૯-માં, ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની પસંદગીની બાબતમાં કાન્ત અને ઠાકોર વચ્ચે ઉગ્ર ટપાટપી થઇ હતી. કાન્ત ન.ભો.દિ.-ને પ્રમુખપદે ઇચ્છતા હતા ; ઠાકોર અંબાલાલભાઇને એ પદે લાવવાના મતના હતા. છેવટે, ઠાકોરનું ધાર્યું થયું હતું. કાન્ત એ પરિષદમાં હાજર રહયા નહોતા.)[૧૦૭] એક તો ઠાકોરના ધાર્મિક વિચારો કાન્તથી જુદા હતા, અને તેમનો પ્રત્યક્ષ સંપર્ક પણ નહિવત્ થઇ ગયો હતો તેને કારણે એમ બન્યું હતું. ઠાકોર અજમેર ગયા તે પહેલાં તેમણે વડોદરા કોલેજમાં અંગ્રેજી પ્રાધ્યાપકપદે સવાસાત મહિના લગી કામ કર્યું હતું. ત્યારે કાન્ત વડોદરામાં રામજીમંદિરની પોળમાં રહેતા હતા. એ વખતે કાન્તનો ઠાકોરને દીર્ઘ સમાગમ પ્રાપ્ત થયો હતો ; પણ તે પહેલાં યે ઠાકોરે '૯૨, '૯૩, '૯૪ની ઉનાળાની લાંબી રજાઓ કાન્તને ત્યાં જ વડોદરામાં ગાળી હતી. કાન્ત પોતાની ટૂંકી

રજાઓ ઠાકોર સાથે રાજકોટ કે ભરૂચમાં ગાળતા હતા. બનતાં સુધી '૯૫નો ઉનાળો બંનેએ જુનાગઢ, માંગરોળ અને પ્રભાસમાં સાથે ગાળ્યો હતો. કાન્તની આસપાસનાં તે વખતના વડોદરામાંનાં મંડળોમાં ઠાકોરે નિર્બંધ પદ્યની ખૂબીઓની, એવા પદ્યની ગુજરાતી કાવ્યક્ષેત્રે જરૂરિયાતની, સંગીત કરતાં કવિતાની વિશેષતાની, પૃથ્વી છંદની નિર્બંધ પદ્ય લેખે યોગ્યતાની ચર્ચાઓ કરી હતી. ૧૮૮૭ની મૌખિક સંસ્કૃત પરીક્ષામાં ઠાકોરને ભર્તૃહરિનો "નહં તિ મદદંતિનઃ ... ..." એ શ્લોક સમજાવવાનો આવ્યો હતો. ભર્તૃહરિના એ અને એવા બીજા શ્લોકોમાં વપરાયેલા પૃથ્વી ઉપરથી ઠાકોરને એ છંદની સળંગપદ્યરચનાક્ષમતાનો ખ્યાલ આવ્યો હોય એ સંભવિત છે. કાન્તના મંડળમાં તેમના શિષ્યો ઉપરાંત ગજ્જર સાહેબ, આઠવલે સાહેબ, ગુણાજી નિંબાળકર, સમર્થ સાહેબ, પીતાંબર વસ્તા, અંબાલાલ સાકરલાલ અને મણિલાલ નભુભાઇનો સમાવેશ થતો હતો. ત્રિભુવન પ્રેમશંકર, જીવનરામ દવે (જટિલ) વગેરે પણ તે વખતે ત્યાં આવતા હતા. ઠાકોરની ચર્ચાઓમાં રાજારામ રામશંકર શાસ્ત્રી, મણિલાલ દ્વિવેદી, ત્રિભુવન પ્રેમશંકર, જટિલ, કાન્ત વગેરે સક્રિય ભાગ લેતા હતા. છેક '૮૮ની સાલથી ઠાકોરના મનમાં આકાર લેવા માંડેલાં તેમનાં આગવાં છંદોવિષયક મંતવ્યો '૯૬ની સાલ સુધીમાં "પાયાબંધ" થઇ ગયાં હતાં; જોકે પૂરી ઇમારત ચણાવાની હજી બાકી હતી. એટલે તે પછી પણ તેમાં "ગુલબંકી, મિશ્રજાતિ, પંચકિરણ, મહાભારતી મુક્ત અનુષ્ટુપ, મુક્તઆર્યા વગેરે વિષેના નવા અંશો વખતોવખત ઉમેરાતા રહ્યા હતા. ઠાકોરે પોતાનાં મંતવ્યો અનુસારનો "પિંગળપાઠ" નામે પિંગળગ્રન્થ રચવાનો આરંભ કર્યો હતો પણ તે થોડુંક જ લખાયેલું ઉપલબ્ધ થાય છે. ૧૦૮ તેમણે તેમની કાવ્યપ્રકાશનપ્રવૃત્તિ લગભગ '૯૨-'૯૪માં આરંભી હતી અને "આરોહણ"ને તેમણે ૧૯૦૦માં પ્રસિદ્ધ કર્યું હતું. નોકરી, કૌટુંબિક આઘાતો વગેરેએ સર્જેલી પ્રતિકૂળતાને કારણે, ત્યારબાદ, અઢાર વર્ષોના

લાંબા વિલંબ પછી તેઓ તેમના "ભણકાર" કાવ્યસંગ્રહને છેક ૧૯૧૮માં પ્રકાશિત કરી શક્યા હતા. અને એ સંગ્રહમાં જ તેમણે "શુદ્ધ (અગેય) પદ્ય"નો લેખ જોડીને પોતાના નિર્બંધ છંદ વિષેના વિચારોને પહેલીવાર વ્યવસ્થિત રૂપે જાહેરમાં મૂક્યા હતા.

કાન્તના વડોદરા ખાતેના મંડળ સાથે થયેલી ચર્ચાઓ પહેલાં પણ ઠાકોરે કાન્ત સાથે છંદો વિષે ચર્ચાઓ કરી હતી. ૧-૨-૯૦ની એક ડાયરીનોંધમાં ઠાકોરે લખ્યું છે : " Spending much time with Manishaker , who has been here, one year apart has brought us far more closely to I [me?] now. We are ripper now for each other. He has manifested genius in his poetry and my critical insight has been justified constant xxxx on my part has, among other things, exalted his ideal and now he wishes also to be a 'helper' of man. xxxx Now at last I have succeeded in making him see that poetry for its own sake, or for the love of the beautiful comes to the same thing - is to be but ' the idle singer of an empty day!"

૧૮૮૮ની સાલમાં ઠાકોરનો કાન્ત આગળ જે લઘુતાભાવ હતો તે અહીં ઓસરતો દેખાય છે, જોકે કાન્તની સિદ્ધિઓ તરફનો તેમનો ત્યારનો આદર અહીં પણ જોવા મળે છે. ૧૬-૨-૯૦ની ડાયરીનોંધમાં તેમણે લખ્યું છે : " The peom in વિયોગિની વૃત્ત is growing. M.R.B. Likes some of the stanzas. What he admires as worth imitation is the pains I take, the thought and imagination I pack in line after line. This way of conscientious work, not merely a pleasure hunt or not at all by trying one's humble best to produce the very best one was at that moment

capable of - had never so far been his. He has begun a poem on ચક્રવાક and ચક્રવાકી and wants to picture them as types of true love of the intense kind."

અહીં ઠાકોરે પોતાની કાવ્યલેખન પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો છે, પરંતુ તે ઉપરાંત તેમણે અહીં કાન્ત આગળ પોતાનો ગુરુતાભાવ વ્યક્ત કર્યો છે. ૭-૩-૯૦ની ડાયરીનોંધમાં તેમણે "ચક્રવાક મિથુન" પર પોતે લખેલી ટીકાનો ઉલ્લેખ કર્યો છે. ૧૬-૫-૯૦ની ડાયરીનોંધમાં તેમણે તે અરસામાં કાન્ત પર લખેલા પાંચ પત્રોની શ્રેણિનો ઉલ્લેખ કર્યો છે. એ શ્રેણિમાંના ચોથા પત્રમાં તેમણે કાન્તના "વસંત વિજય"ની તેમ જ કાન્તે લખવા ધારેલા બીજા એક કાવ્યના વસ્તુની ટીકા કરી હતી અને એ બીજા કાવ્યના વસ્તુને કારણે જ ઠાકોરને એ પત્રશ્રેણિ લખવી પ્રાપ્ત થઇ હતી. આ સંદર્ભમાં કાન્તની ટીકા કરતાં તેમણે લખ્યું છે :
" He is what I call juandiced by Byron, that great irregular immoral force who has influenced so very many for the worse. Pathos and Whencing, Grandeur and rhetoric, Wisdom and Claptrap nobility and egotism power and verbiage, powred out to-gether in a miscellaneous torrent, the auther himself little able to distinguish. Besides no beginner is safe with a satirist".

ઉક્ત શ્રેણિમાંના બે પત્રોમાં ઠાકોરે અભંગ તોટક, વિષમ અત્યષ્ટિ અથવા હરિણી, શિખરિણી, પૃથ્વી, મંદાક્રાન્તા વિષે જુદી જુદી પંક્તિસંખ્યાવાળી કડીઓનાં, ઉદાહરણ સહિત લખ્યું હતું. તેમાં તેમણે વંશસ્થ અને નરસિંહરાવના વિષમ હરિગીત કરતાં અભંગ તોટકમાં રહેલી વિશેષ ક્ષમતા, નવીનતા ને સુંદરતા પ્રત્યે નિર્દેશ કર્યો હતો. સમાપનમાં તેમણે જણાવ્યું હતું " I want above all elasticity, and rich and varied rhythm; but alternate rhyming, or the sponserism, the tersa runa, the strict sonnet patters of rhyming might also

be tried when handling suitable themes. xxx xxx Such creations of new metres in the abstract or merely mathematically of little use until each novel idea tested by able trial."

તા. ૧૯-૫-૯૦ની ડાયરીનોંધમાં ઠાકોરે પોતાની પત્રશ્રેણિના મણિશંકરે વાળેલા પ્રત્યુત્તરની નોંધ લેતાં લખ્યું છે : " Manishanker makes too much of me I must tell him his Balubhai is a Phantom of the mind and not the real me".

આ ડાયરીનોંધો પરથી માલૂમ પડે છે કે ઠાકોર ખંતથી ને ઝડપથી નવાં કલાતત્ત્વો કાવ્યરૂપો તથા નવા છંદઃપ્રયોગો વિષેની એક આગવી સૂઝ કેળવતા થયા હતા. અને એ જેમ જેમ બનતું ગયું તેમ તેમ કાન્ત તેમને આદરાત્મક પ્રતિભાવ આપતા ગયા હતા. કાન્તના એવા પ્રતિભાવે, કાન્તની આગળના ઠાકોરના લઘુતાભાવને ધીમે ધીમે લુપ્ત કરી દઇને ગુરુતાભાવનો ઉદય કર્યો હતો, જોકે એ ગુરુતાભાવે એમની મિત્ર પ્રત્યેની ઉષ્માનો સંપૂર્ણ છેદ ઉરાડી નાખ્યો નહોતો. પછીના ગાળામાં ઠાકોરે તેમનાં લખાણો અને વ્યાખ્યાનોમાં કાન્ત પ્રત્યે જે વલણો અખત્યાર કર્યાં હતાં તેમનું મૂળ ઠાકોરની ઉપર્યુક્ત માનસઘટનામાં જોઇ શકાય છે.

છેક કોલેજકાળથી ઠાકોરને સાહિત્યનો નાદ લાગ્યો હતો એ તેમની ડાયરીનોંધો પરથી પામી શકાય છે. એ નાદ કેવળ સાહિત્યના વાચન, મનન કે આસ્વાદનો જ નહોતો, બલ્કે સાહિત્યને ક્ષેત્રે કંઇક કરી છૂટવાની તમન્નાનાં બીજ પણ એ નાદ ભેગાં ભળેલાં હતાં. એ માટે તેઓ ઉત્કૃષ્ટ સર્જકોનાં સર્જનોને, ઉત્કૃષ્ટ વિવેચકોનાં વિવેચનોને

વાંચતા વિચારતા ચર્ચતા હતા તેમ જ તેને આધારે સાહિત્યતત્ત્વ વિષેના પોતાના સિધ્ધાંતોને આકારવા મથતા હતા અને સાથોસાથ બની શકે તેવાં સર્જનો પણ કરવા મથતા હતા. ઠાકોરની કાવ્ય-લેખનની તત્કાલીન પ્રવૃત્તિ વિષે આપણે અગાઉ જોયું છે. પણ ૧૦-૫-૮૯ની એક ડાયરીનોંધ પરથી જાણવા મળે છે કે તે અરસામાં અફાટ આનંદ અને કલ્પનાથી ઉત્તેજિત થઇ ગયેલી એક રાત્રે તેમને એક નવલિકાનો પણ વિચાર આવ્યો હતો. થોડાંક પાનાં તેમણે લખ્યાં પણ હતા. પણ પછી એ પાનાં ખોવાઇ ગયાં હતાં અને એ વિચારો પણ ખોવાઇ ગયા હતા. ઠાકોરે કદાચ એને "ભ્રમર" નામ આપ્યું હતું. ૧૬-૫-૮૯ની ડાયરીનોંધ પરથી જાણવા મળે છે કે અન્યોન્ય ભિન્ન લાક્ષણિકતાઓ ને જીવનપ્રવાહો ધરાવતાં છ પાત્રોની - એ છ પાત્રોનાં બનેલાં ત્રણ યુગલોની - એ ત્રણ યુગલોના બનેલા ત્રણ ઘટનાપ્રવાહોની અને ત્રણ પ્રવાહોના આખરી ત્રિવેણીસંગમે બનતા એક કેન્દ્રવર્તી સરોવરની નવલકથા લખવાનો વિચાર પણ તેમને એ અરસામાં આવ્યો હતો. એને માટે પણ તેમણે પાનાંઓ બગાડ્યાં હતાં પણ તેમનું મૂળ ધૂમિલ કથાવિભાવન કદી સ્પષ્ટ થઇ શક્યું નહોતું. એ નિષ્ફળતા પર તેમણે ૩૦-૫-૮૯ની ડાયરીનોંધમાં ઉદ્ગારો કાઢ્યા છે : " O, it is easier to write a historical novel, where a great deal one already has as his datum: all to work up an old tale or several old tales together, into a suitable bunch, as did shakesphere, Homer, and so many others. To invent every detail, to create a whole world de novo like Vishwamitra, is only for Titans."

૧૮૮૯માં હજી તેઓ જ્યારે વોટ્સ ડન્ટન જેવાના કવિતા-વિષયક લખાણને વાંચીને પોતાના કવિતાવિષયક વિચારોને ઘડતા - મઠારતા હતા ત્યારે તેમણે સર રમણભાઇ નીલકંઠ પર (તા. ૯-૮-૮૯ના દિવસે) એક પત્ર લખીને તેમના (બુધ્ધિપ્રકાશમાં આવેલા) એક નાટ્ય-

વિષયક લેખની ટીકા કરી હતી. રમણભાઇએ ત્યારનાં ગુજરાતી નાટકોમાં એક માત્ર "કાન્તા" નાટકને જ નાટક નામને પાત્ર ગણ્યું હતું. ઠાકોરે "કાન્તા" કરતાં "અશ્રુમતિ"ને ચઢિયાતું ગણતા હતા. એટલે તેમણે રમણભાઇને શરતચૂકથી વાંચ્યા વગર રહી ગયેલા "અશ્રુમતિ"ને વાંચી જઇ પોતાનો ગુજરાતીના ઉત્તમ નાટક વિષેનો અભિપ્રાય બદલવાનું હિંમતભેર સૂચવ્યું હતું. (એ પત્ર લખાયો ત્યાં સુધીમાં ઠાકોરે "કાન્તા" વાંચ્યું નહોતું એવો એમણે એ પત્રમાં જ ખુલાસો કર્યો હતો !) અંગ્રેજી વિવેચનસાહિત્યને નજર સમક્ષ રાખીને ગુજરાતી વિવેચનસાહિત્યને સુધારવાની જરૂરિયાત ઉપર તેમ જ અંગ્રેજી અને સંસ્કૃત વિવેચનાના ઉત્તમોત્તમ અન્યોન્યસંવાદી અન્યોન્યપૂરક અંશોને સંગ્રહીને સાહિત્યમીમાંસાનો એક ગ્રન્થ ગુજરાતીમાં ઉપજાવવાની આવશ્યકતા ઉપર પણ તેમણે એ પત્રમાં ભાર મૂક્યો હતો. વોટ્સ ડન્ટન, ઉપરાંત હેઝ્લિટ, લે હંટ, કોલરિજ, વર્ડ્ઝવર્થ, રસ્કિન, હોથોર્ન, ઇમર્સન, સર આર્થર હેલ્પ્સ, હોલ્મ્સ વગેરે પાશ્ચાત્ય લેખકોને તેમ જ મમ્મટ જેવા પ્રાચીન ભારતીય લેખકને તેમણે તેમના અભ્યાસકાળ દરમિયાન વાંચી કાઢ્યા હતા. "બેકનના નિબંધો", "પ્લેટોનું રીપબ્લિક", "ફાઉલર", "બેઇલીનું થીઅરી ઓફ રીઝનિંગ" વગેરેના અનુવાદની તેમણે ૧૮૮૮માં યોજના વિચારી હતી. "લોજીક" "પોલીટીકલ ઇકોનોમી", "સીજવીક", "મહાપુરુષોનાં જીવનચરિત્રો" વગેરે વિષે ગ્રંથો રચવાનો મનસૂબો પણ તેમણે એ જ વર્ષમાં ઘડ્યો હતો. એ વર્ષે તેમના એક મિત્ર જયાશંકરે "તારક" નામનું સામયિક શરૂ કરવા ધાર્યું હતું. એમાં લેખો લખવા માટે જયાશંકરે તેમને વીનવ્યા હતા ; તેમણે એ પત્રને પોતાના વિચારોનું વાહન બનાવવાની શક્યતા વિચારી જોઇ હતી પણ પછી એ શક્યતાને તેમણે મનોમન નકારી કાઢી હતી.

ઠાકોર એકબાજુ સાહિત્યકાર થવા માટે પુરુષાર્થ આદરી

રહ્યા હતા તો બીજી બાજુ બીજા વિષયોના પણ સ્વતંત્ર વિચારક થવા પ્રયત્ન કરી રહ્યા હતા. ઇતિહાસ, રાજકારણ વિષેનાં અંગ્રેજી સામયિકોને તેઓ પુસ્તકાલયમાં જઇને હોંસેહોંસે વાંચતા હતા. મુંબઇ, પૂનાની વિદ્યાર્થીઓની ચર્ચાસભાઓમાં ઠાકોરે એ અરસામાં જે વક્તવ્યો આપ્યાં હતાં તેની પરથી શિક્ષણ, સમાજ, સંસ્કૃતિ, ધર્મ, ઇતિહાસ, રાજકારણ વગેરે વિષેના તેમના તત્કાલીન વિચારોનો પરિચય પામી શકાય છે. એ ચર્ચાસભાઓમાં ભાગ લેતાં લેતાં જ ઠાકોરે પોતાની વક્તૃત્વશક્તિ ખીલવી હતી. ૧૦-૭-૮૮ની ડાયરીનોંધ પરથી જણાય છે કે મુંબઇની ગુજરાતી સભામાં તેઓ ગયા હતા, વક્તાઓની સૂચિમાં તેમનું પણ નામ હતું. પણ તેમણે "હમેશની માફક" તે દિવસે પણ ભાષણની તક છોડી દીધી હતી. ૨૦-૭-૮૮ની ડાયરીનોંધ પરથી જણાય છે કે ગુજરાતી સભામાં "વર્તમાન શિક્ષણપધ્ધતિની કેટલીક ખામીઓ" વિષે બોલવાનું ઠાકોરને આમંત્રણ અપાયું હતું; એ સભામાં "મોઢેથી" બોલવાનો તેમણે નિર્ણય કર્યો હતો પરંતુ એ એમનો પહેલો જ પ્રયત્ન હોવાથી અણીને વખતે કામ લાગે તે માટે તેમણે એ વિષય પર અરધુંપરધું લખાણ લખીને ગજવામાં રાખ્યું હતું; પરંતુ, સભામાં તેમને સાંભળવા કોઇ આવ્યું નહોતું. ૨૭-૭-૮૮ની ડાયરીનોંધ પરથી જણાય છે કે કદાચ એ જ વિષય પર તેમણે ફરી નક્કી થયા પ્રમાણે એ સભામાં ભાષણ આપ્યું હતું. પણ presence of mind નહીં હોવાથી નક્કી કરેલા લખાણમાંથી ફકરાના ફકરા ને લાંબાંલાબાં વાક્યો ઉરાડી દઇને જેમતેમ કરીને બોલીને તેઓ બેસી ગયા હતા. કદાચ ત્યારે હાજર રહેલા સભ્યોમાં ઠાકોરને છોભીલા પડી જવું પડ્યું હશે એથી એમનું સ્વાભિમાન છંછેડાયું હશે. કેમકે ડાયરીમાં તેમણે લખ્યું છે: "દીક્ષિતને બતાવીશ કે એના જેવો જ વક્તા હું પણ બની શકું છું". ૩-૮-૮૮ની નોંધ પરથી જણાય છે કે તે દિવસે પણ તેઓ સભામાં એક નિષ્ફળ વક્તા પુરવાર થયા હતા. ૧૯-૨-૮૯થી ૨૪-૨-૮૯ સુધીની ડાયરીનોંધમાં તેમણે લખ્યું છે: "

"I did not find it a strain to talk away a whole hour at Patwaris' [club].will address the club here on the same subject ........"

એ પછીની ચર્ચાસભાઓમાં સફળ ચર્ચાકાર અને વક્તા તરીકે ઠાકોરે લીધેલા ભાગના નિર્દેશો પછીની ડાયરીનોંધોમાં જોવા મળે છે.

આવી બધી અભ્યાસેતર પ્રવૃત્તિઓને કારણે તેમ જ બીજી (માંદગી, રૂમની બદલી, રસોઇયાની રજા, બેકદર સ્વાર્થી વિદ્યા-સંતોષી મિત્રોથી ક્લેશ, વગેરે જેવી) પ્રાસંગિક ગૌણ ઉપાધિઓને કારણે ઠાકોરને અભ્યાસમાં ઘણો વિક્ષેપ પડતો હતો. એમનાં શાળા-જીવનનાં અને કોલેજજીવનનાં પ્રમાણપત્રો તથા પરિણામો પરથી જાણી શકાય છે કે તેઓ એકંદરે હોશિયાર વિદ્યાર્થી હતા.[૧૦૯] પ્રાથમિક કક્ષાનું શિક્ષણ ઘેર પૂરું કરીને સાતમે વર્ષે તેઓ હાઇસ્કૂલમાં દાખલ થયા હતા અને ૧૮૮૩માં મેટ્રીક્યુલેટ થઇ ગયા હતા. શરૂઆતમાં ગણિત અને સંસ્કૃતના વિષયો કાચા હતા પણ પછી તે વિષયો પણ તેમણે સુધારી લીધા હતા. ૧૮૮૮ની સાલમાં તેઓ સંસ્કૃતમાં હાથે કરીને નપાસ થયા હતા – ફરીની પરીક્ષામાં વધુ સારા ગુણે ઉત્તીર્ણ થઇ શકાય તે માટે. અને તેમના ગુરુઓ ઉપર પણ તેમની એક સારા વિદ્યાર્થી તરીકે છાપ હતી. કારકિર્દી બનાવવા માટે તેઓ પોતે પણ શૈક્ષણિક ઉપાધિઓ મેળવવાની અગત્ય તરફ ગંભીરતાથી જોતા હતા. આથી અભ્યાસ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ વચ્ચે તેમનું મન ઘણીવાર ઉગ્ર ખેંચતાણ અનુભવતું હતું. ૧૮૮૮માં નજીક આવતી વાર્ષિક પરીક્ષાને માટે કાળજી-પૂર્વક અભ્યાસ કરવા સારુ કવિતાને અલ્પકાલીન – ફરીથી મળવા માટેની કામચલાઉ વિદાય આપતાં ઠાકોરે લાગણીભીની ભાષામાં કવિતાને સંબોધન કરીને ૧૬-૮-૮૮ની ડાયરીનોંધમાં લખ્યું છે :

"Good bye to thee, Oh aeria lady sweet
altho' we part, and may not meet
altho we part, and may not meet
my dear, for even, .
still thy loved image I shall cherish ever."

જીવન માટે નક્કી કરેલા ઉમદા આદર્શોને પહોંચી વળવામાં મતિ જ્યારે મુંઝાઇ જતી ત્યારે ઠાકોર 'courage, my soul' (તા. ૩૦-૧૨-૮૮ની ડાયરીનોંધ) કહીને પોતાના મનને નવું સંકલ્પબળ, નવી હિંમત, આપતા હતા. જીવન માટે નક્કી કરેલાં લક્ષ્યોમાંનાં બધાં જ એક સાથે સાધ્ય થઇ શકે તેમ ના હોય, એક કરવા જતાં બીજું અને બીજું કરવા જતાં પહેલું લક્ષ્ય અપસરી જતું લાગતું હોય અથવા વ્યવહારજગતની મુશ્કેલીઓને કારણે આદર્શોની સિદ્ધિમાં વિટંબણાઓ અનુભવાતી હોય અને એથી ચિત્ત કિંકર્તવ્યમૂઢ, વિવશ ને નિરાશ બની જતું હોય ત્યારે ઠાકોર પોતાના મનને કર્તવ્યને માર્ગે પ્રોત્સાહિત અને ચેતનવંતું બનાવવા કહેતા :

One grows through pain
metal in hardened by fire.
The shock that shatters at the moment also plants the
seed of a nobler growth

on our own dead selves we, rise to some higher realization
If do not woe worth the shock woe worth the pain but the
opposite.

(૧૯-૨-૮૯થી ૨૪-૨-૮૯ની ડાયરીનોંધમાં)

ઉપર વર્ણવી તેવી દ્વિધામાંથી માર્ગ કરીને ઠાકોરે ૧૮૮૯ની સાલમાં બી.એ.ની પરીક્ષા પસાર કરી નાખી. અને અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરીને મુંબઇ વિશ્વવિદ્યાલયની એલિસ સ્કોલરશીપ પણ મેળવી. એ પછીનું એક વરસ તેમણે આઇ.સી.એસ.ની પરીક્ષા માટે મુંબઇમાં બગાડ્યું. એ વર્ષે અભ્યાસની સાથે સાથે તેમણે "ઇન્ડિયન સ્પેક્ટેટર"માં નોકરી પણ કરી. આવા કાર્યવૈવિધ્યે મૂળે એકાધિક દિશાઓમાં દાડાદોડ કરતા ઠાકોરના ચિત્તને ઓર વધારે દ્વિધાગ્રસ્ત

ચંચળ અને વ્યગ્ર બનાવી મૂક્યું હોય એ બનવાજોગ છે કેમકે ૧૮૯૧ની સાલમાં તેઓ ફરી પૂના આવીને કોલેજમાં જોડાયા ખરા પણ એમ.એ.ના અભ્યાસમાં તેઓ ચિત્તને જોઇએ એવું કેંદ્રિત કરી શક્યા નહીં. ૧-૩-૯૧ની એક ડાયરીનોંધમાં તેમણે તેમની એ વખતની ચિત્તની ચંચળતાનું વર્ણન કર્યું છે. એ વખતે તેમની આસપાસની ચીજો તેમને સંતોષી શકતી નહોતી કેમકે એ ચીજો પોતે સંતોષપ્રદ નહોતી એમ નહીં પણ ઠાકોર પોતે એ ચીજોના હાર્દમાં ઊતરવા જેટલી સ્વસ્થતા ધરાવતા નહોતા. તેમને વધારે પડતી મહત્ત્વાકાંક્ષાઓ હતી ; પણ તેઓ જાણતા હતા કે તેમની એ અતિમહત્ત્વાકાંક્ષા "કોઇપણ એક કાર્ય પાછળ પર્યાપ્ત સમય લગી મંડ્યા રહેવાની વૃત્તિ અને શક્તિના અભાવ"નું બીજું નામ હતી. એ અરસામાં તેઓ જે પુસ્તક હાથમાં લેતા તેનું એક પ્રકરણ પૂરું વાંચી રહેતાં પહેલાં બીજા પ્રકરણ પર કૂદકો મારતા ; એક પુસ્તક વાંચી રહેતાં પહેલાં બીજું પુસ્તક હાથમાં લેતા, એક યોજનાનો પૂરો અમલ કરી રહેતાં પહેલાં બીજી યોજના અખત્યાર કરતા, એક કાર્ય પાર પાડતાં પહેલાં બીજા કાર્ય તરફ ખેંચાતા મનની આવી ચંચળતાને કારણે તેમને એમ.એ.ની પરીક્ષા પસાર કરવા બાબતમાં પોતાની જાતનો બહુ ભરોસો રહ્યો નહોતો. પહેલી નજરે સામાન્ય લાગતાં પણ પરિણામદૃષ્ટિએ ભારે મહત્ત્વનાં બની રહેતાં રોજિંદાં નિકટનાં કાર્યો પણ આપણા ધ્યાનનાં અધિકારી હોય છે, આપણી આસપાસની પરિસ્થિતિઓ સામાન્ય લાગતી હોય તે છતાં તે પણ આપણા ધ્યાનની અધિકારિણી હોય છે ; દૂરની જવાબદારીઓ કરતાં આપણા હાથ પર રહેલી તત્કાલીન જવાબદારીઓ પ્રત્યે આપણું ઉત્તરદાયિત્વ વધારે હોય છે. છતાં દૂરનાં કર્તવ્યોની રંગીન ખયાલી દુનિયામાં કોઇ રાચતું હોય તો તેને – અલબત્ત, એ રીતે પોતાને જ ઠાકોરે ત્યારે સંભળાવ્યું હતું : "

"Culture and such other big cries are a trick to prevent the conscience from noticing neglect in the task immediately at hand. That task by itself ought to satify, and engage the mind and will wholly in it's service."

આ બધું છતાં તેમનું ધ્યાન અભ્યાસ કરતાં અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં વધારે રોકાયેલું રહેતું હતું. "ડેક્કન કોલેજ ક્વોર્ટર્લી"-ના સંપાદનમાં, તેને માટે અવારનવાર લેખો તૈયાર કરવામાં, ડેક્કન કોલેજનો "ફાઉન્ડેશન ડે" ઊજવવામાં, હોસ્ટેલ સુપરિન્ટે-ન્ડેન્ટ તરીકે હોસ્ટેલ માટેની "સુધરાઇ યોજનાઓ" ઘડવામાં ને અમલમાં મુકાવવામાં અને એ બધાથી ય વિશેષ તો "થોરલે માધવરાવ પેશ્વા" વિષે અપ્રગટ સાધનો વડે નવો ઐતિહાસિક પ્રકાશ પાડતો લેખ લખવામાં જ ઠાકોરનાં મોટા ભાગના શક્તિ અને સમય ખરચાઇ ગયાં હતાં. એક બીજી પણ બાબત અહીં નોંધવા જેવી છે. એ અરસામાં ડેક્કન કોલેજના વિદ્યાર્થીઓએ "મૃચ્છકટિક" અને "શી સ્ટૂપ્સ ટુ કોન્કર" એ બે નાટકો (પહેલું મૂળ સંસ્કૃતમાં જ અને બીજું અંગ્રેજીમાં) ભજવ્યાં હતાં. પહેલા નાટકમાં ઠાકોરે પડદાઓ ગોઠવવાનું તથા પાડવા ઉપાડવાનું અને પાર્શ્વપાઠક તરીકેનું કાર્ય કર્યું હતું. ("મૃચ્છકટિકના અંકોમાં દૃશ્યો માટે પડદા ગોઠવવા સહેલા નથી" એમ ઠાકોરે જણાવ્યું છે.) તો બીજા નાટકમાં તેમણે "છેક હલકા દરજ્જાની ભૂમિકા" ભજવી હતી.[११०] (નાટકમાં ભાગ લેવાનો ઠાકોર માટે આ પહેલો પ્રસંગ નહોતો. "રાજકોટ કાઠિયાવાડ હાઇસ્કૂલના ઉપલા ત્રણ વર્ગના કિશોરયુવકોએ ઇ. ૧૮૮૨-૮૩ના શિયાળામાં સંસ્કૃત શિક્ષક હરગોવિંદ હરિનારાયણ વ્યાસ, પહેલા આસિસ્ટંટ ખંડુભાઇ ઇંદ્રજી દેસાઇ, ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલ નવલરામ લક્ષ્મીરામ પંડ્યા, રાજકુમાર કોલેજ આસિસ્ટંટ

ગગલ પાઠક આદિની પ્રેરણાએ કાલિદાસનું વિક્રમોર્વશી સંસ્કૃતમાં વત્સલાહરણ નાટિકા ગુજરાતીમાં અને એક ગ્રામ્ય ફારસ ભજવેલાં." વિક્રમોર્વશીયમાં ઠાકોરે "ઉર્વશીની બે સખી હાઝર તે દ્દશ્યમાં" "સહજન્યા"નો અને "ઉર્વશી વગર બે સખીઓ હાજર તે દ્દશ્યમાં" "મેનકા"નો પાઠ ભજવ્યો હતો; "વત્સલાહરણ"માં તેમણે જેને "આખા નાટકમાં એક પણ શબ્દ બોલવાનો હતો નહીં" તેવી "બધો વખત ઘૂમટો કાઢેલી" "મૂક નાયિકા" વત્સલાનો પાઠ ભજવ્યો હતો.[૧૧૧] આમ, અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં વધુ પડતાં સમય ને શક્તિનો વ્યય થવાને કારણે અભ્યાસને પૂરો ન્યાય નહીં આપી શકાતાં ઠાકોરે એમ.એ.ની ઉપાધિ મેળવ્યા વિના જ તેમનો કોલેજનો અભ્યાસ છોડી દીધો હતો.

દૂરનાં ધ્યેયો માટે નજીકનાં ધ્યેયોનો, દૂરના આદર્શો માટે નિકટની વ્યવહારપ્રાપ્ત જવાબદારીઓનો ભોગ નહીં આપવાનું વલણ ઠાકોરના માનસમાં શી રીતે દાખલ થયું હતું તેનો નિર્દેશ આપણે થોડીવાર પહેલાં જ કર્યો હતો. એ વલણને તેઓ જીવનભર વળગી રહ્યા હોય તેમ લાગે છે. ઉમાશંકર જોષીનાં "બળતાં પાણી" કાવ્યની તેમણે કરેલી ટીકા[૧૧૨] પાછળ અને "સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી"માં જોડાવા આતુર બનેલા કલ્યાણરાય જોષીને તેમણે આપેલી સલાહ પાછળ[૧૧૩] તેમનું એ જ વલણ કાર્ય કરતું હતું એમ કહી શકાય. તેમણે એ વલણનું અનુવર્તન પોતાના જીવનમાં પણ કર્યું હતું. ૧૯૩૧ના ઓગસ્ટમાં તેમનો પુત્ર મુકુન્દ એડિનબરોથી એફ.આર.સી.એસ.ની પરીક્ષા આપીને પાછો ફર્યો, ત્યારબાદ તેણે એ જ વર્ષની દશેરાએ મુંબઇમાં એના સર્જીકલ રૂમ્સનું ઉદ્ઘાટન કર્યું હતું. એને ઉક્ત અભ્યાસ વાસ્તે વિલાયત મોકલવા માટે ઠાકોરે પોતાની માસિક

પેન્શનની રકમ : રૂા. ૩૧૭-૧૪-૦) માંથી માસિક ૧૦૦ રૂપિયા લેખે જે કુલ રકમ થાય તે પહેલેથી જ ઉપાડી લીધી હતી. આથી એમને દર મહિને એટલી ઓછી પેન્શનની રકમ મળતી હતી. પોતાનાં મોટાં બહેન અને તેના પુત્રને તેમ જ પોતાની એક સ્વર્ગસ્થ થયેલી પુત્રીના બે પુત્રોને તેઓ પોતાને ઘેર જ પાલવતા હતા. તેમના ત્રણ પુત્રોમાંનો એક પુત્ર દીપક લગભગ કાયમ બીમાર રહેતો હતો અને તે નહોતો ભણી શકતો કે નહોતો ધંધે લાગી શકતો તેના તરફની સંજોગપ્રાપ્ત તમામ જવાબદારીઓ પણ તેમને અદા કરવાની હતી. બાકીના બંને પુત્રોથી તેમને એકંદરે સંતોષ અને ગૌરવ હતાં. પણ ૧૯૩૭ની સાલમાં મુકુંદને માથે મુંબઇમાં ભારે દેવું થઇ ગયું હતું અને તેથી મામલો અદાલત સુધી પહોંચવા પર આવી ગયો હતો ત્યારે ઠાકોરે પોતાની તમામ બચત ઉપરાંત સગાંસંબંધી મિત્રો વગેરે પાસેથી ભારે રકમ ઉછીની લઇને પુત્રનું સંકટ ટાળ્યું હતું. આથી ઊભા થયેલા નવા લેણદારોને બાંધી મુદતમાં પતાવી દેવા માટે ઠાકોરને ફરી નોકરીની શોધમાં નીકળવું પડ્યું હતું. તે વખતે કર્વે યુનિવર્સિટીમાંથી હિંમતલાલ અંજારિયા નિવૃત્ત થતાં તેમની ખાલી પડેલી જગ્યા મેળવવા ઠાકોરે શ્રી સુંદરાબાઇ, શ્રી લેડી પ્રેમલીલા વગેરે લાગતીવળગતી વ્યક્તિઓ પર દબાણ લાવવાની કલ્યાણરાય જોષીને વિનંતી કરી જોઇ હતી. પણ ઠાકોરને ઉક્ત કાર્ય માટે અતિવૃદ્ધ સમજીને કલ્યાણરાય જોષીએ તેમની વિનંતિ પર ધ્યાન આપ્યું નહોતું.[૧૧૪]

૧૯૩૧ની સાલમાં ઠાકોરે કલ્યાણરાય જોષી પરના એક પત્રમાં પ્રબોધ અને ખાસ કરીને મુકુન્દથી સંતોષ અને આનંદનો ભાવ વ્યક્ત કર્યો હતો ; પણ એથી યે વિશેષ આનંદ પ્રિય પુસ્તકોના વાચનલેખનથી તેઓ મેળવતા હતા તેવો નિર્દેશ પણ તેમણે એ પત્રમાં કર્યો હતો. પરંતુ

૧૯૩૩ની સાલમાં તેમણે રવિશંકર રાવળ પરના એક પત્રમાં લખ્યું હતું : "કૌટુંબિક જીવનમાં આશાર્યેસ ને પલટો મળે તેવું ૧૯૧૫ (પત્નીના મૃત્યુનું વર્ષ) થી નહીં જ." આ વિધાનમાં ઠાકોરની તત્કાલીન વિટંબણાઓનો ઇશારો મળી રહે છે. લગભગ ૧૯૨૮ની સાલથી તેમણે વાર્ધક્યની દુ:ખદાયક અસરો વિષે સ્નેહીસંબંધીઓ પરના પત્રોમાં, ભાષણોમાં વખતોવખત ઉદ્ગારો કાઢવા માંડ્યા હતા. આયુષ્યનાં આખરી વર્ષોમાં વાર્ધક્ય અને મૃત્યુની પ્રતીક્ષાના જે ભાવો તેમણે અનુભવ્યા હતા તે તેમનાં તદ્વિષયક કાવ્યોમાં પણ પ્રતિબિંબાયા છે. એ દુ:ખદાયક અસરો અને અનુભવો છતાં તેમણે છેવટ લગી કાર્યપરાયણતાને ત્યાગી નહોતી. ૧૯૪૯માં તેમણે મુંબઇની વિલ્સન કોલેજમાં દર શુક્રવારે બે પીરિયડ લેવાનું ઓનરરી પ્રોફેસર તરીકેનું કાર્ય શરૂ કર્યું હતું. પણ સન ૧૯૫૦ના જાન્યુઆરીમાં તેમણે એ કાર્ય છોડી દીધું હતું. એ અરસામાં તેમણે નવી ઊઘડતી વડોદરા યુનિવર્સિટીમાં ઘણી ઊંચી જવાબદારીવાળા કાર્યની હંસાબેન મહેતા પાસે માગણી કરી જોઇ હતી પણ એ માગણી સ્વીકારાઇ નહોતી.

જેમ જેમ વૃદ્ધાવસ્થા કપરી બનતી ગઇ હતી તેમ તેમ ઠાકોરે સભાઓમાં જવાઆવવા જેવાં બાહ્ય પ્રવૃત્તિઓના કાર્યક્રમોને ટાળવા માંડ્યા હતા. છતાં, લેખનપ્રવૃત્તિ પ્રત્યેનો તેમનો ઉત્સાહ તેમના અંતકાળ લગી ઓસર્યો નહોતો. ૧૯૨૪માં તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા તે પછીથી જ તેમણે સાહિત્યસેવાનું તેમના કુલ કાર્યમાંનું મોટા-ભાગનું કાર્ય કર્યું હતું. અને એ કાર્ય સર્જનો - સંપાદનો - અનુવાદો - વ્યાખ્યાનો - પ્રવેશકો - અવલોકનો - ચર્ચાપત્રો - ઇતર પ્રકારના વિવેચનાત્મક ચિંતનાત્મક લેખો - વગેરે જેવા એકાધિક પ્રકારોમાં પથરાયેલું હતું.

છેક ૧૯૪૯માં હજી તેઓ બાળકો માટેનાં કાવ્યો લખવાનો આરંભ કરતા હતા. ૧૯૫૦માં તેમણે "ચોપાટીને બાંકડે" અને "સાધુની સોગઠી" જેવાં દીર્ઘ કાવ્યો લખ્યાં હતાં અને "વિરહ" કાવ્યમાળામાં "પ્રલાપ"નો મણકો ઉમેર્યો હતો. એ જ વર્ષમાં તેમણે તેમના "ભણકાર"ની છેલ્લી આવૃત્તિનું કાર્ય લગભગ પૂરું કર્યું હતું. આમ છેવટ લગી ઠાકોર લેખનપ્રકાશન કાર્યમાં ડૂબેલા રહ્યા હતા છતાં તેમની કેટલીક આકાંક્ષાઓ ને યોજનાઓ પાર પડી શકી નહોતી. ચુ. વ. શાહ કૃત "તપોવન" જેવી એકસરખા વિષયવાળી નવલકથાઓનું તુલનાત્મક અવલોકન લખવાનો મનસૂબો ઠાકોરે નટવરલાલ વીમાવાળા પરના ૧૯-૮-૪૯ના પત્રમાં વ્યક્ત કર્યો હતો પણ તે પાર પડી શક્યો નહોતો. અંબુભાઇ પુરાણી પરના ૨૦-૯-૩૪ના એક પત્રમાં તેમણે ગુજરાતી નવલનવલિકાઓનું સમગ્ર અવલોકન લખવાની ઇચ્છા દર્શાવી હતી પણ તે ઇચ્છાયે બર આવી નહોતી. ૧૯૩૪ના અરસામાં "સાહિત્ય"ના કોઇ અંકમાં તેમનું "કાવ્ય° યશસે ... ..." સૂત્ર ઉપર એક ભાષ્ય છપાયું હતું ; એવાં ભાષ્યો અને લેખો ભેગા કરીને 'Introduction to Aesthetics' નામનું પુસ્તક રચવાનો વિચાર તેમણે અંબુભાઇ પુરાણી પરના તા. ૪-૧૦-૩૪ના પત્રમાં જણાવ્યો હતો પણ તે વિચારનો યે અમલ થઇ શક્યો નહોતો. "આપણી કવિતા સમૃદ્ધિ" જેવો બીજો એક સંપાદનગ્રન્થ તેમ જ સુન્દરાં ખંડકાવ્યોનો સંપાદિત ગ્રન્થ તૈયાર કરવાની અભિલાષા તેમણે રામલાલ મોદી પરના ૧-૧૦-૩૫ના પત્રમાં દર્શાવી હતી, એ અભિલાષા પણ અભિલાષા જ રહી ગઇ હતી. કલ્યાણરાય જોષી પરના તા. ૮-૯-૨૬ના પત્ર પરથી જાણવા મળે છે કે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી ગુજરાતી ભાષાની ઉત્તમ નવલિકાઓનો એક સંગ્રહ સંપાદવાનું કાર્ય તેમને માથે આવ્યું હતું પણ તે કાર્યને ય તેઓ પૂરું કરી શક્યા નહોતા. તેમણે ગીતા, મેઘદૂત, એબરક્રોમ્બી [redacted]નો સાહિત્ય-મીમાંસાનો ગ્રન્થ વગેરેના અનુવાદનું કામ આરંભ્યું હતું પણ પછી

અધૂરું રહી ગયું હતું. ગો. મા. ત્રિ.ના "અધ્યાત્મજીવન"નું સંપાદન કરવાનું કામ પણ તેઓ પતાવી શક્યા નહોતા. "પિંગળપાઠ", "અલંકારપાઠ" જેવા ગ્રંથો પણ તેમણે વિચાર્યા હતા– માંડ્યા હતા, પણ તેમની એ યોજના યે પૂરી થઇ શકી નહોતી. અંબુભાઇ પુરાણી પરના તા. ૧૧-૮-૪૩ના પત્રમાં તેમણે "બુદ્ધ" વિષે મહાકાવ્ય લખવાની પોતાની આકાંક્ષા દર્શાવી હતી પણ તે આકાંક્ષા યે અધૂરી રહી ગઇ હતી. આ સિવાય, તેમનાં પોતાનાં વ્યાખ્યાનો, અવલોકનો, પ્રવેશકો, "મિતાક્ષરી"ઓ– ચર્ચાપત્રો વગેરેને ગ્રંથસ્થ કરવાની યોજનાઓ પણ તેમણે વારંવાર વિચારી હતી. એમાંથી વિવિધ વ્યાખ્યાનોના બે ગુચ્છના પ્રકાશન સિવાયનું બાકીનું બધું કામ એમ ને એમ રહી ગયું હતું. ગુજરાતની કેટલીક પુસ્તકપ્રકાશનની સંસ્થાઓ સાથે તેમણે એ પ્રકાશનો માટે વાટાઘાટો કરી જોઇ હતી પણ તેમાં તેઓ નિષ્ફળ ગયા હતા. અંશત: કંઇક એને લીધે, અંશત: કંઇક કાર્યગુણવત્તા, કાર્યપદ્ધતિ, કાર્યોદ્દેશ વગેરે જેવાં બીજાં કારણોને લીધે તેમને ગુજરાતની બિનવ્યાવસાયિક વિદ્યાપરસ્ત પ્રકાશન-સંસ્થાઓથી ઉગ્ર અસંતોષ હતો.[૧૧૫] પુરસ્કારનું ઉચિત ધોરણ સ્વીકારવામાં અખાડા કરવા બદલ પણ તેમને સંપાદકો, પ્રકાશકો સામે રોષ હતો.[૧૧૬]

પોતાનાં પુસ્તકોના પ્રકાશનની યોજનાને બર આણવા માટે, "બીજું શિષ્ટ સોજ્જું પ્રગતિશીલ વીણેલું સાહિત્ય પ્રજાને માફકસર કીંમતે સ્થાયી મળતું રહે" તે માટે, કદાચ લેખકોના હકકોને ચૂસણિયા પ્રકાશકો સામે રક્ષણ મળી રહે તે માટે ઠાકોરે "ધિ બી. સેહની પ્રકાશન બિરાદરી લિમિટેડ" નામની એક પોતીકી પ્રકાશન-સંસ્થાને ખાનગી લિમિટેડ કંપની* લેખે તા. ૨૮-૨-૧૯૫૧ના દિવસે

---

* કંપનીના નામમાંનો બીજો અક્ષર "બી" (૧) બળવંતરાયના પ્રથમ અંગ્રેજી નામાક્ષરનો, (૨) Bee (=મધમાખી)ના પ્રથમ અક્ષરનો નિર્દેશ

સરકારમાં નોંધાવી હતી. અને "ભણકાર"ની છેલ્લી આવૃત્તિને એ સંસ્થાના પહેલા પ્રકાશન તરીકે એ જ વર્ષે બહાર પાડી હતી.

પ્રકાશન સંસ્થાના સંચાલનનું એ કાર્ય ઠાકોર માટે નવું નહોતું. ઇ.સ. ૧૯૦૯ના ઓક્ટોબરમાં રાજકોટમાં ભરાયેલા સાહિત્ય પરિષદના ત્રીજા અધિવેશનમાં તેમણે મુખ્યમંત્રી તરીકે કામ કર્યું હતું,

---

કરે છે. એટલે ઠાકોરે કંપનીના મુદ્રાચિત્ર તરીકે મધમાખીના ચિત્રને પસંદ કર્યું હતું. અંગત લખાણોમાં કે પત્રોમાં પણ ઠાકોર ક્યારેક ઉલ્લેખ્ય વ્યક્તિઓને ચિત્રસંજ્ઞાઓથી ઉલ્લેખતા હતા. કાયમ માંદલા રહેતા પુત્ર દીપકને નિર્દેશવા માટે તેમણે બળી રહેવા આવી હોય તેવી સળગતી મીણબત્તીની ચિત્રસંજ્ઞા નક્કી કરી હતી. "કિશનસિંહ ચાવડા"નો પ્રથમ નામાક્ષર "કિ", અંગ્રેજીમાં 'કી'નો અર્થ થાય ચાવી, એટલે ચાવડા માટે તેમણે ચાવીની ચિત્રસંજ્ઞા નક્કી કરી હતી. ઉલ્લેખ્ય વ્યક્તિઓની વાતો તેમનાં નામની ગુપ્તતા જાળવીને નોંધવા માટે ઠાકોરે આ પદ્ધતિ અખત્યાર કરી હોય એમ લાગે છે. તેઓ કોલેજમાં ભણતા હતા ત્યારે તેમણે પોતાની ખાનગીમાં ખાનગી વાતોને ડાયરીમાં નોંધવા માટે એક સાંકેતિક લિપિ ઉપજાવી હતી. એક પ્રસંગે તેમને કોક દુકાનદારની ગફલતનો લાભ લઇને એક પુસ્તકના દામમાં બે પુસ્તકો ઉપાડી લાવવાની તીવ્ર દુર્વૃત્તિ થઇ આવી હતી પણ એ વૃત્તિને તેમણે દાબી દીધી હતી. એ વૃત્તિ જાગ્યા બદલ નીતિ-શાસ્ત્રના એક વિદ્યાર્થી તરીકે અને એક ખાનદાન નાગરિક તરીકે તેમનો જીવ પછીથી ઘણો બળ્યો હતો. આ પ્રસંગની નોંધ તેમણે ઉક્ત ગુપ્ત લિપિમાં ૩૦-૮-૮૮ની ડાયરીનોંધમાં લીધી છે.

તે જ વખતે સ્થપાયેલી પરિષદની ભંડોળ કમિટીને માટે તેમણે ફાળો ઉઘરાવવામાં ત્યારે સારી એવી જહેમત ઉઠાવી હતી છતાં ધાર્યો ફાળો ઉઘરાવવામાં તેમને સફળતા મળી નહોતી. એજ વરસથી યા બીજે વર્ષે એ કમિટીના મંત્રી તરીકે તેમની નીમણૂંક કરવામાં આવી હતી. એ હોદ્દા પરથી લગભગ સોળ વર્ષો સુધી તેમણે યોગ્ય લેખકો પાસેથી જુદા જુદા વિષયો પર ગુજરાતી ભાષામાં પુસ્તકો મેળવીને પ્રકાશિત કર્યાં હતાં. કમિટીની આર્થિક કંગાલિયત, ગુજરાતી પ્રજામાં વાચકવર્ગની સ્વલ્પતા, પ્રજામાનસમાં ગભીર જ્ઞાનની ભૂખ ઉઘાડે તેવા શિક્ષણનો અભાવ, એવી શિક્ષણપરિસ્થિતિને સર્જનારાં કે નિભાવી લેનારાં આર્થિક સામાજિક રાજકીય ને શાસનતંત્રીય બળો — એ બધાંની વચ્ચે તેમને તેમનું કામ કરવાનું હતું. મો. પા. દવે-અનૂદિત "સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ"ને છાપવાની પરવાનગી મૂળ લેખક મેકડોનલ પાસેથી ફક્ત એક પાઉન્ડ જેવા નજીવા પુરસ્કારમાં મેળવવામાં આવી હતી અને એવી જ રીતે બીજા વિષયો પરનાં બીજી ભાષાનાં ઉત્તમ પુસ્તકોને ગુજરાતીમાં ઉતારવાની ઠાકોરની ખ્વાહીશ અને કોશીશ હતી. એ ગાળામાં ક. ન. જોષી પર તેમણે લખેલા કેટલાક પત્રો[૧૧૭] પરથી માલૂમ પડે છે કે પોતાને સોંપાયેલા તંત્રનો સ્વાર્થરહિત નેકબુદ્ધિથી સ્વચ્છ ને પ્રમાણિક રીતે વહીવટ ચલાવવાની નિષ્ઠા તેમણે જાળવી હતી. પ્રકાશન માટે આવેલાં પુસ્તકોના લખાણને સાદ્યંત ઝીણવટથી જોઇ જવાની તેમને ટેવ હતી. પુસ્તકમાં રજૂ થયેલા વિષય પર પોતાની જેવી અધિકારિતા હોય તેવાં પોતાને યોગ્ય લાગતાં સલાહસૂચનો પણ તેઓ પુસ્તકકર્તાને કરતા હતા. છાપખાના સાથેના વ્યવહારમાં જરૂરી સાવધતા દાખવવાનું તેમનું વલણ હતું. મુદ્રણાદિને લગતી (અક્ષરોના ટાઇપ, કાગળની જાત, બંધામણ વગેરે) નાની-મોટી બાબતોમાં પણ તેઓ જરૂરી કાળજી રાખવા પ્રયત્નશીલ રહેતા હતા. "રદ્દી કાગળો"ને "સસ્તી ગંદી છપાઇ"વાળી "નાની ચોપડીઓ" બહાર પાડવામાં તેઓ "સાહિત્યસેવા"ની વિડંબના જોતા હતા: "જુવાનીમાં મોટાં ટકાઉ સાહસો નહીં કરીએ તો ક્યારે કરીશું?" એ તેમની માન્યતા હતી. પુસ્તકોનાં મુદ્રણવિતરણાદિ કાર્યો ઓછા ખર્ચે ને ઓછા વિલંબે, વધારે સરળતા ————

ચપળતા ને ચોકસાઇથી પાર પડે તેવી વ્યવહારુ, કુનેહનાં શક્ય હોય તેવાં પગલાં ભરવાનું પણ તેઓ ચૂકતા નહોતા. ભંડોળ કમિટીને વાસ્તે ધનિકો પાસેથી નાણાં મેળવવાના પ્રયત્નો પણ ઠાકોરે એ ગાળા દરમિયાન ચાલુ રાખ્યા હતા. આખરે ૧૯૨૫માં એ કમિટી પરિષદમંડળમાં ફેરવાઇ ત્યારે તેઓ એના મંત્રી લેખેના હોદ્દા પરથી આપોઆપ છૂટા થઇ ગયા હતા.

તા. ૨૭-૨-૦૯ના દિવસે પરિષદના સામાન્ય મંત્રીઓએ ઠાકોરને સૌરાષ્ટ્રમાં પરિષદનું અધિવેશન ભરવાની અગત્ય સૂચવતો અને એ પ્રમાણે જો ત્યાં અધિવેશન ભરવાનું શક્ય લાગે તો તેને માટે કમિટી નીમવાની સત્તા આપતો તથા અધિવેશન ભરવા માટે તેમ જ અધિવેશનના અહેવાલને પ્રસિદ્ધ કરવા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવાનું સૂચવતો એક પત્ર લખ્યો હતો. ત્યારથી માંડીને તે અધિવેશન ભરાયું ત્યાં સુધીમાં ઠાકોરે ગુજરાત - સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં આઠ શહેરોમાં પરિષદનાં ઉત્પત્તિ - વિકાસ- સ્વરૂપ, ભાવના, વિશેષતાઓ- મર્યાદાઓ, કર્તવ્યક્ષેત્રો, ગુજરાતી ભાષા સાહિત્યની પ્રગતિનાં સાધનો વગેરે વિષે સમજણ આપતાં ભાષણો કર્યાં હતાં. એ ભાષણોને ત્રણ વ્યાખ્યાનોના રૂપમાં સંકલિત કરીને તેમણે "ગુજરાતી સાહિત્ય પરિષદ વિષે વ્યાખ્યાનો" નામની એક પુસ્તિકા ૧૯૦૯ના સપ્ટેંબરમાં પ્રગટ કરી હતી. એમાંના બીજા વ્યાખ્યાન "પરિષદની ભાવના"માં તેમણે પરિષદ માટે "પ્રજાસત્તાક વ્યવસ્થા" અપનાવવાની હિમાયત કરી હતી. પણ પછીનાં વર્ષોમાં જે કંઇ બન્યું તે એમની ઉક્ત ભાવનાથી તદ્દન વિપરીત પ્રકારે બની ગયું, ભાવનગરમાં અધિવેશન ભરાયું ત્યારથી માંડીને મુનશીએ પોતાની રાજકીય મુરાદોને બર લાવવા માટે પરિષદની ~~આગેવાની~~ આગેવાની લેવાનો આરંભ કરી દીધો અને સર રમણભાઇ વગેરેએ ભાવનગર અધિવેશનમાં અને તે પછી રચેલા બંધારણને સાવ લૂલું, અવ્યવહારું, અઘટિત ઠરાવીને

પોતાનું બાવનકલમી બંધારણ મુંબઇના અધિવેશન આગળ રજૂ કરી દીધું અને મંજૂર પણ કરાવી લીધું; અને તે અન્વયે પરિષદની તમામ સત્તાઓ પોતાને હસ્તક લઇ લીધી. મુનશીના એ એકહથ્થુ દોર સામે ઠાકોરે વર્ષો લગી અવાજ ઉઠાવ્યા કર્યો હતો. પરિષદને લોકશાહી બંધારણ અપાવવા અને મુનશીના એકહથ્થુ દોરમાંથી છોડાવવા (મુનશીએ પરિષદની કરેલી સાહિત્યિક સેવાઓને ઠાકોર અંજલિ આપતા હતા અને એવી વધુ સેવાઓ માટે પરિષદમાં મુનશીની સદસ્યતાને તેઓ આવશ્યક લેખતા હતા પણ તેમનો વાંધો કેવળ મુનશીના બંધારણ સામે હતો.) તેમણે લાગતાવળગતા માણસોને પત્રો લખીને કે રૂબરૂ મળીને વારંવાર સમજાવ્યા હતા અને પોતાનાથી શક્ય તેવા "દાવ" પણ અજમાવી જોયા હતા. પરંતુ તેમની વધતી ઉંમરે તેમને તેમની એ અંગેની સક્રિયતાને ક્રમશઃ ઘટાડતા જવાની ફરજ પાડી હતી. આથી તેમણે તરુણોને બંધારણસુધારણાની આગેવાની લેવા આગળ આવવાનો અનુરોધ કર્યો હતો. અલબત્ત, એવા તરુણોને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે પોતાનાં મંતવ્યો, સલાહ, સૂચનોનો લાભ આપવાની તેમણે તૈયારી દેખાડી હતી. એ તૈયારીમાં પોતાનો કક્કો ખરો કરાવવાની તેમની હઠ ભળેલી નહોતી. કાર્યકર્તા આગેવાનો લેવા યોગ્ય નિર્ણયો પોતાની દૃષ્ટિબુદ્ધિથી બધું જોઇજાણીવિચારીને લે એવી તેમની ભાવના હતી.[૧૧૮] પરિષદનું બંધારણ આખરે સુધર્યું હતું ખરું પરંતુ ઠાકોર એ કામને પાર પડેલું જોવા ત્યારે જીવતા રહ્યા નહોતા.

એવી જ પયગામી છટાથી આખા સમકાલીન ગુજરાતી સાહિત્યક્ષેત્ર પર છાઇ વળવાને ઠાકોર મરણપર્યંત ઝૂઝ્યા હતા. 'લિરિક', 'નવીન કવિતા વિષે વ્યાખ્યાનો', 'કવિતા શિક્ષણ' વગેરે વિવેચનપુસ્તકો દ્વારા તેમ જ પોતાની કાવ્યસર્જનપ્રવૃત્તિ દ્વારા તેમણે

ગુજરાતી વિવેચના અને કવિતાને નવી ક્ષિતિજો પર લઇ જવાનો ઉદ્યમ કર્યો હતો. પોતાના શિષ્યોમાંથી જ પોતાની શ્રેણીની એક શાળા ઊભી કરવાની તેમની મનીષા હતી. પરંતુ પૂના અને અજમેર તેમના એ હેતુ માટે તેમને ફાવતાં આવે તેવાં સ્થળો નહોતાં કેમકે એ ગુજરાતની બહાર હતાં. ગુજરાતમાં નોકરી મળી ત્યારે રાજકોટની રાજકુમાર કોલેજમાં મળી. ચાલુ સત્રના દિવસોએ તેમ જ રજાના દિવસોએ તેમણે રાજકુમારોના શારીરિક તેમજ માનસિક વિકાસને માટે અથાગ સન્નિષ્ઠ શ્રમ લીધો હતો પણ "સ્વાર્થાન્ધ ક્રૂર દર્ભી પશુઓ"ને કોઇપણ રીતે પોતાના હેતુઓ માટે કેળવી શકાય એમ નથી એવી પ્રતીતિ તેમને થઇ ગઇ હતી.[૧૧૯] આથી અનેક ખટમીઠા ને કડવા અનુભવોવાળી ત્યાંની નોકરીને છોડવા તેઓ એ નોકરીનાં છેલ્લાં વર્ષોમાં અધીરા થઇ ગયા હતા. પણ ત્યાંના પ્રિન્સિપાલ બેઇનના દબાણને લીધે અનિચ્છાએ પણ તેમણે એ નોકરીમાં ૧૯૧૩ લગી જોતરાઇ રહેવું પડ્યું હતું. પોતાના શિષ્યોમાંથી પોતાની શ્રેણીની શાખા ઊભી કરવાનું શક્ય નથી એમ લાગવાથી તેઓ હંમેશાં બીજાઓનો - ઊગતા કવિઓ અને અન્ય પ્રકારના લેખકોનો પરિચય સાધવા, તેમની સાથે સંબંધો બાંધવા, તેમને પોતાની પાંખમાં ખેંચવા ઉત્સુક રહેતા હતા. એ લેખકોને તેઓ પ્રજાસંસ્કૃતિપોષણનો ધર્મ બજાવવા, ઊર્મિમાં દલા રાગડાઓ તાણવાથી દૂર રહેવા, ઉપકવિઓની આભાસી પ્રતિભાથી નહીં અંજાવા, વિષયશૈલી માંડણી છન્દ વગેરેમાં ધાડાંથી જુદા પડી નિજી વ્યક્તિત્વ ખિલવવા, વિચારપ્રધાનતાનો કવિતાઇ રાજમાર્ગ અપનાવવા તેઓ પયગમ્બરી જુસ્સાથી ઉદ્બોધતા હતા.[૧૨૦] ક્યારેક એ યુવાનોના મન પર પડેલી પ્રતિષ્ઠિત સમકાલીન લેખકોની છાપને ધોઇ નાખવા.... ક્યારેક પ્રતિષ્ઠિત સમકાલીન લેખકો પોતાના - પોતાની દૃષ્ટિએ પ્રમાણિક સત્ય ને તટસ્થ લાગતા - મૂલ્યનિર્ણયો

સાચા નીડર વિવેચકની કર્તવ્યબુદ્ધિથી સંભળાવી દેવા ....ક્યારેક અંગત અણબનાવોએ પેદા કરેલા રોષનો ઊભરો ઠાલવવા ... તેઓ એવા લેખકોનાં કડકમાં કડક ટીકાઓ પણ અંગત પત્રવ્યવહારમાં ને વાતચીતોમાં કરતા હતા. પોતાનાં લખાણોની અધિકતર પ્રસિદ્ધિ થાય "કદર" થાય તે માટે તેઓ પોતાના પરિચિત સાહિત્યબંધુઓને તે લખાણો ઉપર અવલોકનો લખવાની ને ભાષણો કરવાની વારંવાર સૂચનાઓ કરતા હતા.[121] ગુજરાતનાં નાનામોટાં શહેરોમાં સ્થાનિક સાહિત્યસભાઓ સ્થપાય તે વાસ્તે પણ તેઓ પ્રયત્નશીલ રહેતા હતા અને તે અન્વયે પાટણમાં સાહિત્યસભા સ્થાપવાના અને તેના ઉપક્રમે ત્યાં પરિષદનું અધિવેશન ભરાવવાના પ્રયત્નો તેમણે ૧૯૨૯માં કર્યા હતા પરંતુ તેમાં તેમને સફળતા મળી નહોતી.[122] ત્યારબાદ દસ વર્ષે શ્રી મુનશી ઇ.સ. ૧૯૩૯ના એપ્રિલની ૭-૮-૯મી તારીખોએ "શ્રી હૈમ સારસ્વત સત્ર" નિમિત્તે પાટણમાં પરિષદનું "ખાસ સંમેલન " ભરવામાં સફળ થયા હતા.

ઉપલા પરિચ્છેદમાં "ઉપકવિ"નો ઉલ્લેખ કર્યો છે. ૧૯૦૫માં અમદાવાદમાં ભરાયેલા સાહિત્ય પરિષદના પહેલા અધિવેશન વખતે ખબરદારે ઠાકોરને "વિલાસિકા"નું અવલોકન લખવાનો આગ્રહ કર્યો હતો. એના જવાબરૂપે ઠાકોરે ત્યારના "વસંત"ના એક અંકમાં ઉક્ત પુસ્તકનું અવલોકન લખીને તેમાં ખબરદારને "ઉપકવિ"નું બિરુદ આપ્યું હતું. બનતા સુધી ત્યારથી એમની બંનેની વચ્ચે કલહ શરૂ થયો હતો. ઠાકોરે પૂજાલાલના "પારિજાત"ના પ્રવેશકમાં જણાવેલાં મંતવ્યો પર ખબરદારે "સાંધ્યગીત"ના પ્રવેશકમાં હુમલો કર્યો હતો. એનો જવાબ અંબુભાઇ પુરાણી અને સુંદરમે "પ્રસ્થાન"માં વાળ્યો હતો. પછી "સાંધ્યગીત"કાર કોલકના "માધુરી" ત્રૈમાસિકમાં ઠાકોરનાં "આરોહણ"નું પ્રતિકાવ્ય આવ્યું હતું. એના પ્રતિકારરૂપે "રેખા"માં

પ્રતિકાવ્યોની પરંપરા શરૂ થઇ હતી. ૫-૧૧-૩૯ના દિવસે બહાર પડેલા "ગુજરાતી"ના દીપોત્સવી અંકમાં ખબરદારે ઠાકોર સામે ઉગ્ર ટીકાત્મક લેખ લખ્યો હતો. આમ બંને વચ્ચે લેખો-પ્રતિલેખો, પ્રતિકાવ્યો, ચર્ચાપત્રોની પરંપરા ઊભી થઇ હતી. એમના કલહે કેવું જાહેર સ્વરૂપ લીધું હશે તે "જન્મભૂમિ"ના ૧૧-૧૧-૩૯ના અંકમાં એ બંનેના કલહ અન્વયે એક તંત્રીલેખ લખાયો હતો તેમ જ ૨૬-૧૧-૩૯-ના "પ્રજાબંધુ"ના અંકમાં પહેલે પાને "વિચિત્રે" ઠાકોરતરફી એક વ્યંગ ચિત્ર દોર્યું હતું એના પરથી સમજી શકાય એમ છે. ઠાકોરે ક્યારેક પોતે ખબરદાર સામે લખ્યું હતું તો ક્યારેક એમનાં મંતવ્યો અને પધ્ધતિનો વિરોધ કરવા તેમણે બીજાઓનો સાથ શોધ્યો હતો તો ક્યારેક બીજાઓએ પોતાની મેળે જ ઠાકોર તરફે ખબરદાર સામે લખ્યું હતું.[૧૨૩]

એવો જ કલહ ઠાકોરને ન્હાનાલાલ સાથે થયો હતો. ઠાકોર ૧૮૯૯માં ડેક્કન કોલેજમાં કામચલાઉ પ્રાધ્યાપક હતા ત્યારે ન્હાનાલાલ એ કોલેજમાં બી.એ.માં ભણતા હતા ; ત્યારથી એમની વચ્ચે સંબંધ બંધાયો હતો. રાજકોટની રાજકુમાર કોલેજમાં પણ તેમણે ૧૯૦૪થી ૧૯૧૩ સુધીના દસ વર્ષ સાથે ગાઢ ફરજિયાત સહકાર સહિત કામ કર્યું હતું. ન્હાનાલાલ ને ઠાકોર રાજકુમાર કોલેજમાં સાથે થઇ ગયા હતા ત્યાં સુધી બંને વચ્ચે મીઠો પત્રવ્યવહાર પણ ચાલતો હતો. એ અરસામાં ઠાકોરે ન્હાનાલાલનાં કાવ્યોમાં જે જે દોષો બતાવ્યા હતા અને તે અંગે જે જે સૂચનો કર્યાં હતાં તેમાંનાં ઘણાંને ન્હાનાલાલે આભારવશ થઇ માન્ય રાખ્યાં હતાં ; ઠાકોરની કાવ્યાકાવ્યવિવેકની શક્તિને ન્હાનાલાલ "આશ્ચર્યકારક" ગણતા હતા અને પોતાને નહીં સમજાતાં બીજા લેખકોનાં લખાણો સમજાવવા તેઓ ઠાકોરને વીનવતા હતા. આમ છતાં, ઠાકોરની બધી વાતો ન્હાનાલાલને ત્યારે યે માન્ય નહોતી. તેમણે પૃથ્વીછંદ વિષે ઠાકોર સમક્ષ પોતાના વાંધા નોંધાવ્યા હતા ; ઠાકોરના

" songs ન લેખો"- સૂચનને તેમણે અવગણ્યું હતું ; એમની કવિતામાં ઠાકોરે દર્શાવેલા કેટલાક દોષોને પણ તેમણે માન્ય રાખ્યા નહોતા ; "કવિતા એ ટેવ કે આર્ટ નથી કે ન લખવાથી ધીમે ધીમે ઉતરી જાય"- એ ઠાકોરના મતને તેમણે અમાન્ય રાખ્યો હતો. "અર્વાચીન ગુજરાતી સાહિત્ય" વ્યાખ્યાનમાં ઠાકોરે "સરસ્વતીચંદ્ર"માંની "ગુજરાતની પશુસૃષ્ટિ અને પક્ષીસૃષ્ટિ"ના આલેખનનાં જે ઊણપ બતાવી છે તેનો નિર્દેશ સૌ પ્રથમ ન્હાનાલાલે ઠાકોર પરના પોતાના તા. ૨૫-૧-૦૨ના કાગળમાં કર્યો હતો. આવા એ વર્ષોમાંના તેમની બંને વચ્ચેના ભાવાનુ-બંધનો અંત તેમના રાજકુમાર કોલેજમાંના સહવાસ દરમિયાન, ખાસ કરીને ૧૯૦૯ના પરિષદના અધિવેશન વખતે આવ્યો હોય તેમ જણાય છે. ત્યારે અને તે પછીનાં વર્ષોમાં ન્હાનાલાલે જ્યારે તક મળી ત્યારે જાહેરમાં ને ખાનગીમાં ઠાકોરને ભાંડ્યા કર્યા હતા તેવો ઠાકોરનો ન્હાનાલાલ પર આરોપ હતો ; અને પોતે વીસ વર્ષ લગી એમને વિષે - અને રાજકુમાર કોલેજમાં સાથે રહ્યા તે દરમિયાન તો એમની કૃતિઓ વિષે પણ કડક મૌન પાળ્યું હતું, અને એ રીતે સીધા સંઘર્ષને ટાળવા મથ્યા હતા એવો ઠાકોરનો પોતાને વિષે દાવો હતો. પછીથી ન્હાનાલાલના કેટલાક પત્રો પ્રસિદ્ધ કરી દઇને ઠાકોરે તેમને ઉઘાડા પાડવા પ્રયત્ન કર્યો હતો. ન્હાનાલાલના ને તેમની કવિતાના કેટલાક સદ્ગુણોને તેમણે વખત આવ્યે બિરદાવ્યા છે પણ બહુધા તેમની કવિતામાંનાં કેટલાંક તત્ત્વોને એમણે વારંવાર ઉતારી પાડ્યાં છે. ન્હાનાલાલ કાન્તના "રાજહંસને સંબોધન"ને પોતાને ઉદ્દેશીને લખાયેલું માનતા હતા ; ઠાકોરે એ કાવ્ય "સ્વીડનબોર્ગ"ને ઉદ્દેશીને રચાયેલું જણાવ્યું છે. "જલિયાંવાલા બાગ"ના હત્યાકાંડ બદ્દલ સરકારનો વિરોધ કરવા પોતે સરકારી નોકરી છોડી દીધી હતી એવો ખુલાસો ન્હાનાલાલે કર્યો હતો ; પણ ચારિત્ર્યભ્રષ્ટતાને કારણે તેમને એ નોકરીમાંથી ફરજિયાત રાજીનામું આપવું પડ્યું હતું એવો ખુલાસો ઠાકોરે આપ્યો છે. આમ ન્હાનાલાલની

અંગત બાબતો વિષે પણ ઠાકોર લાગ આવ્યે ખાનગીમાં બોલી કે લખી નાખતા હતા. અહીં એક વાત ખાસ ઉલ્લેખપાત્ર છે : ન્હાનાલાલના અવસાન નિમિત્તે મુંબઇમાં ભરાયેલી શોકસભાનું પ્રમુખસ્થાન ઠાકોરે શોભાવ્યું હતું. મરનારના માત્ર ગુણ ગાવાનો જ એવી સભાઓમાં શિરસ્તો હોય છે; પરંતુ ઠાકોરે એ સભામાં ન્હાનાલાલની બંને બાજુઓને સ્પર્શ કર્યો હતો.[૧૨૪]

સમકાલીન પ્રતિષ્ઠિત વ્યક્તિઓ વિષે ઠાકોરે કરેલી કડક ટીકાઓનો આપણે ઉપર ઉલ્લેખ કરી ગયા છીએ. તેમણે ર. વ. દેસાઇને "ઘડીમાં પીછેહઠિયા – ઘડીમાં પ્રગતિશીલ– ક્યારે પોતે શું કરે છે તેના સ્પષ્ટભાન વગરના", કાલેલકરને "પીછેહઠિયા"– "ગુજરાતની ઊર્મિલતાને પંપાળનારા", સાતવળેકરને અને એમના જેવા બીજા શાસ્ત્રીપંડિતોને "મધ્યકાલીન પ્રગતિવિરોધી અવૈજ્ઞાનિક અનૈતિહાસિક માનસવાળા", જ્યોતીન્દ્ર દવેને "વહેમી કચરો" – "અખંડ આનંદ"માં "હળવી પટપટ" લખનારા, મેઘાણી–રાયચુરા–કાગને "દુહાની વિડંબના કરનારા", એમાં મેઘાણીને "લોકસાહિત્યને ઉધ્ધારનારા" પરંતુ "મધ્યકાલીન માનસવાળા" અને "શાસ્ત્રીય વ્યુત્પન્ન વિવેચનાશક્તિ કે વિદ્વત્તા વગરના" "ભાટાઇ કલાધર" કહ્યા છે.[૧૨૫]

અહીં આપણે મણિલાલ દ્વિવેદી સાથેના ઠાકોરના સંબંધો વિષે પણ બે શબ્દો ઉમેરી લઇશું. ઠાકોર મણિલાલ દ્વિવેદીના સમભાવી પ્રશંસક શિષ્ય હતા. મણિલાલને તેઓ ગદ્યલેખનના તેમના ચાર ગુરુઓમાંના એક ગણતા હતા : બીજા ત્રણ : "કોલંબસનો વૃત્તાંત"–કાર પ્રાણલાલ મથુરદાસ કાનુગા, "સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ"કાર ભગવાનલાલ સંપતરામ છત્રપતિ, નવલરામ પંડ્યા ). ૧૮૮૫માં

ભાવનગરની શામળદાસ કોલેજમાં યોજાયેલી નિબંધસ્પર્ધામાં ઠાકોરે "કાલિદાસ" ઉપર એક સંસ્કૃત પદ્યનિબંધ લખીને આપ્યો હતો. એ નિબંધને જો કે ઇનામ તો નહોતું મળ્યું પણ પછી મણિલાલે ઠાકોરને એ નિમિત્તે પોતાને ઘેર તેડીને બે કલાક ચર્ચા કરીને એ નિબંધમાંના વ્યાકરણદોષ, ભાષાદોષ, અલંકારદોષ, વિચારદોષ તથા એમને સુધારવાની પદ્ધતિ સમજાવ્યાં હતાં. "રામકૃષ્ણ ભાંડારકરની પહેલી અને બીજી એ અશાસ્ત્રીય ચોપડીઓએ" સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન બિલકુલ નહીં પામી શકનાર ઠાકોર એ બે કલાકની ચર્ચા પછી સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન કંઇયે પામી શક્યા હતા. તેમના વિચારપ્રાધાન્ય-વાદના ઘડતરમાં યે પાશ્ચાત્ય સાહિત્યાચાર્યો ઉપરાંત મણિલાલનો પણ કંઇક હિસ્સો હતો. ભાવનગર કોલેજ છોડી દીધા પછી પણ તેઓ મણિલાલને મોકો આવ્યે યાદ કરીને માન અને પ્રેમથી મળવા જતા હતા, તેમના "પ્રિયંવદા" અને "સુદર્શન"ને ઉમંગથી વાંચતા હતા અને દુઃસાધ્ય રોગની ગંભીર અસરો વચ્ચે પણ એ ગુરુએ પોતાનો વિદ્યાવ્યાસંગ નબળો પડવા નહોતો દીધો તે જોઇને તેમને ગૌરવ-મિશ્રિત આનંદ થતો હતો. ભવિષ્યમાં જ્યારે મણિલાલનું જીવનચરિત્ર લખવાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે ઠાકોરે એમની ચારિત્ર્યઐબો ઉપર પણ પ્રકાશ પાડવાનો અનુરોધ કર્યો હતો. હીરાલાલ શ્રોફ અને આનંદશંકર ધ્રુવ આ વલણના વિરોધી હતા. દુનિયાને સાક્ષરોના મર્ત્ય દેહસંબંધો ને સંસ્કારોની હકીકતો સાથે નહીં પણ તેમના અક્ષરદેહ સાથે નાતો હોવો જોઇએ એવો મત આચાર્ય ધ્રુવનો હતો. સાહિત્યચર્ચામાં સાહિત્યકારોની અંગત હકીકતોને વચ્ચે લાવવામાં ઠાકોર માનતા નહોતા પણ તેઓ પૂજાર્હ મૂર્તિઓની કાળી બાજુઓ તરફ આંખમીંચામણાં કરી જાણીબૂઝીને સત્ય પ્રત્યે અંધ બનવામાં યે નહોતા માનતા. માણસ સાક્ષર તરીકે મહાન હશે તો તેની પ્રકાશમાં આવેલી ચારિત્ર્યઐબોથી

તેના સાહિત્યિક મહિમાને કશી આંચ નહીં આવે, ઊલટો તેના વ્યક્તિત્વને યથાતથ ન્યાય થશે એવી સહૃદયોની સત્યદર્શી વિવેક-બુદ્ધિમાં તેમને આસ્થા હતી. ઠાકોરની જેમ કાન્ત પણ મણિલાલના શિષ્ય હતા અને વારંવાર લાંબા ટૂંકા ગાળાઓ માટે તેમની ચિચ્છ-ક્તિઓને મૂર્ચ્છિત કરી નાખનારી નશાખોરીની ટેવ પણ તેમને મણિલાલ પાસેથી જ મળી હતી એમ ઠાકોરનું માનવું હતું.[૧૨૬]

અંતમાં, એક બાબતનો ઉલ્લેખ ખાસ જરૂરી છે. પરિષદના રાજકોટ અધિવેશનની કારોબારી સમિતિના અધ્યક્ષ શ્રી દલપતરામ ભગવાનજી શુક્લ (ઠાકોરના પાકા ગોઠિયા, જેમણે ન્હાનાલાલને ઉઘાડા પાડવામાં ઠાકોરને સાથ આપ્યો હતો.)ના સહકારથી ઠાકોરે અધિવેશનના મંત્રી તરીકેની કામગીરી સફળ રીતે પાર પાડી હતી. આથી, બ્રિટીશ સમ્રાટ ૧૯૧૧માં હિંદમાં આવ્યા એ નિમિત્તે વાઇસરોયે જ્યારે હિંદમાં ઠેર ઠેર મેળામહોત્સવોની ઉજવણી ફરમાવી હતી ત્યારે ઠાકોરને રાજકોટના સીતારામ નારાયણ પંડિતની ભલામણથી રાજકોટની લોર્ડ હાર્ડિંગ મેળા કમિટીના મંત્રીપદે નીમવામાં આવ્યા હતા. જે કામ સામાન્યત: ઉચ્ચ અંગ્રેજ અમલદારોને સોંપાય તે કામ ત્યારે એક અદના ગુજરાતી પ્રાધ્યાપકને સોંપાયું હતું અને તે તેમણે ઉચ્ચ કાર્યદક્ષતાથી પાર પાડ્યું હતું. એ જ પ્રમાણે તેમણે ૧૯૧૦-૧૧નાં વર્ષો દરમિયાન કાઠિયાવાડ દુકાળ સંકટ સમિતિના મંત્રી તરીકે પણ સીતારામ પંડિતની સાથે રહીને કામ કર્યું હતું. ભીષણ દુષ્કાળના પુનરાવર્તી ભયોમાંથી પ્રજાને કાયમને માટે ઉગારી લેવાની યોજનાઓની વિચારણાને આલેખતા-પણ અપૂર્ણ રહી ગયેલા- કાવ્ય "દુષ્કાળ"ની ઠાકોરે સન ૧૯૨૦માં શરૂઆત કરી હતી. આ તથા આવી બીજી - શૈક્ષણિક, સાહિત્યિક - સેવાઓને ધ્યાનમાં લઇને અંગ્રેજ સરકારે તેમને ૧૯૪૬માં દીવાન બહાદુરનો ઇલ્કાબ આપ્યો હતો.[૧૨૭]

૮ અહીં આપણે ઠાકોરના જીવનનાં, વ્યક્તિત્વનાં, વિચારમિનારનાં જુદાંજુદાં પાસાંઓનું દર્શન સમેટી લઇશું. એમનાં વલણોને ઘડનારા અગ્રિમ બળ તરીકે આપણે એમના સ્વભાવમાં રહેલા પ્રતિક્રિયાશીલતાના તત્ત્વને ટાંકી શકીશું. એમનાં માનસવહેણોની વહનદિશાઓને નિર્ધારિત કરનારું એ તત્ત્વ હતું. કાન્ત, નરસિંહરાવ, ન્હાનાલાલ, રમણભાઇ વગેરે સામેની પ્રતિક્રિયામાંથી એમની કવિતાશૈલી અને એમના કાવ્યસિદ્ધાંતો ઘડાયાં હતાં. ગાંધીજી, સરદાર પટેલ વગેરે સામેની પ્રતિક્રિયામાંથી તેમના રાજકીય વિચારો નિર્માયા હતા. ગાંધીજી તરફનાં તેમનાં વલણોની આપણે વીગતે નોંધ લીધી છે. ક. ન. જોષી પરના તા. ૨૭-૭-૨૮ના પત્રમાં તેમણે સરદાર પટેલને "અત્યંતાત્યંત વલ્ગર જીભવાળો માણસ" કહેલ છે અને સાચી મુત્સદ્દીગીરી દાખવવાની આવડત વગરના એ માણસને પોતાનો મહાપુરુષ અને પોતાનો દુર્ભાગ્યવિધાયક સેનાપતિ બનાવવા બદલ ગુજરાતની પ્રજાને ઠપકારી છે. એક બાજુ કાન્ત અને બીજી બાજુ સુંદરમ્, અંબુભાઇ પુરાણી વગેરે સામેની પ્રતિક્રિયામાંથી તેમનાં ધર્મ - અધ્યાત્મવિષયક વલણો નિર્માયાં હતાં. જોકે અજ્ઞેયવાદના વિચારોનો પરિચય તેમને તેમના કોલેજકાળ દરમ્યાનના નીતિશાસ્ત્રના અભ્યાસમાંથી થયો હતો ; અને આની માફક જ એમનાં અન્ય પ્રતિક્રિયાપ્રાપ્ત વિચારવલણોનાં બીજ પણ તેમના મનમાં ઓછેવત્તે અંશે પહેલેથી જ પડેલાં હતાં : તો, એ વિચારબીજોથી ભિન્ન પ્રકારનાં વિચારબીજો પણ તેમના મનમાં પહેલાં અસ્તિત્વ ધરાવતાં હતાં. પરંતુ તેમના સ્વભાવની પ્રતિક્રિયાત્મકતાએ એમાંનાં એક પ્રકારનાં વિચારબીજોનો વિકાસમાર્ગ મોકળો કરી આપ્યો ; તો, એનાથી બીજી જાતનાં વિચારબીજોનો વિકાસમાર્ગ કાં તો રુંધી નાખ્યો, કાં તો ભૂંસી નાખ્યો. શિક્ષણતત્ત્વમીમાંસા,

ઇતિહાસસંશોધનનાં ક્ષેત્રોમાં સામે પડવા જેવી કોઇ વ્યક્તિઓ તેમને દેખાઇ ન હોય એવો સંભવ છે. સમાજસુધારાના ક્ષેત્રે તે વખતે રૂઢિચુસ્તો અને ઉદ્દામો એમ બંને પ્રકારની છાવણીઓ અસ્તિત્વ ધરાવતી હતી ; ઠાકોરે એ બંને સામેની યુગપત્ પ્રતિક્રિયા રૂપે મધ્યમમાર્ગ અંગીકાર્યો હતો ; તેઓ અમુક પ્રકારના જ્ઞાતિવાદના હિમાયતી હતા છતાં તેમને તેમની પોતાની જ્ઞાતિ (ખાસ કરીને અમદાવાદ વર્તુલના અમુક ભાગ) પ્રત્યે આદર નહોતો. ક. ન. જોષી પરના તા. ૧૮-૧૦-૩૧ના પત્રમાં તેમણે જ્ઞાતિથી પોતાને થયેલા ઇર્ષ્યાપ્રેરિત કટુ અનુભવોનો નિર્દેશ કર્યો છે. એ પત્રમાં તેમણે ત્રણ અંગ્રેજોને પોતાના જીવનભરના સાચા મદદગાર મિત્રો તરીકે ઉલ્લેખ્યા છે પણ "પંચોતેરમે"માં[૧૨૮] તેમણે ત્રણને બદલે ચાર સહૃદય અંગ્રેજ મિત્રોનાં નામ આપ્યાં છે : ડેક્કન કોલેજનો નેલ્સન ફ્રેઝર, અજમેર કોલેજનો પ્રિન્સિપાલ રીડ, રાજકુમાર કોલેજના પસિ હાઇડ અને ટનેર. ઊર્મિકવિતા તરફ ઠાકોરને ઓછો ગમો – લગભગ અણગમો હતો અને તેથી એ કવિતાના – તેમણે માનેલા – પ્રભવસ્થાનરૂપ વ્યક્તિસ્વાતંત્ર્યવાદ તરફ પણ તેમને કંઇક અણગમો હતો. આમ છતાં, તેઓ બીજા બધા પ્રભાવશાળી સમકાલીનોથી પોતાની જાતને વ્યાવૃત્ત કરી બતાવવા માટે વ્યક્તિમત્તાવાદી બન્યા હતા. એ વ્યક્તિમત્તાશીલતાને જન્મ આપનારા તેમના અહંભાવ (ego)નું મૂળ તેમના ઉછેરમાં રહેલું છે. માબાપના એકના એક લાડકોડસંભાળમાં ઊછરેલા તેઓ પુત્ર હતા. એમના પિતાને એમને માટે જબરી મહત્ત્વાકાંક્ષા હતી. ઠાકોર પણ મહત્ત્વાકાંક્ષી હતા, પણ પિતાથી જુદી રીતે. જિંદગીમાં કંઇક બનવાની – સમાજ અને સંસ્કૃતિ માટે કંઇક કરી છૂટવાની તેમને અદમ્ય તમન્ના હતી ; સાથે અનેક વિષયોની સાચી જ્ઞાનપિપાસા હતી. એ પિપાસાને સંતોષીને તેમણે ઘણા વિષયો પર બહોળુ જ્ઞાન મેળવ્યુ હતું. તેઓ પ્રાધ્યાપકનો ધંધો

લઇ બેઠા તેને બદલે પિતાની ઇચ્છા પ્રમાણે ઈંગ્લેંડ જઇ બેરિસ્ટર બની આવ્યા હોત તો કદાચ તત્કાલીન દેશનેતાઓની માફક તેઓ પણ ભારતખ્યાત બની શકાય તેવી સમગ્ર રાષ્ટ્રના તખ્તા પરની વધારે વિશાળ જવાબદારીઓ અદા કરવાની કામગીરીઓ બજાવવા આગળ આવી શક્યા હોત. પણ આ સંભવને બિનપાયાદાર ગણવા એક જ કારણ છે. લોકનેતા બનનાર માણસોએ ઘરઆંગણાનાં કર્તવ્યોને અને સુખોને છોડી દીધાં હતાં; ગરીબ કુટુંબોમાંથી આગળ આવીને આંદોલન ચલાવનારા કાર્યકરો અને નેતાઓએ કુટુંબીજનોને સુખી કરવાની ફરજ કરતાં દેશને મુક્ત કરવાની ફરજને અગ્રિમતા આપી હતી. ઠાકોર ઘરઆંગણાની ફરજોનો દૂરની ફરજોની વેદી પર બલિ ચઢાવવામાં નહોતા માનતા. આથી તેમણે બંને પ્રકારની ફરજો સચવાય તેવો વ્યવસાય અને તેવી કારકિર્દી પસંદ કર્યાં હતાં.

---000---

## પાદટીપો

૧ પા. ૧૩૬-૧૩૭

૨ પા. ૧૩૭

૩ સપ્ટે. ૧૮૯૦ની એક ડાયરીનોંધમાંથી

૪ ફાગણ સુદ ૫, રવિ, ૧૫ માર્ચ '૯૧નો પત્ર

૫ ફાગણ વદ ૧૧, રવિ, ૫ એપ્રિલ '૯૧નો પત્ર

૬ અષાઢ સુદ ૧૫, ભોમ, ૨૧ જુલાઈ '૯૧નો પત્ર

૭ પા. ૧૧૦

૮ ૧૭ ઓક્ટો. '૮૯ની ડાયરીનોંધ

૯ પા. ૧૦૯

૧૦ "પંચોતેરમે", પા. ૧૦૯

૧૧ "બ્રહ્મક્ષત્રિય", જુલાઈ, ૧૯૧૪

૧૨ આ વિષય અંગે ઠાકોરે કરેલી ચર્ચા માટે જુઓ (૧) ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, વડોદરાના સિલ્વર જ્યુબિલી પ્રસંગે તા. ૧૫-૧૨-૧૯૨૮ના દિવસે તેમણે આપેલું - "સંક્રાન્તિસમયમાં સ્ત્રીઓ"નામનું વ્યાખ્યાન, (૨) બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની આમોદમાં ભરાયેલી મહિલાપરિષદમાં વાંચવા માટે તેમની પુત્રી ચંચલગૌરી પર લખાયેલો અને પછી "બ્રહ્મક્ષત્રિય" ત્રૈમાસિકના એપ્રિલ ૧૯૧૮ના અંકમાં છપાયેલો પત્ર (ચંચળગૌરી આમોદ નહીં જઈ શકવાથી એ પત્ર પરિષદમાં વંચાયો નહોતો.)

૧૩ બારમી પાદટીપમાં ઉલ્લેખાયેલો પત્ર

૧૪ "નિરુત્તમા", પા. ૩૬, ૪૮

૧૫ "ગુરુજી", કલા ૧, પૃ. ૪૫-૪૭

૧૬ "લિરિક", પા. ૨૫

૧૭ "સંક્રાન્તિસમયમાં સ્ત્રીઓ", પા. ૧૫

૧૮ શ્રી રામદાસ વ્યાયામશાળા, વડોદરામાં શ્રી રામદાસ-જયંતિ અને હનુમાનજયંતિને પ્રસંગે ૧૯૩૪માં અપાયેલું "શરીર-સ્વાસ્થ્ય અથવા શરીરસુખાકારી" નામક વ્યાખ્યાન, પા. ૧૧

૧૯ નટવરલાલ વીમાવાળા પરનો, ઠાકોરનો તા. ૧૬-૩-૪૯નો પત્ર

૨૦ "સંક્રાંતિસમયમાં સ્ત્રીઓ", પા. ૧૫

૨૧ ઠાકોરનો એ પત્ર તથા તેના પ્રત્યુત્તરમાં લખેલો વ્યાખ્યાનનો પત્ર "બ્રહ્મક્ષત્રિય"ના ૧૯૧૨ના જુલાઇના અંકમાં "બે અગત્યના પત્રો" નામક શીર્ષક હેઠળ છપાયા હતા.

૨૨ મ.સ.યુનિ., વડોદરા પાસેના ઠાકોરના સાહિત્યસંગ્રહમાં આ અધૂરા વ્યાખ્યાનની એક હસ્તલિખિત નકલ છે. એમાં મથાળે નોંધ છે: "મે ૧૯૧૫: સુરત ખાતે અંબાલાલભાઇના પ્રમુખપદે મળેલી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની પરિષદ વખતે ઠરાવ ઘડનારી કમિટીના નેતા લેખે પ્રાથમિક ભાષણ".

૨૩ "પંચોતેરમે", પા. ૧૭૭-૧૭૮

૨૪ "આદર્શ સુધારક" વ્યાખ્યાન

૨૫ "બ્રહ્મક્ષત્રિય", જુલાઇ ૧૯૦૯નો અંક

૨૬ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨૬૯

૨૭ પા. ૧૩૬

૨૮ "ગોપીહૃદય", નિવેદન, પા. ૯

૨૯ પા. ૧૦૭-૧૦૮

૩૦ પા. ૧૮૩

૩૧ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૧૭૬

૩૨ ઉક્ત નિવેદન અપ્રસિદ્ધ છે; અને તે ઠાકોરના અંબુભાઇ પુરાણી પરના પત્રમાંથી મળી આવ્યું છે. એ નિવેદનને કોઇ કારણસર

૨૬ કરીને તેમણે જે બીજું નિવેદન લખ્યું હતું તે "ગોપીહૃદય"માં છપાયેલું છે.

33 પા. ૧૮૧

3૪ "બ્રહ્મક્ષત્રિય", એપ્રિલ ૧૯૩૧નો અંક

3૫ પા. ૧૮૨

3૬ "બ્રહ્મક્ષત્રિય", એપ્રિલ – જુલાઇ ૧૯૩૬નો અંક

3૭ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ 3, પા. ૧૭૫

3૮ "પચોતેરમે", પા. ૧૮૧

3૯ "આપણી કવિતા સમૃદ્ધિ" (૧૯૫૬), પા. ૨૧૯

૪૦ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ 3, પા. ૧3૯, ૧૪3

૪૧ "પચોતેરમે", પા. ૧૭૯

૪૨ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ 3, પા. ૧૭૮

૪3 "પ્રવેશકો" ગુચ્છ ૧, પા. ૮૮

૪૪ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ 3, પા. ૧૭૮

૪૫ ક.ન.જોષી પરના તા.૧૬-૫-૧૯ના પત્રમાં : "હું ૧૭ની સાલથી કહું છું કે હવે હિંદનું ભવિષ્ય આ રાજ્યના કે ઈંગ્લાંડના હાથમાં નથી ;આ રાજ્ય અને એની સત્તા એનો દોરદમામ તમામ ઝખ મારે છે". "પચોતેરમે"માં (પા. ૧૮૧) : "હિંદની બાબતમાં ઈંગ્રેજ રાજ્યનીતિ વારંવાર મોડી પડી છે ; ઇ.સ. ૧૮33માં જે કરવું પર્યાપ્ત તે એમને હાથે ૧૮૫3 લગી પણ થયેલું નહીં ; કાયદો ઠીક ઘડે તોય તેના વહીવટમાં કચાશ રહે....."

૪૬ "આપણી કવિતા સમૃદ્ધિ"(૧૯૫૬), પા. ૨૧૫ તથા "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ 3, પા. ૧3૫.

૪૭ "નવીન કવિતા વિષે વ્યાખ્યાનો", પા. ૫૨-૫૬

૪૮ પા. ૧૮૬

૪૯ "પંચોતેરમે", પા. ૧૬૨ ; "અંબાલાલભાઇ", પા. ૧૦૪

૫૦ પા. ૧૦૭

૫૧ "ઇતિહાસ દિગ્દર્શન", પા. ૧૫-૧૭, ૬૭ ; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૧૭૪-૧૭૫, ૧૯૦ ; "પ્રવેશકો" ગુચ્છ ૨, પા. ૯-૧૦

૫૨ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૧૯૨, ૧૯૪-૨૦૧, ૨૫૭-૨૬૧, ૧૭૫-૧૭૬ ; "સંક્રાંતિસમયમાં સ્ત્રીઓ", પા. ૧-૯ ; "યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ"

૫૩ "નવીન કવિતા વિષે વ્યાખ્યાનો", પા. ૪૯-૫૩ ; "સંક્રાંતિસમયમાં સ્ત્રીઓ", પા. ૯

૫૪ પા. ૫૮-૬૩

૫૫ "ઇતિહાસ દિગ્દર્શન", પા. ૧૪ ; "નવીન કવિતા વિષે વ્યાખ્યાનો", પા. ૬૧, ૫૦ ; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨૩૭-૨૩૮ ; "પંચોતેરમે", પા. ૧૬૯ ; "નરસૈંયાને લગતા કેટલાક પ્રશ્નો" નામક હસ્તલેખ : મ. સ. યુનિ., વડોદરામાં :

૫૬ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨૫૦

૫૭ સદર, પા. ૨૩૦

૫૮ "ઇતિહાસ દિગ્દર્શન", પા. ૩૧

૫૯ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨૨૭

૬૦ સદર, પા. ૨૫૨

૬૧ તા. ૨-૨-૬૦ની ઠાકોરની એક ડાયરીનોંધમાં

૬૨ "પંચોતેરમે", પા. ૭૨

૫


૬૩ "જ. પી. ત્રિવેદીને અંજલિ" નામક બે સોનેટો ઠાકોરે એ મિત્રને અંજલિરૂપે લખ્યાં છે, "મ્હારાં સોનેટ" (૧૯૫૩), પા. ૮૩–૮૪

૬૪ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨૬૭

૬૫ "ડેક્કન કોલેજ ક્વોર્ટર્લી", એપ્રિલ ૧૯૦૦, પા. ૧૮

૬૬ "પંચોતેરમે", પા. ૮૫

૬૭ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨–૧૫, ૨૫૧–૨૫૬, ૨૫૭, ૨૬૫–૨૭૬ ; "પંચોતેરમે", પા. ૬૪–૯૬, ૧૧૮, ૧૪૯–૧૫૦, ૧૬૨–૧૬૫

૬૮ "પંચોતેરમે", પા. ૫૪–૫૮ ; ઠાકોરે ક. ન. જોષી પર લખેલા બે પત્રો, એક તા. ૨૨–૫–૨૦થી ૨૪–૫–૨૦નો, બીજો તા. ૯–૧–૧૯નો ; અંબાલાલ સાકરલાલે ઠાકોર પર લખેલો તા. ૨૮–૨–૧૪નો પત્ર

૬૯ ઠાકોરે અંબુભાઇ પુરાણી પર તા. ૧૭–૯–૪૨, ૭–૧૦–૪૨ અને ૧૪–૧૨–૪૨ના દિવસોએ લખેલા પત્રો ; "ભણકાર" (૧૯૪૨), ટિપ્પણ પા. ૪૧, ૫૩ ; "ભણકાર" (૧૯૫૧), પા. ૧૦૬–૧૦૭

૭૦ ઠાકોરે અંબુભાઇ પર તા. ૭–૧૦–૪૨ના દિવસે લખેલો પત્ર

૭૧ ઠાકોરે સુંદરમ્ પર તા. ૧૫–૧૨–૪૨ના દિવસે લખેલો પત્ર, સુંદરમ્ પરનો જ બીજો એક અજ્ઞાત તારીખવાળો પત્ર ; "મ્હારાં સોનેટ" (૧૯૫૩), પા. ૧૮૩

૭૨ ઠાકોરે સુંદરમ્ પર તા. ૧૫–૧૨–૪૨ તથા ૨૫–૧–૪૩ના દિવસોએ લખેલા પત્રો તથા એક બીજો અજ્ઞાત તારીખવાળો પત્ર

૭૩ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨૦૯–૨૧૨ તથા પા. ૨૧૨–૨૧૮

૭૪ ઠાકોરે અંબુભાઇ પર લખેલો અજ્ઞાત તારીખવાળો એક પત્ર
૭૫ ઠાકોરે સુંદરમ્ પર તા. ૧૫-૧૨-૪૨ના દિવસે લખેલો
પત્ર, અંબુભાઇ પર તા. ૧૧-૮-૪૩ના દિવસે લખેલો પત્ર
૭૬ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૨૦૧-૨૦૨
૭૭ "ભણકાર" (૧૯૫૧), પા. ૧૦૬-૧૦૭ ; ઠાકોરે
અંબુભાઇ પર તા.૭-૧૦-૪૨ અને ૧૪-૧૨-૪૨ના દિવસોએ
તથા સુંદરમ્ પર તા. ૧૫-૧૨-૪૨ના દિવસે, લખેલા પત્રો
૭૮ ઠાકોરે સુંદરમ્ પર લખેલા અજ્ઞાત તારીખવાળા બે પત્રો
૭૯ અંબુભાઇએ ઠાકોર પર લખેલા બે પત્રો, એમાંનો એક
તા. ૨૨-૧૧-૪૨નો લખેલો અને બીજો અજ્ઞાત તારીખવાળો
૮૦ ઠાકોરે અંબુભાઇ પર તા. ૧૫-૧૧-૩૪ના દિવસે લખેલો પત્ર
૮૧ "પ્રવેશકો" ગુચ્છ ૨, પા. ૨૩-૨૫
૮૨ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૬૮
૮૩ "પંચોતેરમે", પા. ૧૩૯, ૧૫૫
૮૪ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૦૪
૮૫ સદર, પા. ૧૦૪
૮૬ સદર, પા. ૧૦૮
૮૭ "પૂર્વાલાપ" (૧૯૪૭), કાવ્યોની આનુપૂર્વી, પા.૭૪
૮૮ પા. ૪૯
૮૯ "પૂર્વાલાપ" (૧૯૪૭), કાવ્યોની આનુપૂર્વી, પા.૭૫
૯૦ "પંચોતેરમે", પા. ૧૫૫ ; "ભણકાર" (૧૯૪૨), પા. ૪૮
૯૧ "ભણકાર" (૧૯૪૨), પા. ૨૦-૨૧ ; "ભણકાર"(૧૯૫૧)
વિવરણ, પા. ૨૧
૯૨ "ભણકાર" (૧૯૪૨), પા. ૨૧
૯૩ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૧૪

૯૪ "પચોતેરમે", પા. ૩૦-૩૧
૯૫ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૦૮-૧૦૯, ૧૧૩-૧૧૪
૯૬ "પૂર્વાલાપ" (૧૯૪૭), ઉપોદ્ઘાત, પા. ૧૬-૧૭
૯૭ "ભણકાર" (૧૯૪૨) ટિપ્પણ, પા. ૪૪
૯૮ "પૂર્વાલાપ" (૧૯૪૭), કાવ્યોની આનુપૂર્વી, પા. ૭૫
૯૯ "ભણકાર" (૧૯૪૨), પા. ૧૧૧
૧૦૦ "પૂર્વાલાપ" (૧૯૪૭), કાવ્યોની આનુપૂર્વી, પા. ૭૬
૧૦૧ "ભણકાર" (૧૯૪૨), પા. ૧૧૧ [આ પહેલાં મેં ૧૮૮૮ના વર્ષને "અદૃષ્ટિદર્શન"ના રચનાવર્ષ તરીકે નોંધ્યું છે પણ ત્યાં એ માટે મેં ઠાકોરે જ આપેલો જુદો આધાર ટાંક્યો છે. ઠાકોર પોતે જ પોતાના એક ને એક કાવ્ય માટે જુદે જુદે સ્થળે જુદોજુદો રચનાસમય નિર્દેશે છે તેનો આ દાખલો છે.]
૧૦૨ "પૂર્વાલાપ" (૧૯૪૭), કાવ્યોની આનુપૂર્વી, પા. ૭૫; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૦૭
૧૦૩ "મ્હારાં સોનેટ" (૧૯૩૫), પા. ૪૯; "ભણકાર" (૧૯૫૧), પા. ૧૯૫; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૦૭-૧૦૮
૧૦૪ "પૂર્વાલાપ" (૧૯૪૭), ઉપોદ્ઘાત, પા. ૩૬
૧૦૫ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૦૬, ૧૧૦-૧૧૩; "પચોતેરમે", પા. ૧૯૫
૧૦૬ "ભણકાર" (૧૯૫૧) વિવરણ, પા. ૩૨; "કાન્તમાલા", પા. ૩૦૬
૧૦૭ "કાન્તમાલા", પા. ૩૧૦

૧૦૮ અપ્રસિદ્ધ પિંગળપાઠનું નિવેદન ; "પંચોતેરમે", પા. ૩૦–૩૧ ; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૦૪–૧૦૫

૧૦૯ ઠાકોરની ડાયરીઓ તથા અભ્યાસના રેકોર્ડ્ઝ પરથી તેમના વિદ્યાર્થીજીવનનાં બીજાં બધાં વર્ષોની માહિતી મળી રહે છે, પણ એકમાત્ર ૧૮૮૪ની સાલની તેમનાં અભ્યાસ પરિણામ વગેરે વિષેની માહિતી મળતી નથી. ભૃગુરાય અંજારિયાએ ડો. ભોગીલાલ સાંડેસરા પરના તેમના તા. ૧૮–૧૧–૬૪ના પત્રમાં એ વિષે લખ્યું છે : ".....રૂપશંકર મોરારજી ધોળકિયા અને ઠાકોર એફ. એ. માં વિલ્સન કોલેજમાં સાથે હતા અને સત્રાંત પરીક્ષામાં કોપી કરતાં તેમને બંનેને એ જમાનાની પરિભાષા પ્રમાણે વિલ્સન કોલેજમાંથી ostracise – બહિષ્કૃત – કરવામાં આવ્યા હતા એમ શ્રી હિં. ગ. અંજારિયા કહે છે....." "પંચોતેરમે"માં ઠાકોરે તેમના વિદ્યાર્થીજીવન વિષે લખ્યું છે પણ તેમાં ય તેમણે ૧૮૮૪ની સાલ વિષે કશો ઇશારો નથી કર્યો.

૧૧૦ "પંચોતેરમે", પા. ૧૩૮–૧૪૧

૧૧૧ "ભણકાર" (૧૯૪૨), ટિપ્પણ, પા. ૪૨ ; "ભણકાર" (૧૯૫૧) વિવરણ, પા. ૪૫–૪૬

૧૧૨ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૧૩૮–૧૩૯

૧૧૩ ક. ન. જોષી પર ઠાકોરે ૯–૧–૧૯ના દિવસે લખેલો પત્ર

૧૧૪ ક. ન. જોષી પર ઠાકોરે તા. ૨૫–૮–૨૮, ૨૭–૫–૩૭ના દિવસોએ લખેલા બે પત્રો ; ઉપરાંત ૧૯૩૧નો એક અજ્ઞાત તારીખવાળો ઠાકોરનો તેમની ઉપર જ લખેલો પત્ર

૧૧૫ ક. ન. જોષી પરના ઠાકોરના તા. ૪–૧–૨૦, ૭–૧–૩૧ના પત્રો

૧૧૬ ઉપેન્દ્ર પંડ્યા પરનો તા. ૪–૩–૩૮નો પત્ર

૧૧૭ ક. ન. જોષી પર ઠાકોરે તા. ૧૮–૧૨–૧૦, ૯–૭–૧૬, ૧૩–૭–૧૬, ૩૧–૭–૧૬, ૨–૯–૧૮, ૨૪–૯–૧૮, ૧–૧૦–૧૮, ૧૮–૧૦–૧૮, ૧૯–૧૦–૧૮, ૬–૧૧–૧૮, ૨૫–૯–૧૯, ૨૭–૯–૧૯ વગેરે તારીખોએ લખેલા પત્રો ; તથા "પંચોતેરમે", પા. ૪૯, ૨૦૫

૧૧૮ "પરિષદમુક્તિ" વ્યાખ્યાન, "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૭૫–૭૮ ; ક. ન. જોષી પરના ઠાકોરના તા. ૧–૯–૨૮, ૧૧–૧૦–૨૮ના દિવસોએ લખેલા પત્રો ; ગુલાબદાસ બ્રોકર પરનો ઠાકોરનો તા. ૮–૧–૪૪નો લખેલો પત્ર

૧૧૯ ક. ન. જોષી પર ઠાકોરનો તા. ૩–૮–૨૨નો પત્ર, તથા "પંચોતેરમે", પા. ૪૫, ૫૧–૫૪

૧૨૦ ક. ન. જોષી પર ઠાકોરના તા. ૧–૭–૨૯, ૫–૭–૨૯, ૧૭–૯–૩૦, ૧૪–૧૦–૩૧ના પત્રો

૧૨૧ ક. ન. જોષી પર તા. ૧૧–૧૦–૨૩, ૧–૭–૨૯, ૧૯–૩–૩૧ના દિવસોએ ; ઉપેન્દ્ર પંડ્યા પર તા. ૬–૩–૪૭ના દિવસે ; ધીરુભાઇ ઠાકર પર તા. ૧૧–૫–૫૧ અને ૧૪–૧૦–૫૧ના દિવસોએ ઠાકોરે લખેલા પત્રો

૧૨૨ ક. ન. જોષી પર ઠાકોરે તા. ૨–૧૦–૨૯, ૨૧–૧૦–૨૯, ૧–૧–૩૦, ૬–૧–૩૦ના દિવસોએ લખેલા પત્રો.

૧૨૩ ભાઇલાલ કોઠારી પર તા. ૨૬-૧૧-૩૯, ૩-૧૨-૩૯, ૧૫-૧-૪૦ના દિવસોએ ઠાકોરે લખેલા પત્રો

૧૨૪ ક. ન. જોષી પર તા. ૨૪-૧૦-૨૯ના દિવસે, ર. મ. રા. પર તા. ૨૧-૩-૩૪ના દિવસે, ધીરુભાઇ ઠાકર પર તા. ૬-૪-૫૧ અને ૯-૭-૫૧ના દિવસોએ ઠાકોરે લખેલા પત્રો ; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૧૨૫-૧૩૪ ; ન્હાનાલાલે ઠાકોર પર તા. ૧૮-૫-૯૯, ૯-૬-૯૯, ૮-૭-૯૯, ૨૮-૧-૧૯૦૦, ૨૦-૪-૧૯૦૦, ૧૭-૭-૧૯૦૦, ૨૫-૧-૧૯૦૨, ૨૭-૧-૧૯૦૨, ૪-૨-૧૯૦૨એ દિવસોએ લખેલા પત્રો.

૧૨૫ નટવરલાલ વીમાવાળા પર તા. ૧૯-૪-૪૯, ૮-૨-૫૦, ૨૨-૫-૫૦ તથા ધીરુભાઇ ઠાકર પર શ્રાવણ કૃષ્ણાષ્ટમી (સં. ?) અને ૯-૭-૫૧એ દિવસોએ ઠાકોરે લખેલા પત્રો

૧૨૬ અંબુભાઇ પુરાણી પર ઠાકોરે તા. ૧૮-૯-૨૯, ૨૭-૯-૨૯, ૭-૧૦-૨૯, ૨-૮-૩૦, ૫-૧૦-૩૦, ૨૦-૬-૩૮ વગેરે દિવસોએ લખેલા પત્રો ; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૨, પા. ૬૧-૬૫ ; "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૧૩૨-૧૩૫

૧૨૭ "પંચોતેરમે", પા. ૪૮-૪૯

૧૨૮ પા. ૫૧.

---ooo---